**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા

## પ્રસ્તાવ-ત્રીજો

**(પ્રવચન ૧૨૧ થી ૧૩૦)**

= કર્તા =

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા

= સંકલન =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ – **94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

**નિઃશુલ્ક E-Book (PDF) દ્વારા પ્રાપ્ય - ઉપમિતિ ભવ પ્રપંચ કથા**
**(પ્રવચન ધારા – શ્રેણિ) હસ્તલિખિત સંપુટ માહિતી !**

| વોલ્યુમ | પ્રસ્તાવ | પ્રવચન | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| 1 | 1 | 1 થી 10 | 224 |
| 2 | 1 | 11 થી 20 | 208 |
| 3 | 1 | 21 થી 28 | 145 |
| 4 | 2 | 1 થી 16 | 294 |
| 5 | 3 | 1 થી 10 | 184 |
| 6 | 3 | 11 થી 20 | 188 |
| 7 | 3 | 21 થી 30 | 204 |
| 8 | 3 | 31 થી 42 | 260 |
| 9 | 3 | 43 થી 52 | 228 |
| 10 | 3 | 53 થી 62 | 238 |
| 11 | 3 | 63 થી 71 | 217 |
| 12 | 3 | 72 થી 79 | 164 |
| 13 | 3 | 80 થી 90 | 196 |
| 14 | 3 | 91 થી 100 | 226 |
| 15 | 3 | 101 થી 110 | 218 |
| 16 | 3 | 111 થી 120 | 204 |

**નિઃશુલ્ક E-Book (PDF) દ્વારા પ્રાપ્ય**
**અન્ય હસ્તલિખિત પ્રવચનધારા - વોલ્યુમ્સ**

| નામ | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| પેરન્ટીંગ - સર્જરી | **સંતાન સંસ્કરણ** | **118** |
| સંયમ સ્વપ્નયાત્રા | **સંયમ સંવેદના** | **203** |
| પરિણતિ પાવનયાત્રા | **સંઘ વાત્સલ્ય** | **202** |
| આરાધના યાત્રા | **અંતિમ આરાધના** | **206** |
| પર્યુષણ-૧ | **પર્યુષણ પ્રવચનો (અષ્ટાહ્નિકાદિ)** | **254** |
| ધ્યાન યાત્રા | **આત્મૈષણા-શિબિર પ્રવચનો** | **212** |
| ધારા શ્રેણિ - ભાગ ૧ થી ૬ | **સંયમીઓ માટે પંચસૂત્ર વાચના** | **390** |

બુધવાર

## વ્યાખ્યાન નંબર - ૧૨૧

DATE 03 02 2021

અજ્ઞાનના સંદર્ભમાં તમારો પ્રશ્ન છે કે આ દ્રઢપ્રહારી જેવાનું અજ્ઞાન તરત જ ટળી ગયું, ઉત્કૃષ્ટ સાધના મળી, કેવળજ્ઞાન મળ્યું, મોક્ષ મળી ગયો. અમે દ્રઢ-પ્રહારી નથી, અમે પ્રહારી સુદ્ધા નથી, અમે દયાળુ - છીએ, જૈન છીએ, શ્રાવક છીએ, ધર્મી છીએ, આરા-ધક છીએ, થોડું ઘણું ધર્મને સમજીએ પણ છીએ તો, અમારું અજ્ઞાન કેમ નથી ટળતું ?

બહુ જ મહત્વનો પ્રશ્ન છે ને એના જવાબમાં, ત્રણ પ્રકારની નિદ્રા હોય છે, એક ગાઢ-નિદ્રા, એક તંદ્રા, અને એક જાગૃત નિદ્રા. ગાઢ નિદ્રા-માં માણસ સુતો છે, એકદમ ઘસઘસાટ સુતો છે, એને ઉઠાડવાનો પ્રયાસ કર્યો, એને ઢંઢોળ્યો, ને એ સફાળો બેઠો થઈ ગયો, ઉભો થઈ ગયો. માણસ તંદ્રામાં છે, થોડી ઉંઘ છે, થોડું CONCIOUS છે, એને ઉઠાડવામાં આવે છે, એ જવાબ આપે છે, ઉઠું છું, ઉઠુ છું, ઉઠુ છું, ઉઠું છું ! અડધો કલાક સુધી એનું ઉઠુ છું, ઉઠુ છુ ચાલે છે પણ હજુ, ઉઠવાના કોઈ એંધાણ મળતા નથી. ત્રીજુ નિદ્રા - જાગૃત નિદ્રા. માણસ સુતો છે, આંખ બંધ કરીને પડયો છે, અથવા આંખ ખોલેલી છે એને કહેવામાં-આવે છે કે ભાઈ સવાર પડી, હવે આટલા વાગ્યા-હવે ઉભા થાવ, હવે આ કામ કરવાના છે અને માણસ બહુ જ ઠંડક થી જવાબ આપે છે કે, હું જાગુ જ છું. અપેક્ષા એ જોઈએ તો જે જાગે છે એ ઘણો આગળ જ છે. અપેક્ષા એ જોઈએ તો જે ગાઢ નિદ્રામાં છે, એ ઘણો પાછળ છે. અપેક્ષાએ જોઈએ, કે ગાઢ નિદ્રાવાળાને ઉઠાડવામાં આવ્યો એ, એની તેની તરત જ લાઈટ થાય છે કે ભાઈ હું આટલો ઘોરી રહ્યો છું. આટલા વાગી ગયા મોડું થઈ

ગયું. ઉઠ્યો નથી, ભુલ થઈ ગઈ, નસકોરા બોલાવી રહ્યો હતો, આનો આભાર મને ઉઠાડ્યો અને ફટ દઈને ઉભો-થઈ જાય. તંદ્રા વાળા ને ખબર તો પડી ગઈ છે કે મને જગાડવામાં આવી રહ્યો છે, ને થોડું થોડું ભાન પણ આવી રહ્યું છે, પણ એનો પક્ષપાત ઉંઘ પ્રત્યે નો છે. એટલે કેટલા વાગ્યા ને, ઉઠું છું ને, હજુ થોડી વાર સુવા દો, એવી બહાનાબાજી કરીને સમય પસાર કરી રહ્યો છે. જે સંપૂર્ણ જાગૃત છે, પણ ઉભા થવાની જેની દાનત જ નથી તાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો સૌથી ગાઢ નિદ્રામાં એ છે, જેના ઉભા થવાની કોઈ શક્યતા જ નથી !

દ્રઢ પ્રહારી તરી ગયા, અર્જુનમાળી તરી ગયા, મોટા મોટા પાપીઓ તરી ગયા ને આપણે ધર્મી થઈને હજુ એમ લાગે કે ચાલો એ સફાળા બેઠા થવું, એ પથારી છોડી દેવી, હજુ આપણને ફાવતું નથી ને કોઈ પણ મુદ્દો હોય, આપણી વાત તો આટલી જ છે કે, હું જાગું જ છું !

* સુતેલા ને ઉઠાડવા સહેલા છે !
* જાગેલા ને ઉઠાડવા અઘરા છે !

ઉપદેશમાલામાં ધર્મદાસ ગણિ મહારાજ કહે છે,

को दाही उवएसं चरणालसयाण दुविअड्ढाणं।

જેને ચારિત્રના પાલનની જ આળસ છે અને જે દુર્-વિદગ્ધ છે, જે છોડી રહ્યા છે, જે થોડું ઘણું ભણી ગયા ને મગજમાં રાઈ ભરીને બેઠા છે, એમને કોણ ઉપદેશ આપે ?

इंदस्स देवलोगो य न कहिज्जइ जाणमाणस्स ।।

ઈન્દ્ર ને ખબર જ છે, દેવલોક શું છે, દેવલોકની અંદર શું

છે. દેવલોક માં શું કરવાનું, દેવલોક ની પરિસ્થિતિ કેવી, દેવલોક નું દ્રશ્ય કેવું, બધી જ ઇન્દ્ર ને ખબર છે. ઇન્દ્રને દેવલોકનો પરિચય ના આપવાનો હોય, એવી રીતે - ભગોલા ને ઉઠવાનું જે ના કહેવાનું હોય.

એક દંભ છે, એક આળસ છે, એક પ્રમાદ છે, એક પ્રકારનું રીઢા પણું છે, અને - માણસ જાણવા છતાં, ~~અ~~અજાણ્યો બનવા માંગે છે. અથવા તો જાણકારી ની જાહેરાત કરવા માંગે છે, પણ જાણકારીનો અમલ કરવા નથી માંગતો.

છગનને ઉધરસ થઈ ગઈ. છ મહિનાથી DOCTOR ની દવા ચાલતી હતી.. ચાલતી હતી.. ચાલતી હતી.. ને ડોક્ટરે દવા બદલી બદલી ને કંટાળ્યા, ને છગને કંટાળ્યો, ને એક દિવસ છગને એવી વરાળ - ડોક્ટર પાસે કાઢી કે છ- છ મહિનાથી તમારી દવા કરું - છું, પૈસાનું પાણી કરું છું, દવાઓ બદલી બદલીને.. બદલી બદલી ને હવે છ મહિના થયા, ને હજુ ઠેકાણું પડતું નથી ને DOCTOR ને પણ થયું કે વાત તો - સાચી છે, ને ડોક્ટરે વિચાર કરીને છગન ને પુછ્યું કે - તમે CIGARETTE પીવો છો. છગન ભડક્યો, સપના - માં પણ સિગરેટ ને અડતો નથી. અને ડોક્ટરે તરત કહું કે જો તમે સિગરેટ પીતા હોત ને તો એ બંધ કરાવીને તરત તમારી ઉધરસ મટાડી દેત !

આપણી સ્થિતિ છે ને, કદાચ બાહ્ય દ્રષ્ટિ એ જોઈએ, સારું કુળ મળ્યું, સારા સંસ્કાર મળ્યા, જન્મથી જ આ ધર્મ મળ્યો, બાહ્ય દ્રષ્ટિ એ જોઈએ તો આપણી SERIOUS PATIENT (ગંભીર દર્દી) નથી. આમ માણસ અકસ્માતમાં આવી ગયો હોય ને ગાડી પણ

પરથી પસાર થઈ ગઈ હોય ને, પગમાં ત્રણ ફ્રેક્ચર થઈ ગયા હોય ને માણસ BED REST થઈ ગયો હોય ને હલી ના શકે, અસહ્ય પીડા છે, એનું મહિનામાં ઠેકાણું પડી જાય છે. અને MUSCULAR PAIN, ને HAIR CRACK ને આ બધું હોય છે ને, એ ઘણાનું આખુ જીવન ચાલ્યા જ કરતું હોય છે.

દ્રઢ પ્રહારી નથી એ આપણું સદ્ભાગ્ય છે. પણ આપણો સદ્ભાગ્ય ને, સદ્ભાગ્ય તરીકે જોઈએ નહિ, રીઢા થઈએ, અપરાધી થઈએ, બહાનેબાજ થઈએ, અને આપણી દરેક વાતમાં એક જ વાત હોય કે હું, સાચો જ છું, તો આપણું કલ્યાણ નથી થવાનું ! ભીતરી દ્રષ્ટિ એ જોઈએ તો આપણે SERIOUS PATIENT છીએ, દ્રઢ પ્રહારી છીએ, અર્જુનમાળી છીએ, અંદર ના જે કષાયો, અંદર ના જે રાગ દ્વેષો, આ એક ભવ, સારું વાતાવરણ ને એનાથી દબાઈ ગયેલા કર્મો, અંદર બધું જ છે. અંદર પરમાધામી છે, અંદર કાલસૌકરીક છે, અંદર દ્રઢપ્રહારી છે, અંદર અર્જુનમાળી છે, સાતમી નરકે જવાની બધી જ લાયકાત આપણી અંદર છે, ને હવુ આપણો અંધારા માં રહ્યા, હું તો કહું ધર્મી, આરાધક, તપસ્વી, જ્ઞાની, વિદ્વાન, ને મેં પણ એવું માની લીધું તો મારી પણ નરક નિશ્ચિત છે.

અજ્ઞાન ટળી શકે છે. કેમ દ્રઢપ્રહારીનું ટળી ગયું, કેમ હવુ અમારું ઠેકાણું નથી પડતું, એનો હું તમને સીધો જવાબ આપું, અજ્ઞાન ઓછું કે વધારે એ મહત્વનો પ્રશ્ન નથી. તમે દ્રઢપ્રહારી છો, પ્રહારી છો, કે પ્રહારી પણ નથી, એનું એટલું મહત્વ નથી. માણસ ગાઢ ઉંઘમાં હતો સફાળો જાગ્યો, ખ્યાલ આવ્યો હું સુઈ ગયો હતો, આટલુ મોડું મેં કર્યું.

DATE

દ્રઢપ્રહારી ને ખ્યાલ આવ્યો કે હું ઘોર પાપી, ભયંકર-પાપી, જેને પોતાના અજ્ઞાનનો ત્રાસ અનુભવાયો, - એમનું અજ્ઞાન ટળી ગયું. ના.. ના હું તો આટલો ધર્મ કરું છું, આટલા વરસથી મારું છુટું મોઢું નથી, ઉકાળેલું પાણી છે, સામાયિક અખંડ ચાલુ છે, પૂજા-અષ્ટપ્રકારી આઠ વર્ષથી ચાલે છે, ઉકાળેલું પાણી દસ-વર્ષથી ચાલુ છે, સામાયિક બાર વર્ષથી ચાલુ છે, વીસ-વર્ષથી રાત્રિભોજન કર્યું નથી, અહીંયા.. અહીંયા આટલા સુકૃતો કર્યા, અહીંયા આટલા લાભ લીધા, અહીંયા આટલા ભજાવ્યા, અહીંયા.. આટલું.. આટલું કર્યું, ને આટલા ઉપધાન મેં કર્યા, ત્રણ ઉપધાન મારા થઈ ગયા છે. આપણી પાસે આપણી સુકૃત અનુમોદનાનું એટલું મોટું LIST છે, અને LIST ના દરેકે દરેક CONTENT નો તાત્પર્યાર્થ એટલો જ છે, કે હું જાગું છું.

## હું સુતો છું જ નહીં !

હું ઉંઘમાં છું જ નહી, મારે ઉઠવાની જરૂર જ નથી, કારણકે હું જાગું છું. વાત સમજાઈ તમને ?

સભાનો પ્રશ્ન :- આટલી આરાધના કરે તો પણ સુતો છે એમ કહેવાય ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- હું શું કહું છું, આરાધના જેટલા અંશે છે, એટલા અંશે તમે જાગૃત છો, પણ હજુ જેટલા અંશે તમારી ઉંઘની તમને સભાનતા નથી, ત્રાસ નથી, હું તમને પુછુ, કે આપણા જીવનની અંદર ઉંઘ વધારે છે કે જાગરણ વધારે છે ? અઠ્ઠાઈ-ના દિવસો કેટલા ? છુટ્ટા મોઢાના દિવસો કેટલા ? તમે પૈસાના દાન કેટલા કર્યા ને પૈસા રાખ્યા કેટલા ?

હવે આપણને આપણી સુકૃત અનુમોદનાનું LIST ઘણું મોટું અને લાંબુ લાગે છે, મહત્વનું લાગે છે. આપણું જીવન જેટલે આ LIST એવું આપણને લાગે છે આટલા.. આટલા.. આટલા રૂપિયાના આપણે દાન કર્યા હું તમને કહું છું કે કેટલા PERCENT (ટકા) દાન કર્યું ને કેટલું પોતાની પાસે રાખ્યું, બધું દાન કરો - ના કરો, એ બધી પછીની વાત છે, પણ તમારું CONCIOUS, તમારી સભાનતા, તમારી FEELINGS - એ ઘણા દાન કર્યા એની હોવી જોઈએ કે તમે ઘણા રાખી મુકયા, દબાવી રાખ્યા, મોહ મમત્વ છુટતું નથી, હજુ લોભ-કષાય ઉછળે છે, આવી FEELINGS તમને હોવી જોઈએ. વાત દાનની નથી, વાત FEELINGSની છે ને, નજર ની સામે દેખાય કે મેં આટલા જ ટકા - વાપર્યું છે. MAXIMUM મેં દબાવી રાખ્યું છે, હજુ મમત્વ છુટતું નથી, તો મારી વાત ડગલે ને પગલે હું લોભી છું એની હોવી જોઈએ કે હું દાની છું એ TYPE ની હોવી જોઈએ !!

જ્યાં સુધી પાપનો ત્રાસ નથી, જ્યાં સુધી દોષ નો ત્રાસ નથી, જ્યાં સુધી અજ્ઞાનનો ત્રાસ નથી, જ્યાં સુધી મત નીચ અને નાલાયક લાગતી નથી, જ્યાં સુધી ડગલે ને પગલે આંખો ભીંજતી હોય, કોઈક - આપણા વખાણ કરે કે, આ બહુ આરાધક સાહેબ, વરસી - તપ કર્યો, ને આમ કર્યું ને આજ ચાંથી દડદડ આંસુ વહી જાય, કે રહેવા દો કશી વાત કરવા જેવી નથી. અંદરના જે કષાયો, અંદર ના જે રાગ-દ્વેષો, અંદરની જે વિષય - તૃષ્ણાઓ, અંદરના જે કીડાઓ, અંદર જે બધું સળવળી રહ્યું છે. હું કોઈ દારતોરાનો અધિકારી નથી, અનુમોદનાનો અધિકારી નથી, લાકડી એ લાકડીએ લોકો મારે, મને ગાળો ભાંડે એવી મારી હકીકતમાં લાયકાતને તમે શું - મારા વખાણ કરો છો !

હજુ ઉંઘમાં છીએ, આપણે જાગીએ છીએ ને, એ પણ આપણી ઉંઘ છે. આપણને લાગે છે કે આપણે જાગીએ છીએ, એ આપણી ઓર ગાઢ ઉંઘ છે. અને આપણે ઉઠવું જ નથી, એ આપણી ઓર.. ઓર.. ઓર ગાઢ ઉંઘ છે.

અમારો પ્રશ્ન છે, સાહેબ અજ્ઞાન વર્તમાનમાં પણ કડવું ને ભવિષ્યમાં પણ કડવું, આવું આપે કહ્યું પણ હજુ અમારા મગજમાં ઉતરતું નથી, અમારો અનુભવ આ છે, અજ્ઞાન.. પાપ આ બધું અમને મીઠું લાગે છે, અમારી પાપ થાય, પાપ વગરનો મજા મળે-નહિ, મજાની ખર્ચ અમે પાપ ગણીએ છીએ, સુખની ખર્ચ પાપ ગણીએ છીએ, પાપ અને સુખ અમારા માટે પર્યાય છે, ધર્મ અને કષ્ટ અમારા માટે પર્યાય છે. અમારો અનુભવ કહે છે, પાપ એ સુખમય છે. ધર્મ એ દુઃખમય છે તો, અમારે સમજવું શું ?

હું તમને કહું છું કે નવી-નવી-તમે જ્યાં અનુભવ કરો, એ અનુભવ પ્રાયઃ કષ્ટમય હોય. નવી વસ્તુ શીખતા પાપ લાગે. TYPE WRITER, પહેલાં દિવસે આમ ધડાધડ TYPE નથી કરતો હોતો, એક એક KEY શોધે છે, માંડ માંડ TYPE કરે છે. TYPE કરતા કરતા એનો દમ નીકળી જાય છે ને એ જ TYPE WRITER થોડા અનુભવ પછી, TYPE WRITERની KEY સામે જોયા વગર ધડાધડ.. ધડાધડ કાગળ સામે જોઈ ને TYPE કરી નાખે છે ને, એક લાઈન TYPE કરતા નાકે દમ આવી જતો હતો, નવ નેજે પાણી ઉતરી જતા હતા, એ જ માણસ પોતે પછી એટલું FAST-TYPING કરે કે આપણે જોઈએ તો આપણને અચરજ જેવું લાગે કે, આ કઈ રીતે શક્ય બને છે. પણ એના માટે સાવ જ સરળ હોય છે.

(સાયકલ)

પહેલા દિવસે CYCLE કોઈને આવડી જતી નથી. પહેલા દિવસે SKETING આવડી જતું નથી. પહેલા દિવસે TYPING આવડી જતું નથી. પહેલા દિવસે બધા જ-અનુભવો કડવા હોય છે, દુઃખમય હોય છે, કષ્ટ મય હોય છે. પાપનો અનુભવ જીવે અનાદિમાં અનંતવાર કર્યો છે, માટે પાપ જીવને કોઠે પડેલું છે, સરળ લાગે, સહજ લાગે, જેમ જેની અંદર આવે પણ જેની હકિકતમાં ભ્રમણા છે. મહર્ષિ પતંજલિ યોગસુત્રની અંદર કહે છે.

દુઃખમેવ સર્વં વિવેકિનઃ।

જે ચિત્તની અંદર વિવેક જાગે, સમજણ જાગે, જે આત્મા-જાગી જાય તો એને સંસારના બધા જ પાપ, દુઃખમય લાગે, એ દુઃખ જ લાગે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ, મોહવિલય ઉદ્યાનની અંદર પ્રતિબોધક આચાર્યના મુખે, અંતરંગ વિશ્વના ગુઢ રહસ્યોને આપણી સમજ છતાં કરી રહ્યા છે.

મૂલં સઙ્ક્લેશજાલસ્ય પાપમેતદુદાહૃતમ્।

આ પાપ છે ને, એ જ બધા સંક્લેશો નું મુળ છે.

ન કર્તવ્યમતઃ પ્રાજ્ઞૈઃ સર્વં યત્પાપકારણમ્॥

માટે પ્રાજ્ઞ પુરુષોએ એવું કશું પણ ના કરવું જોઈએ, જે પાપનું કારણ હોય. આમ જોવા જઈએ, આફરીન થઈ જઈએ, શ્લોકે માથે મુકીને નાચીએ એવા સિદ્ધર્ષિ-ગણિ મહારાજના શબ્દો. હું કહું છું, બીજું કશું જ નહિ. બસ આ એક શ્લોક પકડી લો, જીભ ભવે તમારો મોક્ષ નક્કી!

ન કર્તવ્યમતઃ પ્રાજ્ઞૈઃ,

સિદ્ધર્ષિગણિ મહારાજ, આપણને કહેવા માંગે છે, તમારી અંદર બુદ્ધિ ની છાંટો પણ હોય ને, તો તમે સપનામાં પણ પાપ કરતા નહિ. નૈશ્ચયિક પ્રાજ્ઞત્વ શું છે? પાપ ન કરવું એ નૈશ્ચયિક પ્રાજ્ઞત્વ છે. સમજણનું લક્ષણ આ જ છે, બુદ્ધિનું લક્ષણ આ જ છે. તમે-

સમજદાર છો એની સાબિતી આ જ છે, કે તમે પાપ-ના કરો, અને માટે જ આગમોની અંદર પંડિત નો-અર્થ સર્વવિરત કર્યો છે. આગમિક પરિભાષામાં પંડિત-વિદ્વાન એટલે શું ?, જે કદી પણ પાપ ન કરે એનું નામ પંડિત !

તમારો છોકરો S.S.C. ની અંદર બાવીસ ટકા લાવ્યો હોય, હું તમને પુછુ છું આ ઘટના તમને વધારે ડંખે, કે છોકરો ગમે ત્યાં-રખડતો, ફરતો હોય, ગમે તેવા પાપો કરતો હોય. આ ઘટના તમને વધારે ડંખે ?, જે બાવીસ ટકા-લાવ્યો માટે એ કફોળ આવું તમે માનો કે, એ જ્યાં-ત્યાં રખડે છે, એ પાપો કરે છે માટે એ કફોળ-આવું તમે માનો છો ! તમારી OFFICE ની અંદર કોઈ માણસ આવ્યો ને તમને એવી રીતે છેતર્યા ને-દોઢ કરોડનું તમને નુકશાન થયું તો તમે કફોળ એવું તમને લાગે કે તમે કોઈના લગ્ન સમારંભની અંદર નફફટ થઈ ને નાચી શકો, તો તમે કફોળ એવું તમને લાગે ! તમને બોલવા-ચાલવાની કંઈ જ ભાન નથી, તો તમે જ્ઞાનીઓની દ્રષ્ટિમાં "ઠ" છો. તમે જે અભક્ષ્ય ખાઈ શકો છો, પાપો કરી શકો છો, તો તમે જ્ઞાનીઓની દ્રષ્ટિમાં "ઠ" છો. હકીકતમાં તમને કઈ પરિસ્થિતિમાં એવું લાગે છે કે તમે "ઠ" છો !

न कर्तव्यमतः प्राज्ञैः,

જે પ્રાજ્ઞતા હોય, સમજદારી હોય, બુદ્ધિમત્તા હોય,

सर्वं यत्पापकारणम् ।

તો જે કંઈ પણ પાપનું કારણ છે એ, તમે કરતા નથી. ગુજરાત|રાજસ્થાનની અમારી વિહાર યાત્રા હતી. લગભગ બાર-ચૌદ વર્ષ પહેલાની ઘટના. વિહાર હું કરી રહ્યો હતો, BORDER નું ગામ હતું, ત્યાં અમારે પહોંચવાનું હતું, મારી બાજુમાંથી એક AMBULANCE પસાર થઈ

ત્યાંના ખેતર પાસે એક થાંભલો હતો ને થોડા લોકો ત્યાં
ભેગા થયા હતા, ને મેં જોયું તો ત્યાં એક માણસ હતો -
ગમે તેવા એના કપડા હતા, ભિખારી જેવો દેદાર
હતો, હાય.. હાય.. હાય.. હાય.. કરતો હતો, એને
લોકો ઉંચકી ને ત્યાં AMBULANCE ની અંદર મુકતા-
હતા ને, કોઈ એ પુછયું કે ભાઈ શું થયું ? ને એણે
મને કહ્યું કે આ દારૂડિયો છે ને દારૂ પી ને -
વિજળીના થાંભલા ઉપર ચડયો ને એને કરંટ લાગ્યો,
ચીસ પાડીને નીચે પટકાયો, અમે ભેગા થયા,
AMBULANCE બોલાવી, એને જયાં મુકી રહ્યા છીએ
ને મેં જોયું પેલા માણસને મુકવા માં આવ્યો ત્યારે
એ હાય.. હાય.. હાય.. હાય કરતો હતો. અને એના
પ્રતિભાવ સ્વરૂપે એક માણસ ટોળા માંથી બોલી ઉઠયો,
તો પછી શા માટે તું ઉપર ચડયો ? એ માણસનો
કહેવાનો ભાવ એવો હતો કે, કયાં તારે ઉપર ચડવું
ના જોઈએ, ને થા તું ઉપર ચડયો જ છે તો એના
પરિણામ માટે તારે તૈયાર રહેવું જોઈએ. તારે ઉપર
પણ ચડવું છે ને, પછી હાય.. હાય એ કરવું છે, તું
ELECTRIC ના થાંભલા ઉપર ચડે ત્યાં ખુલ્લા વાયરો
હોય, એ થાંભલા ને ય ના અડાય, તું ઉપર ચડીને
WIRE ને અડે પછી તો તને કરંટ લાગવાનો જ છે.

જ્ઞાનીઓ આપણને આ જ વાત કહેવા
માંગે છે, તે મોહનો દારૂ પીધો છે, તું પાપના -
થાંભલા ઉપર ચડે છે, દુઃખના કરંટ નો ઝટકો તને
લાગે છે, તું દુર્ગતિ ની અંદર પટકાય છે, ને પછી
હાય.. હાય.. હાય.. હાય કરે છે, તું તારાજ કર્યાના
ફળ ભોગવે છે. વૈરાગ્ય શતકની અંદર પ્રાચીન-
પરમર્ષિ આપણને સ્પષ્ટ કહે છે,

अन्नो न कुणइ अहिअं हिअं पि अप्पा करेइ ण हु अन्नो।

બીજું કોઈ અહિત પણ કરતું નથી, અને બીજું કોઈ હિત પણ કરતું નથી. તું જ તારું અહિત કરે છે, તું જ તારું હિત કરે છે.

अप्पकयं सुहदुक्खं भुंजसि,

તારું સુખ પણ તારું જ કરેલું છે, તારું દુઃખ પણ તારું જ નોતરેલું છે.

ता कीस दीणमुहो ॥

તો પછી આમ હાથ રાખીને, આંસુ પાડતો ઉદાસ ચહેરો રાખીને તું શા માટે બેઠો છે. ઉત્તરાધ્યયન સૂત્રની અંદર ભગવાન મહાવીર કહે છે.

अप्पा कत्ता विकत्ता य सुहाण य दुहाण य ।

સુખો નો કર્તા પણ આત્મા જ છે, દુઃખો નો કર્તા પણ આત્મા જ છે.

अप्पा मित्तं अमित्तं च सुपट्ठिओ अ दुपट्ठिओ ॥

સન્માર્ગે પ્રસ્થાન કરેલ આત્મા પોતાનો મિત્ર છે. ઉન્માર્ગે જેણે પ્રસ્થાન કર્યું, એ આત્મા પોતાનો શત્રુ છે.
ઋષિભાષિત આગમમાં, પ્રત્યેક બુધ્ધ મહર્ષિ, એક જ ગાથાની અંદર, આપણને દુઃખ અને પાપના સંદર્ભમાં નિષ્કર્ષ આપી દે છે.

पावघाए हयं दुक्खं मूलघाए जहा फलं ।

જો તમારે દુઃખ નો અણગમો હોય, જો તમારે દુઃખ નથી જોઈતું, તો તમે પાપનો નાશ કરી દો. જે રીતે મૂળનો નાશ થઈ જાય તો ફળનો નાશ થવાનો જ છે.

फलत्थी सिंचइ मूलं फलघाई ण सिंचइ ॥

જેને ફળ જોઈએ છે એ મૂળમાં સિંચન કરે છે. જેને ફળ નથી જોઈતું ફળનો જેણે નાશ કરવો છે, એ મૂળમાં સિંચન કરતો નથી. પાપ એ મૂળ છે, દુઃખ એ ફળ છે. તમે પાપના મૂળમાં સિંચન કરશો, તો દુઃખ રૂપી ફળ તો આવીને જ રહેવાનું છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.

DATE

हिंसानृताद्दय: पञ्च तत्त्वाश्रद्धानमेव च।
તમે કહ્યું કે ભાઈ પાપને છોડી દો, તો દુ:ખ ટળશે. પાપ-છોડો... પાપ છોડો... પાપ છોડો.. પાપ છોડો પણ-પાપ છે શું એ તો અમને સમજાવો! અને સિધ્ધર્ષિ ગણિ મહારાજ એના જવાબની અંદર આ શ્લોક કહે છે કે, હિંસા, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, તત્ત્વની અશ્રધ્ધા, મિથ્યાત્વ, સમ્યક્દર્શન નો અભાવ, જિન-વચનની અશ્રધ્ધા,

क्रोधाद्दय च चत्वार:,

અને ક્રોધ, માન, માયા, લોભ આદિ ચાર કષાય,

इति पापस्य हेतव: ॥

આ પાપના કારણો છે. આ પાપના સ્રોત છે, આ પાપના RESOURCES છે.

દરેક વસ્તુનું સૃષ્ટિમાં ચોક્કસ કારણ હોય છે ને, અને એ કારણથી કાર્ય થાય એ સૃષ્ટિનો શાશ્વત નિયમ છે. પ્રમાણ વાર્તિક ની અંદર-કહ્યું છે,

नाकारणं भवेत् कार्यं नान्यकारणकारणम् ।

કારણ વગર કદી કાર્ય થાય નહિને જે કારણ પોતાનું કારણ નથી, બીજાનું કારણ છે, એનાથી પણ કાર્ય ન થાય.

अन्यथा न व्यवस्था स्यात् कार्यकारणयो: क्वचित् ॥

જો એવું માનીએ કે જે રીતે પણ કંઈ પણ પેદા થઈ જાય તો કાર્ય કારણની દુનીયામાં કોઈ વ્યવસ્થા જ ના થાય. FOR EXAMPLE, માટી છે તો માટી માંથી ઘડો બની શકે માટી વગર એમ ને એમ આમ પહેલા કંઈ હોય નહી ને માટી ન હોય ને ઘડો પ્રગટ થઈ જાય, માટલું પ્રગટ થઈ જાય, આવુ ન બની શકે કારણકે ઘડો છે એ એક કાર્ય છે PRODUCT છે, એક

DATE

RESULT છે, એનું કોઈ REASON હોય, એનું કોઈ-RAW MATERIAL હોય, એમાંથી ઘડો બની શકે, RAW MATERIAL વગર, REASON વગર ઘડો ના બને, તો એનું કોઈક કારણ હોય શકે, એ ચોક્કસ કારણ છે, એ માટી એ કારણ છે, માટી માંથી ઘડો બની શકે, તમે કહો કે આ REASON બીજાનું પણ REASON હોય શકે, બીજું REASON અને એનાથી એ ઘડો થઈ જાય એટલે કે કપાસ છે. અને કપાસ માંથી ઘડો બની જાય.

नान्यकारण कारणम् ।

કપાસ એ કપડા નું કારણ છે, એ ઘડાનું કારણ નથી. ઘડા નું કારણ માટી છે તો માટી માંથી ઘડો બની શકે. કપાસ એ કપડા નું કારણ છે તો કપાસ માંથી કપડું બની શકે, કપાસ એ ઘડા નું કારણ નથી માટે કપાસ માંથી ઘડો ના બની શકે. માટી એ કપડાનું કારણ નથી, માટે કપડું એ માટી માંથી ન બની શકે.

अन्यथा न व्यवस्था स्यात्कार्यकारणयोः क्वचित् ।।

પાપ એ દુઃખનું કારણ છે, દુઃખ આવે છે તો પ્રતિનિયત કારણ માંથી આવે છે, આખી દુનીયા લાખો વરસથી દુઃખનું કારણ શોધી રહી છે, અને એ કારણને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. માત્ર લાખો જ નહીં કરોડો, અબજો, અસંખ્ય અનંત વર્ષોથી દરેકે દરેક જીવની આ ક્રોશિશ છે, આ જ પ્રયત્ન છે કે મારા દુઃખ દૂર થાય, મને દુઃખ નથી જોઈતું, મારા દુઃખ ટળે, પણ એના માટે એ જે પ્રયાસ કરે છે, પ્રયાસ કરતા પહેલા એ જીવ એ નથી વિચારી શકતો કે ભાઈ દુઃખ આવે છે ક્યાંથી ?, જ્યાં સુધી દુઃખનું કારણ નથી સમજ્યું ત્યાં સુધી દુઃખ ને ટાળી શકાય એ શક્ય નથી, દુઃખ નું કારણ શું છે, તો પાપ છે, પાપ થી દુઃખ આવે છે, પાપને દૂર કરો તો દુઃખ દૂર થાય, આટલી SIMPLE વાત દુનીયા ને સમજાતી નથી, માટે દુઃખ ને દૂર કરવા એવા ધંધા કરે છે, જેનાથી એનું

દુ:ખ વધ્યા જ કરે છે. પ્રશ્ન કર્યો કે આવું બધું અમે
નથી માનતા કે કાંઈક SPECIFIC કારણ હોવું જ જોઈએ,
દુ:ખનું, અમે એમ માની લઈએ છીએ કે દુ:ખ એમ ને
એમ NATURALLY (કુદરતી) આવે છે, અમે તો સ્કુલમાં
બધું MODERN SCIENCE ભણ્યા છીએ, અમે મોટી-
મોટી DEGREE પણ લીધી છે, અમે ઘણું બધું
SHARP THINKING [વિચાર] પણ કરીએ છીએ, આવું
બધું ધર્મની બહાર શાસ્ત્રની બહાર કહેવાય. ધર્મ ગુરુઓ
બધા ગભરાવી ગભરાવી હેરાન કરે છે આપણને. અમે
નથી માનતા કે પાપ જેવી કોઈ વસ્તુ છે, દુ:ખ અમને
ખબર છે, દુ:ખ આવે છે, દુ:ખ નજર સામે દેખાય છે
દુ:ખનો અમે સ્વીકાર કરીએ છીએ પણ દુ:ખનું કોઈ
SPECIFIC કારણ એને અમે માનતા નથી.

પ્રમાણવાર્તિક ગ્રંથ કહે છે

नित्यं सत्त्वमसत्त्वं वा हेतोरन्यानपेक्षणात् ।

કોઈ વસ્તુ છે ને એનું કોઈ જ REASON (કારણ) નથી
તો યા એ વસ્તુ શાશ્વત હોય શકે યા એ વસ્તુ ન
હોય શકે. સમજવાનો પ્રયાસ કરશો તો જરૂર સમજશો
અને જો આટલું તમને સમજાય ગયું છે તો, તમારો
ધર્મ, તમારી આરાધના, તમારો મોક્ષ માર્ગ, તમારી
મોક્ષ યાત્રા, એમાં કશું જ નડતર નહીં રહે. જેનું કોઈ
જ REASON નથી, એ યા શાશ્વત હોય શકે નિત્ય-
હોય શકે, કાયમી હોય શકે યા એ ન હોય શકે!
આકાશ છે, આકાશનું કોઈ જ REASON નથી,
તો આકાશને કોઈએ બનાવ્યું પણ નથી, આકાશ
શાશ્વત છે, આકાશ નિત્ય છે, આકાશ કાયમી છે,

★ આત્મા કેવી રીતે પેદા થયો?
★ આત્મા શેમાંથી પેદા થયો?
★ આત્માનું કારણ શું હતું?
★ આત્માનું RAW MATERIAL શું હતું?

એનો કોઈ જ ANSWER નથી, આત્માનું કોઈ જ કારણ નથી, માટે આત્મા શાશ્વત છે, નિત્ય છે, કાયમી છે. વંધ્યા પુત્ર, એટલે કે વંધ્યાનો પુત્ર, એટલે કે વાંઝણી સ્ત્રી ની દીકરી, એટલે કે જે કદી કોઈ ને જન્મ આપી જ ન શકે, એવી સ્ત્રી ની દીકરો, જેને શાસ્ત્રીય પરિભાષામાં વંધ્યાપુત્ર કહેવાય, એનું પણ કોઈ જ કારણ હોતું નથી, અને એ હોતો જ નથી.

સસલાના શિંગડા હોતા જ નથી, કાચબાના રૂંવાટા હોતા જ નથી. એમનું કોઈ કારણ પણ નથી, અને એ હોતા પણ નથી, તો જેનું કોઈ પણ કારણ ન હોય, યા એ શાશ્વત હોય શકે યા એ ન હોય શકે,

अपेक्षातो हि भावानां कादाचित्कत्वसम्भवः ॥

જે પદાર્થો ક્યારેક બને છે, ક્વચિત બને છે, એના-મૂળમાં શું, એનું કારણ શું ? કોઈક અપેક્ષા, કોઈક REASON, કોઈક RAW MATERIAL, કોઈક નિમિત્ત, એનાથી જ OCCASSIONAL વસ્તુ આવી શકે. શરીર-OCCASSIONAL છે તો શરીર નું કોઈક REASON છે, દુઃખ OCCASSIONAL છે, દુઃખ વંધ્યા પુત્ર જેવું, છે જ નહીં એવું પણ નથી, અને દુઃખ આકાશ જેવું છે જ એવું પણ નથી, THAT MEANS દુઃખ નું કોઈક SPECIFIC REASON છે, તો દુનિયા ની કોઈ પણ વસ્તુ-જેનું OCCASSIONAL EXISTEANCE છે, કાદાચિત્ક-અસ્તિત્વ છે, એ ક્યારેક જ હોય છે, અમુક TIME-PERIOD માં જ હોય છે, એવી કોઈ પણ વસ્તુ હોય એનું કોઈ ને કોઈ REASON હોય, આપણું દુઃખ પણ આવું છે. તમે માંદા પડયા, OCCASSIONAL EXISTENCE - ACCIDENT થઈ ગયો, OCCASSIONAL ACCIDENT - દીકરી પાછી આવી, OCCASSIONAL TROUBLE આવું કાંઈ પણ તમારી સાથે થયું, જે કાદાચિત્ક છે, એનું

કોઈ ને કોઈ કારણ હોય છે. દેખીતા કારણ ACCIDENT વગેરે મા, સામે વાળા એ દારૂ પીધો હોય શકે, તમે જોયું ના હોય એવું હોય શકે, આવું કોઈ પણ હોય શકે. એનુ GENERAL REASON છે કર્મ, જેને અશુભ કર્મ કહેવાય, પાપ કહેવાય, એમાંથી જ દુઃખ આવે છે. માટે સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, આ કાર્ય-કારણ-ભાવ ને તમે સમજવાનો પ્રયાસ કરો.

हिंसानृताद्यः पञ्च,

હિંસા, ચોરી, જુઠ, મૈથુન, પરિગ્રહ, વગેરે જે પાંચ આ બધા પાપ નું કારણ છે. કેટલાક ધર્મો એવા છે જેની અંદર પશુ યજ્ઞો બતાવ્યા, યજ્ઞની અંદર પશુ હોમી-દેવાનું, ઘેટું હોમી દેવાનું, બકરું હોમી દેવાનું, ગોમેજ યજ્ઞ, ગાય હોમી દેવી. પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો કે આ ધર્મ છે, આ હિંસા ને, આ બધું સમજાતું નથી, પ્રશ્ન બહારથી જ નહીં, એ જ ધર્મની પરંપરા માંથી પણ ઉઠાવવામાં આવ્યો, કે ભાઈ આ સાચું કે ખોટું? અને એજ ધર્મના વિદ્વાનો એ એ જ ધર્મના-શાસ્ત્રોની અંદર લખ્યું, પુરાણો વગેરેના શબ્દો છે,

अन्धे तमसि मज्जामः पशुभिर्ये यजामहे।

આપણે આ જે પશુ યજ્ઞ કરીએ છીએ, પશુ ને હોમી-દઈએ, અશ્વમેધ યજ્ઞ હોય, ઘોડા ના ટુકડે-ટુકડા-કરીને અંદર નાખવામાં આવે.

अन्धे तमसि मज्जामः,

આપણે આંધળા અંધકાર ની અંદર ડુબકી મારીએ છીએ,

हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यति ।।

જે હિંસા છે એ ધર્મ બને, આવું બન્યું પણ નથી ને આવું બનશે પણ નહિ. એ જ પરંપરાના વિદ્વાનો એ આગળ વધીને ત્યાં સુધી કહ્યું છે,

यूपान् छित्त्वा पशून् हत्वा कृत्वा रुधिरकर्दमम्।

DATE

યજ્ઞની થાંભલી આપણે મૂકી દઈએ, પશુઓની હત્યા કરી દઈએ, લોહી માંસનો આપણે કાદવ કરી દઈએ,

યદ્યેવં ગમ્યતે સ્વર્ગે નરકે કેન ગમ્યતે ? ॥

જો આ રીતે સ્વર્ગમાં જવાય છે, આવું જો તમે માનો છો, તો પછી નરક ની અંદર કઈ રીતે જવાશે. જો હિંસાથી સ્વર્ગ મળતું હશે, જો હિંસા એ પાપ નથી, તો પાપ જેવી ને નરક જેવી દુનિયામાં કોઈ વસ્તુ જ નહીં રહે. કાર્ય - કારણ ભાવ. હિંસા વગેરે ની અંદર મન કલુષિત - થાય છે, ડોહળાય છે, જેઅંદર અશુભ ભાવ ભળે છે, જ્યાં કલુષિતતા છે ત્યાં પણ એ પાપ નથી તો દુનીયામાં પાપ જેવી કોઈ વસ્તુ જ નહીં રહે. નિયત કાર્ય - કારણ ભાવ, હિંસા એ પાપ,

જૂઠ એ પાપ,

ચોરી એ પાપ,

મૈથુન એ પાપ,

પરિગ્રહ એ પાપ.

નિયત કાર્ય - કારણ ભાવને જ્યાં સુધી આપણે નહીં સમજુ શકીએ, ત્યાં સુધી મોક્ષ તો મળે એમ નથી, તમારો સંસાર પણ ચાલે છે એ એ જ હિસાબે ચાલે છે કે તમે એ નિયત કાર્ય - કારણ ભાવ ને સમજો છો, નિયત કાર્ય - કારણ ભાવને FOLLOW કરવાનો પ્રયાસ કરો છો.

એક પાગલખાનું હતું, ને એ પાગલ - ખાનામાં બે પાગલ હતા ને, કંટાળ્યા અંદર ગોંધાઈ ને - ને બંને એ PLANNING કર્યો, કે હવે કાલે આપણે ભાગી જવું છે. બંને એ એકાંત ની અંદર MEETING કરી, મસલત કરી, ગંભીર ચર્ચા - વિચારણા કરી ને, PLAN એક આખો તૈયાર કર્યો કે કાલે સવારે - બરાબર ૯ વાગે આપણે નીચે ઉતરશું, આપણે બંને

ચોકીદાર ને પકડશું થાંભલા સુધી લઈ જશું, થાંભલા-
સાથે મુશ્કેટાટ બાંધી દઈશું, પછી દરવાજો આપણે ખોલી
નાખશું ને પછી આપણે ભાગી જઈશું. બહુ PERFECT
PLAN પાગલો એ બનાવ્યો ને બીજા સવારે બરાબર-
છ માં એક કમે એક બીજાને ઈશારા કરી દીધા. EXACT
છ વાગે બંને નીચે ઉતર્યા ને જોયું તો ત્યાં ચોકીદાર
હતો જ નહીં ને દરવાજો ખુલ્લો હતો, બંને પાગલો
UPSET થઈ ગયા ને નિરાશ થઈને દાદરો ચડવા લાગ્યા,
ને વાત કરતા હતા પરસ્પર કે આજનો તો બધો PLAN
ચોપટ થઈ ગયો, કાલે ફરી TRY કરશું! પરિસ્થિતિ તો
પાગલોની FAVOR માં આવી પણ પાગલોને આવા
નિયત કાર્ય-કારણ ભાવ ની ખબર ન હતી, કે ભાઈ આ રીતે
ચોકીદારને બાંધવો પડે ને આપણે જાતે દરવાજો-
ખોલીએ તો જ આપણે ભાગી શકીએ, આવો કોઈ-
કાર્ય કારણ ભાવ જ નથી. કાર્ય-કારણ ભાવ તો એટલો
જ છે, કે આપણને કોઈ નડતર ના મળે ને આપણે
દોડતા રહીએ ને છૂટી જઈએ આ પાગલખાનાથી-
એવી કોઈ જરૂરી વિધિ નથી કે ચોકીદાર ન હોય તો
પકડીને એને લાવવો ને બાંધવો ને દરવાજો ખુલ્લો
હોય તો આપણે જ દરવાજા ને ખોલ્યા વગર ના
જઈ શકીએ. પાગલો ને કાર્ય-કારણ ભાવની સમજ-
ના હતી ને માટે પાગલો ભાગી શક્યા નહીં,

કઈ રીતે સંસારથી ભાગવું, કઈ રીતે
દુઃખોથી ભાગવું, કઈ રીતે નરકથી ભાગવું, કઈ રીતે
નિગોદ થી ભાગવું, કઈ રીતે આ આખા સંસારના
પાગલખાનાથી છૂટી જવું, આપણે પણ કાર્ય-કારણ ભાવ
સમજી શકતા નથી, હાથે કરીને બંધાઈ એ છીએ,
હાથે કરીને પોતાના હાથે બાંધેલા, વિવશ, મજબુર,
લાચાર, સમજીને આપણે સંસારની અંદર, દુઃખોની

અંદર ગોંધાઈ ને, અંધાઈને, ફસાયેલા રહીએ છીએ.
નાનકડો બાળક હતો, જંગલની અંદર ફરવા જવાની બહુ જ
ઈચ્છા થઈ, મમ્મી પાસે આવ્યો ને બહુ જીદ કરીને મમ્મી
ને સંમત કરવાનો પ્રયાસ કરે છે કે મમ્મી મને રજા
આપ મારે જંગલમાં ફરવા જવું છે ને મમ્મીએ સાંભળ્યું
છે, ને જંગલની અંદર સિંહ છે ને સિંહ બહુ જ
ભયાનક છે ને, જે માણસ આવે એને ફાડી ખાય છે,
એવો નરભક્ષી સિંહ, મમ્મી એને ઘણું સમજાવે છે
કે ભાઈ જંગલ બહુ ખતરનાક છે, ને જંગલની અંદર
સિંહ છે, જાનનું જોખમ છે ને જંગલમાં જવા જેવું
નથી, ને છોકરો બહુ જીદ કરે છે, બહુ જીદ કરે
છે, ને એક શરતે જવા દે છે કે તું સિંહથી સાવ-
ચેતે સિંહથી બચીને રહેજે, છોકરો કબુલ કરે છે,
છોકરો નીકળી જાય છે, કલાકમાં આવવાનો હતો, બે-
કલાક, અઢી કલાક, ત્રણ કલાક, ચાર, પાંચ કલાક થઈ
ગયા, છોકરાનો પત્તો નથી ને મમ્મી આખા ગામમાં
ફરીને રડારોળ કરે ને થોડા લોકો ભેગા થયા ને, લોકો
શસ્ત્ર સરંજામ લઈ ને જંગલમાં ગયા, દોઢ કલાક ની
મહેનત પછી અડધું ખવાયેલું દીકરાનું મડદું લઈ ને
ગામમાં પાછા આવ્યા એની મમ્મીને બોલાવવામાં-
આવે છે ને પેલી દોડતી આવે છે ને બેભાન થઈને
ઢળી પડે છે. ગામ એની ઉત્તરક્રિયા કરે છે ને મમ્મી
જ્યારે પણ ભાનમાં આવે છે. ધ્રુસકે ને ધ્રુસકે રડે છે,
માથા પછાડે છે, આખું ગામ સાંત્વના આપે છે,
મમ્મી કહે છે, વાત બધી સાચી, મેં એને સમજાવ્યો
હતો પછી આવું થયું શા માટે? સિંહથી બચીને
રહેવાનું મેં એને કહ્યું હતું, સિંહ બહુ ખતરનાક છે,
ભયાનક છે, મનભેવા છે, નરભક્ષી છે બધુ મેં એને
સમજાવ્યું, છતાં આવું કેમ થયું, એ મને નથી સમજાતું
ને એ પ્રશ્ન મને કોરી ખાય છે, ને ગામના એક

વશિષ્ઠ ભોઈ હતા ને ક્યારના ચુપચાપ જોઈ રહ્યા હતા ને બહુ ધીમા ને ગંભીર સ્વરે એ ભોઈએ પેલી માં ને એક પ્રશ્ન કર્યો, કે સિંહ કોને કહેવાય એ તારા દીકરાને ખબર હતી ખરી ? તે કહ્યું હતું સિંહથી બચીને રહેજે, સિંહ જોખમી છે, ખતરનાક છે, ફાડી ખાય છે, પણ સિંહ શું છે એ એને ખબર હતી ખરી ? માં એ આમ વિચાર કરીને કહ્યું એક ધ્રાસકો પડ્યો, એક ફડકો પડ્યો, વાત તો સાચી છે, સિંહની તો એને ખબર જ નથી ને, વશિષ્ઠે કહ્યું કે ગમે તેટલું સમજાવ્યું હોય પણ સિંહ કોને કહેવાય એ જ એને ખબર ન હતી તો, એ સિંહથી બચે કઈ રીતે ?

હું તમને પુછુ છું, ક્યાં, ક્યાં, ક્યાં, ક્યાં પાપ છે, આટલી પણ આપણને ખબર ખરી ? સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

ભગવાને કહેલું તત્વ એના પ્રત્યે આપણને શ્રધ્ધા ન હોય ભગવાનના એક વચન ઉપર પણ આપણને વિશ્વાસ ન હોય, તો આપણે પાપી છીએ, આપણને એવી પ્રતિતી થાય ખરી કે આપણને લાગે કે આટલું તો ચાલે, ને આવું તો હોય ને આટલું સમજાતું નથી.

પેલી સુલસા હતી ને સુલસાને લોકો એ દોડીને આવીને કહ્યું કે, સુલસા બ્રહ્મા દેવ આવ્યા છે, વિષ્ણુ દેવ આવ્યા છે, શંકર દેવ આવ્યા છે એને અમે નજરની સામે જોઈ આવ્યા, સાચુકલા દેવ, તો એ તુ નહીં આવે ને સુલસા હસી ને કહે, કે નજરે જોયેલું બધું સાચું જ હોય એવું નથી હોતું, કદાચ વૈભવ વધાને કદાચ ખરેખર પણ કોઈ દેવો આવ્યા હોય, પણ એ જે કહે

DATE

છે એ સાચું ના હોય તો એમને સાચા કઈ રીતે-
કહેવાય ને, જેનાથી મોક્ષ ના મળે, જેનાથી સંસાર ના
ટળે, જેનાથી આત્મા નું કલ્યાણ ન થાય, એમને સાચા
કઈ રીતે કહેવાય !

હું તમને કહું છું, સુલસા પ્રત્યક્ષને
પણ હસી કાઢે છે, એવી સુલસાની શ્રદ્ધાની અનેરી
ઊંચાઈ છે. અને આપણે ક્યાંક ચાદર ઓઢાડવાથી
હમરી માંગી ક્યાંક કોઈનું એક કામ થઈ ગયું તો, કાકડે
મોકડું ગોઠવીને એક ચાદર ના નામે આપણે આપણું
સમ્યક્ દર્શન વહેંચી નાખશું. જ્યાં લાખો માણસો દર વર્ષે
આવે છે, આનાથી વધારે કોઈ જ સાર નથી, ત્યાં-
ગાડરિયા પ્રવાહ માં વહીને આપણે આપણું સમ્યક્ દર્શન-
વહેંચી નાખશું ? આપણે જિનશાસનથી સમજ્યા કે
આપણા સુખ દુઃખ નું કારણ આપણા જ પુણ્ય ને પાપ છે,
તો એ બાહ્ય કારણોમાં કાર્ય-કારણ ભાવ લગાડીને,
એમની પાછળ દોડી ને, આપણે આપણું સમ્યક્ દર્શન
વહેંચી નાખશું ?

જે વિજ્ઞાન રોજ ગુલાંટી મારે છે
ને પછી પછી ના વૈજ્ઞાનિકો પહેલા પહેલાના વૈજ્ઞાનિકો
ને ખોટા સાબિત કરે છે, એ વિજ્ઞાન ના રવાડે-
ચઢીને આપણે આપણું સમ્યક્દર્શન વહેંચી નાખશું ?
સુલસા પ્રત્યક્ષ ને પણ હસી કાઢતી હતી, ને આપણે
સેટેલાઈટ ના ફોટાઓને ખાતર, આપણું સમ્યક્ દર્શન-
વહેંચી નાખશું ?

સમ્યક્દર્શન એટલે જિનવચનની અખંડ શ્રદ્ધા !

સમ્યક્દર્શન એટલે સંપૂર્ણ પણે જિનવચન ઉપર વિશ્વાસ !

સમ્યક્દર્શન એટલે અવિહડ જિનવચનનો રાગ !

સમ્યક્દર્શન એટલે ગમે તે થઈ જાય, ગમે તેવું દ્રશ્ય
આવી જાય, કદાચ ભગવાન કહે કે હું સમજ્યો એના
કરતા તદ્દન વિપરીત દ્રશ્ય નજર સામે આવી જાય ને,
મારી શ્રધ્ધા ડગે નહિ, હું હચમચી ના જાઉં,
હું મિથ્યાત્વ ના પામું, હું શંકા સુધ્ધા ના કરું
ભગવાનના વચન ઉપર, પણ મારી શ્રધ્ધા એ દ્રશ્ય-
સામે ખડખડાટ હસી પડે, એની ઘોર ઉપેક્ષા કરે,
આનું નામ સમ્યક્દર્શન !

મહાનિશિથ સુત્રની અંદર સમ્યક્-
દ્રષ્ટિ આત્માની પરિણતિ નો તાદ્દશ ચીતાર
આપ્યો છે,

पायालं वा वि उड्ढमुहं सग्गं हुज्जा अहोमुहं ।

પાતાળ કદાચ ઉંચું થઈ જાય, સ્વર્ગ કદાચ નીચે થઈ
જાય,

ण हु जिणवरभासियं वयणं अण्णहा भवे ॥

પણ કોઈ જીનેશ્વરભગવંતો એ કહેલું વચન એ
અન્યથા ન થાય, એમાં મીનમેખ ફેરફાર ન થાય !
શ્રેણિક મહારાજ રસ્તા ઉપરથી નીકળ્યા છે,
સમવસરણથી રાજમહેલ જઈ રહ્યા છે, ઉંચી- ઉંચી
જિનશાસનની વાતો સાંભળી છે રસ્તાની એક
બાજુ તળાવ છે, તળાવની પાળે ત્રણ સાધુ ઉભા છે,
સાધુના હાથમાં માછીમાર ની જાળ છે માછલીઓ
પકડવાનો પ્રયાસ સાધુઓ કરી રહ્યા છે, અને શ્રેણિક
મહારાજની દ્રષ્ટિ પડે છે ને હું તમને કહું છું
શ્રધ્ધા શું વસ્તુ છે, સમ્યક્દર્શન શું વસ્તુ છે
ને ભગવાનના શાસનની દીવડી જે જગમગતી હોય,
ડગલે ને પગલે જે ડુલાવી જે થતા હોય
ચતુર્વિધ સંઘના કોઈ પણ સભ્યનું ગેરવર્તન જોઈને
જિનશાસન પરની શ્રધ્ધા જે આપણી ઉઠી જતી

હોય ને તો સમજ્યુ લેવું કે નાસ્તિક સમ્યક્દર્શનની -
આપણને સ્પર્શના જ થઈ નથી. ભગવાનનો પરમ -
ભક્ત અને સમ્યક્દ્રષ્ટિ એવા શ્રેણિક મહારાજ પોતે
નજરની સામે જુએ છે, માછીમાર સાધુ, શાસનનો સારુ
જ છે, કોઈક જીવ ભાન ભુલ્યો છે, ભગવાને કહ્યું જ છે,

કર્મો કઠણ હોય છે, વક્રસાર હોય છે, કર્મો ચીકણા હોય
છે, જીવ કર્મને આધીન બની શકે, પણ એનાથી કાંઈ
શાસન ખોટું નથી, એનાથી કાંઈ શાસન ખરાબ નથી,
થઈ જતુ. એનાથી હું ધર્મ છોડી દઉં, બસ હવે તો
ધર્મ કરવાનું બંધ, હવે તો ત્યાં કદી જવું નહીં, હતા -
ત્યાં સારા હતા, ખોટા આ બધા રવાડે ચડ્યા, શ્રેણિક
મહારાજના મનમાં આવો કોઈ વિકલ્પ સુધ્ધા નથી. ઘરની
અંદર ગમે તેટલા ઝઘડા થાય, કદાચ ગાળાગાળી થાય,
કદાચ પૈસાની ખેંચતાણો થાય, બધું જ થવા કે હોવા
છતા ઘરને વળગી રહેવા માટે આપણે તૈયાર હોઈએ
છીએ. અહીંયા કંઈક નવા જુની થઈ હવે માટે અહીંયા -
સંઘમાં પગ મુકવો નહીં, આવુ જે આપણને થઈ -
જાય તો સમજ્યુ લો કે આપણામાં સમ્યક્દર્શન નથી.
ઘરે ઘર દહેરાસર બનાવે, દિવસની આઠ- આઠ -
સામાયિક કરે, ગમે તેટલો ધર્મ કરે, સંઘ પ્રત્યે જેને
અહોભાવ નથી, બહુમાન ભાવ નથી, ગમે તે હોય તો
એ આ મારું ઘર છે, હોય ભાઈ, કર્માધીન જીવો છે.
ચાલ્યા કરે, ઘરમાં નથી ઝઘડા થતા. ધર્મ છોડે એનામાં
તો સમ્યક્દર્શન ન જ હોય, ઘરની અંદર -
દસ-દસ કલાક ધર્મ કરે, પણ સંઘ પ્રત્યે અસદ્ભાવ
રાખે, અરૂચિ રાખે, અપ્રિતી રાખે, આપણે ભાઈ ઝઘડા
માં જતા નથી માનતા નથી, વાત ઝઘડો કરવાની નથી,
અહીંયા આવીને આરાધના કરવાની છે હવે અમે
અહીંયા ન આવીએ, એના સમ્યક્ત્વમાં પણ પુરી શંકા છે.

શ્રેણિક મહારાજ સ્વપ્નમાંથી નીચે ઉતરે છે ત્યાં પહોંચે છે, આ બધું શું માંડ્યું છે તમે, સાધુ થઈને આવું કરાય ? આ તો બધા આવા જ છે, શું તમે આ બધી વાત કરો છો ? મેઈ આવો ગૌતમસ્વામી ને શું કરે છે ને શ્રેણિક મહારાજ જે ઉધડો લે છે, જબરદાર મે એ મહામુનિ માટે - એક પણ શબ્દ બોલ્યો છે, આપ આટલા નીચે ઉતરી ગયા, આપ તો પાપ કરો છો, શાસન માટે, સંઘ માટે, સાચા મહાત્મા માટે આવું બોલો છો. હું શ્રાવક છું, મારી ફરજ મને ખબર છે, શાસનની અપભ્રાજના થઈ રહી છે, હરગીઝ આવું ચાલી ના શકે. મારું શાસન લજવાય હરગીઝ - આવું ના ચાલે. શ્રેણિક મહારાજ ત્યાંથી આગળ વધે છે ત્યાં રસ્તા ઉપરથી એક સાધ્વીજી મહા-રાજ આવતા દેખાય છે. કોઈ પણ એમને એક સેકન્ડ પણ જોતાની સાથે કહી આપે કે એમને પુરા દિવસો ચાલે છે. શ્રેણિક મહારાજ સેવકોને આજ્ઞા કરે છે કે પેલા સાધુઓને તમે જીરે વિદાય આપી દો જેથી શાસનની અપભ્રાજના ન થાય. ઈશારો કરે છે સાધ્વીજી ને બોલાવી લો આપણા મહેલમાં જેથી શાસન ની અપભ્રાજના ના થાય, પોતાને ત્યાં ભોંયરામાં ગુપ્ત પણે રાખે છે, એમનું બધું જ ઉચિત શ્રેણિક મહારાજ કરે છે, પ્રસવ થાય છે, શ્રેણિક મહારાજના મનમાં ક્યાંય કલુષિતતા નથી, ધિક્કાર છે આ શાસનને આ ધર્મ કેવો આ ભગવાન કેવા, આ સંઘ કેવો, કેવા - અહીંયા લોકો, ક્યાં ફસાઈ ગયો, ન જોઈએ, આવો કોઈ ભાવ સુધ્ધા સ્પર્શતો નથી ને એમ જ થાય મારા ભગવાન-ના શાસનની અપભ્રાજના ન થવી જોઈએ. હજુ તો જન્મ જ થયો છે, એ દીકરી એ સાધ્વીજી, પેલા સાધુઓ બધું જ

અલોપ થઈ જાય છે, દેવ ત્યાં પ્રગટ થાય છે ને શ્રેણિક-મહારાજને પ્રણામ કરે છે, ગળગળા કંઠે દેવ કહે છે કે શ્રેણિક મહારાજ, ભગવાને આપના સમ્યક્ દર્શનની પ્રશંસા કરી અનુ-મોદના કરી, અને એની પરીક્ષા રૂપે મેં આ બધુ કર્યું હતું. તમે જે માછીમાર સાધુને જોયા, જે સાધ્વીજી હતા એ હું જ હતો એ બધી મારી જ માયા હતી. જિનશાસનના કોઈ સાધુ કે સાધ્વીજી એ આવું કર્યું નથી ને, આ બધુ જ કરવાની સાથે મારા દિવ્ય અવધિ જ્ઞાનથી, વિશિષ્ટ અવધિ જ્ઞાનથી સતત હું તમારા મનના પુદ્ગલો ને જોઈ રહ્યો હતો, માપી રહ્યો હતો, માણી રહ્યો હતો, ક્યાંય તમારા મનમાં શાસન પ્રત્યે ઓછો-ભાવ આવ્યો નથી, ક્યાંય તમારા મનની અંદર શાસન પ્રત્યે ના અહોભાવમાં ઓટ આવી નથી. તમારો જન્મ-સફળ છે, તમે કૃતાર્થ છો, તમારું જીવન ધન્ય છે,

पायालं वा वि उड्ढमुहं सग्गं हुज्जा अहोमुहं ।

પાતાળ કદાચ ઉપર આવી જાય, સ્વર્ગ કદાચ નીચે આવી જાય, મારા ભગવાને જે કહ્યું એ કદી પણ ખોટું ના પડી શકે

ण हु जिणवरभासियं वयणं अण्णहा भवे ॥

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહે છે,

तत्त्वाश्रद्धानमेव च ।

તત્ત્વની અશ્રદ્ધા, ભગવાનના વચન પરની શંકા, એ પણ પાપ છે. દીકરાનું મડદુ છે, અડધુ બળાયેલુ છે, મા એ જોયું છે, એક પ્રશ્ન ધુમરાયો છે. વડિલે સમાધાન પણ આપ્યું છે, હવે આગળ એના સંદર્ભમાં શું ઘટના બને છે, આપણે એમાંથી શું શીખવાનું છે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ ઉપમિતિ ની ધારામાં આગળ ક્યાં લઈ જાય છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x x

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો !

## વ્યાખ્યાન નંબર - ૧૨૨

DATE 04 02 2021

પ્રશ્ન છે તમારો કે મુળમાં સિંચન કરીએ એટલે ફળ આવવાનું જ છે, જો પાપ કર્યું તો દુઃખ આવવાનું. અમારી પરિસ્થિતિ એવી છે, પાપ અમારાથી છુટતું જ નથી, પાપ અમારે કરવું પડે જ એવું છે, પાપ કરવું અમારી મજબુરી છે ને દુઃખ અમારે જોઈતું નથી તો અમે શું કરીએ ?

પ્રશ્નની સામે જવાબ રૂપે પ્રતિપ્રશ્ન એ છે કે, અમારી પડવાની, હાડકા ખોખરા કરવાની, કુતરા ના મોતે મરવાની, કોઈ જ ઈચ્છા નથી પણ અમારી મજબુરી છે કે દસમા માળે થી અમારે કુદકો મારવો જ પડે એમ છે અમારી મજબુરી એવી છે કે અમારે ઝેર પીવું જ પડે એમ છે, અમારી મજબુરી એવી છે કે અમારે - ફાંસીએ લટકવું જ પડે એમ છે, અમારી મજબુરી છે કે અમે છરી લઈને અમારા પેટમાં હુલાવી ન દઈએ એ ચાલે એવું જ નથી, તો અમારે શું કરવું ?

ઋષિભાષિત આગમ સુત્ર આનો જવાબ આપે છે,

मूलसेके फलुप्पत्ति मूलघाए हयं फलं।

મુળમાં સિંચન કર્યું છે તો ફળની ઉત્પત્તિ થઈને રહેવાની છે, તમે મુળને ઉખેડીને ફેંકી દીધું, ફળની કોઈ જ સંભાવના નથી, ને તમે કહો કે અમે મુળમાં સિંચન કરીએ અને અમને કોઈ ફળ પણ ના જોઈએ, એ શક્ય જ નથી.

તમારો સવાલ છે કે સાહેબ બધી વાત સાચી અમે સંસારમાં બેઠા છીએ, અમારે

DATE

રસોડું ચલાવ્યા વગર, દુકાન ચલાવ્યા વગર, વ્યવહાર ચલાવ્યા વગર, લાઈટ- પંખો વાપર્યા વગર, અમારું ઠેકાણું પડતું નથી, ને અમે એનાથી બચી શકીએ એ શક્યતા જ નથી, આપની વાત બધી સાચી, દીક્ષા જ લેવી જોઈએ. સંયમ જ લેવું જોઈએ, - સંસાર છોડવો જ જોઈએ, અઢારે પાપ સ્થાનક - છોડવા જોઈએ. અમે છોડી શકીએ એમ નથી તો અમારે શું કરવું એ તમે કહો.

જ્વાજમાં એક શ્રાવકની વાત કરું, દાદા ગુરુદેવ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ, એમના સંસારી પિતાજી, નામ ચીમનભાઈ. પ્રતિક્રમણ રોજ કરે અને પ્રતિક્રમણમાં જ્યાં વંદિત્તુ આવે. રૂમાલ સાથે રાખ્યો હોય, રડતા જાય અને વંદિત્તુ બોલતા - જાય. યા તમે પાપનો સંપૂર્ણ ત્યાગ કરો છો તો તમે દુઃખોથી બચશો. યા તમારે મજબુરીથી પાપ કરવા પડે છે, ન છુટકે આત્મા તમારો જાગૃત છે, તો તમે હજુ કદાચ દુઃખોથી બચશો. તમે - હસો છો, નાચો છો, ખુશી ખુશી પાપો કરો છો, તમને એવી કોઈ જ પ્રતિજ્ઞા નથી કે ઘાસ ઉપર ન જવું. તમને એવી કોઈ જ પ્રતિજ્ઞા નથી કે અભક્ષ્ય ન જ ખાવું, તમને કોઈ જ પ્રતિજ્ઞા નથી કે ધંધાના બહુ જ આવશ્યક કામ સિવાય, મારે ફોન હાથમાં લેવો નહિ, તમને કોઈ જ પ્રતિજ્ઞા નથી કે મારા રસોડાની અંદર આ બધા - DRAWERS જેની અંદર ROLLER BALL હોય, અંદર પૂંજવું - પ્રમાર્જવું, કોઈ બિચારી નાની જીવ એની અંદર હોય, એની ચટણી થઈ જાય, એનો છુંદો થઈ જાય, એ જીવ બિચારો એક સેકંડની અંદર કાળી યાતના સાથે મૃત્યુ પામે. આ બધા

OVAN, આ બધા FRIDGE, આટલું બધું વધારેલું પાપ આતો હરગીઝ ના થાલે. હું તમને કહું કે - પાપ તમારે કરવા પડે છે એ તમારો પ્રશ્ન નથી, તમારે કેવુ કરવા છે આ તમારો પ્રશ્ન છે ! કરવા પડે એનો ભાવ આવો ના હોય. કરવા પડે એટલે આંખો સતત ભીની થતી હોય, કરવા પડે એટલે ટપ... ટપ... ટપ.. ટપ.. આંસુ પડતા હોય. કરવા પડે એટલે પાપમાં બાદબાકી ને ભાગાકાર - કરી દીધા હોય. કરવા પડે એટલે પાપની કોઈ વાત આવે ને ગળગળા થઈ જઈએ, આમ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડીએ, આટલા પાપ ઓછા છે - એમાં મારે નવું પાપ ઉમેરવાનું !

मूलसेके फलुप्पत्ति मूलघाए हयं फलं ।

નરકથી ડરવું હોય તો પાપથી ડરવાનું ચાલુ કરી દો. અને પાપથી નથી ડરતા એનો અર્થ એ છે કે આપણે નરકથી ડરતા તો નથી નરકમાં જવાની આપણને તીવ્ર ઈચ્છા છે.

શેઠ હતા, માંદા પડયા, લાગ્યા બધા વૈદો એ હાથ ઉંચા કરી દીધા, મરવા પડયા હતા, હાલત બહુ જ ખરાબ હતી. બીજા ગામમાંથી કોઈ મોટા - વૈદને બોલાવવામાં આવ્યા. હાલત જોઈ લીધી, બધું જ પરખી લીધું ને પુછ્યું ગઈ કાલે પપૈયું ખાધું હતું શેઠે કહ્યું ખાધું હતું. દવા તમને આપું પણ દવા કરતા મહત્વની વસ્તુ એ છે કે પપૈયાનો તમે ત્યાગ કરી દો, શેઠે કહ્યું પપૈયા નો આજથી આજીવન ત્યાગ, તમે મને જીવન આપો. વૈદે દવા આપી દીધી, કહ્યું આજ પછી પપૈયું ખાતા નહિ, બે કલાકમાં - શેઠ હાલતા - ચાલતા થઈ ગયા. છ - બાર મહિના - થયા ને શેઠ કોઈના ઘરે ગયા છે. પેલા એ

DATE

પપૈયું OFFER કર્યું છે, વૈદની વાત યાદ આવી છે. હવે તો બાર મહિના થઈ ગયા, હવે શું વાંધો છે, પપૈયું ખાધું છે, મરણ પથારીએ પડ્યા છે. દોડતા પેલા વૈદને બોલાવવા સ્વજનો ગયા છે. સીધો વૈદે પ્રશ્ન કર્યો પપૈયું ખાધું હતું, હા ખાધું હતું, હવે હું ન ખાવું. બધા પગે પડ્યા, ઘણી બધી વિનવણી કરી કે હવે શેઠ ક્યારે ભુલ નહિ કરે, માંડમાંડ વૈદ આવ્યા, પહેલા શેઠને બરાબર થોપડી બે જમ-ડાવ્યા શેઠ ને, મરી જવું છે તમારે! શેઠ પગે-પડ્યા હવે નહિ થાય મને બચાવો. ભુલેચુકે પપૈયું નહિ ખાતા. શેઠે હા પાડી, દવા આપી, સારે સારું થઈ ગયું.

ઘરે કોઈએ પપૈયું લાવવું નહીં શેઠે કાયદો બનાવ્યો છે. જે ઘરે પપૈયું ખાવનું હોય એ ઘરે જવું નહિ, એવો શેઠે કાયદો બનાવ્યો છે. બે ત્રણ-વર્ષ પસાર થઈ ગયા, ક્યાંક શેઠ લગનમાં ગયા છે, FRUIT DISH ની અંદર પપૈયું છે, હવે ઘણો સમય થઈ ગયો, હવે મારું શરીર સારું થઈ ગયું, હવે મારી તાસીર બદલાઈ ગઈ, હવે કાંઈ વાંધો નથી અને શેઠે પપૈયું ખાધું છે, મરણ પથારી એ પડ્યા છે, સ્વજનો બધા દોડ્યા છે, વૈદ એકના બે થતા નથી. સ્વજનો ધ્રુસકે ને ધ્રુસકે રડે છે, અને વૈદના ઘર વાળા એ પીગળી જાય છે ને વૈદને ધક્કો મારીને મોકલે છે. ને શેઠ પાસે વૈદ આવે છે. પહેલાતો શેઠ ને વ્યાખ્યાન આપે છે.

શેઠ કહે છે, હવે મરી જાઉં પણ પપૈયાનું નામ સુધ્ધા ના લઉં.

વૈદને પાક્કો નિશ્ચય લાગે છે, દવા-

આપે છે. શેઠને સારું થાય છે ને પછી શેઠ ક્યારે બહાર નીકળ્યા હોય ને ક્યાંક બસો ફૂટ આગળ પણ પપૈયાની લારી દેખાય જાય, ચીસ પાડીને ત્યાંથી શેઠ ભાગી જાય!

पावघाउ हयं दुक्खं मूलघाउ जहा फलं ।

ऋषिभाषित આગમ સુત્રની અંદર પ્રત્યેક બુધ્ધ-મહર્ષિ કહે છે, કે તમે પાપનો ઘાત કરી દીધો તો તમારું દુ:ખ જતુ જ રહેવાનું છે. જ્ઞાની ભગવંતો અનાદિ કાળથી આપણને સમજાવી રહ્યા છે, મરી જશો, આ પાપ બહુ જ ખતરનાક, બહુ જ ભયાનક, એમાં બિલકુલ પડવા જેવું નથી. ફરી ફરી આપણે એ જ ભુલ કરીએ ફરી ફરી અનંત મૃત્યુ, ફરી એ ભુલ ફરી અનંત મૃત્યુ, ફરી એ ભુલ, ફરી અનંત મૃત્યુ.

આખા ગામમાં વાત પ્રસરી ગઈ કે - આ શેઠ ને પપૈયાની લારીએ હોય, એ ગલી સુધ્ધામાં જતા નથી. એમનું નામ પડી ગયું પપૈયા ભીરુ શેઠ. જે દિવસે આપણું નામ પડી જશે, પાપ ભીરુ, એવું આપણું વલણ હશે, એવું આપણું વર્તન હશે, એવો પાપનો ગભરાટ હશે, એવો પાપનો ફફડાટ હશે, મરી જઈએ પણ પાપ ન કરીએ,

☆ પાપ એટલે અનંત મૃત્યુ !
☆ પાપ એટલે નરક !
☆ પાપ એટલે પરમાધામી !
☆ પાપ એટલે કતલખાનું !
☆ પાપ એટલે કસાઈ નો છરો !
☆ પાપ એટલે બધા જ સંસારના દુ:ખો!
☆ પાપ એટલે ૮૪ લાખ યોનીનું ભવ ભ્રમણ !

★ પાપ એટલે જ અનંતાનંત કાળની નિગોદ ની જેલ !
★ પાપ એટલે જ સતત જન્મ-મરણની પરંપરા !
★ પાપ એટલે જ ત્રાસ !
★ પાપ એટલે જ યાતના !
★ પાપ એટલે જ પીડા !
★ પાપ એટલે જ આત્મહત્યા !
★ પાપ એટલે જ આત્મા પરનો અત્યાચાર !

જ્યાં સુધી આપણને પાપ નહિ સમજાય, ત્યાં સુધી દુઃખોથી આપણો છુટકારો થવાનો નથી. આપણે શું સમજીએ છીએ સ્વર્ગ, મોક્ષ, સદ્ગતિ- આ બધું શું રસ્તા ઉપર પડ્યું છે. થોડો ઘણો ધર્મ કરી લીધો ને આપણું કામ થઈ જશે ? કલાક- બે કલાક નો ધર્મ કરી લીધો, વ્યાખ્યાન સાંભળી લીધું, પૂજા કરી લીધી, એકાદ સામાયિક કરી લીધી, હવે ગમે તેટલા પાપો સંસારમાં કરો કાંઈ જ વાંધો નહિ. એક બાજુ તમારો ધર્મ પણ વધ્યો છે, બહાર થી દેખાય, આટલી તપસ્યાઓ, આટલા અનુષ્ઠાનો, આટલા ઉપધાનો, આટલી નવ્વાણુંઓ, આટઆટલા- દાનો, ધર્મમાં આટલો બધો પુરુષાર્થ જે છેલ્લા પચાસ વર્ષમાં નથી દેખાયો, એ દેખાય, બીજી બાજુ તમારા પાપો મોઈએ, બેફામ થઈ ને, નફ્ફટ થઈને, આડેધડ તમે બિનધાસ્ત પાપો કરી શકો, જરેજર અમને લાગે કે હવે તમે,

## પાપ શું છે, એને સમજ્યા જ નથી !

છગન પાલીતાણા ગયો હતો, રસ્તા ઉપરથી જતો હતો ને એને એક ઘોડાના પગની નાળ મળી ને છગન તો એવો નાચે એવો કુદે, એવો નાચે એવો

કુદે, એવો નાચે જેવો કુદે, લોકો બધા ભેગા થઈ ગયા છગનને પુછ્યું કે થયું શું ?, એ કહે કે મને આ નાળ મળી ગઈ ઘોડાની, એ તો બરાબર પગ એમાં આટલો બધો કેમ નાચે કુદે ?, એનું શું કારણ ?, છગને કહ્યું કે હવે બસ ત્રણ નાળ ને એક ઘોડો જ બાકી રહ્યો. બધુ રસ્તા ઉપરથી મળી જશે, નાળ એ મળી જશે ને ઘોડો એ મળી જશે, આપણી વાત આવી છે !

શ્લોક- બે કલાકનો ધર્મ, બાવીસ-ત્રેવીસ કલાકનો અધર્મ, ચારીત્રાથી ને કરતા પાપો, આપણે વિચાર કર્યો છે કે આપણું થશે શું ?,

ધર્મ મંદ ભાવથી થાય છે, પાપ તીવ્ર ભાવથી થાય છે.

ધર્મ મોળો છે, પાપ બહુ જબરદસ્ત છે.

ધર્મ માં હવુ જોઈએ એવો રસ આવતો નથી, પાપમાં રસ આવ્યા વગર રહેતો નથી, અને એના દ્વારા જે ચીકણા કર્મ બંધાય, આપણું શું થશે ?,

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, મોહવિલય-વિધાન ની અંદર પ્રતિબોધક આચાર્ય ના મુખે, પાપનો પરિચય આપણ ને અપાવી રહ્યા છે.

तत्वाश्रद्धानमेव च,

જ્યાં તત્વની શ્રધ્ધા નથી, તત્વ પ્રત્યે અડગ-વિશ્વાસ નથી, ત્યાં પણ પાપ જ છે. ભગવાન નું એકાદ વચન એના ઉપર અવિહડ શ્રધ્ધા ન હોય, એ પણ એક પ્રકારનું પાપ છે. પૂર્વકાળની અંદર સમવસરણ મંડાતુ, ગણધર ભગવંતો હતા, કેવળજ્ઞાની

ભગવાનની સ્તા, દેવતાઓના ધાડેધાડા આકાશ માંથી - ઉતરતા હોય, ત્યારે પણ મિથ્યાત્વીઓ હતા જેમને શ્રધ્ધા ન હતી થતી, પુણ્ય ઉપર પાપ ઉપર, ધર્મ ઉપર, જિનવચન ઉપર. વર્તમાનની અંદર રડ્યો-જડ્યો પણ દેવતાનો અનુભવ થતો ના હોય, જેવા તીર્થંકર વગેરે કોઈ પવિત્ર આત્માઓ ના હોય, કોઈ - અતિન્દ્રિય દિવ્ય જ્ઞાન ના હોય, અને છતા પણ જેવા આત્માઓ છે,

જેમને જિનવચનની અવિહડ શ્રધ્ધા છે !

સમ્યક્દર્શન એ પુરાવા આધારિત જ હોત ને તો અનંત તીર્થંકરો એ પુરવા ની લ્હાણી કરીને સમ્યક્દર્શન ની લ્હાણી કરી દીધી હોત. પણ સમ્યક્દર્શન માત્ર પુરાવા આધારિત નથી. સમ્યક્દર્શન એટલે મિથ્યાત્વ મોહનીયના ક્ષય- ઉપશમ / ક્ષયોપશમથી પ્રગટતો આત્મ પરિણામ છે. અમે એટલે કે પરિણામ પ્રગટી ગયું છે તો પુરાવાની કોઈ જરૂર નથી, જો એ પરિણામ પ્રગટ્યો જ નથી, તો ગમે તેટલા પુરાવાઓ નજર-સામે રજુ કરવામાં આવે, આત્માને શ્રધ્ધા થવાની નથી. સમ્યક્દર્શન ક્ષાયોપશમિક હોય એટલે પ્રતિપાતી હોય એને સાચવવું પડે, એની રક્ષા કરવી પડે. એનો અર્થ એ નથી કે એક પ્રગટી ગયું એટલે વાત બધી પુરી થઈ ગઈ. પછી એમ કહે કે SCIENCE આવુ આવું કહે છે, આવું આવું જતાવે છે, આવી - આવી TECHNOLOGY છે, આવા આવા SATELITE ના ફોટા છે, તો અમે કઈ રીતે શ્રધ્ધા રાખીએ, એ વાત સાવ જ ખોટી છે.

तत्त्वाश्रद्धानमेव च,

પાપને સમજવાનો પ્રયાસ કરવો છે કે પાપ શું છે ?

classmate

# તત્ત્વમાં શ્રદ્ધા ન રાખવી, આનું નામ પાપ !

**પ્રભાનો પ્રશ્ન :-** ભગવંત ! પાપ પણ એ ધર્મ સહિત થતું હોય, દાખલા તરીકે, પૈસા કમાવા છે ને પછી ધર્મમાં ખર્ચવા છે. તો આવું હોય તો એને પાપ ન માનવામાં શું વાંધો ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** અષ્ટક પ્રકરણમાં હરીભદ્રસૂરી મહારાજે આ સવાલનો જવાબ - આપ્યો છે

धर्मार्थं यस्य वित्तेहा तस्यानिहा गरियसी ।

જરા પૈસા કમાઈ લઉં, જરા ભેગું કરી લઉં, એક દહેરાસર બનાવવું છે, એક સંઘ કાઢવો છે, એક ઉપધાન કરાવવું છે, એક નવ્વાણું કરાવવી છે, એક સારું ધર્મનું અનુષ્ઠાન કરાવવું છે, એક સારો લાભ લેવો છે ને એના માટે રૂપિયા કમાવવા છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે, જેને ધર્મ માટે પૈસાની ઈચ્છા છે, જો પૈસાની ઈચ્છા છોડી દે એ વધારે સારું છે, પ્રશ્ન કર્યો કે ભાઈ ધર્મ થઈ જશે, આટલું કામ થઈ જશે, આટલા અનુષ્ઠાન થઈ જશે, આટલું સરસ કામ એ થતું હોય તો પૈસા કમાવવામાં વાંધો શું છે ?

હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

प्रक्षालनाद्धि पङ्कस्य दूराद्स्पर्शनं वरम् ॥

તમે કાદવમાં જાવ, કાદવમાં હાથ પગ નાખો, કાદવની અંદર બેસો, કાદવની અંદર આળોટો, આખા કાદવથી ખરડાવ પછી નહાવા જાવ એના - કરતા બહેતર છે કે તમે કાદવથી દૂર જ રહો.

પૈસો એ જ પાપ, પૈસા કમાવવા એ જ પાપ!

પૈસા કમાવાની બધી જ પ્રવૃત્તિ એ પણ પાપ!

સંસારમાં છો તો, સંસારની તમારી જવાબદારીનો નિર્વાહ થાય, એટલું ન છૂટકે, રડતા-રડતા મજબુરીથી તમારે કમાવું પડે એ વાત જુદી છે. BY CHANCE તમારા પુણ્ય એ થાળી આપીને તમને જરૂર કરતા અનેક ગણો પૈસો મળી ગયો, એને તમે ધર્મમાં વાપરો, એ વાત પણ જુદી છે. પણ ધર્મ કરવા માટે પૈસો કમાવો એટલે કે,

આરાધના માટે વિરાધના કરવી!

એટલે કે,

આરાધના માટે પાપ કરવું!

આ ગણિત શાસ્ત્રકાર ભગવંતો ને મનમાં બેસતું નથી. શાસ્ત્રકાર ભગવંતો આ ગણિત ઉપર સિક્કો લગાડતા નથી.

પુણ્યો શ્રાવક પોતે એક દિવસ ઉપવાસ કરે, પત્ની બીજા દિવસે ઉપવાસ કરે, આંતરા ઉપવાસ પોતાને, આંતરા ઉપવાસ પત્નીને, સાધર્મિક ભક્તિ કરવી છે, વધારે કમાવું નથી, પરિગ્રહ પરિમાણ કર્યું છે, કરોડોની સંપત્તિ સાત ક્ષેત્રમાં વાપરી દીધી છે. બસ જરૂર પુરતું કમાવું, ધર્મ વધારે કરવો છે તો ઉપવાસ કરી લેવો, આ પુણ્યા શ્રાવકની HEIGHT (ઊંચાઈ) છે. હું કહું છું, કદાચ તમે ઉપવાસ ન કરો, કદાચ મોટા-મોટા દાનો ના આપો, હજુ કદાચ ચાલે. પણ જેકમ

રૂપિયાની પાછળ દોડો, હું તમને કહું છું, તમે જિંદગી વહેંચીને મન વહેંચીને, પૈસો ખરીદી રહ્યા છો, જ્યારે તમારી જિંદગી વહેંચાઈ ગઈ, મન વહેંચાઈ ગઈ, તમને તમારા માટે સમય ના રહ્યો, તમને આત્મા માટે સમય ના રહ્યો, ત્યારે તમે ભેગા કરેલા કરોડો રૂપિયા, એનો કોઈ મતલબ નથી, અને એ ભેગા-કરેલા કરોડો રૂપિયા, એનું મહત્વ એ તમારું મૌન બગાડી ને રહેશે, તમારી જિંદગી બગાડશે, તમારા લવો-લપ બગાડશે, આની તમને ચિંતા ખરી ?

જે બધું ભેગું કરવા માટે તમે તમારી જિંદગી બગાડી રહ્યા છો, એ બધું જ ભેગું થયેલું એ ભેગું થઈ ને તમારું મૌન ન બગાડી દે, આની તમને ચિંતા ખરી ?

## પાપને સમજવાનો પ્રયાસ કરવો છે !

સિંહ ને ઓળખવાના અભાવથી, જંગલની બહાર દીકરો મૃત્યુ પામ્યો છે, "મા" ને સખત આઘાત લાગ્યો છે. ગામ ભેગું થયું છે ને "મા" ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી છે, મેં સમજાવ્યું હતું તો એ આવું કેમ થયું ? "મા" નો પ્રશ્ન છે, વડિલ કહે છે કે, સિંહ કોને કહેવાય એ જ એને ખબર ન હતી, પછી બીજું શું થાય ? એ "મા" ની જે બેઠાગી હતી એણે વડિલની વાતમાં વાંધો લીધો, અને કહ્યું કે સિંહ છે ને, એ કોને કહેવાય, એણે સિંહ નો ફોટો ન હતો જોયો, VIDEO ન હતો જોયો, સિંહના કોઈ લક્ષણો ન હતો સમજ્યો, ને માટે સિંહ ને ઓળખી ના શક્યો, ને માટે સિંહે એના ઉપર તરાપ મારી દીધી. આ બધી વાત છે ને હજુ અધૂરી છે, સિંહ કોને

કહેવાય એ કદાચ એને ખબર ન હતી, પણ એટલી-
તો ખબર પડે ને કે આ તો વિચિત્ર પ્રાણી છે, જંગલી
પ્રાણી છે, આનાથી દૂર રહો. તો પછી કેવી રીતે એવું
કહી શકાય કે સિંહ વિશે એને ખબર ન હતી ને
માટે સિંહે એના ઉપર તરાપ મારી ને, માટે સિંહે એને
ફાડી ખાધો. વાત હજુ મગજમાં બેસતી નથી. અને
એ સમયે વડિલે કહ્યું કે, સિંહને નહિ સમજવાના-
કારણે જ આવું થયું છે. જેઠાણી કહે છે કે મારા
મગજમાં આ વાત નથી બેસતી, સિંહ ને ભલે ફોટા
વગેરે રૂપે ના જોયો હોય, પણ સિંહને એટલું તો એ
સમજ્યો જ હોય, અને સમજ્યો હોય એટલે ન સમજ-
વાથી આવું થયું એમ ઈરગીઝ ના કહી શકાય. અને
પેલા વડિલે જે ક્ષણ મૌન રહી ને ધીર-ગંભીર સ્વરે
કહ્યું કે, બહેન, એ જો છોકરો સિંહ ને સમજ્યો-
હોત ને, તો એ જંગલમાં જ ન ગયો હોત. એ સિંહને
નથી સમજ્યો ને માટે એ જંગલમાં ગયો ને માટે જ
આવું થયું.

પાપ ને હજુ આપણે સમજતા નથી, પાપ-
શું છે હજુ એનો અંદાજ નથી, પાપ શું છે ખબર નથી,
માટે જ પાપ થઈ રહ્યું છે. માટે જ ઘરમાં બેસી
શકીએ છીએ, માટે જ સંસારમાં રહી શકીએ છીએ,
તો પાપ ને સમજીએ તો,

## સંસાર છૂટ્યા વગર રહે જ નહિ!

પેલી જેઠાણી કહે છે કે હજુ મારા મગજમાં વાત બેસતી
નથી, ને વડિલે કહ્યું કે બહેન, સિંહ નો અર્થ શું ?
સિંહને ઓળખ્યો એ શેના ઉપરથી કહેવાય, સિંહની
ખબર છે આનો આધાર શું ? સિંહ એટલે એક

મનલેવા પ્રાણી, સિંહ એટલે એક મોજની પ્રાણી, સિંહ એટલે એક વિચિત્ર પ્રાણી, બસ આટલું જ ! સિંહ એટલે જે મારા સો બે સો વરસ પુરા કરી દે, સિંહ એટલે જે ધસી જાય, સિંહ એટલે જે તરાપ મારે, છલાંગ મારે, જીવતો મને ફાડી જાય, સિંહ એટલે એવું પ્રાણી જે મને ઘડી ના છઠ્ઠા ભાગમાં હતો ન હતો કરી દે. સિંહ એટલે એવું પ્રાણી, જે મારા સો બે વરસ પુરા કરી દે. સિંહ એટલે એવું પ્રાણી જે મને અહિંયા જ નરક-બતાડી દે. સિંહ એટલે એવું પ્રાણી જે ભયાનકમાં-ભયાનક યાતના આપે, સિંહ એટલે એવું પ્રાણી જેની નજીક સુધ્ધા ના જવાય, જો સિંહ ને સમજ્યા છો તો એવું સમજમાં આવી ગયું હોય, કે સિંહ જે પ્રદેશમાં છે, એ આખો પ્રદેશ જ છોડી દેવો. તો કહેવાય કે તમે સિંહ ને સમજ્યા છો !

સિંહની બધી વાતો સાંભળીને પેલી છોકરી જંગલની અંદર ગયો હતો, એનો અર્થ એ છે, કે એ સિંહ ને સમજ્યો જ ન હતો, જો એ સિંહ ને સમજ્યો હોત, તો જંગલમાં જાત નહિ. એ સિંહને ન હતો સમજ્યો માટે જંગલમાં ગયો, અને માટે જ આવી દુર્ઘટના ઘટી. હું તમને કહું છું, એક સાથે સો સિંહો આપણા ઉપર તરાપ મારતા હોય, એના-કરતા વધારે ભયંકર આપણને એકાદ પાપ લાગે તો આપણે પાપ ને સમજ્યા છીએ. યા એકાદ પાપ કરવું પડે એવું હોય, યા સિંહ આપણને ફાડી જાય એવું હોય, આપણે સિંહ નો કોળીયો-બનવાનું પસંદ કરીએ, પણ આપણે પાપ કરવાનું પસંદ ના કરીએ, તો આપણે પાપ ને સમજ્યા છીએ. જીવનની અંદર ગમે તેવી પરિસ્થિતિ આવી જાય, મરી જવાનું આપણને પસંદ હોય, પણ નાનું પણ

પાપ કરવું આપણને પસંદ ના હોય, તો આપણે પાપને સમજ્યા છીએ. વાત આપણે કરીએ છીએ આપણે સમજેલા છીએ, આપણે ધર્મી છીએ, આપણે બહુ જ ભણી ગયા, પામી ગયા, શાસ્ત્રકાર ભગવંતો ની દ્રષ્ટિએ જોઈએ તો હજુ કશું આપણા મગજમાં ઉતર્યું નથી. હજુ આપણે કશું સમજ્યા નથી, હજુ પાપ કરતા ગલગલિયા-થાય છે, હજુ પાપ કરવાનું મન થાય છે, હજુ એમ થાય છે કે પાપથી સુખ મળશે, હજુ એમ લાગે છે-પાપથી સુખી થઈશું, હજુ પણ એમ લાગે છે કે પાપથી-પણ પૈસો મળતો હોય, WELCOME છે, પૈસો મળે છે, એના જેવી મારા હિતની કોઈ જ વાત નથી, હજુ ઘોર-અંધારામાં, હજુ ઘોર અજ્ઞાનમાં, હજુ આપણે કશું જ સમજ્યા નથી.

હોટલની અંદર પગ મુકવાનો આપણે વિચાર કરી શકીએ, એનો અર્થ એ છે કે આપણે પાપને સમજ્યા નથી. થિયેટર જે ગલીમાં હોય એ ગલીમાં આપણે પગ મુકી શકીએ, એનો અર્થ છે આપણે પાપ ને સમજ્યા નથી. FOREIGN TOUR નો પણ વિચાર આવી શકે, સમજુ લો આપણે હજુ પાપને સમજ્યા-જ નથી. આપણી ખીસ્સા ની અંદર એવું સાધન-હોય જે એક સેકન્ડમાં આપણું માનસિક પતન કરી દે, સમજુ લો કે હજુ આપણે પાપને સમજ્યા જ નથી.

હજુ પૈસો મિલકત લાગે છે કારણ કે પાપને સમજ્યા નથી.

હજુ પરિવાર સલામતી લાગે છે કારણ કે પાપને સમજ્યા નથી.

હજુ વિષયો સુખદાયક લાગે છે કારણ કે પાપને સમજ્યા નથી.

ઘર પ્રત્યક્ષ નરક લાગે તો આપણે પાપને સમજ્યા છીએ. ઘણી આપણને પ્રત્યક્ષ કતલખાનું લાગે તો આપણે પાપને સમજ્યા છીએ. સંસારના બધા જ વ્યવહારો, આત્મા પરના અત્યાચારો લાગે તો આપણે પાપને સમજ્યા છીએ. રસોડું આપણને આત્માનો ભુક્કો લાગે તો આપણે પાપને સમજ્યા છીએ. BED ROOM આપણને આત્માની હત્યા લાગે તો આપણે આત્મા ને સમજ્યા છીએ. સોફો આપણને આત્માની કઠડી લાગે તો આપણે પાપને સમજ્યા છીએ. T.V. આપણને આત્મા પર થતા ઝેરના કુવારા લાગે તો આપણે પાપ ને સમજ્યા છીએ. A.C. આપણને આત્મા ને ભડકે સળગાવનારી ચિતા લાગે તો આપણે પાપને સમજ્યા છીએ. પંખાની એક એક પાંખ જો આપણને આત્માનું ગળુ કાપતા ધારદાર છરા લાગે તો આપણે પાપને સમજ્યા છીએ. કપડાથી ભરેલા તમારા કબાટો માં આત્માની લાજ લુંટાતી દેખાય, તો આપણે પાપને સમજ્યા છીએ. તમારી તિજોરી ની અંદર રોકડ રકમ હોય, ઝવેરાત હોય એની અંદર તમને આત્મા ની સંપત્તિ લુંટ દેખાય તો તમે પાપને સમજ્યા છો. TUB BATH, અને SHOWER BATH એમાં તમને આત્મા ની યુવતી રોતી ભાળતી, એથી કોઈ ભઠ્ઠાની ગરમી લાગે, તો તમે પાપને સમજ્યા છો. ઘરઘંટી ની અંદર આત્મા પીસાતો દેખાય તો પાપને સમજ્યા છો. WASHING MACHINE ની અંદર આત્મહિત ની ધુલાઈ થતી દેખાય, તો આપણે પાપને સમજ્યા છીએ.

જ્યારે આપણે ચિંતન કરશું, જ્યારે આપણે વિચાર કરશું.

ખીસ્સામાં રહેલો SMART PHONE, એની અંદર -

આપણને આપણી STUPIDNESS દેખાય, આપણું સત્યાનાશ દેખાય, તો આપણે પાપને સમજ્યા છીએ. આખા સંસારની અંદર, સંસારના દરેક અંગની અંદર, ઘરની એક એક વસ્તુની અંદર, આપણને પરમાધામી દેખાય, નરકની યાતના દેખાય, ધુંધાતો-ભીંસાતો, ચટણી થતો, ચીસાચીસ કરતો, વિલાપ-કરતો ને ધ્રુસકે ધ્રુસકે રોતો, ભવિષ્યનો આપણો આત્માનો પર્યાય દેખાય, તો આપણે પાપને સમજ્યા છીએ.

मूलसेके फलुप्पत्ति मूलघाड हयं फलं।

જ્યાં સુધી મુળમાં સિંચન કર્યું છે ત્યાં સુધી ફળની ઉત્પાદ થવાની છે. ફળ નથી જોઈતું, ઉખાડી નાખો મુળ. રોજ મુળમાં સિંચન કર્યું એની સંસારનું વૃક્ષ મોટું મોટું થશે.

જેની ડાળીએ ડાળીએ નરક હશે!

પાંદડે પાંદડે પરમાધામીની યાતનાઓ હશે!

અણે અણે આત્માની ચીસાચીસ હશે!

શા માટે આપણે જ આપણા પગ-ઉપર કુહાડો મારવા માટે આટલા લાલાયિત થયા છીએ. ધર્મી આત્મા એને કહેવાય કે જે નવું ઘર ન ગોતતો-હોય. ધર્મી આત્મા એને કહેવાય કે જે ઘર છોડવાની લાગ ગોતતો હોય! ધર્મી આત્મા એને ન કહેવાય કે જે LATEST FURNITURE ની DESIGN-ગોતતો હોય, ધર્મી આત્મા એને કહેવાય, જે ભુવન-ની DESIGN માંથી ઘરને ભુંસવા મથતો હોય, ધર્મી આત્મા એ નથી, જે ઘરને રંગવા માટે,

ATTRACTIVE રંગ ગણેતી રહ્યો છે. ધર્મી આત્મા-ઓને કહેવાય, જે સમગ્ર ભુવનને સંયમના રંગથી રંગવા મથતો હોય.

સિંહ સમભય ગયો છે તો જંગલમાં જવાનું બનવાનું જ નથી. પાપ સમભય ગયું છે તો પાપ થવાની કોઈ શક્યતા જ નથી. ઘર સમભય ગયું છે, તો આપણે ઘરમાં એક ક્ષણ પણ રહી શકીએ એવી કોઈ જ શક્યતા નથી. બહુ અદ્ભુત વાત શ્રાદ્ધવિધિ ગ્રંથ, શ્રાવકના સંદર્ભમાં કહે છે,

अज्जं व कल्लं व चयामित्ति चिंतंतो।

શ્રાવકની બસ આ સંવેદના હોય, ઘર બસ આજે છોડું, કાલે છોડું, હમણાં છોડું, આવી જેને FEELINGS છે, આવી જેની સંવેદના છે, એનું નામ શ્રાવક! સુત્ર કૃતાંગ આગમની અંદર-સુધર્મા સ્વામી ભગવાન કહે છે,

विओसिरे विण्णू अगारबंधणं।

ઓ સમજ તમારામાં છે, ઓ બુદ્ધિ તમારામાં છે, ઓ સમજદાર તમે છો, એવું તમે માનો છો, છોડી દો સંસારને, છોડો દો ઘરને,

ઘર એ જ દુઃખનું ઘર છે!

ઘર એ જ પાપનું ઘર છે!

ઘર એ જ ભવભ્રમણનું ઘર છે!

ઘર એ જ નરકનું ઘર છે!

જ્યાં સુધી આ વાત ના સમજાય ત્યાં સુધી આપણે કશું જ સમજ્યા નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.
द्वितीयं डिम्भरूपं तत्...

બીજું બાળક નીકળ્યું, જેનું નામ છે આર્જવ. એ આર્જવ એટલે કે સરળતા, એ દેવ-દેવી વગેરે જે આત્માઓ, એમના શરીરની અંદરથી, જેમાંથી અજ્ઞાન નામનું બાળક નીકળ્યું, પાપ નામનું બાળક નીકળ્યું, એક સરસ બાળક નીકળ્યું એ આર્જવ નામનું. એણે પાપ નામના બાળક ને મુક્કી મારી ને પેલું - વધતું અટકી ગયું. સિદ્ધર્ષિ ગણિ મહારાજ એનું રહસ્ય બતાડે છે.

वर्द्धमानमतः पापं वारयत्येव देहिनाम् ।

આ આર્જવ નામનું બાળક અને એની એ વિશેષતા હોય છે, કે પાપ વધતું હોય ને એનું એ વારણ કરે, વધતા પાપ ને અટકાવી દે, પાપ ન વધે એનું ધ્યાન રાખે. જ્યાં સુધી આત્માની અંદર સરળતા છે, ત્યાં સુધી પાપ મર્યાદિત રહેશે. આત્મા ની - સરળતા જતી રહી, આત્મા વાંકો થઈ ગયો, વક્ર થઈ ગયો, આડાઈ કરવા વાળો થઈ ગયો, પછી એનું પાપ વધતું જશે. બધો સવાલ આપણે પાપ કેટલું - કરીએ છીએ, નથી કરતા એનો પણ નથી, સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને હજુ વધારે ઊંડાણમાં લઈ જવા માંગે છે. બધો સવાલ એ જ છે, કે આપણે સરળ છીએ કે નહિ !

ભગવાનની છોકરી હતી ને વાંચવા બેઠી હતી. પાંચ વરસ ની છોકરી, વાંચી રહી છે, વાંચતા-વાંચતા ઘડીક માં થોડી ઊભી થાય, પાછી બેસીને વાંચે,

વળી ઉભો થાય, વળી બેસીને વાંચે, એની મમ્મી જોઈ રહી હતી, કીધું ચિંટુ આ તું શું કરે છે ? ચિંટુ કહે કે કેમ મમ્મી તે જ તો કહ્યું હતું, મમ્મી કહે શું કહ્યું હતું ? તે તો કીધું હતું કે 'ટપકું આવે-ત્યાં થોડી વાર ઉભા રહેવાનું ! હું કહું છું જ્યાં આટલી સરળતા છે, ત્યાં કેટલા પાપ થશે ? ત્યાં કેવા તીવ્ર ભાવથી પાપ થાય, કેવા મંદ ભાવથી પાપ થાય ? અને જ્યાં આવી સરળતા છે, ત્યાં ક્યાં સુધી પાપ થશે ? ચિંટુની જે સરળતા છે, એમાં બહુ પાપ થવા, બહુ લાંબા સમય સુધી પાપ થવા, બહુ તીવ્ર ભાવથી પાપ થવા એ શક્ય જ નથી. ચિંટુ સમજદાર છે, ચિંટુ સમજુ છે, ચિંટુ કેટલો પરિપક્વ છે એ એટલી મહત્વની વાત નથી, ચિંટુ કેટલા પાપ કરે છે, નથી કરતો એ એટલી મહત્વની વાત નથી. ચિંટુ કેટલો સરળ છે એ સૌથી મહત્વની વાત છે.

**શ્રોતાનો પ્રશ્ન** :- પણ સાહેબ, ચિંટુ એ ટપકાનો અર્થ તો ના સમજ્યો ને !

**પૂજ્યશ્રીનો ઉત્તર** :- સાચું કહું, બપોરનું બાળકોનું પ્રવચન પણ ચાલે છે, સવારનું તમારું પણ ચાલે છે. તમે શાંતિથી સાંભળો છો એમાં થોડી કલબલ વાતો અને પણ બાળકોની જે સરળતા, એમની જે સ્વીકાર શક્તિ, એમની જે જ્ઞાન પામવાની ભુમિકા હોય છે ને, તમારે એવું કબુલ-કરવું પડશે કે તમારી પાસે એ ભુમિકા નથી.

## ખરચે મન કે સરચે !

સમજ પડી - ના પડી, કેટલું સમજ્યા- ન સમજ્યા, એનાથી વધારે મહત્વની વસ્તુ છે કે સરળતા કેટલી છે.

DATE

છોકરો અને મમ્મી ક્યાંક જમણવારમાં ગયા છે. મમ્મી બટેટાનું શાક લે છે, છોકરો આંખ કાઢે છે મમ્મી ની સામે, નરકમાં જઈશ આ લઈશ તો. મમ્મી કહે છે કે ચુપ રહે, હમણાં બોલ નહિ, આખી સભા વચ્ચે છોકરો ગર્જ્યો મહારાજ સાહેબની હું વાત કરી દઈશ, એક-બાજુ વર્ધમાન તપનો પાયો નાખ્યો ને બીજી બાજુ બટેટા નું શાક લે છે !

મમ્મી એ શાક કાઢીને આજીવન કંદમૂળની બાધા લીધી.

કદાચ મમ્મી જેટલી છોકરાને સમજણ ન હતી, પણ મમ્મી કરતા અનેકગણી સરળતા તો છોકરા પાસે હતી જ. એક કવિએ બહુ મજાની વાત કરી છે.

"મેરે દિલ કે કોને મેં એક છોટાસા બચ્ચા,
બડો કી દેખ કે દુનિયા, બડા હોને સે ડરતા હૈ"

ચિંટુ મોટો થશે જ નહિ એવી વાત નથી પણ, ચિંટુ મોટો થવા છતા નાનો રહી શકે છે.

જે મોટો થવા છતા નાનો રહે છે એનો મોક્ષ થાય છે!

આગમની અંદર સ્પષ્ટ કહ્યું,
जह बालो जंपन्तो कज्जमकज्जमु उज्जुयं भणइ।

તમે તમારા ગુરુ પાસે કાયમ બાળક રહેજો, ગુરુ પાસે કદી મોટા થતા નહિ, તમે ગુરુ પાસે બાળક રહી શકો તો તમારો મોક્ષ નક્કી છે. આપણો મોક્ષ નથી થતો એનું કારણ એટલું જ છે.

આપણે ગુરુ ના પણ ગુરુ થઈ જઈએ છીએ !

DATE

ગુરુ આગળ મોટા થઈ જઈએ છીએ, સરળતા ગુમાવી દઈએ છીએ, માટે આપણું કલ્યાણ થતું નથી.

"મેરે દિલ કે એક કોને મેં છોટા સા બચ્ચા,
બડો કી દેખ કર દુનિયા, બડા હોને સે ડરતા હૈ"

જ્યાં આર્જવ છે, સરળતા છે, ત્યાં તીવ્ર પાપ અને દીર્ઘ પાપ, આ બેની સંભાવના જ નથી.

વક્રતા એ પાપની માતા છે!

વક્રતા એ પાપનું ભુવન છે!

વક્રતા એ પાપની પ્રવાહીરી છે!

માટે જ આગમની અંદર પાપી માટે સમાનાર્થી શબ્દ માઈ - માયા કરનાર માયાવી, આવો શબ્દ પણ મુક્યો છે. અને પાપી માટે આગમની અંદર વિશેષણ મુક્યું છે,

વંકે વંકસમાયારે

જે અળાઈ કરે, જે વક્રતા કરે, જે વાંકાચુંકા હોય, આવો પાપી માટે શબ્દ મુક્યો છે. હું તમને પુછુ છું કે દ્રઢપ્રહારીનો TURNING POINT - કઈ રીતે આવ્યો, ભયાનક હિંસક માણસ, ભયાનક હત્યાઓ કરનાર માણસ, TURNING POINT શા માટે આવ્યો ? આપણે કહીએ - મોટી હત્યાઓ થઈ ગઈને, બ્રાહ્મણ હત્યા ને ગર્ભ હત્યાને, ગૌ હત્યા, સ્ત્રી હત્યા, હજુ આપણી સમજણ અધુરી છે.

DATE

એ જો વાંચી હોત ને તો એ હત્યા કરી ને તરફડતા ગર્ભ ને જોઈને, દ્રઢ પ્રહારીને મન જીવન ને હવે આવી મોટી મોટી હત્યાઓ કરત. અને આવા માણસો પણ દુનિયામાં હોય છે. દ્રઢ પ્રહારી પાસે આર્જવ હતું, સરળતા હતી, તે માટે એ હત્યાને ના જોઈ શક્યો, માટે એના જીવનનો TURNING POINT આવી-ગયો.

સભાનો પ્રશ્ન :- સરળતા કેળવવા માટે શું કરવું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- બહુ જ ગુંચવાડા ભર્યો પ્રશ્ન - કહી શકાય, એક અપેક્ષાએ કહી શકાય કે ભાઈ આ હોય છે, હોય છે, એને લાવી-શકાતું નથી. અને બીજુ અપેક્ષા એ કહી શકાય કે એ તીવ્ર પુરુષાર્થ કરવામાં આવે, પ્રભુવચનનું એ ખુબ પરિભાવન કરવામાં આવે, તો આપણી વક્રતા ટળી પણ શકે છે. પ્રભુવચન નું પરિભાવન,

સોહિ ઉજ્જુભૂયસ્સ

જે ઋજુ બને, જે સરળ બને, એના આત્માની શુદ્ધિ થાય, ઉત્તરાધ્યયન સુત્ર ની અંદર મહાવીર સ્વામી ભગવાન-નું આ વચન છે. જિનવચનનું પરિભાવન,

માયા મિત્તાણિ નાસેઈ ।

જો મેં માયા કરી, મેં વક્રતા કરી, ધર્મની વાતતો દુર છે, એકાદ મારો મિત્ર પણ નહિ રહે, જિનવચનનું પરિભાવન ! ભયંકર ઝરથી હોય, જેની અંદર - ભયંકર અજગરો ને સાપો હોય, એની અંદર પ્રવેશ કરવો, બરાબર એના જેવી ઘટના છે, કે માયામાં પ્રવેશ કરવો,

વિસવલ્લિમહાગહણં ।

જેમાં વિષ ની વેલડીઓ હોય એવા વગડાની અંદર જવું,

મતિને આમંત્રણ આપવું. અને આડાઈ કરવી, વાંકાઈ કરવી, માયા કરવી, DRAMA કરવી, SHOW કરવી, દેખાડો કરવો, અંદર જુદુ બહાર જુદુ, આવું રાખવું. આવા આવા જિનવચનનું ખુબ પરિભાવન કરવું એ સરળતા કેળવવાનો ઉપાય છે.

વક્રતા એ પાપનું ઢાંકણ છે!

વક્રતા એ પાપની રક્ષા છે!

વક્રતા એ પાપનો ઉછેર છે!

વક્રતા એ પાપનું આરોગ્ય છે!

વક્રતા એ પાપની શોભા છે!

વક્રતા એ પાપની સેવા છે!

વક્રતા એ પાપ પ્રત્યેનું વાત્સલ્ય છે!

વક્રતા એ પાપનું યોગક્ષેમ છે!

વક્રતા એ પાપનું સર્વસ્વ છે!

ચિલાતી પુત્રનું કલ્યાણ થયું. મહાત્માના મોઢે ત્રણ પદ સાંભળ્યા. ઉપશમ, વિવેક, સંવર! અને કલ્યાણ થયું આ વ્યવહારીક વાત છે. ચિલાતી પુત્રની અંદર જે સરળતા હતી, જે આર્જવ હતું એનાથી એને તત્ત્વ જિજ્ઞાસા પણ પ્રગટી. એનાથી એને તત્ત્વ શ્રવણની ભુમિકા પણ મળી, એનાથી તત્ત્વ શ્રવણ થયા પછી,

એ શ્રાવકનું જેણે આચરણ પણ કર્યું, આ સરળતાથી ચિલાતી પુત્રનું કલ્યાણ થયું, એ નૈશ્ચયિક વાત !

સિધ્ધર્ષિગણિ મહારાજ કહે છે, કે તમે હોંશિયાર બનવા જઈ રહ્યા છો, તો તમે તદ્દન બુધ્ધુ છો. કે તમે તમારી જાતને ખુબ બુધ્ધિશાળી સમજીને કોઈને ખીસ્સામાં ઉતારી રહ્યા છો, તો તમારા જેવા ડફોળ બીજો કોઈ જ નથી. કે તમને સારા બનવામાં રસ નથી, સારા દેખાવામાં રસ છે, તો તમે આખી જિંદગી મુર્ખ બનતા રહેશો. સરળ બનવા જેવું છે. સીધા બનવા જેવું છે.

તમે સરળ બનશો એટલે પાપના ભાગાકાર થશે !

તમે સરળ બની જશો એટલે પાપ ટળી જશે, સરળ-બનશો એટલે આટલા વ્યાખ્યાનોની જરૂર નહિ પડે, બે લાઈન બની તમારો સંસાર છુટી જશે. હવે વાંકા, હવે આડા, હવે વક્ર, હવે અંદર DRAMA ચાલી રહ્યો છે. કોઈ કવિએ બહુ મઝાની વાત કરી છે,

"હાથમાં પાસા નથી તો શું થયું,
જુગટું મનમાં રમાતુ હોય છે".

આપણે બહુ રમતિયાળ છીએ, બાળપણમાં પણ રમ્યા, ફક્ત રમતના પ્રકારો બદલાય છે, કિશોર વયમાં પણ રમીએ છીએ, યુવાન વયમાં પણ રમીએ છીએ, પ્રૌઢ વયમાં પણ રમીએ છીએ ને વૃધ્ધ વયમાં પણ રમીએ છીએ, આપણે બસ રમતા જ રહીએ છીએ, બસ આપણે રમતગમતમાં માનીએ છીએ, કોઈકને રમાડ્યાને આપણને લાગે કે આપણે કાંઈક સારું કામ કર્યું.

DATE 04 02 2021

સિધ્ધર્ષિગણિ મહારાજ બહુ પ્રેમ અને વાત્સલ્ય સાથે આપણને કહેવા માંગે છે, મરી જશો, દુઃખી દુઃખી થઈ જશો, જેના માટે પાપો કર્યા, જેની માયા કરી, બધું જ અહિંયા રહી જશે, ભવાંતર ની અંદર, દુઃખોના ડુંગરા તુટી પડશે, હજુ સમજો, સમજવાનો પ્રયાસ કરો. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

# વ્યાખ્યાન નંબર - 123

DATE 05 02 2021

ગઈકાલે આપણે વાત કરી કે બાળક જેવા સરળ બની રહેવું, મોટા થવા છતા બાળક બની રહેવું, પણ અત્યારી તકલીફ એવી છે, કે અમે એ સરળ બનીએ તો લોકો કપડા સુધ્ધા ઉતારી જાય એમ છે. એનો જવાબ એનો એ છે કે,

## સરળતા એ જ આત્માના કપડા છે!

હું તમને પુછુ છું કે તમારા ઘરે કોઈ માણસ આવ્યો એ માણસ કેટલો રૂપાળો છે, EDUCATED છે, SMART છે, ક્યા PURPOSE થી આવ્યો છે, એના એવા સારા ઉદ્દેશ્યો છે કે નથી, આ બધી જ પછીની વાત હોય છે. પહેલા નંબરની વાત એ હોય છે કે એણે કપડા પહેર્યા છે કે નહિ, અને એ એ માણસે કપડા નથી પહેર્યા તો એનું રૂપ, એની આવડત, એનું શિક્ષણ, એની DEGREE, એની SMARTNESS - આ બધાનો કોઈ જ અર્થ નથી. FIRST THING છે કપડા, એ કપડા છે તો આગળનું બધું છે કાંઈક વજૂદ વાળુ છે, કપડા નથી તો બીજું ગમે તેટલું હોય એનો કોઈ જ મતલબ નથી, કોઈ ઉભો એને રાખે નહિ, બધા સીધા હડહડ કરે, એને કાઢી મુકે.

## સંસારની અંદર પણ FIRST છે કપડા!

## અધ્યાત્મ વિશ્વની અંદર પણ FIRST છે કપડા!

## એ કપડાનું નામ છે સરળતા!

તમે કેટલી તપસ્યાઓ કરી, કેટલા દાનો આપ્યા,

કેટકેટલા વ્યાખ્યાન સાંભળ્યા, કેટલા ઉપધાન કર્યા, કેટલી છ'રી પાલિત યાત્રામાં તમે ચાલ્યા, કેટલી તમે આરાધના કરી, બધી જ પછીની વાત છે, પહેલી વાત એ છે,

## તમે સરળ છો કે નહિ !

તમે સરળ છો તો તે બધી જ આરાધનાનું મુલ્ય છે. તમે સરળ નથી, તો એ બધી આરાધના ફોગટ છે. તમારો પ્રશ્ન છે, કે સાહેબ આપ કહો છો એવા સરળ અમે બની પણ જઈએ, પણ એ રીતે અમારો સંસાર-જ ચાલે એમ નથી. એનો પહેલો જવાબ એ છે કે સંસાર ચલાવવો છે શા માટે ? તમારે મોક્ષ મેળવવાની-ચિંતા વધારે છે કે, સંસાર ચલાવવાની ચિંતા વધારે છે. મોક્ષ મેળવવાની ચિંતા જ નથી ને સંસાર-ચલાવવાની ચિંતા ઘણી બધી છે તો, આ તો ધર્મનું લક્ષણ જ ના કહેવાય. બહુ સારુ છે કે સંસાર ન ચાલે.

## બહુ સારુ છે સંસાર માટે આપણે નકામા થઈએ !

બહુ સારુ છે જલ્દી આપણો મોક્ષ-થઈ જાય, બહુ સારુ છે, સંસારમાં આપણે SET જ ના થઈએ. બહુ સારુ છે કે સંસારને પણ લાગે કે હવે આ આત્માને જવા દો. હવે આ આપણો ચોર્યાસી લાખ યોનિનો ઘરાક નથી, આ મોક્ષનો યાત્રી છે.

બીજુ રીતે આ પ્રશ્નનો જવાબ આપુ, બહુ હોંશિયારીથી તમારો સંસાર ચાલે છે, આ-ભ્રમણા છે. તમારા કરતા વધારે હોંશિયારો જીવના

સળિયાની પાછળ છે, તમારાથી વધારે હોંશિયારો આપઘાત કરી ચૂક્યા છે. તમારા કરતા વધારે હોંશિ-યારો દેવાળુ કાઢી ચૂક્યા છે. તમારા કરતા વધારે હોંશિયારો એમના ઘર તુટી ગયા છે. તમારા કરતા વધારે હોંશિયારો જેમના કોઈ જ મિત્ર નથી, તમારા કરતા વધારે હોંશિયારો, જેઓ TENSION અને DEPRESSION માં સરકી ગયા છે, તમારા કરતા વધારે હોંશિયારો, જેમને SEVIOR HEART ATTACK આવી ગયો છે, તમારા કરતા વધારે હોંશિયારો- જેમની આખી LIFE DISTURB થઈ ગઈ છે. તમારા કરતા વધારે હોંશિયારો બધી રીતે હેરાન પરેશાન થઈ ગયા છે. બધી જ હોનારતો ના મુળમાં એમની હોંશિયારી સીવાય બીજું કોઈ જ કારણ નથી.

સરળતાથી સંસાર ચાલે જ નહિં, આ વાત સાવ ખોટી છે.

હોંશિયારીથી સંસાર ચાલે નહિ, આ વાત સાવ સાચી છે.

પૂર્વકાળમાં એટલા છુટાછેડા ન હતા, કારણકે એટલી હોંશિયારી ન હતી. પૂર્વકાળમાં એટલા દેવાળાઓ ન હતા કારણકે એટલી હોંશિયારી ન હતી, પૂર્વકાળમાં એટલી બેંકો ઉઠતી ન હતી, કારણકે હોંશિયારી ન હતી. પૂર્વકાળની અંદર આટલા રોગો ન હતા, કારણકે હોંશિયારી ન હતી. પૂર્વકાળની અંદર પચ્ચીસ- પચાસ માણસ એક છતની નીચે જુદી- જુદી રહેતા, સો માણસના રસોડા વાળા પરિવારો હતા, બસો માણસો- એક રસોડે જમે એવા પરિવાર હતા, બે હજાર માણસ એક રસોડે જમે એવા પરિવાર પણ એકાદ બે સદીની અંદર હતા, કારણકે હોંશિયારી ન હતી. આજે તમે ચાર જણ શાંતિથી રહી શકતા નથી, કારણકે તમારી- હોંશિયારી વધતી જ જાય છે!

તમારો પ્રશ્ન છે, સાહેબ કહાય અમે ઘરમાં સરળતા રાખીએ, મિત્ર સાથે સરળતા રાખીએ, મે અમારે પૈસા કમાવા છે, WELL SET થવું છે, શ્રીમંત થવું છે, મોટા માણસ થવું છે, તો

## સરળ બનવાથી થવું શક્ય જ નથી.

એમ માયા-પ્રપંચ કરીએ, અમે નાની-મોટી ચોરી ચપાટી કરીએ, અમે ઉંધુ-ચત્તુ કરીએ-અમે કાળા-ધોળા કરીએ, અમે કાળાબજાર કરીએ, કાળા ચોર તો અમે ના થઈએ, સફેદ ચોર થઈએ, પછી જ અમારું ઠેકાણું પડે એમ છે. તમે કહો કે ધંધો પણ કરોને સરળ બનીને કરો, તો સાહેબ કશું થાય એવું જ નથી બની શકે! સરળતાથી ઓછા-રૂપિયા કમાવ, હોંશિયારી થી વધારે રૂપિયા કમાવ, નિયમ નથી, એકાંત નથી ધારો કે આવું પણ બને અને મે એ રસ્તે અઢળક રૂપિયા મળતા હોય તો એ કમાવામાં વાંધો શું છે, એ તમારો પ્રશ્ન, જવાબ મહાભારતની અંદર વિદુર અને ધૃતરાષ્ટ્રના સંવાદમાં આપેલો છે, વિદુરજી ધૃતરાષ્ટ્ર ને કહે છે,

प्रध्वंसिनी क्रूरसमाहिता श्री मृदुप्रौढा याति पुत्रपौत्रान्।

જે પૈસો ખોટે રસ્તે આવ્યો, હોંશિયારીથી આવ્યો, માયા-પ્રપંચથી આવ્યો, નિષ્ઠુરતાથી આવ્યો, એ પૈસો જલ્દીથી નાશ પામી જાય છે.

ઔરંગઝેબ જેણે, સત્તા માટે ઘણા-બધા કાળામાં કાળા કામો એણે કર્યા, સગા બાપને જેલમાં નાખ્યો, સગા બાપ ઉપર અત્યાચાર ગુજાર્યો, સગા ભાઈઓ ની હત્યા કરાવી, ભયંકરમાં ભયંકર કામો એ માણસે કર્યા, અને ઈતિહાસ સાક્ષી છે કે

ઔરંગઝેબ પછી બહુ જ જલ્દી, મોગલ સામ્રાજ્યની સુરજ અસ્ત પામી ગયો.

प्रध्वंसिनी क्रूरसमाहिता श्री

ખોટે માર્ગે, કાળા-ધોળા કરીને, હોંશિયારી કરીને, માયા પ્રપંચ કરીને, ઘરની અંદર પાંચ કરોડ રૂપિયા આવતા પણ હોય તો, તમે સમજી લેજો કે ઘરે BOMB આવી રહ્યો છે, BOMB વહેલો મોડો-ફુટશે, અને ઘરના ફુરચે ફુરચા ઉડી જશે. તમે જુઓ શા માટે મોટે શ્રીમંતો ને મોટા રોગો છે, મોટા ધનવાનો ને મોટી ચિંતા છે. મોટા શ્રીમંતો-ના નાના પરિવાર પણ સાબુત રહ્યા નથી, મોટા શ્રીમંતો ના કોઈ મિત્રો નથી, મોટા શ્રીમંતો ની-છોકરી છે જેના માટે સતત ને સતત ચિંતિત છે, લગન પહેલા એક દિવસે ભાગી જાય છે, લગન થયા-ના બે-ત્રણ મહિનામાં તુટી જાય છે, પાછી પૈસી ઘરે આવે છે. હેરાન પરેશાન થઈ જાય, હેરાનગતિની કોઈ પાર નહિ, દીકરો દારૂ પીતો હોય, DRUGS સુધી ગયો હોય, ખોટે ધંધો ગયો હોય, લાખ્ખો-રૂપિયા બાપ પાસે માંગયા કરે, એક રૂપિયો કમાય-નહિ, ન ધર્મ, ન સંસ્કાર, ન પરિવાર, ન વિનય, ન વિવેક,

प्रध्वंसिनी क्रूरसमाहिता श्री ।

હોંશિયારી કરીને મેળવેલો પૈસો તમને સુખી કરવાનો નથી.

જે પાંચ કરોડ એ પાંચ કરોડ નથી, તમારી પનોતી છે, તમારા ઘરે આવેલું અપમંગળ છે, તમારા ઘરે થયેલું અપશુકન છે, તમારા ઘરે-આવેલો BOMB છે, તમારા ઘરે આવેલો રાક્ષસ છે, તમારા ઘરે આવેલી ડાકણ છે, તમારા ઘરે આવેલી ચુડેલ છે, જે તમારું લોહી ચુસી જવાની છે.

DATE

જે પરિવારને અસ્ત વ્યસ્ત કરી નાખવાની છે, હજુ તમારું કોઈ પુણ્ય એ કરતું હશે, થોડા વરસ ગાડુ ચાલશે, શાસ્ત્રકાર ભગવાન કહે છે

अन्यायोपार्जितं वित्तं दशवर्षाणि तिष्ठति।

અન્યાયથી ઉપાર્જિત વિત્ત હોય, સંપત્તિ હોય, બહુ-બહુ દસ વર્ષ ટકે.

प्राप्ते चैकादशे वर्षे समूलं हि विनश्यति॥

અને જ્યારે અગિયારમુ વર્ષ આવે ત્યારે એ બધો જ પૈસો, મુળમાંથી નાશ પામી જાય ને એક સપના જેવું લાગે. એટલું જ નહિ એની પહેલા તમારી પાસે જે સંપત્તિ હતી, એ ય સાફ કરીને જતો રહે.

प्रध्वंसिनी क्रूरसमाहिता श्री

જે ક્રુરતા, નિષ્ઠુરતા, ખોટા-ધંધા માયા પ્રપંચ, એ રસ્તે મેળવેલો પૈસો. એ નશ્વર હોય છે, એ નાશ પામે છે. એ સત્યાનાશ વાળી દે છે.

मृदुप्रौढा याति पुत्रपौत्रान्।

અને જે કોમળ હૃદયથી, સરળ હૃદયથી, ધીમે ધીમે પૈસો કમાયો હોય, એ પુત્ર સુધી પહોંચે છે, એ પૌત્ર-સુધી પહોંચે છે, એ પૌત્ર ના પુત્ર સુધી પહોંચે છે. એ પૌત્ર ના પૌત્ર સુધી પહોંચે છે. એ પેઢીઓ-સુધી અકબંધ રહે છે.

ક્યાંક ધરતીકંપ થયો છે, ગામવાળા-બધા જ્યાં જ્યાં નુકશાન થયું છે ત્યાં પહોંચી ગયા-છે, યુવાનો બધા કામે લાગ્યા છે, ઘર આખું નમી ગયું છે, બહાર કાકા, ઘરને બહારથી આખો જોઈ રહ્યા છે, એમના ચહેરા ઉપર કોઈ ઉચાટ ભાવો છે. યુવાનો સાહસ કરીને અંદર ઘુસી ગયા છે, એ કાકા એમની WIFE, કાકીનું મડદું લઈને બહાર આવ્યા છે. યુવાનો સમજે છે કાકાને કેટલો

આઘાત લાગ્યો હશે, કાકીનું મડદું ત્યાં બહાર મુક્યું છે, કાકીએ ઘણા બધા દાગીના પહેરેલા છે, યુવાનો એ કીધું કે કાકા, આ બધા દાગીનાઓ તમારા હાથે ઉતારી લો. તમારા છે, તમે લઈ લો ને પછી અમે આગળની વિધિ કરીએ. ને કાકા છે એ કોઈ જવાબ આપતા નથી. એમને લાગ્યું કે કાકાને આઘાત લાગ્યો છે, ને કાકા કશું કરવા માંગતા નથી, ને યુવાનો પોતે-કાઢે પણ કઈ રીતે, એટલે યુવાનો એ કાકાને કહ્યું, લઈલો કાકા દાગીના બધા તમારા છે ને કાકા જાણે ગાંડા થઈ ગયા હોય, પાગલ થઈ ગયા હોય, અસહ્ય આઘાત છે, આમ સમજદાર લાગે છે પણ ચહેરાના ભાવો કળી શકાતા નથી, ને કાકા કહે છે કે દાગીના તમારે જોઈએ તો લઈ જાવ, નહિ તો ચીતા-સાથે બાળી નાખો, એ દાગીના મારે જોઈતા નથી. સ્વજન નું મૃત્યુ થયું, શ્રાવિકા નું મૃત્યુ થયું, આવી હોનારત થઈ ગઈ, આઘાત છે, દુ:ખ છે, બધી જ વાત સાચી. દાગીના બાળી નાખો પણ નથી જોઈતા, આટલી હદની આવી વાત શા માટે ને યુવાનો એ પુછ્યું, કાકા, શા માટે આવું કહો છો ? આવું શા માટે બોલો છો ? અને કાકા ધ્રુસકે ને ધ્રુસકે-રડી પડયા, યુવાનો એ આશ્વાસન આપ્યું, અમે ફરી તમારી પાસે આવશું, અત્યારે અમારે ઘણું બધું કામ કરવું છે, તમે લઈ લો દાગીના, અને અમે આગળની વિધિ કરીએ, અને કાકાએ કહ્યું કે આ દાગીના છે ને, આ દાગીના એ પિયરે થી લઈ નથી આવી, આ દાગીના મેં મારી કમાણી માંથી નથી કરાવી આપ્યા, આ દાગીના છે ને મોરબી ની અંદર જ્યારે મચ્છુ-ડેમ તુટી પડયો હતો, એ સમયે હું ત્યાં ગયો હતો સહાય કરવા નહિ, લુંટફાટ કરવા, ત્યાં એક મડદાના શરીર ઉપરથી મેં લઈ લીધેલા, એ આ દાગીના છે.

DATE

તો એ હાય આજે મને વળગી છે, જેને એ હાયના પ્રતાપે આજે મારું ઘર જમીનદોસ્ત થયું છે. એના પ્રતાપે મારી પત્ની મૃત્યુ પામી છે. એ દાગીનાનું મારે નામ સુધ્ધા નથી લેવું. તો એ દાગીનાને હાથ લગાડવો કે લેવાની વાત જ ક્યાં છે. જે કરવું હોય એનું એ કરી નાખો, મારે એક પણ દાગીનો જોઈતો નથી.

પ્રધ્વંસિની ક્રૂરસંમોહિતા શ્રી

હું તમને કહું છું, તમારા ગમે તેટલા શોખ હોય, હોંશ હોય, અભરખા હોય, બરબાદ ન થવું હોય-તમે એક નિયમ બનાવો, ઘરની અંદર પૈસા ઓછા આવશે તો ચાલશે, પણ પાપ વધારે થશે એ હરગીઝ નહિ ચાલે. હું પચ્ચીસ હજારમાં ઘર ચલાવીશ, હું પંદરમાં ચલાવીશ, હું દસમાં ચલાવીશ, હું પાંચમાં ચલાવીશ, આપણે સાદગીથી રહેશું

જિનશાસનની શ્રાવિકા એને કહેવાય કે જે પોતાના શ્રાવક ને કહી દે,

ખોટા રસ્તે મેળવેલો એક પૈસો આ ઘરમાં ન આવવો જોઈએ,

હું તો જે હશે એમાં ઘર ચલાવીશ!

- ✯ મારે દર વર્ષે નવા કપડા નથી લેવા,
- ✯ મારે દર પાંચ વર્ષે નવા ઘરેણા નથી લેવા,
- ✯ મારે કોઈ નવી MODEL ની ગાડી નથી જોઈતી,
- ✯ FURNITURE છે, ચાલે છે, બદલવાની જરૂર શું છે!
- ✯ વિદેશ ના જઈએ તો કાંઈ આ જીવન પુરું નથી થઈ જવાનું.
- ✯ આપણે સાદગીથી રહેશું, આપણે સંતોષથી રહેશું.

પણ પાપનો પૈસો આ ઘરમાં ન આવવો જોઈએ!

classmate

મરી જશો, હેરાન પરેશાન થઈ જશો, નજર સામે આખું તમારું નાવડું તમને ડૂબતું દેખાશે. એ દિવસે તમારું કશું જ નહિ ચાલે. એક એક રૂપિયામાં કેટકેટલા ના નિઃસાસા હોય, હાય હોય, લોહી થી- ખરડાયેલો હોય, છેવટે કોઈ ~~કો~~ નું લોહી નહીં તો આપણા આત્માને લોહીલુહાણ કરીને, કષાયો કરીને, માયા કરીને, લોભથી લપટાઈને મેળવેલો પૈસો, એનાથી આપણું કંઈ પણ સુખ થશે, એવું માનવું આનાથી,

**મોટી મુર્ખામી બીજી કઈ હોઈ શકે !**

(સિધ્ધર્ષિ ગણિ મહારાજ, બહુ પ્રેમથી આપણને કહેવા માંગે છે.

**તમે સરળ બનો !**

आर्जवं हि स्वरूपेण शुद्धाशयकरं परम् ।

આર્જવ, સરળતા, એ સ્વરૂપથી જ આત્માને શુધ્ધ કરનાર છે. મનને નિર્મળ કરનાર છે. આશય ને- વિશુધ્ધ કરનાર છે.

वर्धमानमतः पापं निवारत्येव देहिनाम् ॥

જેને પાપ વધતુ હોય, એને એ વારી ને રહે છે, જો તમારામાં સરળતા છે, તો તમારા પાપો વધી- શકવાના નથી. જો તમારામાં સરળતા છે, તો તમારા પાપ ને માર પડતો જ રહેવાનો છે. અને

**તમારો આત્મા જીતતો જ રહેવાનો છે !**

**વક્રતા એ પાપનું સર્વસ્વ છે !**

અને એ પાપના સ્વસ્થ ને આ સરળતા લુંટી લે છે.
પાપ પોતાનું બધું જ ગુમાવી દે છે ને પાપ ટકી જ
શકતું નથી. વાંકો ધ્રુવ બધે જ વાંકો ચાલે છે,
ને વાંકો ધ્રુવ હોય છે એ ગુરુની આગળ પણ
વાંકો ચાલે. ગુરુએ કંઈક કહ્યું એનું એના મનમાં
PROCESSING થાય, એના વિભાગીકરણ થાય,
એમાં કેટલું ઉચિત છે અને અનુચિત છે, એનો
પેલો વિભાગ કરે. પછી કેટલું ઉચિત આપણને-
લાગ્યું એમાં કેટલું અનુકૂળ છે, પ્રતિકૂળ છે-
શારીરિક રીતે, એનું વિભાગીકરણ થાય. પછી
જે શારિરીક રીતે અનુકૂળ હોય એ મનથી ગમે
છે કે નથી ગમતું એનું વિભાગીકરણ થાય
અને એ બધું કર્યા પછી, માંડ માંડ કંઈક-
અંશે ગુરુની વાતનો સ્વીકાર થાય, તહત્તિ થાય,
પાછળથી એમ લાગે કે આટલું આટલું ભુલથી-
તહત્તિ થઈ ગયું છે તો ભુલ સુધારી લેવાય. જેટલું
સ્વીકાર્યું, એમાં પણ જો અભ્યાસ પડી તો એનું
પોતનું બનાવી ને, માળીયે મુકી દેવાય. વાંકો ધ્રુવ!

વ્યાખ્યાન માં ચાર પ્રકારના શ્રોતાઓ
આવતા હોય છે, NUMBER ONE, જેઓ પૂર્ણ
શ્રધ્ધા અને સમર્પણથી સાંભળે છે, અને સો
ટકા અમલ કરે છે. NUMBER TWO, જેઓ-
શ્રધ્ધાથી સાંભળે તો છે પણ એમને પ્રશ્ન-
જાગે છે, પ્રશ્ન પુછે છે, એ પ્રશ્નનું સમાધાન
થાય છે, સ્વીકારે છે અને સો ટકા અમલ કરે છે.
NUMBER THREE, જેમનામાં શ્રધ્ધા ને
સમર્પણ નથી, પ્રશ્નો તેઓ ઉઠાવે છે, પ્રશ્નોના
જવાબો આપવામાં આવે છે, એ સ્વીકારવાની-
ભુમિકા, એની સરળતા એમની પાસે નથી. તેઓ

પ્રશ્ન જ ફરી ફરી ઘુંટતા રહે છે, પણ આનું શું ? પણ આનું શું ? પણ આનું શું ? અને ઉપર નીઓ કંઈ જ સ્વીકારતા નથી, સમાધાન ન સ્વીકારવું એ પહેલાથી નક્કી જ હોય છે. NUMBER FOUR, જેઓ હાજી હા કરીને બધું જ સ્વીકારે છે, પણ કશું જ સ્વીકારતા નથી. આમાં પહેલા બે પ્રકાર સરળ પુર્વીના છે, પછીના બે પ્રકાર એ વક્ર-પુર્વોના છે.

કોઈ મહાત્મા નું વ્યાખ્યાન હતું ને વ્યાખ્યાન પુરુ થયું, લોકો દાદરો ઉતરી રહ્યા છે, બે મિત્ર આવ્યા હતા, એક મિત્રે બીજા મિત્ર ને કહ્યું કે, સાહેબજી એ એવી વાત કરી કે ધંધાની અંદર તમે બધો જ સમય સાચવો છો તો ધર્મની અંદર પણ સમય સાચવવો જોઈએ. વ્યાખ્યાનમાં BEFORE TIME-આવી જવું જોઈએ, આ વાત સાથે તુ સંમત છે કે-નહિ ? પેલા મિત્રએ ધડ દઈને જવાબ આપ્યો કે-હું હરગીઝ સંમત નથી, પેલો જોઈ રહ્યો છે એનું મોઢું ને પુછ્યું કે તું શા માટે સંમત નથી, ને-પેલા મિત્ર એ કહ્યું કે વાત સાચી કે સંસાર માં બધે ટાઈમ સર પહોંચવું પડે છે, FLIGHT ટાઈમ સર-પકડવાની, ગાડી ટાઈમ સર પકડવાની, ઓફિસે ટાઈમ-સર જવાનું, છોકરાઓને સ્કુલે ટાઈમ સર મોકલવાના, એક ધર્મ ની અંદર તો નિરાંત હોય છે, અને ધર્મની અંદર પણ આપણે BEFORE TIME પહોંચવા માંડીએ તો, પછી આપણને શાંતિ ક્યાં મળે, હળવાશ ક્યાં-મળે, હું આવી વાત સાથે હરગીઝ સંમત નથી ! એક ધર્મની અંદર આપણને જ્યારે જવું હોય ત્યારે જવાય છે, ઉઠવું હોય ત્યારે ઉઠાય છે, મોડા ભવ વાંધો નહિ, ન ભવ વાંધો નહિ, અહીંયા અનુશાસન

મને મંજુર નથી અહીંયા તો આઝાદી મળે છે, અહીંયા શા માટે અનુશાસન રાખવું. પેલા મિત્રએ કહ્યું કે મે એવું હતું તો ને ત્યારે દલિલ કેમ ના કરી, જવાબ કેમ ના આપ્યો. તને દલીલ કરતા ન હતી આવડતી ? પેલા એ કહ્યું આવડે જ છે ને - તારી આગળ કરી જ ને, તો ત્યારે કેમ ના કરી દલીલ. એ મિત્ર એ કહ્યું કે મે, સાહેબજી પાસે તો વિશિષ્ટ જ્ઞાન છે, વિશિષ્ટ તઈ શક્તિ છે, હું દલીલ કરું એટલે સાહેબજી સામે જવાબ આપી દે. સંસારમાં તમે બધે ટાઈમસર પહોંચો એનો આત્માને કોઈ જ ફાયદો નથી, ત્યાં ટાઈમસર પહોંચો તો એ આત્માને નુકશાન છે. તમે પ્રવચન વગેરેની અંદર - ધર્મની અંદર, તમે BEFORE TIME આવો એનો આત્માને ઘણો લાભ છે, આત્માને અપરંપાર - ફાયદો છે. તમે બીજે કયાંક ભલે મોડા પડો એ ચાલે, અહિંયા તો મોડા પડો ના જ ચાલે.

અહિંયા મોડા પડયા એટલે તમારો આત્મા મોડો પડવાનો, મોળો પડવાનો, તમારા આત્માને નુકશાન થવાનું, મોક્ષ માટે મોડો પડવાનો, ત્યાં તમે જેટલા ACCURATE ટાઈમસર પહોંચ્યા એટલું આત્માને નુકશાન થશે. સાહેબજી આ બધું આપણને સમજાવી દે. આપણને - CONVINCE કરી દે. મારે હા પાડવી પડે એટલું તો નહિ, ત્યાં સુધી તો વાંધો નથી, પણ મેં દલીલ કરી ને એટલે બધાને પણ અપેક્ષા હોય કે આવો પ્રશ્ન મેં ઉપાડયો અને છેલ્લે હું CONVINCE થયો એટલે બધા ટાઈમસર આવે કે ન આવે, મારે તો ટાઈમસર આવવું જ પડે. અને મારે આ રીતે ટાઈમ સર આવવું પડે.

એટલે હું બંધનમાં આવી જઉં. મારી આઝાદી-
જતી રહે ને હું ગુલામ થઈ જઉં. ને રોજ મારે
અહિંયા પણ BEFORE ટાઈમ આવી જવું પડે. વાત-
બધી સાચી પણ મારો તો કોઈ આવવાની તૈયારી નથી
દલીલ કરીએ તો આગળની સાહેબજીની દલીલો અને
તર્કોના જવાબો આપવા ભારે પડી જાય. માટે-
આપણે કશી દલીલ કરવી નથી. આપણે જ્યાં છીએ
ત્યાં બરાબર છીએ. આ બધું આપણે સાંભળી લીધું,
હવે આપણે કરવું હશે એ કરશું. ઠીક છે બધા-
આવે છે, જાય છે, મન ફાવે ત્યારે આવે, મન ફાવે
ત્યારે ઉઠે. બધુ બરાબર છે જેમ જ ચાલે છે. એમાં
કોઈ ફેરફાર કરવાની જરૂર નથી, આપણે આપણી-
મતને પુછીએ, માત્ર પ્રવચનમાં સમયસર આવવાની
મુદ્દો જ નથી, કોઈ પણ મુદ્દો, આપણે આપણી
મત ને પુછીએ, આપણે CONVINCE છીએ માટે
પ્રશ્ન નથી પુછતા, આપણને મનમાં OPPOSE છે,
અને બહાર OPPOSE નથી, આનો અર્થ શું છે ?

બહુ શાંતિથી આપણે પ્રવચન સાંભળી-
લઈએ છીએ, શું એનો MEANING એવો છે કે
આપણે પહેલા નંબરના શ્રોતા છીએ ? પહેલા-
નંબર ના પણ ચુપચાપ બધુ સાંભળી લે છે, ચોથા
નંબર ના પણ બધુ ચુપચાપ સાંભળી લે છે, પણ
આસમાન જમીન નો તફાવત હોય છે. યા તમે મારી
સાથે સંમત હોય શકો, યા તમે મારા વિરોધી હોય
શકો. તમે સંમત હો તો તમારો સંસાર છુટી જાય,
તમારા પાપો છુટી જાય, અથવા તો જેટલા પાપ ત્યાગ
શક્ય હોય, એટલા તો થઈ જ જાય, એ તમે સંમત છો.
તમે વિરોધી છો તો તમે દલીલો પર દલીલો કરો,
ના સાહેબ સંસાર તો સારો જ છે, અમને સારો લાગે છે.

સંસાર એમને સારો લાગે છે, પાપો એમે છોડી શકતા નથી, પાપ એમને આટલો સરસ અનુભવ આપે છે, પાપથી લાગે છે કે એમે આગળ વધ્યા, વગેરે વગેરે દલીલો કરી શકો.

★ તમે સંમત હો તો મારી સાથે આવી જાવ.
★ તમે વિરોધી હો તો મારી સામે આવી જાવ.

તમે જે રીતે પ્રવચન સાંભળી રહ્યા છો, હું તમને પુછુ છું કે તમે તમને પુછો કે તમારી કઈ ભુમિકા છે, કયા લેવલના તમે શ્રોતા છો ?

★ શ્રોતાનો પ્રશ્ન :- ભગવન, પ્રશ્ન પુછવાનો જો ક્ષોભ હોય તો શું કરવું ?

★ પૂજ્યશ્રીનો ઉત્તર :- જો, પુછનાર છે તે એકવાર મુર્ખ બને, ન પુછનાર આખી જિંદગી મુર્ખ બને. દર્દી શરમાતો નથી, સંકોચાતો નથી, ગભરાતો નથી, ડોક્ટરનો ક્ષોભ રાખતો નથી. જે રીતે બિનધાસ્ત થઈને દર્દી બધી જ તકલીફ ડોક્ટર ને કહી દે, દર્દી ને ખબર છે કે મરી ગયો, જો આ બધું મેં ડોક્ટરને કહ્યું નથી, ડોક્ટરને ખબર જ નહિ પડે તો, TREATMENT કઈ રીતે થશે, દવા કઈ રીતે થશે, હું સાજો કઈ રીતે થઈશ, બને જો રોગ વધ્યો, મરી ગયો. દર્દી પાસે આ પ્રતિતી છે.

આપણી પાસે આત્મા માટે આવી પ્રતિતી શા માટે નહિ ?

વડ઼ પુછ પુછતો પણ નથી, વિરોધ પણ

નથી કરતો, સંમત થવાનો દેખાવ કરે છે, પણ એ બિલકુલ સંમત હોતો નથી. એના માટે જ એના જીવન-ની અંદર, કોઈ જ બદલાવ આવતો નથી. વક્ર જીવ, પોતાના પાપને છુપાડી ને રાખે છે. વક્ર જીવ, જે પાપને પકડ્યું એને હરગીઝ છોડવા માટે તૈયાર નથી હોતો. વક્ર જીવ, પોતાના આત્માના SAFE DEPOSIT-VAULT ની અંદર,

આડાઈનું અંભાતી તાળુ લગાડીને,

અનાદિકાળનો પાપ સંગ્રહ, દોષ સંગ્રહ, સાચવી ને રાખે છે. માટે અનાદિકાળના પાપ સંગ્રહની-આવરદા, જીવ અનંત કાળ સુધી વધી જાય છે. મોક્ષે જવું હોય તો આટલું નક્કી કરો કે મારે માયા, પ્રપંચ, આડાઈ છોડવી છે.

જે સરળ બનશે એનો મોક્ષ થઈ જશે.

જે વક્ર બનશે એ ફરી ફરી જન્મ-મરણ કરતો રહેશે.

સુધર્મા સ્વામી ભગવાન, પરમ પાવન-શ્રી આચારાંગ સૂત્રમાં કહે છે,

માઇ પમાઇ પુણ એઇ ગબ્ભં ।

જે માયાવી છે, અને જે પ્રમાદી છે, એ ફરી ફરી ગર્ભાવાસ લે છે. એના જન્મ-મરણનો અંત આવતો જ નથી. મોક્ષે જવું છે, આડાઈ કાઢો, વાંકાઈ કાઢો, વક્રતા કાઢો, માયા-પ્રપંચ કાઢો, દેખાડા કાઢો, નાટકો કાઢો, ગોઠ-વણીઓ કાઢો, પોતાને સાચા-ઉંચા દેખાડવાની ભુનાવળ કાઢો, બાળક જેવા સરળ બનો. તો તમારો મોક્ષ થશે.

એક મંદિર હતું. આજે કોઈ પર્વનો દિવસ છે, મંદિર-
ના પ્રાંગણની અંદર પૂજારી પાસે ભીડ લાગી થઈ છે,
પૂજારી તેમને પુજન શૈલી વિષે, ધર્મ વિષે કાંઈ-
સમજાવી રહ્યો છે. સરસ સમજાવટ ચાલી રહી છે.
પૂજારી સમજાવટ કરી રહ્યો છે... કરી રહ્યો છે....
કરી રહ્યો છે... અને એક માણસ ઉપર એની-
નજર પડે છે, અને એ ચમકે છે. કે માણસના-
હાથમાં દારૂ ની બોટલ હોય છે. પૂજારીને આંચકો
લાગે છે, આઘાત લાગે છે, એ પૂજારી, માણસને
પ્રેમથી કહે છે કે મંદિરમાં તો દારૂ ના જ લવાય,
પવિત્ર મંદિર ની અંદર પણ દારૂ ના જ હોવો જોઈએ.
મારી વાત માનીશ, આ સામે મેદાન છે, બોટલ
લઈ ને ત્યાં જા અને બોટલ ઊંધી વાળી દે
બધા જોઈ રહ્યા છે, પેલો માણસ શું જવાબ આપે
છે, પૂજારી એ બહુ પ્રેમથી, કરુણાથી, એને સમજાવટ
કરી છે, APPEAL કરી છે, એ માણસ પણ કહે
છે ભલે! એ માણસ સામે મેદાનમાં જતો રહે છે,
એ પૂજારી એની સમજુતિ આગળ વધારે છે... વધારે
છે.... દસ- પંદર- વીસ મિનિટ થઈ, પેલો માણસ
હજુ પાછો આવ્યો નથી, પૂજારી ને મનમાં ચટપટી-
થાય છે, એક બીજા દર્શનાર્થી ને કહે છે કે
ભાઈ તમે ત્યાં ~~જવ~~ જાવ, અને પેલાને પાછો
લઈ આવો. એવું ના હોય કે એ દારૂની બોટલ
ઢોળી ને પાછો ન આવી શકે. એને લઈ આવો
પાછો. પેલો દર્શનાર્થી ત્યાં સુધી જાય છે, પેલા-
માણસ સુધી પહોંચે છે, જોઈને સ્તબ્ધ થઈ જાય છે.
દારૂની બોટલ એવી ની એવી છે ને પેલો
માણસ ત્યાં બેઠો છે. દર્શનાર્થી થોડા સંકોચ
સાથે ને, સંકોચ દુર કરીને એને કહે છે કે,
શું થયું ? તમે હજુ ઢોળી નહિ દારૂની બોટલ ?

DATE

એ માણસે કહ્યું કે ઢોળી, ઘણી બધી વાર ઢોળી,
જુઓ આ હજુ એક વાર ઢોળી દઉં ને બોટલ ઊંધી-
કરી, પેલાની સામે. હવે ઢોળાતી જ નથી તો હું શું-
કરું ? એ માણસે કહ્યું કે,

તમે ઢાંકણું તો ખોલો પહેલા !

પેલા માણસે કહ્યું કે એ બધું તો હું કાંઈ ના ભણું,
મેં તો બોટલ ઊંધી વાળી દારૂ ના ઢોળાય એમાં હું
શું કરું ? પેલા દર્શનાર્થી એ કહ્યું કે તમે ઢાંકણું
ખોલો તો, દારૂ ઢોળાય ને. પેલા માણસે જવાબ-
આપ્યો કે ઢાંકણાની તો કોઈ વાત થઈ જ નથી.

ખરો સવાલ દારૂ ઢોળાતો નથી, એ નથી !

ખરો સવાલ દારૂ ઢોળવો જ નથી એ છે !

ખરો સવાલ સંસાર છુટતો નથી એ નથી !

ખરો સવાલ સંસાર છોડવો જ નથી એ છે !

પેલો દારૂડિયો મેદાન સુધી ગયો, એ
જઈ રહ્યો હતો ત્યારે પણ નક્કી જ હતું, કે ભાઈ
દારૂ તો ઢોળવો જ નથી. આપણે દહેરાસર જાવીએ,
આપણે ઉપાશ્રય જાવીએ, આપણે ભગવાનના દર્શન-
કરીએ, આપણે ભગવાનની વાણી સાંભળીએ, ત્યારે
પણ નક્કી જ હોય છે, કે સંસાર તો છોડવો જ નથી.

બહુ પ્રેમથી તમને કહું, દારૂડિયો ત્યાં
પહોંચ્યો છે, બાટલી ઊંધી કરવાનું નાટક કરી રહ્યો છે,

DATE

આપણે પણ આપણી જાતને જોઈએ, પૂજા કરીએ, પ્રતિક્રમણ કરીએ, ઉકાળેલું પાણી પીએ, પ્રવચન સાંભળીએ, પાલીતાણા ને શંખેશ્વર જઈ આવીએ, આપણે બધી જ આરાધના કરીએ છીએ, પણ

આપણા પાપો ઉપર હંમેશનું ઢાંકણ હોય છે!

તે માટે આપણો સંસાર છુટતો જ નથી, કારણકે,

આપણે સંસાર છોડવો જ નથી!

કઠિયારા પાસે નક્કર જવાબ છે, કે ઢાંકણાની કોઈ વાત જ થઈ નથી. કદાચ પૂજારી એ એવું પણ કહ્યું હોત કે ભાઈ તમે ઢાંકણું ખોલજો, પછી બાટલી ઉંધી વાળજો, તો એ જીભ કચાશ કર્યું - ઢાંકણ ખોલત ને પછી બંધ બોટલ ઉંધી વાળત. એને ના પહોંચી શકાય.

કઠિયારો એ હાર ઢોળે, એ હાર - ઢોળાય, એ એટલી મહત્વની વાત નથી એનાથી મહત્વની વાત એ છે કે, કઠિયારો સમજી જાય. કઠિયારો એ સમજી જાય તો હાર ઢોળાઈ જ - જવાનો છે, કઠિયારો એ ન સમજે તો હાર - નથી જ ઢોળાવાનો. ખરો સવાલ તો કઠિયારાના સમજવાનો છે ને સમજી જાય તો હાર ઢોળાવામાં કશી વાર લાગવાની નથી.

સંસાર છુટી જાય એના માટે સંયોગો અનુકૂળ થઈ જાય, જવાબદારી ઓછી થઈ જાય, આ થઈ જાય, તે થઈ જાય, સત્ય વહી -

classmate

ભય, પેલું થઈ ભયને ઢીલાળું થઈ ભય, આવી કશી જરૂર નથી, સંસાર છુટવા માટે આટલી જ જરૂર છે, કે આપણે સમજુ જઈએ, જો આપણે સમજુ જઈએ, તો સંસાર છુટી જ જવાનો છે. અને જો આપણે ન સમજીએ તો ગમે તેટલી અનુકૂળતા થાય, સંસાર નથી જ છુટવાનો. છાતી ઉપર હાથ રાખીને આપણે આપણને પુછીએ,

આપણી હિંમત પણ ખરી સંસાર છોડવાની ?

પહેલાથી નક્કી જ છે, સંસાર છોડવો જ નથી, ગાંઠ મારેલી છે, દારૂડિયાએ કે દારૂ ઢોળવો જ નથી.

આપણા માટે નક્કી છે, સંસાર છોડવો જ નથી !

કદાચ પેલો સમજુ જ ગયો છે તો, કદાચ ઢાંકણું નહિ-ખુલતું હોય, ઢાંકણું જેમ તેમ JAM થઈ ગયું હશે, તો એ પેલો દારૂની બોટલ ફોડી ને પણ દારૂ ઢોળી-નાખશે.

કદાચ સંયોગો પ્રતિકૂળ હશે, કદાચ હજુ જવાબદારીઓ પૂરી નહિ થતી હોય, ક્યાંક કોઈક અટકતું હશે, પણ આત્મા જાગી ગયો, આત્મા સમજુ ગયો, આત્મા જોર કરીને પણ, જ્યાં અટકે છે ત્યાંથી ગાડુ આગળ ધપાવી દેશે, અને સંસાર છોડી દેશે.

દારૂડિયો મકાન સુધી ભય ને એને દારૂ ઢોળવો હોય, એ ઢાંકણું ખોલે ને બોટલ ઉંધી કરે ને દારૂ ઢોળાઈ ભય એ વાતમાં કોઈ માલ નથી.

બરાબર એ જ રીતે, આપણે સરળ બનીને, પ્રામાણિક બનીને, દહેરાસર આવીએ, ઉપાશ્રય આવીએ, જિન-શાસનમાં આવીએ, જિનવાણી પામીએ, સત્ય સમજીએ, પ્રામાણિક પુરુષાર્થ કરીએ, અને પછી પણ સંસાર ન છૂટે, એ વાતમાં કોઈ માલ નથી.

★ સરળતા એટલે સત્યને સમજવાની સજ્જતા !

★ સરળતા એટલે સત્યનું સ્વાગત !

★ સરળતા એટલે સમજણની ભૂમિકા !

★ સરળતા એટલે સમજેલાનો નિશ્ચય અમલ !

★ સરળતા એટલે મધ્યસ્થ દર્શન !

★ સરળતા એટલે ગ્રંથિમુક્ત મન !

★ સરળતા એટલે વૈચારિક નિસ્પરીગ્રહિતા !

★ સરળતા એટલે બાળક જેવી ભૂમિકા !

★ સરળતા એટલે સાચુ સ્વીકારવાની અભિલાષા !

★ સરળતા એટલે સાચુ સ્વીકારવા માટેનો પ્રામાણિક પુરુષાર્થ !

★ સરળતા એટલે મોક્ષ માર્ગનું પહેલું પગલું !

★ સરળતા એટલે મોક્ષ માર્ગનું સર્વસ્વ !

DATE

★ સરળતા એટલે પ્રત્યેક આરાધનાનો પ્રાણ !

★ સરળતા એટલે સાધનાનું હાર્દ !

★ સરળતા એટલે સાધનાજીવનનો OXYGEN !

★ સરળતા એટલે સાધનાની SECURITY !

★ સરળતા એટલે અનંત પંચ-પરમેષ્ઠિ ભગવંતોની અનરાધાર કૃપા!

★ સરળતા એટલે વિશ્વની સર્વોત્કૃષ્ટ સંપત્તિ !

★ સરળતા એટલે આત્માની સર્વોત્કૃષ્ટ શક્તિ !

★ સરળતા એટલે મોક્ષે જવાનો PASSPORT/VISA/LICENSE

★ સરળતા એટલે મોક્ષની FLIGHT ની ટીકીટનું મુલ્ય !

★ સરળતા એટલે ૮૪ લાખ યોનિઓ પર આપણા મારે તાળા !

★ સરળતા જેનાથી આપણી સાતે નરક નાબુદ થઈ જાય !

★ સરળતા જેનાથી નિગોદ, ખુદ આપણાથી ગભરાવા લાગે !

★ સરળતા જેનાથી આત્માનું ચપટીમાં કામ થઈ જાય !

જ્યાં સુધી હારડિયા ને હાર પ્રત્યે-ઉપાદેય બુદ્ધિ દ્રઢ છે, તીવ્ર છે, ત્યાં સુધી હાર છોડવાની વાત પણ એને ગમવાની નથી, જેણે કહ્યું એ પણ અળખામણો બનવાનો છે. હારુ હેય છે.

દારૂ છોડાવવો જરૂરી વાત છે જ નહિ, જ્યાં સુધી આ ઉપાદેય બુદ્ધિ નથી ગઈ, ત્યાં સુધી દારૂ-છોડાવાનો જ નથી. કદાચ દારૂ છોડાય જાય તો-પણ એ ખરા અર્થમાં છોડાયો નથી હોતો. દારૂ છોડાવાનો ખરો અર્થ એ છે.

## કે દારૂ પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ ટળી જાય!

અને જો દારૂ પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ ટળી જાય, દારૂ સારો છે, દારૂ મારો છે, દારૂથી મને મજા-આવશે, દારૂ મારા હિતમાં છે, દારૂ મારું સારું કરશે. આ પ્રકારની જે ઉપાદેય બુદ્ધિ, આવું દારૂ પ્રત્યેનું ATTRACTION, આવો દારૂ પ્રત્યેનો લાગણી નો ભાવ, આવો દારૂ પ્રત્યેનો મમત્વનો ભાવ, દારૂ પ્રત્યે લેવા જેવો છે એવો જે ભાવ, એનું નામ ઉપાદેય બુદ્ધિ. દારૂ પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ ટળી જાય, ત્યારે દારૂ ખરા અર્થમાં ટળે છે. અને જ્યારે આ ઉપાદેય બુદ્ધિ જ ટળી-ગઈ, ત્યારે દારૂ તરત જ છુટી જાય છે, અને

## કાયમ માટે છુટી જાય છે!

## સંસાર પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ-

જ્યાં સુધી છે, ત્યાં સુધી સંસારની હેયતા નો પણ સમજવાનો તાત્વિક પુરુષાર્થ થતો નથી. પુરુષાર્થ ની વાત દૂર છે, સંસારની હેયતા, સંસાર ની ત્યાજ્યતા, સંસાર છોડવા જેવો છે, આટલી વાત પણ જીવને સમજાતી પણ નથી. સમજવા માટે ઈચ્છા સુધ્ધા નથી.

DATE

સંસાર છુટવો એ બહુ અઘરી વસ્તુ નથી. અઘરી વસ્તુ એ છે કે,

## સંસાર પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ છુટી જાય !

અને જ્યાં સુધી આ ઉપાદેય બુદ્ધિ નથી છુટી ત્યાં સુધી સંસાર છુટતો જ નથી ને, સંસાર BY CHANCE છુટી પણ ગયો હોય તો, ખરા અર્થમાં છુટયો નથી હોતો.

**સંસાર છુટવો એટલે સંસાર પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ છુટવી !**

એ છુટી જાય એટલે સંસાર તરત છુટી જાય છે, અને કાયમ માટે છુટી જાય છે.

## વક્રતા એ આત્માની બહેરાશ છે !

બહેરાને ગમે તેટલું સમજાવો, કહો, બધું વ્યર્થ છે. બરાબર એ જ રીતે, વક્ર માણસ છે એને ગમે તેટલુ સમજાવો, એ બધું વ્યર્થ છે. ઉપદેશ માળામાં ધર્મદાસ ગણિ મહારાજ કહે છે,

को दाही उवएसे ।

જે વક્ર છે, જે વાંકો છે, જેને ખબર હોવા છતાં એ નથી કરતો, એને કોણ ઉપદેશ આપે, એ ઉપદેશ આપવાને લાયક જ નથી. તમે બગીચાની અંદર ગયા છો, બાકડે તમે બેઠા છો. તમારી નજર જાય છે સામે જ ઘાસની LAWN છે ને એના ઉપર એક ભાઈ બેઠા છે, એનો ચહેરો જોઈને તમે ચમકો છો, વ્યાખ્યાનમાં આવનારા એ ભાઈ. ઘાસ ઉપર બેઠા છે. એને નથી ખબર કે ભાઈ ઘાસ ઉપર ના-બેસાય ! અને છતાં એ બેઠા છે, તમે એમે કોઈ પ્રેરણા નથી આપતા, ઉપદેશ નથી આપતા, તમે એને-

કાંઈ કહેતા નથી. કારણકે તમને ખબર છે કે એમાં કોઈ અર્થ નથી, કારણકે તમને ખબર છે કે જેને જે ખબર જ છે, એને ખબર પાડવાથી, એને કશી જ ખબર પડતી નથી.

સરળ બનશો તો મોક્ષ થશે!

વક્રતા કાઢશો તો મોક્ષ થશે!

ભણેલાનો અમલ કરશો તો મોક્ષ થશે!

(આચરણ)

ભણી ને ભણને અનુરૂપ વર્તન કરવાથી જ્ઞાની બનાય છે. ભણી ને ભણથી વિપરીત આચરણ કરવાથી ધિઠ્ઠા બનાય છે.

સિદ્ધર્ષિગણિ મહારાજ બહુ પ્રેમથી આપણને સમજાવવા માંગે છે, હોંશિયારી જેવી મુર્ખામી બીજુ કોઈજ નથી.

વક્રતા જેવો આપઘાત બીજો કોઈ જ નથી!

આડાઈ જેવું આત્મવિનાશક કૃત્ય બીજું કોઈ જ નથી!

સરળતાપૂર્વક ભણવાનો પુરુષાર્થ કરો. ભણીને અમલ કરો. તો તમારા આત્માનું કલ્યાણ થશે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

# વ્યાખ્યાન નંબર ૧૨૪

DATE 06 02 2021

તમારો પ્રશ્ન છે, દારૂ ભાવી ગયો છે, દારૂ ની લત લાગી ગઈ છે, દારૂ વગર ચાલે એમ નથી. દારૂનું વ્યસન થઈ ગયું છે, અને નશો છોડવાની વાત એ કઈ રીતે શક્ય બને ?

જવાબ છે કે, જ્યાં સુધી નશો છે, ત્યાં સુધી છોડવાનો તો સવાલ નથી, છોડવાના વિચાર નો પણ સવાલ નથી. પણ નશો ઉતરે, માણસ સમજે, દારૂની ભયાનકતા, દારૂના દુષ્પરિણામો, આ ભવ ખરાબ, પરભવ ખરાબ, આ ભવની અંદર પણ પરિવાર, શરીર, પૈસો, ધંધો, બધુ જ બરબાદ. અને માણસ એને છોડી દે આવું બની શકે ?

છગને મગનને પુછ્યું આ T.V. છે, જે ક્યારેક ચાલે છે, ક્યારેક નથી ચાલતું, તો શું કરીએ ? મગને જવાબ આપ્યો કે જ્યારે ચાલતું હોય ને ત્યારે વહેંચી દેવું. એટલે જ્યારે ચાલે છે ને નહિ વહેંચો, તો જ્યારે નથી ચાલતું, ત્યારે તો વહેંચવાનો કોઈ સવાલ જ નથી.

મનના પરિણામ છે, મોહનો નશો આવે છે.. જાય છે.. આવે છે.. જાય છે... આવે છે... જાય છે... કલિકાલ સર્વજ્ઞ જેવા વિતરાગ સ્તોત્ર ની અંદર કહે છે,

ક્ષણં સક્તઃ ક્ષણં મુક્તઃ ક્ષણં ક્રુદ્ધઃ ક્ષણં ક્ષમી ।

ક્ષણની અંદર મને આસક્તિ થાય છે, ક્ષણની અંદર વિરક્તિ થાય છે, ક્ષણ ની અંદર ક્ષમા આવે છે, ક્ષણની અંદર હું ગુસ્સે ભરાઈ જઉં છું, આ ક્ષણે ક્ષણે મનના પરાવર્તમાન ભાવો છે.

ઉપદેશ માલાની અંદર ધર્મદાસ ગણિ મહારાજ કહે છે,
एगदिवसम्मि बहुआ सुहा य असुहा जीवपरिणामा।
માત્ર એક દિવસની અંદર જીવના શુભાશુભ - પરિણામ હોય છે, અધ્યવસાય હોય છે. T.V. ચાલે છે, નથી ચાલતું, સમજદાર માણસ શું કરશે, જ્યારે ચાલે છે, ત્યારે વહેંચી દેશે નશો થાય- છે.. ઉતરે છે.. થાય છે.. ઉતરે છે... થાય છે. ઉતરે છે... સમજદાર માણસ છે જ્યારે નશો ઉતરી ગયો છે, ત્યારે દારૂને ઢોળી દેશે. વાત બધી પતી જશે.

સમજદાર શ્રાવક હોય વૈરાગ્ય જાગ્યું - છે, ત્યારે સંસાર ને છોડી દે. જાગેલો વૈરાગ્ય- ક્યારે ઓસરી જાય, આનો કોઈ જ ભરોસો નથી. તમારો પ્રશ્ન છે, સાહેબ વૈરાગ્ય જાગ્યો હોય- ત્યારે સંસાર છોડી તો દઈએ પણ પછી વૈરાગ્ય ઓસરી જાય તો શું કરવું ?, ઘણા મુમુક્ષુઓ ગભરાતા હોય કે ઘરે જઈએ તો વાત બધી પુરી થઈ જાય, ભાવો બધા ઉતરી જાય. કરવું શું ? ધારોકે અમે દીક્ષા લઈ પણ લઈએ, પણ દીક્ષા લીધા પછી એ, અમારા ભાવો ઓસરી ગયા, અને અમે નીચે ઉતરી ગયા, તો અમારું શું થાય ? પછી દીક્ષા તો છોડવાની નથી, ને વૈરાગ્ય વગર પાળી ના શકીએ, તો શું થાય ?, જવાબ એ જ છે કે જે- જે નિમિત્તથી વૈરાગ્ય ઓસરી જાય છે, ઉતરી જાય છે, તે તે નિમિત્ત ભયાનક લાગે ખતરનાક લાગે, વિકરાળ વાઘ જેવું લાગે, ને - માણસ એનાથી દૂર રહે, એ સમજદારી !
જવાબ નંબર બે, વૈરાગ્ય જાગ્યો છે ત્યારે એ તમે સંસાર છોડી દીધો છે, તો તમે ફાવી ગયા છો.

DATE

તમે કુદકો તો માર્યો, હવે કુદકો મારીને અધ્ધર નથી રહેવાનું, પછી પડવાનું એવું કોઈ જ નથી, કુદકો તમે એક આધાર ઉપર માર્યો છે ને એ આધાર તમને નીચે પડવા દેવાનો નથી, ધર્મબિંદુ ટીકાની અંદર - મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે

यद्यपि निर्गतभावस्तथाप्यसौ रक्ष्यते सद्भिरन्यैः।

એક વાર દીક્ષા લીધી ગુરુકુલવાસની અંદર આવ્યા, કદાચ મન ક્યારેક ઢીલું પડ્યું, મનની અંદર નબળો વિચાર કદાચ આવી ગયો, પ્રાયઃ ન આવે કદાચ આવી પણ ગયો, છતા પણ આ જે વાતાવરણ, આજે ગુરુકુલવાસ, અહીંયાની જે મર્યાદા, એ એની રક્ષા કરે. તમે કુદકો માર્યો એનો અર્થ એ નથી કે તમારે આખી જિંદગી કુદકા મારતા રહેવાનું છે. તમે જે આધાર ઉપર કુદકો માર્યો, એ આધાર તમને એ LEVEL થી નીચે નહિ આવવા દે, હજુ તમે ઉપર ચડી શકો તો ઉપર ચડવા માટે સ્વતંત્ર છો, પણ તમે પડી જાવ એ ગભરાટ નથી, કારણકે આધાર તમને મળી ગયો છે. ધર્મબિંદુ ટીકાની અંદર મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે,

वेणुर्विलूनमूलोऽपि वंशगहने महीं नैति ॥

એક વાંસ છે ને વાંસનું મુળ કપાઈ ગયું છે, વાંસને નીચેથી કાપી નાખવામાં આવ્યો છે, પણ વાંસ એની ઝાડીઓની અંદર છે, આજુબાજુના વાંસની સાથે છે, એને કાપી નાખવામાં આવ્યો છતા પણ એ ઊભું છે. એ વાંસ છે, એ નીચે પડી જતો નથી કારણકે આજુબાજુના વાંસ એને ટેકો આપે છે. બરાબર એ જ રીતે ગુરુકુલવાસનો મહિમા જણાવતા જ્ઞાની ભગવંતો કહે છે, આ એક વાતાવરણ એવું છે, કદાચ મોહનો કોઈક વધારે લાગી પણ જાય, માનસિક સ્તરે, એ જીવનું પતન નહિ થાય, કારણકે આ વાતાવરણ એને SUPPORT કરશે.

DATE

વૈરાગ્ય મળ્યો છે ને ત્યારે પણ જે સંસાર છોડતા-
નથી, તેઓ અનંતકાળે પણ સંસાર છોડી શકવાના
નથી, કારણકે વૈરાગ્ય મળ્યા પછી પણ એ સંસાર-
નો ત્યાગ નહિ થાય, તો

**ઓસર્યા પછી તો થવાની કોઈ શક્યતા જ નથી!**

સમજેલું કરવાથી જ્ઞાની બનાય છે. સમજેલા ની
ઉપેક્ષા કરવાથી ધીઠ્ઠા બનાય છે. તમાકુ મન લેવા-
છે, આવા લખાણ વાળા, ફોટોવાળા, કરોડો પડીકાઓ
રોજ વહેંચાઈ જાય છે. કારણકે એને ખાનારા ધીઠ્ઠા
બની ચુક્યા હોય છે. જ્ઞાની ભગવંતો આપણને
કહે છે.

**સંસાર અસાર છે, ભયાનક છે.**

દુઃખરૂપ છે, દુઃખફળ છે, દુઃખ પરંપરા છે,
ઝેર ખાઈ લેવું સારું છે પણ સંસારમાં પડવું સારું
નથી.

અવિ અ ભક્ખિઅં વિસં।

ઝેર ખાનાર નું એક મૃત્યુ થાય છે, સંસારમાં રહેનારનું
અનંત મૃત્યુ થાય છે. જ્ઞાની ભગવંતો ના આ વચનો
એને આપણે મળ્યા, એને આપણે પામ્યા,
એને આપણે સમજ્યા, એના પછી પણ સંસારમાં
બેઠા રહીએ, તો ક્યા ભવે આપણો નિસ્તાર થશે.
તમારો પ્રશ્ન છે, તમે કહ્યું કે, ઉપાદેય બુધ્ધિ,
સંસાર પ્રત્યેની છુટી જાય એટલે સંસાર છુટી જ
જાય છે, નિશ્ચિત પણે છુટી જાય છે. અમારો
જવાબ એટલો છે કે, ઉપાદેય બુધ્ધિ અમારી
છુટી ગઈ છે, અમે સમજુ જ ગયા છીએ, અમને

સૌ ટકા સમજાઈ ગયું છે, સંસાર અસાર છે, સંસાર દુઃખમય છે, સંસારમાં પડવા જેવું નથી, સંસારમાં એક દિવસ પણ રહેવા જેવું નથી, અમને સમજાઈ ગયું છે, છતા અમે, બેઠા છીએ સંસારમાં, અમારી મજબુરી છે, જરૂરી નથી કે ઉપાદેય બુદ્ધિ છુટી ગઈ એટલે સંસાર-છુટી જ જાય. ઘણા બધાની આવી સમજ છે,

છગનના ઘરે બધા લોકો ફરિયાદ-કરવા આવ્યા કે તમારો ચિંટુ છે એ ઉકરડામાં બેઠો છે, આળોટે છે ને ત્યાં જ રમે છે. બધી ગંધાતી વસ્તુઓ કેટકેટલી, એમાં કેટલા જાતના INFECTIONS-હોય, કેટલા VIRUSES હોય, કેટલી ગંદકી હોય, કેટલું ચિત્ર-વિચિત્ર વાતાવરણ, અમે કહ્યું પણ એ-ત્યાંથી ઉઠતો જ નથી, અને છગનને પણ થયું કે આ શું માંડ્યું છે. છગને ઘરમાં બુમાબુમ કરી, ઘરવાળા-પડોશવાળા, બીજા-ત્રીજા બધા ભેગા થયા ને ઉકરડે છગન પહોંચ્યો ને ચીંટુ ને કીધું બહાર આવ્યા તને કાંઈભાળ નથી પડતી. આટલો મોટો થયો ઢગો થયો, આવા ઉકરડામાં બેસે છે, શરમ નથી આવતી તને, આવી જગ્યાએ બેસાય નહિ, આવી ખબર પડતી નથી તને. ચિંટુ કહે, મને બધી જ ખબર પડે છે. છગન કહે કે ખબર પડે છે તો ચાલ ઉભો, ચિંટુ કે ખબર બધી પડે છે, ઉકરડો છે, ગંદો છે, ગંદકી વાળો છે, VIRUS વાળો છે, INFECTIONS વાળો છે, ઘણું બધું એજ પણ હોય, અહીંયા કોઈ ડાહ્યા, સમજુ માણસે ક્યારેય ના બેસવું જોઈએ, મને બધી ખબર છે. છગન કહે હવે PHILOSOPHY ના ઠોક, ઉભો થા. નીકળ એ ઉકરડામાંથી. ચીંટુ કહે ભાઈ એ જ શક્ય નથી, બાકી હું સમજુ છું, બધું જ!

કદાચ આપણી દશા આવી છે!

મને બધી જ ખબર છે. છતા હું સંસાર છોડી શકું એમ નથી. શાસ્ત્રકાર ભગવંતો બહુ માર્મિક વાત કરે છે,

अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः ।

જે સાવ ભોળો, ઠ, ડફોળ, કોરી પાટી, એની સાથે બહુ EASILY COMMUNICATION થઈ શકે છે. જે વિશિષ્ટ જ્ઞાનના સ્વામી છે, અત્યંત ઉંચી પરિણતિ વાળુ જેમની પાસે જ્ઞાન છે, એની સાથે એના કરતા પણ સરળતાથી કામ થઈ શકે છે.

ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि नरं न रञ्जयति ।।

પણ થોડા-ઘણા જ્ઞાનથી જેમને ઘણી બધી ખબર પડી ગઈ છે, આવો ફાંકો થઈ ગયો, આવી મનમાં રાઈ ઘુસી ગઈ, એને તો બ્રહ્મા પણ સુધારી શકતા નથી. એની સાથે કામ લઈ શકતા નથી.

સભાનો પ્રશ્ન :- સંસારમાં તો કોઈ કષ્ટો નથી,
પણ સંયમમાં તો કષ્ટ ઘણા છે!

પૂજ્યશ્રીનો ઉત્તર :- સવાલનો જવાબ અનુભવરૂપે આપુ. દીક્ષા ને ૨૧ વર્ષ થયા છે.
તમારી દ્રષ્ટિએ સંયમમાં જેને કષ્ટ કહેવાય, પીડા-કહેવાય, પ્રતિકૂળતા કહેવાય, એટલી બધી મોટી મોટી પર્યાય ના કહેવાય, એટલું બધું વિચરણ એમ પણ ના કહેવાય. છતા પણ મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, એના ઘણા બધા જિલ્લાઓની અંદર, ઘણા બધા ગામ-શહેરોની અંદર વિચરણ. નિર્દોષ ગોચરી માટે ભિક્ષાટન. કડકડની ઠંડીની અંદર, વગર ધાબળા, જે રહેવાનું, ઉનાળાની અંદર વિહારમાં, પાકું મકાન ન હોય, છાપરું હોય, જોધપુર હોય, ૪૮-૪૯ DEGREE ની ગરમી હોય,

DATE

વૈશાખ- જેઠ મહિનો હોય, તમારી પ્રેક્ટિસ એ તમે સાધુ-
પણામાં જેટલી પ્રતિકૂળતાઓ કલ્પી શકો, એટલી પ્રતિકૂળતા
નો તમારી પ્રેક્ટિસ એ આવી ગઈ છે, પણ મને મજા
સીવાય બીજું કાંઈ આવ્યું નથી. સંયમ જીવનની જે
આનંદ, સંયમ જીવનની જે મસ્તી, સંયમ જીવનની
જે ખુમારી, સ્વાધ્યાય નો જે આનંદ, સાચું કહું!
ખરેખર એમ લાગે કે ઘડિયાળ FULL SPEED માં દોડી
રહી છે, અને મિનિટના કાંટા ની SPEED એ કલાક-
ના કાંટો દોડી રહ્યો છે. ખરેખર અનુભવ કહું, કે
ડંકા વાળી ઘડિયાળ વાળો ઉપાશ્રય ને એમાં ક્યારેક રહેવું
પડે, ત્યારે પ્રશ્ન થાય અંદરથી આ ઘડિયાળ બગડી-
નથી ગઈને, આ જરા જરા વારે આ કલાક ના ડંકા-
ક્યાંથી વાગ્યા કરે છે. મહાત્મા ગોચરી લઈને આવે
અને કહે, કે ઈશારો કરે પધારો ને ક્યારેક ભ્રાન્તિ-
થઈ જાય, કે હજુ આ અગિયાર વાગ્યા આસપાસનો
સમય છે, ગોચરી મહાત્મા જઈ રહ્યા છે, અને મારી
રજા માંગી રહ્યા છે, ઈશારાથી કે હું ગોચરી નીકળું, અને
મહાત્માએ કહેવું પડે કે, ગુરુ મહારાજ સાડા બાર- પોણો
વાગી ગયો છે, ને હું ગોચરી લઈને આવ્યો છું, અને
આપને ગોચરી વાપરવા બોલાવી રહ્યો છું. તમે ખરેખર
દુર બેઠા- બેઠા સંયમ જીવનના કષ્ટો, પ્રતિકૂળતાઓ -
અગવડોની કલ્પનાઓ કરો છો, તમે એક મહિનો
ગુરુકુલવાસમાં રહો, WITHOUT ANY દીક્ષા,
WITHOUT ANY COMMITMENT
આગળનું કંઈ પણ વિચાર્યા વગર, તમે એક મહિનો-
ગુરુકુલવાસમાં રહો, ત્રણ ચાર દિવસ SET થતા લાગે,
સંસાર ભુંસાતા લાગે, બે ત્રણ દિવસ ઠરતા લાગે,
ખરી ગુરુકુલવાસ અઠવાડિયા પછી શરૂ થાય. એક
મહિનાનું TARGET તમે રાખો, અને ગુરુકુલવાસમાં
રહો, તમે જ કહેશો કે અહિંયા જે આનંદ છે,

હું વિદેશ જઈ આવ્યો આનંદ નથી, હું GOA જઈ આવ્યો, આનંદ નથી, હું સારામાં સારી હોટલમાં ગયો, આ આનંદ નથી, હું ગમે તેટલા રૂપિયા-કમાયો આ આનંદ નથી, ઘરમાં મોંઘામાં મોંઘુ-લીધું, સારામાં સારૂ FURNITURE, જાતજાતના સાધનો વસાવ્યા, આ આનંદ આ બધામાં નથી. ઘણા સપનાઓ સાથે લગ્ન પણ કર્યા, જે ગમતી-હતી, જે વ્યક્તિ સાથે લગ્ન કર્યા, આ આનંદ-નથી. તમે પોતે કહેશો!

## અહિંયા તો આત્મિક લીલા-લહેર છે!

અહિંયા તો આત્મિક આનંદ છે, અહિંયા તો-નિશ્ચિંતતા છે, અહિંયા તો મસ્તી છે, અહિંયા તો શ્રુતનું અવગાહન છે, અહીંયા તો રોજ નવાનવા પદાર્થો ને માણવાની મજા છે, અહીંયા તો ચિંતનનો આનંદ છે.

## અહિંયા ભગવાનના માર્ગે ચાલવાનો તો આનંદ છે!

અહિંયા તો નિષ્પાપ જીવન જીવવાનો આનંદ છે, અહિંયા તો અંદર ડુબકી લગાડવાનો આનંદ છે, અહિંયા તો સંસારની બધી મારામારી, મગજમારી, લમણાફોડી, TENSION, સ્વાર્થ મય સંસાર, બધુ-ના લોકોના તમાચા ખાવા, જખમ ખાવા, હેરાન પરેશાન થવું, પાણી વલોવવું, જેની પાછળ-નિચોવાયા, એમના તરફથી વિશ્વાસઘાતો સહન કરવા, જો ધંધો કરવો હોયતો સો પ્રતિકૂળતાઓ તમારી નજરની સામે હોય, રોજ MARKET બદલાય, રોજ પરિસ્થિતિ બદલાય, નવા-નવા-

DATE

સુધી ઝેલવાના, નવા નવા પડકારો ઝીલવાના, ધીમે ધીમે શરીર નબળુ થઈ રહ્યું છે. WEAR થઈ રહ્યું છે, ઘરડું થઈ રહ્યું છે. દીકરા નથી સાચવવાના એ સમયને તમારે જુવવાનું છે. દીકરાઓ નથી સાથે રહેવાના, સમયને તમારે જુવવાનું છે. છેલ્લી ક્ષણે પણ તમને કોઈ નવકાર પણ સંભળાવનાર, હશે કે નહિ હોય, એ સમયને તમારે જુવવાનું છે. તો ગમે તેટલી તમે મારા-તોડ કરો, તમારું મોત સુધરશે કે બગડશે એની અનિશ્ચિતતા સાથે તમારે જુવવાનું છે. તો આ ભવનો બગડ્યો જ, અને ભવોભવ પણ તમારા બગડે. હું તમને પુછું છું કે પ્રતિકૂળતા સંસારમાં છે, કે પ્રતિકૂળતા સંયમમાં છે?

સુધર્મા સ્વામી ભગવાન સુત્ર કૃતાંગ આગમની અંદર કહે છે,

इहलोग दुहावहं विउ परलोगे य दुहं दुहावहं ।

ગૃહસ્થવાસ એટલે શું, સંસાર એટલે શું? ઘરબાર એટલે શું? આ ભવ પણ તમારો ગયો, પરભવ પણ ગયો, આ ભવ પણ દુ:ખમય, પરભવ પણ દુ:ખમય, પરલોક ની પરંપરા પણ દુ:ખ મય,

विद्धंसणधम्ममेव तं, इति विज्जं कोऽगारमावसे ॥

જે સમજદાર હોય, જે સમજે કે ઘર શું છે. સંસાર શું છે એ કઈ રીતે ઘરમાં વસી શકે. શાસ્ત્રકાર-ભગવંતો કહે છે,

इहलोकसुखं परलोकहितं ।

સંયમ તમારી દ્રષ્ટિએ અગવડ છે, પ્રતિકૂળતા છે, કષ્ટ છે. શાસ્ત્રકાર ભગવંતો બહુ જ સ્પષ્ટ શબ્દોમાં એક જ લાઈનની અંદર, સંયમ જીવનનો નિચોડ આપી દે છે,

इहलोकसुखं ।

આ લોકની અંદર પણ સુખી થઈ જવું આનું નામ સંયમ.

परलोकहिते ।

પરલોક ને પણ સુખી બનાવી દેવો, પરલોકના હિત-નું RESERVATION કરી દેવું, આનું નામ-સંયમ! ધંધાની ઉપાધિ ગઈ, TENSIONS ગયા, ઉપાશ્રયો તમે બનાવી દીધા, રાજમહેલ જેવા, આવા ઉપાશ્રયોની અંદર અમારે રહેવાનું, તમારા વંદનો લેવાના, કમાવ વિગેરેની ચિંતા નહિ, બૈરી-છોકરાની માથાકુટ નહિ, અને અમે સુખી છીએ. એ સંદર્ભની વાત નથી.

કષ્ટો ચાહે ઠંડી, ગરમી, વિહાર, - પરિષહો, ઉપસર્ગો રોગો, ગમે તેટલા આવે એ કષ્ટો પણ અમને આનંદ લાગે. અને અંદરનો આનંદ જ એટલો ઉછળતો હોય કે, બહારના - કષ્ટો એનો અનુભવ સુધ્ધા ન થાય. એ કષ્ટ જ ન લાગે. એટલો બધો આનંદ અંદર ઉભરાતો હોય, જ્યાં કોઈ પાપ નથી કરવાનું, જ્યાં અઢાર પાપ સ્થાનક નથી, હિંસા વગેરે નથી, કોઈ જીવને મારવાનો નથી, પુંજવું, પ્રમાર્જવું, પડિલેહણ કરવું, ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, સાધુ પણના પ્રત્યેક-યોગોથી, પ્રચંડ કક્ષાનું શાતા વેદનીય કર્મ બંધાય છે.

સંસારમાં ડગલે ને પગલે ત્યારે એવી ચેષ્ટાઓ કરવાની છે. જેમાં ડગલે ને પગલે જીવોના કચ્ચરઘાણ વળે, અને તીવ્ર કક્ષાનું અશાતા વેદનીય કર્મ તમને બંધાય. જેકે SWITCH-ON કરવામાં અશાતા વેદનીય કર્મ છે, જેકે BIKE

• ON કરવામાં અશાતા વેદનીય કર્મ છે. એક - GAS ON કરવામાં અશાતા વેદનીય કર્મ છે. ક્યાંક તમે બહાર ગયા, અશાતા વેદનીય. તમે નથી છુટવાના એના બંધનો પડશે અને છક્કા છુટી જશે.

સાધુપણાના મસ્તી, નિષ્પાપ, નિર્દોષ જીવન, એક પણ જીવને માર્યા વગર જીવી શકાય એવું જીવન, અને એમાં એનો REWARD ON THE SPOT ~~[struck]~~ મળે. તમારો ધંધો પાપનો, તમારું ઘર- હિંસામય, તમારા ઘર અઢાર પાપસ્થાનક મય, અને આના કારણે તમે તમારા જીવનની અંદર તમે સંકલેશો થી બચી ના શકો. સાધુની ભુમિકા છે - ભલે, ગમે તેટલું કષ્ટ પડે મને, મારે કોઈ જીવને કષ્ટ આપવું નથી. આ ભુમિકાના કારણે સાધુ સતત સમાધિમાં રહે, સાધુનું ચિત્ત શાંત હોય.

## સાધુ સહજ આનંદમાં વર્તતા હોય !

इहलोकसुखं परलोकहितं ।

સિદ્ધર્ષિગણિ મહારાજ આપણને કહેવા માંગે છે, બહુ તમે હોંશિયારી કરી, બહુ તમે આડાઈ કરી, પણ એ આડાઈ સદ્ગુરુ પ્રત્યે નહિ, ભગવાન પ્રત્યે નહિ, શાસન પ્રત્યે નહિ, તાત્ત્વિક દ્રષ્ટિએ તમારા આત્મા પ્રત્યેની જ હોય છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, આર્જવ, એટલે કે સરળતા એને બાળકની ઉપમા આપે છે. એ દેવદેવીના શરીરમાંથી બાળક નીકળ્યું જેનું નામ- છે આર્જવ! અદ્ભુત એક- એક ઉપમા, એક- એક ઉપમાની પાછળ REASON છે, આર્જવ શા માટે બાળક, કારણકે બાળકમાં આર્જવ હોય છે.

બાળક સરળ હોય છે. બાળક બધાને ગમે છે કારણકે એ સરળ હોય છે. બાળક નિષ્પાપ હોય છે કારણકે એ સરળ હોય છે. બાળકને વાળો જેમ એ વળી જાય છે કારણકે એ સરળ હોય છે. બાળક એની GRASPING POWER HIGHEST હોય છે, કારણકે એ સરળ હોય છે. બાળકની ગ્રાહ્‌શક્તિ ગજબ ગજબની હોય છે, કારણકે એ સરળ હોય છે.

સિદ્ધર્ષિગણિ મહારાજે આર્જવ નામના બાળકના મુખે, એક વાક્ય બોલાવે છે,

रक्षितानि मया यूयम् ।

તમે દેવ, દેવી, રાજકુમાર, રાજકુમારી, તમારા બધાનું મેં રક્ષણ કર્યું, મારી જે વિશેષતા, હું જે સરળતા સ્વરૂપ, હું ઋજુતા સ્વરૂપ, હું આર્જવ સ્વરૂપ, અને એના કારણે તમને પસ્તાવો થયો, તમે પાપનો પસ્તાવો કર્યો, તમારી ભોગ-તૃષ્ણા ભાગી ગઈ, તમારું પાપ એ શિથિલ થઈ ગયું, કારણકે હું હતો, કારણકે મેં તમારી રક્ષા કરી,

रक्षितानि मया यूयम् ।

મેં તમારી રક્ષા કરી, બીજું કોઈ બોલ્યું હોત તો એ આપ બડાઈ હોત, બાળક બોલે છે, જે છે-એ બોલે છે, માટે યથાર્થવાદિતા છે.

છગને મગનને કહ્યું કે મારી છોકરી છે ને, એ વાત સમજ્યા વગર કંઈક બોલી દેતી હોય છે ક્યારેક. મગને કહ્યું મારી તકલીફ હજુ વધારે છે, મારી છોકરી છે ને એ, ક્યારેક - સમય જોયા વગર સાચુ બોલી દેતી હોય છે ઘરમાં મહેમાન આવ્યા હોય ને તમારી છોકરી પણ

DATE

હોય ને, જે બોલતો હોય, એક તો ચાર વર્ષનો હોય, એમાં બોલવાનું, ન બોલવાનું બધું આવી જતું હોય. તમે અંદરથી આમ.. આમ થતા હો ચુપ રહે.. ચુપ રહે.. ચુપ રહે.. પેલો ન બોલવાનું બધું જ બોલી પડતો હોય કારણકે, એ બાળક છે. જ્યાં કોઈને દેખાડવાનું નથી, સારું લગાડવાનું નથી, દંભ કરવાનો નથી, કશું છુપાડવાનું નથી, આનું નામ બાળકપણું. મહાપુરુષો મોટા થઈ જાય, વિશિષ્ટ મહાપુરુષો, મોટા થયા પછી પણ બાળક હોય છે.

વિશિષ્ટ પાપી એવો નાની ઉંમરે પણ શિયાળ જેવા લુચ્ચા હોય છે.

હું તમને કહુ છું, આજે ઘરે ગયા પછી એક કામ કરવું છે, તમારા ઘરે તમે તમારો બાળપણનો ફોટો સાચવી ને રાખ્યો હશે, શાંતિથી એક રૂમમાં બેસો, એ ફોટો લઈને તમે બેસો અને એ ફોટાને તમે જુઓ. અને તમે તમારી જાતને પુછો, કે તમે આટલા વર્ષોમાં શું ગુમાવ્યું છે, એ ફોટો એ ચહેરો, એ નિર્દોષતા, એ સરળતા, વરસો ગયા, આપણે ભણ્યા, ગણ્યા, રૂપિયા કમાયા, ઘર બાર માંડ્યા, મોટા માણસ કહી શકાય, એવડા-પણ આપણે બની ગયા, પણ હકીકતમાં આપણે કમાયું કે ગુમાવ્યું, એ પ્રશ્ને આપણે આપણને પુછવાનો! એ સંપત્તિ હતી સરળતાની, એ બાળપણમાં વૈભવ-હતો નિર્દોષતાનો, બાળપણની અંદર, જેને આપણે ગુમાવી દીધો. જિંદગીનું સરવૈયું આપણું કહેવું હોય તો આટલું કહી શકાય.

સરળતાનું દેવાળુ અને વક્રતાની કમાઈ!

તમારું કહેવું છે કે બાળકનો છે ને અણસમજુ હોય છે, માટે સરળને નિર્દોષ હોય છે. હું કહું છું બરાબર છે એ સત્ય આ જ છે તો આપણી મોટામાં મોટી મુડી છે એ અણસમજ ને જ ગણવી જોઈએ. કારણકે અણસમજની સુરક્ષામાં આપણી સરળતા સુરક્ષિત-રહેતી હોય છે. અને કોઈ પણ ભોગે આપણે આ આપણી અણસમજની મુડીને સાચવીને રાખવી જોઈએ.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, જે આર્જવ બાળકની વાત કરતા, આર્જવના જે વિશેષણ કહે છે,

सहर्षमेतद्वाचष्टे ऽस्मिरूपं स्मिताननम् ।

જે બાળક છે ને આર્જવ, જે સહર્ષ છે, જે સસ્મિત છે, જેના મુખ ઉપર હર્ષ છે, જેના હોઠ ઉપર સ્મિત છે. કોઈ પણ SHOW PIECE હોય ને, કોઈ પણ SHOW PIECE વાળા ને ત્યાં POSTER હોય, PHOTO FRAME હોય, ઘરની અંદર દી-વાલોની અંદર લગાવવાની કોઈ FRAME હોય-એમાં બાળકોના ફોટાનો ખુબ ઉપયોગ કરવામાં આવે કારણકે બાળકને SMILE PLEASE કહેવાની-જરૂર હોતી નથી. અને જેમને SMILE PLEASE કહેવું પડતું હોય છે, એમનું SMILE, SMILE તરીકે ઉપયોગી થતું હોતું નથી. ખરો વિકાસ, તમે કેટલા કમાઈ ગયા, ૧૦ કરોડ, વીસ કરોડ, ૨૫-કરોડ, આ નથી. ખરો વિકાસ REVERSE-જવામાં છે. તમારી ગુમાવેલી સરળતા પાછી મેળવી શકો તો તમારો ખરો વિકાસ છે. તમારું સહજ સ્મિત જે વર્ષો પહેલા તમે ગુમાવી ચુક્યા, એ તમને પાછું મળે તો એ તમારો ખરો વૈભવ છે. તમારા હર્ષને કોઈ પૈસાની, બાહ્ય નિમિત્તોની, સાધનોની અપેક્ષા ન હોય તો એ તમારી ખરી-
-શ્રીમંતાઈ છે!

જેને હર્ષ થતો હોય છે, એને હર્ષ થતો નથી-
હોતો. જે SMILE કરતો હોય છે, એનું ખરું SMILE
હોતું નથી, જે સ્મિત કરતો હોય છે, એનો અર્થ-
એ છે કે, હકીકતમાં એ ઉદાસ છે, એનું સ્મિત-
નકલી છે. જેને સારા દેખાવાનું હોય છે, એ
પોતાના ખરાબપણાની સાબિતી આપતો હોય છે.

सहर्षमितङ्गाचष्टे डिम्भरूपं स्मितानम् ।

જીવનની આ રફતારમાં વર્ષોના વર્ષો આપણા ગયા,
આપણે શું ગુમાવ્યું છે, આનો આપણે વિચાર કર્યો ખરો!
પચ્ચીસ લાખ રૂપિયા કમાવા માટે, થઈને તમે
આંટીઘૂંટી કરી, કાવાદાવા કર્યા, ઊંધુચત્તું કર્યું, પચ્ચીસ
લાખ રૂપિયા કદાચ તમને મળી પણ ગયા. ત્યારે-
હકીકતમાં તમે પચાર હજાર કરોડ રૂપિયાથી પણ વધારે
મુલ્યવાન એવું તમારું આર્જવ ગુમાવતા હો છો. -
સરળતા ગુમાવતા હો છો, આનું તમને ભાન થાય-
ખરું ?

હોંશિયારીથી ભૌતિક વિશ્વમાં પણ કોઈ
લાભ નથી ને, હોંશિયારી આધ્યાત્મિક વિશ્વમાં પણ
કોઈ લાભ નથી, હોંશિયારી કરનાર કદાચ-
કમાઈ પણ લે તો પણ છેવટે તો એનું દુધનું દુધમાં
અને પાણીનું પાણીમાં જતું રહેતું હોય છે. માટે
ભૌતિક વિશ્વમાં પણ માયા, પ્રપંચ, દગો, વિશ્વાસઘાત,
વક્રતા એનાથી કોઈ જ લાભ નથી. આધ્યાત્મિ વિશ્વ
નું કંઈ હાર્દ હોય, તો એનું નામ છે આત્મશુદ્ધિ!
આત્મશુદ્ધિ, એનો કોઈ આધાર હોય, તો એ છે
આલોચના! જીવનની આખી કિતાબ સદ્‌ગુરુ સમક્ષ
ધરી દેવી, આનું નામ આલોચના. એ આલોચના-
નો પણ કંઈ આધાર હોય, તો એનું નામ છે સરળતા
અને તમે સરળતા ગુમાવી એટલે આધ્યાત્મિક વિશ્વમાં-
-તમે દેવાળું ફૂક્યું!

classmate

પુષ્પમાલામાં મલધારી હેમચંદ્રસૂરી મહારાજ કહે છે,

जह बालो जंपन्तो कज्जमकज्जं उज्जुयं भणइ।

બાળક બોલે તો, કરવા જેવું, ન કરવા જેવું, જે એણે કર્યું હોય તે બધું કહી જાય.

तं तह आलोइज्ज मायामयविप्पमुक्को अ ।।

જેને મોક્ષ જોઈએ છે, આત્મશુદ્ધિ જોઈએ છે, એણે બરાબર એ જ રીતે આલોચના કરવી જોઈએ, જેમાં માયા નથી, મદ નથી, વક્રતા નથી, ગોઠવણી નથી, દેખાડો નથી, અહંકાર નથી, બાળક બની જવું, જે છે એ કહેવું, તો આત્મશુદ્ધિ થશે.

સિદ્ધર્ષિગણિ મહારાજ આગળ વધે છે,

धन्यानामार्जवं येषा-मेतच्चेतसि वर्तते।

એ ધન્ય જીવો, જેમના હૃદયની અંદર સરળતા છે, આર્જવ છે, નિષ્પાપ વૃત્તિ, બાળકપણું, જેમના મનની અંદર આર્જવ છે,

अज्ञानाद्याचरन्तोऽपि पापं ते स्वल्पपापकाः ।।

કદાચ સેંકડો ગ્રંથો ઉથલાવી જાવ અને જે અધ્યાત્મ-વિશ્વના રહસ્યો ના મળે, એવા રહસ્યો સિદ્ધર્ષિ-ગણિ મહારાજ, આ ઉપમિતિ ગ્રંથની અંદર પીરસી રહ્યા છે, તાજુબ થઈ જવાય, આફરીન થઈ જવાય, સ્તબ્ધ થઈ જવાય, મંત્રમુગ્ધ થઈ જવાય. એ ધન્ય જીવો,

જેમના મનની અંદર સરળતા છે !

સરળતા છે, ભૂમિકા સરળતાની છે, નથી કોઈ વ્યાખ્યાનમાં આવ્યા, નથી કોઈ સત્સંગ કર્યો, નથી વાચના લીધી, નથી કોઈ એવી ચોપડી વાંચી, એ બિચારાને કશી ખબર નથી.

અજ્ઞાનમાં છે, પણ છે સરળ. તેઓ કદાચ પાપનું આચરણ પણ કરે, તો પણ એમને ઓછું પાપ લાગે. બે વ્યક્તિ છે, એક વક્ર છે ને એક સરળ છે, વક્ર પણ પાપ કરે છે, સરળ પણ પાપ કરે છે. જે પાપ વક્ર કરે છે, એ જ પાપ સરળ પણ કરે છે. છતાં પણ વક્રને વધારે પાપ લાગે, સરળને ઓછું-પાપ લાગે. બંને અજ્ઞાનમાં છે જ્યારે બંને ને-જ્ઞાન આપવામાં આવ્યું, જ્યારે વક્રને કહેવામાં આવ્યું કે આ ના કરાય, તો એ વક્ર પાપની વળગી જ-રહેવાનો છે. અને સરળ ને કહેવામાં આવ્યું કે ભાઈ આ ન કરાય, આને પાપ કહેવાય તો સરળ પાપને છોડી દેવાનો છે.

હજુ સુધી એકે ને કહેવામાં નથી આવ્યું, હજુ સુધી બંને અજ્ઞાનમાં છે, બંને SAME પાપ કરે છે, હજુ સુધી બંને એકદમ DITTO-જેમાં કોઈ જ ફેરફ નથી, એવું પાપ કરી રહ્યા છે. છતાં એ બંને ની ભૂમિકામાં જે ભેદ છે, એક ને કહેવામાં આવશે તો સો ટકા છોડી દેશે, એક-હરગીઝ છોડવાનો નથી, કારણકે એ વક્ર છે. એના કારણે બંનેના પાપ બંધમાં પણ ફેર આવે છે. અજ્ઞ હોવું એ જુદી વસ્તુ છે, વક્ર હોવું એ જુદી-વસ્તુ છે. ઘોર અજ્ઞાની હોય, એ ઘોર પાપી-કરતા વધારે ખરાબ છે. ઘોર પાપી હોવું ને ઘોર અજ્ઞાની હોવું એના કરતા પણ વક્ર હોવું એ વધારે ખરાબ છે. વધારે ખાડામાં વક્ર હોય છે કારણકે એની, ખાડામાંથી બહાર આવવાની શક્યતા લાગતી નથી.

જે લોકો પ્રતિક્રમણ કરે છે, બંને બેઠા-બેઠા કરે છે, બંને પ્રમાદમાં છે, વિના કારણે

જેઠા-જેઠા પ્રતિક્રમણ કરે છે. એક વક્ર છે, એક સરળ છે, વક્ર ને કહેવામાં આવ્યું કે ભાઈ આ રીતે જેઠા જેઠા ના કરાય, તોય એ જેઠા રહેવાના છે. સરળ ને કહેવામાં આવ્યું એ ઉભો થઈને પ્રતિક્રમણ કરવા લાગશે માટે વક્ર કરતા સરળ ને ઓછું પાપ લાગે છે. વક્ર ને વધારે પાપ લાગે છે.

धन्यानामार्जवं येषामेतच्चेतसि वर्तते।

★ સરળતાની પ્રાપ્તિ એ જ ધન્યતા!
★ સરળતાની પ્રાપ્તિ એ જ ભાવ ધર્મના!
★ સરળતાની પ્રાપ્તિ એ જ મોક્ષ માર્ગની પ્રાપ્તિ!

બહારથી કદાચ મોક્ષ માર્ગ મળ્યો છે, અંદર સરળતા નથી, વક્રતા ગઈ નથી તો આપણો-ધર્મ નથી. પાપ તમારે છોડવા હોય મોક્ષ તમારે મેળવવો હોય, તો તમે આટલું નક્કી કરો, ગમે તે થાય, અમે જેટલું ભણીએ તે એનો અમલ તો અમારે કરવો જ છે. અમે જે ભણ્યું તે એ-ભણ્યા પછી પણ અમારે જે પાપ કરવું, આવું-અમારે નથી કરવું. અમે આવું કરશું તો અમે રીઢા બનશું, આવું કરશું તો અમે ધીઠ્ઠા બનશું, આવું કરશું તો અમે વક્ર બનશું ને વક્ર બન્યા-એટલે વાત પુરી થઈ ગઈ, કદાચ અમારો

અનંતકાળે પણ આરો આવશે નહિ!

જે ભુલ થઈ એની કબુલાત, એ ભુલનો કદિ બચાવ નહિ, એ ભુલનો તરત સહજ સ્વીકાર. ભુલને સુધારવાનો પુરુષાર્થ, પાપને છોડવાનો પુરુષાર્થ, એનાથી આપણું કલ્યાણ થશે. માત્ર ધર્મ શાસ્ત્રો માં નહિ, લૌકિક કાયદા શાસ્ત્રોમાં પણ, આ જ

નિયમ હોય છે. જે ધીઠ્ઠા હોય જે ભૂલ ની પણ ગુનો કરે, એની સજા વધારે હોય, જે સરળ હોય, ભૂલથી થઈ જાય, માફી માંગે ફરી ના કરે. કાન-પકડે, એની સજા ઓછી હોય છે.

વક્ર ની ભૂમિકા આ છે, મેં ચોરી કરી છે, હું તમારી વસ્તુ પાછી આપવાનો નથી, તમારાથી થાય એ કરી લો. સરળની ભૂમિકા આ હોય છે, મારાથી ચોરી થઈ ગઈ, મેં ખરેખર-ભૂલ કરી, મેં ગુનો કર્યો, મને માફી આપો. આ-બધી તમારી વસ્તુ પાછી.

સરળતા એ માણસને ગર્ફ્ફટ બનવા દેતી નથી!

ગર્ફ્ફટતા એ માણસને સરળ બનવા દેતી નથી!

વક્ર સો ભૂલો નવી કરવા તૈયાર છે, પણ એક ભૂલને કબુલ કરવા તૈયાર નથી. સરળ હોય-છે, એ સો ભૂલ કબુલ કરવા તૈયાર છે. પણ એક ભૂલનો બચાવ કરવા તૈયાર નથી.

વક્રતાથી પાપના ગુણાકાર થાય છે!

સરળતા હોય એનાથી પાપના ભાગાકાર થાય છે!

વક્રતામાં જીવ પાપથી પાછો વળી શકતો નથી. સરળતાનો અંદર જીવ પાપ માર્ગે આગળ વધી શકતો નથી. એ મોક્ષે ગયું છે, એ આત્માનું કલ્યાણ કર્યું છે, એ દુર્ગતિથી બચ્યું છે. પહેલું-કામ આ કરો અંદરની બધી જ વક્રતા કાઢી નાખો.

અને બાળક જેવા સરળ બની ભવ. સિધ્ધર્ષિ ગણિ મહારાજ ને પ્રશ્ન કર્યો કે, વાત તમારી બધી-બરાબર,

अज्ञानादाचरन्तोऽपि पापं ते स्वल्पपापकाः ।।

સરળ જીવ કદાચ અજ્ઞાનથી પાપ કરે પણ ખરા, તેમને ઓછું પાપ લાગે, તેઓ ઓછું પાપ બાંધે. પણ અમારો પ્રશ્ન એ છે, કે સરળ જીવ, જ્યારે એને માર્ગની જાણ થાય, જ્ઞાન મળે, ત્યારે હકીકત-માં શું બને ? અને સિધ્ધર્ષિ ગણિ મહારાજ એનો જવાબ આપે છે,

यदा पुनर्विजानन्ति ते शुद्धमार्गमञ्जसा ।

તે સરળ જીવો ક્યારે કોઈ સદ્ગુરુના સંગથી, કલ્યાણ મિત્રના નિમિત્તથી, કોઈ પણ માધ્યમથી શુધ્ધ-માર્ગની જાણે,

तदा विधूय कर्माणि चेष्टन्ते मोक्षवर्त्मनि ।।

ત્યારે તે સરળ જીવો, કર્મો ને વિખેરી નાખે, કર્મો ને ખંખેરી નાખે, અને મોક્ષ માર્ગ રૂપ પ્રવૃત્તિ કરે. વક્ર ને પણ ઉપદેશ આપવામાં આવે છે, સરળ ને પણ આપવામાં આવે છે. બંને ઉપર શું EFFECT થાય ? સ્થૂલથી આપણે જોયું. આજે સમય થયો છે, આગળ ચાલુ રાખીએ.

---

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

# વ્યાખ્યાન નંબર - ૧૨૫

DATE 09 02 2021

તમારો પ્રશ્ન છે, સરળ જીવો ઓછું પાપ બાંધે છે, વક્ર અને અજ્ઞાની જીવો વધારે પાપ બાંધે છે. અથવા તો વક્ર પણ અજ્ઞાનમાં છે ને સરળ પણ અજ્ઞાનમાં છે, તો સરળને ઓછું પાપ લાગે છે. તો અમે આ બધી ધર્મ ક્રિયા, તપસ્યા, આ બધા દાન, આ બધી આરાધના, વળી ગડમથલ ચાલે દીક્ષા લઈએ લઈએ, એમાં પાછો પત્નો ટુંકો પડે ને અમે મુંઝાઈએ, આ બધી રામાયણ છોડી ને અમે સરળ જ બનીએ, તો વાંધો શું છે ?

આટલો બધો જે સરળતાનો મહિમા છે. આટલું બધું જે સરળતાનું ફળ છે, તો પછી અમે સરળ બની જઈએ, આ દહેરાસર, ઉપાશ્રય, પ્રતિક્રમણ, સામાયિક પૌષધ, દાન, દીક્ષા, આ ન જાવું તો ન જાવું, એક માણસ સરળતાથી ઈંડા ખાય છે, એક માણસ સરળતાથી, માંસ ખાય છે. એક માણસ છે સાવ ખોટો ધંધો છે એનો, પણ સરળ છે, એક માણસ છે, શીલ જેવી કોઈ જ વસ્તુ એના જીવનમાં નથી, પણ એ પણ સરળ છે. વાંધો શું છે ? જે ધર્મી કરતા સરળ આગળ છે. જે ધર્મી કરતા સરળને ઓછું પાપ લાગે છે. જે ધર્મી કરતા સરળનો મોક્ષ વહેલો છે. તો અમે આજથી બધું જ છોડીને, ફક્ત સરળ બનવા ઉપર Focus કરીએ, તો અમે જે સમજ્યા છીએ એ બરાબર છે કે નહિ ? આનો જવાબ આચારાંગ સુત્રની અંદર સુધર્મા સ્વામી ભગવાન આપે છે,

ઉજ્જુપંથે વિયાહિए

જે સરળતા છે એ જ ધર્મ છે, જે ધર્મ છે એ જ સરળતા છે.

ધર્મ અને સરળતા જુદા હોતા જ નથી !

કે માણસ ઈંડુ ખાય છે, POULTARY FARMમાં મરઘીઓ ઉપર ચતો ત્રાસ, એ પંચેન્દ્રિય જીવ એને કે પેટમાં પધરાવી શકે, એ ત્રાસ, એ હિંસા, એ અત્યાચારો, એ હત્યા, એ બધાને જે - NEGLECT (અવગણવું) કરી શકે એ સરળ કઈ રીતે હોય શકે!

જે કતલખાનામાં કપાતા પશુની યાતના પ્રત્યે આંખ આડા કાન કરી શકે એ સરળ કઈ રીતે હોય શકે! જે પોતાની પરણેતર સાથે - બેવફાઈ કરે, ચોરી, છુપે, ન કરવાના કામો કરે આનાથી મોટી વક્રતા બીજુ કઈ હોય શકે! જે છતી શક્તિ એ પ્રમાદ કરે, ચાલો પ્રતિક્રમણમાં નથી જવું, આપણે T.V. જોઈ લો. ચાલો વ્યાખ્યાન-માં નથી જવું છાપુ વાંચી લો, આ તો નર્યો દંભ છે, તમારી પાસે અનુકુળતા છે, એ પણ તમારે નથી કરવું, એમાં સરળતા કઈ રીતે હોય શકે. ધંધો સાવ જ ખોટો છે, જેમાં કોઈને ઉલ્લુ બનાવવાના છે, બેવકુફ બનાવવાના છે, ખીસ્સામાં ઉતારવાના છે, અંધારામાં રાખવાના છે, હરામના-રૂપિયા કમાવવાના છે. એક પ્રકારની ચોરી જ કહેવાય. તો આને અને સરળતા ને ક્યો મેળ હોય શકે ? ફક્ત બહાર ની સરળતા એ સરળતા નથી.

તમારે પાલીતાણા જવું છે, તમે ગાડીમાં બેસી ગયા, પાલીતાણા પહોંચી ગયા, યાત્રા કરીને પાછા આવી ગયા. તમારે જવું છે, ક્યારે નીકળવું, પહેલો STOP ક્યાં, બીજો STOP ક્યાં, આગળ તમારે ક્યાં જવાનું છે. તમને

પહોંચતા પંદર દિવસ થશે, તમને પહોંચતા ત્રણ-
કલાક થયા, પણ છતા પણ જે પહોંચી જવું એમાં
ઉપેક્ષા છે, કે ટાયરની નીચે કેટલા જીવો કચડાશે?
પેટ્રોલ કઈ રીતે આવશે ને વપરાશે. ગાડીની અંદર
કેટલા જીવોની વિરાધના થશે, કોઈ માણસ વચ્ચે
આવી જાય, ગાય આવી જાય, ખિસકોલી આવી
જાય, ઉંદર આવી જાય, વાંદરો આવી જાય, કુતરો
આવી જાય, બિલાડી આવી જાય, ON THE SPOT-
એના રામ રમી જાય. બધી જ POSSIBILITY ને
ગૌણ કરીને, આપણી આપણી રીતે ક્યાંય પણ-
જવા, NOT NECESSARY પાલીતાણા જ. તીર્થ-
યાત્રા સારી છે, તમે બીજે ભવ એની કરતા લાભમાં-
જ છો. પુણ્ય પણ છે, તમારા ભાવો ને અનુસારે
પુણ્ય ના ગુણાકારો પણ છે. પણ સંપૂર્ણ સરળતા-
તો દીક્ષા માં જ છે.

આચારાંગ સુત્રની અંદર, અનેકાનેક-
આગમ ગ્રંથોની અંદર, વારંવાર એક શબ્દ મુકવામાં
આવ્યો છે.

ઉજ્જૂ ।

ઉજ્જુ એટલે ઋજુ, ઉજ્જુ એટલે સરળ, ઉજ્જુ
એટલે આર્જવ, જ્યાં સરળતા છે એનું નામ-
સાધુપણું !

જ્યાં વક્રતા છે એનું નામ સંસારીપણું !

જરૂરી નથી કસાઈ નો અર્થ એ જ જેની પાસે ધારદાર
છરી છે. જેણે પોતાના બે પગ, પશુના પાછલા
બે પગ ઉપર ભાર દઈને મુકી દીધા છે. એના
આગલા બે પગ પોતાના હાથમાં ટાઈટ પકડ્યા છે.

મેસ્થી છરી ફેરાવી ને એનું ગળુ કાપી નાખે છે એને જ કસાઈ કહેવાય, જરૂરી નથી!

AC OFFICE માં બેસીને એક હસ્તાક્ષર (SIGN) કરીને હજાર પશુઓ કરતા પણ વધારે કતલ કરી શકાય છે. એક માત્ર તમે ગાડી ની JOURNEY કરી, જેની અંદર PETROL નો USE થયો છે, એ આપણને માંસ ના બદલામાં મળ્યું છે, એનું ટીપું ટીપું ઈત્યાદી મળ્યુ છે. આવી ગાડીનો, BIKE નો, PETROL વાળા કોઈ પણ વાહનનો USE કરો, કોઈ પણ પ્રકારે વાપરવું, હું એને ક્રુર OIL કહું છું, જેને તમે CRUDE-OIL કહો છો.

આનાથી વધારે ક્રુરતા વાળુ વાહન બીજું શું હોય શકે!

તમે ELECTRICITY વાપરો, તમે જુઓ એ NUCLEAR ELECTRICITY પેદા-કરવામાં આવે છે ત્યાંના STAFF, તમે REPORT લો એક એક જણ CANCER થી મરે છે, આજુ-બાજુ ના વિસ્તારમાં CANCER નું પ્રમાણ વધી ગય છે. આપણને CORONA ના થાય એના માટે-આપણે મન પરકી દેવા તૈયાર છીએ, કોઈ ને CANCER ન થાય એના માટે, આપણે કશું-કરવા તૈયાર નથી, આપણે આંખ આડા કાન-કરવા તૈયાર છીએ તો પછી આનાથી વધારે વકરતા બીજુ કઈ હોય શકે. તમારા લીધે એક પણ જીવ કપાય નહિ, મસાલા એની ઉપર-ભભરાવાય નહિ, એ ચુલે ચડે નહિ, એ જીવનું રંધાય નહિ, જેવું જીવન તમને મળી શકે એમ છે.

તમે માધુકરી ભીક્ષાથી ઘરે ઘરેથી ગોચરી લઈને એક નિષ્પાપ, નિર્દોષ જીવન જીવી શકો એમ છો, એ જીવનની ઉપેક્ષા કરીને રોજ નજરની સામે જીવતા જીવોની કરપીણ હત્યા કરવી, રીબાવી રીબાવી ને મારવા, ઘંટીની અંદર દળી નાખવા, MIXER ની અંદર ચૂંથી-નાખવા, છરીથી કાપી નાખવા, મરી-મસાલા ભભરાવી દેવા, ચુલે ચડાવી દેવાને પછી એક કોળિયો સંસારની તૈયાર થાય, એને એ આપણે સ્વીકારી શકીએ છીએ, આનાથી વધારે વક્રતા બીજુ કઈ હોય શકે ! તો

હું કહું છું પરસ્ત્રી ગમનની વાત નથી, સ્વસ્ત્રી સાથે, વિષય સેવન સાથે પણ, અસંખ્ય જીવોની વિરાધના આગમની અંદર બતાડી, અસંખ્ય - સમ્મૂર્છિમ જીવોની વિરાધના, સંખ્યાતા વિકલેન્દ્રિય જીવોની વિરાધના, બે ઈન્દ્રિય જીવોની વિરાધના, આગળ વધીને, બે થી નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય જીવો ની વિરાધના એક વખતના વિષય સેવનમાં છે, ને છતાં આ જ્ઞાન હોવા છતા, માત્ર વિષય સેવનની તાત્કાલિક - વિરાધના છે, આજ વિષય સેવન જેનાથી આખો પરિવાર ઉભો થાય છે, ઘર ઉભુ થાય છે, ધંધો ઉભો થાય છે, કાળા- ધોળા ઉભા થાય છે, લોહીએ ખરડાયેલો પૈસો ઉભો થાય છે, છતા આ બધાની અપેક્ષા કરીને, આપણે આપણી વિષય તૃષ્ણા ની પૂર્તિની જ અપેક્ષા રાખતા હોઈએ તો આમાં પણ વક્રતા નહિ તો બીજું શું છે ?

હજી ની દ્રષ્ટિએ સાધુનું જીવન અટપટું લાગશે, કદાચ મહાત્મા બહિર્ભૂમિ એ બહાર જાય છે, તમારે ઘરની અંદર કામ પતી જાય છે. તમને લાગે કે આમનું કામ વાંકુ ચૂંકુ ! ઘણાની ભાવના હોય કે આટલો

PROBLEM ના હોય ને તો હું પૌષધ કરી લઉં. ઘણા
ની ભાવના હોય છે કે મે આટલું ના હોય ને તો
હું દીક્ષા લઈ લઉં. આ એક અઘરુ લાગે છે,
વાંકુચુંકું લાગે છે. ABNORMAL લાગે છે,
ભલે આપણા બાપ-દાદા જૂના હતા ગામની બહાર
અંતરે. બહુ જ AUCKWARD (અજુગતું) લાગે છે.
પણ આપણે જે વિકલ્પ અપનાવ્યો, એ વિકલ્પની
અંદર, મુંબઈમાં રોજના જે માણસ, આ વિકલ્પ-
ના કારણે મોત ને ભેટે છે. આજ સુધીમાં -
હજારો - હજારો સફાઈ કામદારો, તમે અપનાવેલા
આ વિકલ્પના કારણે, મોતને ભેટે છે. એ -
અંદર સફાઈ કરવા નવ ફુટ ઊંડી ગટરમાં તે ઉતરે
ગળા સુધી અંદર એ ડુબેલા હોય, ઝેરી ગેસ
છુટે ગયે ત્યારે, એ ઉતર્યા પછી બહાર આવશે
કે નહિ એ નક્કી ના હોય, બહાર આવશે તો
જીવતો આવશે કે નહિ એ નક્કી ના હોય,
ચામડીના એને ભાત ભાતના INFECTION થાય,
ભાત ભાતના રોગો થાય, કેટકેટલી એને તકલીફો
થાય. એ એનું આયુષ્ય પુરુ ના કરે. એનું ઘર
મે એને એના ઘર તરીકે વાપરવું છે તો એની
જગ્યાએ એ એના ભણેલા-ગણેલા દીકરાને પણ
એ જ નોકરી કરવી પડે, મજબુરીથી પણ. દેશની
અંદર કાયદો આવ્યો તમે કોઈનું મેલું માથે-
ઉપાડી ના શકો. દેશની અંદર એક કાયદો
આવ્યો કે, અનુસુચિત જનજાતિ એના પ્રસિધ્ધ-
નામથી, હવે કોઈએ પણ એમને બોલાવવા-
નહિ. તમે બજાર હોય કે ના હોય, ત્યાં એમની
જાતિનું લોક પ્રસિધ્ધ નામ બોલો, અથવા લખો,
તો એ ગુનો બને, તમને સજા થઈ શકે,
કેદ થઈ શકે. માનવતા, એ જાતિ આજે-

બદનામ થઈ ગઈ, નામ આખેખું બદનામ થઈ ગયું,
તમારી તે-તે જાતિનું નામ લેવું નહિ, લખવું નહિ,
એના સારા-સારા સુધરેલા નામો, એનો ઉપયોગ
તમારે કરવો. તમે દેવી-પૂજન કરી શકો, તમારે
પ્રાચીન નામ નહિ બોલવાનું. આવા કાયદા! એ-
પણ માણસ છે એના માથે મેલું નહિ ઉપડાવવાનું.
કોઈની પાસે હાથે કે માથે તમે મેલું ઉપડાવો-
એ ગુનો બને, એવું બિલકુલ નહિ ચાલે.

ગામડાની અંદર લોકો બહાર જતા,
જે બહાર ન જઈ શકે એમના માટે વ્યવસ્થા ડબ્બાની
હતી, ઘરની બહાર ડબ્બો મુકી દે, પેલા આવીને
લઈ જાય, વજન હોય ફાવે નહિ તો માથે ય લઈ જાય.
જેમ ફાવે એમ લઈ જાય, આ જાતિ પર આવો
અત્યાચાર જુલમ દેખાયો, આ બધા કાયદા આવી
ગયા, આ બધું નહિ ચાલે, કોઈની પાસે આવું નહિ
કરાવવાનું, નહિ કરાવવાનું તો બરાબર, પણ હવે એ
બિચારા કરશે શું? અને ખાશે શું? ચાલો ત્યાં
સુધી પણ અટકે તો વાત જુદી હતી. એની પાસે
કશું ઉપડાવાય નહિ, પણ એને એમાં ડુબાડી દેવાય
બરા! અને એ બિચારો આખી જિંદગી આ કામ
કરે, આના કરતા વધારે અત્યાચાર. પેલું તો એનો,
કશો હાથે બગાડવાના ન હતા, લઈને હાથે બહાર
નાખી આવે, એની એ રોજી હતી, એ જાતિ એમાં
કમાતી હતી. એ જાતિના રોજગાર તોડવામાં આવ્યા,
એને પાછુ અનામત આપવામાં આવ્યું, એને પાછા
બધાના માથે ચડાવવામાં આવ્યા, અને એ બિચારી
જાતિ પાસે આ બધી સુજબુજ હોય નહિ, એટલે દેશી
વધારે ખાડામાં જાય. કોઈ PRIVATE COMPANY
આખું કશું અનામત રાખશે નહિ! કારણકે એમને

બજાર છે કે અમારે અમારી COMPANY ને ફાયદા-
માં ઉતારવી નથી. કોઈ LADIES અનામત નથી,
કોઈ અનુસુચિત જાતિ અનામત નથી. મુળ વાત
ઉપર આવું. વાંધો શું છે ? તમે તમારા ઘરે
TOILET માં જઈ આવો આ વધારે વાંધો ? કે
મહાત્મા છે, જિનાજ્ઞા અનુસારે, ઔચિત્ય અનુસારે
જ્યાં યોગ્ય ભુમિ મળે. અયોગ્યતા ની વાત નથી,
અયોગ્ય ભુમિમાં જવું એ પણ વડતા છે. અને-
જ્યાં એવી જગ્યાઓ નથી, ત્યાં રહેવું જ ના જોઈએ
ને રહેવું હોય તો ઉચિત વ્યવસ્થા કરવી જોઈએ, આ
બધું પણ આગમોમાં લખ્યું છે. પણ મુળ વાત-
તમને પધ્ધતિ જ ના ગમે, પધ્ધતિની જ સુગ-
હોય, અને તમને લાગે છે કે ભાઈ આપણે તો
આ રીતે જઈ આવ્યા, ભારતમાં સાડા છ લાખ
ગામડાની અંદર લાખો વરસોથી આ પધ્ધતિ-
હતી નહિ, ચાલો બહાર પણ ના જઈ શકે,
બાળ કુવા હતા, સુકા જાડા હતા, એની અંદર જતું
રહે, ઓલામાં તો માણસો તો મરે, નદી નાળા-
પ્રદુષિત થાય, આગળ વધીને દરીયો પ્રદુષિત
થાય. ભારતના કિનારાનો, પાંચ કિલોમીટર-
સુધી નો દરીયો, એ આવા ભાતભાતના પ્રદુષણો
થી પ્રદુષિત છે, પાણીનો OXYGEN મરી ગયો
છે. જેને DEAD WATER કહેવાય. અને
DEAD WATER ની અંદરના લાખો- કરોડો
જળચરો મરી જાય. કારણકે એ શ્વાસ અંદર-
ના લઈ શકે. તો શું આને વડતા ના કહેવાય?
બહુ મનોમંથન કરો કે સરળતા શું છે ને, વડતા
શું છે. આપણી દીક્ષા નો એક ઉંચી વસ્તુ
સમજુ સાધુતા ને બધી વસ્તુ સમજુ. જિનાજ્ઞા
આપણને બધી મળી. આપણે એમ માનીએ

DATE

છીએ કે બસ આપણે સંસારમાં રહીશું, બહુ પાપ નહિ કરીએ, SIMPLE બનશું, સરળ બનશું, અને બારનું પણ એ કરવું હોય તો દીક્ષા સિવાય વિકલ્પ જ નથી.

અમારા ગુરુદેવ ઘણી બધી વાર વાચનામાં કહે કે, પહેલા લોકો પણ બહાર જતા, અને હવે ભયંકર આ બધા પાપો, બાથરૂમ નાનાસા શરૂ થયા. જે ગટર લાઈન આખી તમે જુઓ, એની અંદરની જીવોત્પત્તિ, એની અંદરની વિરાધના, પીવું ભય પાણીમાં, તદ્દન ખોટી પદ્ધતિ, સામાજિક-રીતે, પર્યાવરણ દ્રષ્ટિએ, જીવ અનેક રીતે, માનવીય-દ્રષ્ટિએ, આર્થિક દ્રષ્ટિએ, બધી દ્રષ્ટિએ તદ્દન-ખોટી પદ્ધતિ! આટલા ડબલામાં તમારા બાપ-દાદા-જઈ પણ આવતા ને વચ્ચે પગ પણ ધોઈ લેતા. આજે એવા પચ્ચીસ-પચાસ ડબલા તમે ઢોળી નાખો, એટલું દુનિયામાં પાણી જ નથી. તમારી ત્રીજી પેઢી પાણી વગર રઝળશે એવી SYSTEM ની અંદર તમે જીવી રહ્યા છો.

રાજસ્થાનની દીકરી, ઘરથી દસ ડગલા દુર જઈને, ઘરના બધા વાસણો એક ટીપું પાણીનું વાપર્યા વગર, ચકચકાટ કરીને, ધુળમાં, રેતીમાં ધોઈને પાછી એ ત્યાં આવી જાય. તમારી પદ્ધતિ-DETERGENT માં ગઈ, એનું ઝરનું બધું ફીણ, એની પાછળ એટલો પાણીનો મારો, કપડા ધોવા છે, એટલો પાણીનો મારો, WASH ROOM જવું છે એટલો પાણીનો મારો, હાથ પગ ધોવા છે, એટલો પાણીનો મારો. બાથરૂમમાં તમે જાવ, એટલો પાણીનો મારો, હવે તો પાણી જ નથી રહેવાનું. માણસ ગાંડો થઈ ગયો છે. દરેક વસ્તુ સાથે ભયંકર વિરાધના જોડાયેલી

classmate

છે. દરેક વસ્તુ સાથે ભયંકર વક્રતા જોડાયેલી છે, એની પછી આ બધા SUCKSUTION PUMP થી-CHOK UP થયેલી ગટરો ને ખેંચીને સાફ કરે અંદર આખું તમારી અશુચિથી ભરાયેલું હોય! એનો એક ઉપયોગ જે ચાલુ કર્યો કે, ભાઈ બધું ખેતરમાં ઉતારી દો, એને સોનખાતર કહેવાય, જે માનવમળમાંથી બને. અને જે માનવમળ-ખાતર તરીકે કામ લાગે. ખેતરમાં પાક વધારે-આવે, ખેડુત પણ રાજી થાય. પૂર્વ કાળની અંદર ખેડુતો પડાપડી કરતા, ગામની અંદર ખેડુત એના ઓળખીતા-પાળખીતા ને કહે કે તમારે અમારા-ગામ ની અંદર જ જવાનું. વાત સમજાય છે-તમને!

આની બદલે સ્વચ્છતા... સ્વચ્છતા... સ્વચ્છતા... એટલું માથુ ખરાબ કરવામાં આવ્યું કે એના ખેતર ની બહાર પણ કોઈ જાય તો ય એ નાક-ચડાવે. એના જ દાદા જે પડાપડી કરતા હતા કે-અહિંયાં જ જવાનું! હવે ઘણા ખેડુતો ને ખબર છે કે આ બહુ જ કામનું છે, પાક વધારે સારો થશે, મારા ખેતરમાં જો આ બધું ખાલી કરી દેવામાં આવે તો બહુ જ સારું, શહેરમાં તો ખાલી કરાય એમ નથી. ચાલો ભાઈ ખેતરમાં ખાલી કરીએ ને ખેડુત ખુશ થાય, ખેડુતો ને અનુભવ થયા. તમે જે એસિડોથી, જે CLEANERS થી, તમારી ઘરની જમીન, - WASHROOM, BATHROOM, CLEAN (સાફ) કરો છો. એટલા બધા ભયાનક જે બધા પ્રવાહીઓ હોય છે. એ એની અંદર જાય, નદી, નાળામાં જાય, દરીયામાં જાય, તમે જે હવાઓ લો છો એ હવા એટલી બધી હાનિકારક, તમારા શરીરને તો

નુકશાન કરે, તમારી અશુચિ એની અંદર હવાના રસ્તે ગયા ને એ પાકને નુકશાન કરે. CLEANERS, એસિડો, એ પાકને નુકશાન કરે એ ખેડુતો ના પાડવા લાગ્યા, કે આ તમારા શહેરોની ગટરો જે ખાલી કરવામાં આવી એ અમારા ખેતરોમાં ખાલી કરશો નહિ. તો વિકલ્પ બચ્યો માત્ર ગટરો, ગટરો ગય નાળાઓમાં, નાળાઓ-ગય નદીઓમાં, નદીઓ બધી પ્રદુષિત, પાણી ગયું કામથી. ગયા વરસની વાત છે. RIVER FRONT- જ્યાં પુરુ થાય ને, આગળ જ્યાં જંગલ છે એ AREA માં મારે જવાનું થયું, ને ત્યાંથી પાછો આવતો-હતો ત્યારે એક શાક વાળો મારી સાથે- સાથે એ જ દિશામાં જતો હતો, એની સાથે થોડી વાત થઈ, બરા-બર નદી ને અડીને એ લોકોની વસ્તિ, મેં કીધું કે તમે નદીનું પાણી ઉપયોગ લો, એ કહે કે નદીનું પાણી એકદમ ગંદુ છે. અમારે ત્યાં એક કુવો છે ને એ કુવાનું પાણી અમે ઉપયોગમાં લઈએ છીએ. RIVER FRONT નથી, ગટર ફ્રન્ટ છે. તમે નજીક થી ચાલતા હશો તમને વાસ આવશે. આ એક નદી-ની વાત નથી, ભારતની MAXIMUM નદીઓ, પછી એ ગંગા પણ કેમ ના હો, એની અંદર એટલું બધું પ્રદુષણ, એટલું બધું INFECTION, એટલા બધા CHEMICAL DUST, FACTORY ના, અમે વિહારોમાં-ગયે છે, લાલ ને પીળા ને કાળા એવા પાણી વાળી-નદીઓ વહેતી હોય, એવા નાળાઓ વહેતા હોય છે, હું કહું કે એ બધું ક્યાં જવાનું ?

સંસાર એટલે વહેતા !

સંયમ એટલે સરળતા !

DATE

તમે આપી કોઈ મહાત્માને આ એસિડ છે ને - આનાથી બહુ સાફ થઈ જાય છે, મહાત્મા કહેશે અમારે કામ નથી. કદાચ તમને લાગે તમારો સંસાર બહુ સોહામણો, તમારો DRAWING ROOM, તમારો સોફો, તમારી WALL, તમારો FLAT, તમારો બંગલો, તમારો WASHROOM, રસોડા - તમારા નાના ઘણા થાય છે, બાથરૂમ તમારા મોટા થતા જાય છે.

## સમજુ લો બધું જ ફેંકવાનું છે !

એક સપાટો તમે જરા ઉંઝેડી ને બેસો તો તમારી થીસ પડી જશે, એવો તમારા સંસારનો હરેક - SQUARE FEET છે. સરળતા શું છે ?, કોઈને તકલીફ ના પડે માટે જાતે તકલીફ ઉઠાવી લેવી, આનું નામ સરળતા. એક જીવની પણ હિંસા જ્યાં દેખાય, ત્યાંથી પાછા ફરી જવું આનું નામ સરળતા. ભગવાને જે માર્ગ બતાડ્યો કે આજ સર્વ દુઃખ મુક્તિ - નો માર્ગ છે. સર્વ પાપ મુક્તિ નો માર્ગ છે. સર્વ હિંસા મુક્તિ નો માર્ગ છે. સર્વ દોષ મુક્તિનો માર્ગ છે. આપણી બધી જ પકડ છોડીને, એ માર્ગે ચડી જવું, આનું નામ સરળતા !

ઘણા ની એવી દલીલ હોય છે કે સાહેબ, અહિંયા ભારતમાં બધા લુચ્ચા, લફંગા, ઠગ, છેતર પીંડી કરનારા લોકો હોય છે. વિદેશમાં લોકો બહુ જ સરળ ! અમે ગ્યા હતા, એમનો વ્યવહાર એટલો સરસ ! એમની વર્તણુક એટલી સરસ, એવા લોકો ને એક પુસ્તક SUGGEST કરુ છું, અમેરિકા જતા પહેલા, અને આ પુસ્તક-

DATE

ની અંદર, અમેરિકા અને સાથે સાથે યુરોપ વગેરે દેશો-
ની અંદરની પરિસ્થિતિ નું વર્ણન છે. આપણી માત્ર-
બહારની સફાઈ જોઈએ છે. તમે AIRPORT પર-
ગયા તમને SMILE મળી ગયું, તમે કોઈ SHOPમાં
ગયા ત્યાં તમને SMILE આપી ને આવકાર આપવામાં
આવ્યો, સારો વ્યવહાર તમારી સાથે કરવામાં આવ્યો.
તમે જોયું કે આ છાપા નો બધા એમને એમ પડ્યા-
હતા, લોકો ડોલર નાખી, કોઈ માણસ હતું નહિ ને-
છાપુ લઈને જાય આટલી બધી પ્રામાણિકતા. તમે-
જોયું કે રસ્તા ઉપરથી ગાડી જતી હતી, ફુલ સ્પીડમાં
હતી ને સામેથી એક પંખી આવી ને રસ્તા ઉપર બેઠું,
અને ગાડી ઉભી રહી ગઈ, પાછળ બીજુ, પાછળ ત્રીજુ,
પાછળ ચોથી, પાછળ પાંચમી ને મોટી લાઈન પચ્ચીસ-
ગાડીઓની લાગી ગઈ, અને એ પંખી જ્યાં સુધી ત્યાં
રહ્યું ત્યાં સુધી કોઈએ ગાડી ચલાવી નહિ, જબરદસ્ત-
સરળતા !

પણ એ જ ગાડીવાળા એ આગળ જઈને
એક માણસે, ઘરે જઈને, એક પંખીની ડોક મરડીને
એને મારી ને પકવી ને ખાઈ લીધું. તો પછી પેલી
એની વર્તુળક એ વક્રતા હતી કે સરળતા હતી ?
ત્યાં ત્રણ વાગે SIGNAL પર, રાતે કોઈ TRAFFIC
POLICE ન હોવા છતા, પણ ગાડી ઉભી રહી જતી હોય
ને અહિંયા ધોળે દિવસે સિગ્નલ તોડી ને લોકો-
દોડતા હોય. હું તમને પુછુ છું કે એક સિગ્નલનું
બંધન તોડી નાખવું, આ વધારે અશિસ્ત છે કે,
લગ્ન નું બંધન તોડી નાખવું આ વધારે અશિસ્ત છે.
એક ભાઈ અમેરિકા જઈ આવ્યા, એક ભાઈ અહિંયાથી
જવાના હતા એ ભાઈ ને સલાહ આપી કે ત્યાં તમને
કોઈ પણ નર અને માદા ભેગા દેખાય, તો એ પતી-પત્ની

DATE

છે એવી અત્યાચારી કલ્પના કદી ના કરતા. ભારતમાં લોકો ક્યાંક રસ્તા ઉપર થૂંકે છે. ત્યાં લોકો મા-બાપ ઉપર થૂંકે છે. વધારે અશિસ્ત ક્યાં છે, વધારે વફના- ક્યાં છે, જાહેરની સફાઈ છે, અહીંયા FACTORY નો માલિક હોય એ બંધ કરવાના સમયે જઈ શકે. જો પોતે ના જાય તો જ FACTORY ચાલતી રહે. તમે ઓફિસે ના જાવ, STAFF બરાબર કામ કરતો રહે, POSSIBLE છે. ત્યાં આ POSSIBLE જ નથી, BEFORE TIME તમારે નીકળવાનું છે, AFTER TIME તમને છુટ્ટી મળે, એ સિવાય તમે બે-ઉપેક્ષા કરો તો તમારું બધું જ જતું રહે. ત્યાંની વ્યક્તિ એ મને આવીને કહ્યું છે, કે અમે એકલા-હાઈજે છીએ.

જેને નવ મહિના પેટમાં સાચવ્યો, જેને નરકની પીડા વેઠીને જન્મ આપ્યો, એ છોકરો મા-બાપને ગાળો આપતો થઈ જાય, બાર-ચૌદ વર્ષ પછી ઘરમાં હોય તો આશ્ચર્ય ગણાય. આ CULTURE ને CULTURE જ ના કહેવાય. - આનાથી વધારે વફના, મા-બાપ આખી જિંદગી - દીકરાનું નામ લીધા કરે અને દીકરો બાર મહિને બાર વાર પગ મોઢું ના બતાડતો હોય, ને મા-બાપ મરી જાય તો એ કોઈ પડી ના હોય, બહુ બહુ તો એક ફોન કરીને વ્યવસ્થા થઈ જાય, ઘરેથી DEAD BODY નીકળી જાય, અને છોકરો OFFICE માં જ બેઠો રહે, આને સફળતા કહેવાય ?

અમેરિકા કરતા લાખ ગણી સરળતા ભારતમાં છે!

અને ભારત કરતા, ભારતના ગૃહસ્થ

ધ્રુવન કરતા, લાખ ગણી સરળતા, કરોડો ગણી સરળતા, અનંત ગણી સરળતા, ભગવાને બતાવેલા સાધુતાના માર્ગમાં છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણી સામે સરળતાનું ચિત્ર રજુ કરવા માંગે છે. સરળની ભૂમિકા- શું હોય છે ?

यदा पुनर्विजानन्ति ते शुद्धमार्गमञ्जसा ।

ભલે અત્યારે કદાચ અજ્ઞાનમાં છે. પાપમાં છે પણ જ્યારે જે જાણે. સરળ જીવે શુદ્ધ માર્ગ મળ્યો,

तदा विधूय कर्माणि चेष्टन्ते मोक्षवर्त्मनि ।

ત્યારે બધા જ કર્મોને વિખેરીને, મોક્ષ માર્ગે તે જીવો ચાલવા લાગે છે. સરળ એ છે જે પાપ કરતો નથી, એનાથી પાપ થઈ જાય છે. વક્ર એ જે પાપ કરે છે, એટલું જ નહિ, એને પાપ કરવું હોય છે.

બે ભાઈઓ હતા, બંને ભાઈઓ ગામથી બીજે ગામ જવા નીકળ્યા છે, રસ્તા પર ચાલી રહ્યા છે, આજુબાજુ ખેતરો છે, સુરજ તપી રહ્યો છે, નીચે ધુળિયો- રસ્તો છે, બંને ભાઈના પગલા પડી રહ્યા છે, બંને- જણ ઝપાટા ભેર નીકળ્યા છે. થોડું આગળ નીકળ્યાને એ સમયે એક ખેતર ખુબ જ નજીક આવ્યું, ને ત્યાં એક ખેડુત કામ કરતો હતો, અને ખેડુતને શું સુઝ્યું ને ખેડુતે બુમ પાડીને કહ્યું, અલ્યા ક્યાં જાવ છો ? મોટા ભાઈએ કહ્યું કે અમારે તો રામપુરા- જવું છેને ખેડુતે તરત કહ્યું કે આ રામપુરાનો રસ્તો નથી. તમે અડધો કિલોમીટર આગળ આવી ગયા છો અડધો કિલોમીટર પાછળ જાવ, અને જમણા હાથે જે રસ્તો આવે તે, એ રસ્તે જજો, આ તમે ઢોંટામાં ગોટે ચડી ગયા છો. નાના ભાઈએ મોટા ભાઈને-

classmate

કહ્યું કે ચાલ આપણે પાછા જઈએ ને ત્યાંથી જતા રહીએ, મોટાભાઈ કહે એક મિનિટ, પહેલા મને બરાબર પુછી લેવા દે. આ રસ્તો પણ આગળ તો રામપુરા મળી જ જશે ને, પેલો ખેડુન કહે કે ના આ રામપુરાનો રસ્તો નથી. પણ આગળ વધી ને આમ વળી ને ના પહોંચી જવાય ?, ખેડુને કહ્યું કે એ તો તમને બહુ ફેરમાં પડે. નાનો ભાઈ, મોટાભાઈ ને કહે છે આ એટલું થોડું તો કહે છે, આટલી વારમાં તો આપણે સાચા રસ્તે ચડી જશું, આટલો સમય બગાડીએ છીએ એની કરતા હાલો ને આપણે પાછા ફરી-જઈએ. મોટા ભાઈ કહે એક મિનિટ, કેટલો ફેર પડે ભાઈ ?, ખેડુત કહે કે મને ખબર નથી, હું તો કદી એ રસ્તે ગયો નથી, પણ કેટલો ફેર પડે એ તો ખ્યાલ હશે ને ?, ભોલા-નાના ભાઈ કહે કે ચાલો ને આપણે સાચા રસ્તે ચડી જઈએ, એ કહે તો છે કે ફેર પડે છે. મોટા ભાઈ કહે કે આમ કેટલો ફેર પડતો હશે. ખેડુત ભાઈ કહે કે એ રામપુરાનો રસ્તો નથી, એ રસ્તે તો હું કદી રામપુરા ગયો નથી, એ દેવપુરા નો રસ્તો છે. મોટા ભાઈએ કહ્યું તો એ-બેહાકે કેટલો ફરક પડતો હશે, ખેડુતે વીચારીને કહ્યું કે ત્રણેક ગાવનો ફરક પડતો હશે, નાનો ભાઈ છે, આશાનું અંજન આંજીને હવે મોટા-ભાઈ સામે જોઈ રહ્યા છે, હવે તો મોટા ભાઈ-પાછા ફરશે. અને મોટાભાઈ કહે છે, ચાલ-આ જ રસ્તે જઈએ ત્રણ ગાવ નો ફરક કાંઈ મોટો ફરક ના કહેવાય.

ખુબ થાકવા તૈયાર છો, ડાંફવા

તૈયાર છો, તડકો જમવા તૈયાર છે, ભૂખ તરસ સહન કરવા તૈયાર છે. પણ પોતાની ભૂલ કબૂલવા તૈયાર-નથી માટે આ રસ્તો ખોટો છે એ માનવા તૈયાર-નથી. અને ત્યાંથી પાછો ફરવા તૈયાર નથી.

## વક્ર પાસે શુશ્રૂષા જ નથી કે કોઈને પૂછે.

વક્ર પૂછે તો પણ ખોટી સમજથી પૂછે, પેલા એ જે કહ્યું એને સ્વીકારી લેવું, ઝીલી લેવું, એ વક્રના ગજા બહારની વાત હોય છે. સરળ જીવ પાસે એ શુશ્રૂષા છે, જે પૂછી શકે છે, સાંભળી શકે છે, સ્વીકારી શકે છે, સમજી શકે છે, ભૂલ કબૂલી શકે છે, રસ્તો પોતાનો બદલી શકે છે. ષોડશક પ્રકરણની અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

शुश्रूषा चेहाद्यं लिङ्गं खलु वर्णयन्ति विद्वांस: ।

તમારી સાધના માર્ગે આગળ જવું છે, તમે મોક્ષ યાત્રી છો. તમે સાધક છો, આનું તમારું [illegible] પહેલું લક્ષણ કયું. હરીભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે, શુશ્રૂષા, તમારી અંદર જો શુશ્રૂષા છે, તો તમારી અંદર એ લક્ષણ છે, તમે ખરા અર્થમાં યાત્રી છો.

श्रोतुमिच्छा शुश्रूषा ।

સાંભળવાની ઈચ્છા, સાચી તત્ત્વ ઈચ્છા, ઝીલી લેવાની તત્પરતા, સુધરવાની મક્કમતા, આ જો તમારી પાસે છે, તો તમે સરળ છો, તો તમે મોક્ષ યાત્રી છો, જો તમારી અંદર શુશ્રૂષા છે.

## વક્ર પાસે શુશ્રૂષા હોતી જ નથી !

મારે સાંભળવું જ નથી, મારો રસ્તો ખોટો હોય શકે જ નહિ, તમે કોણ મારી ભૂલ-

જતાવનારા, તમે કોણ મારો રસ્તો બદલાવનારા,
મને બધી જ ખબર પડે છે, આ વક્રની ભૂમિકા!
મોટાભાઈ છે જે સમજવા માંગતા નથી, આ-
રસ્તો જ સાચો છે. હું હરગીઝ પાછો ના ફરું,
આ મોટાભાઈ ની ભૂમિકા !

નાના ભાઈ સરળ છે, એમની પાસે
સરળતા ની ભૂમિકા છે,

## વાત સ્વીકારવાની સજ્જતા છે!

વાત સમજવાની સરળતા છે. રસ્તેથી પાછા ફરવાની
તૈયારી છે. આપણી દલીલ આટલી જ છે, શાસનની
બધી જ વાત સાચી, પણ અમે એક દસકા, બે
દસકાથી જે ઓફિસ જમાવી, ધંધો અમારો ધીકતો
ચાલવા લાગ્યો, નોટો અમે છાપી શકીએ છીએ,
લગ્ન અમે કરી લીધા, છોકરા અમે પેદા કરી દીધાં,
ઘર અમે વસાવી લીધું, છોકરાઓને અમે ઉછેરી
રહ્યા છીએ, સંસારના માર્ગે અમે ઘણા આગળ--
આગળ-- આગળ-- આગળ-- આગળ વધી ગયા
છીએ. આગળના ઘણા બધા PLANNINGS -
સુધ્ધા અમે બનાવી દીધા છે. હવે તમે અમને
સમજાવો, કે આખો સંસાર ખોટો, પરિવાર-
ખોટો, ધંધો ખોટો! સાહેબ આ શ્રાવક-
પણાથી પણ આગળ મોક્ષ તો આવી જ ગયને-
સાહેબ! સાહેબ અમે આટલું બધું કરીએ જ
છીએ ને, અમે સામાયિક કરીએ, વ્યાખ્યાન સાંભ-
ળીએ, ઉકાળેલું પાણી પીએ, પૂજા કરીએ,
શ્રાવક પણું સાચું છે એની વાત સાચી, પણ
આ સંસાર ખોટો છે, ને શ્રાવક પણું પણ એજ

DATE

સાચું, જ્યારે સંસાર ખોટો લાગે. શ્રાવકપણું પણ એ જ સાચું જ્યાં સંયમની ઝંખના હોય, શ્રાવકપણું પણ એ જ સાચું, જ્યાં વહેલા માં વહેલી તકે - RETURN થઈ જવાની, સાચો રસ્તો પકડવાની તૈયારી હોય. શ્રાવકપણું એ સાચુ જે કેડી રૂપ હોય ને - કેડી આગળ HIGHWAY ને મળી જાય ને ઓલા - વિચારે કે કેડી જ મોક્ષે પહોંચાડી દે તો, એ તો કેડીનું ગજું જ નથી. કેડી કેડી છે. HIGHWAY - HIGHWAY છે, કેડી OVERALL HIGHWAY ની નજીક ચાલી શકે ત્યાં સુધી તો ના નથી પણ તમારે - એ કેડી છોડવી નથી, તો

## મોક્ષ થવો શક્ય જ નથી!

મોટાભાઈ પાસે અક્કડતા છે, મોટાભાઈ પાસે સજ્જતા નથી. એ ભુમિકા નથી કે એ વાત ને સમજી શકે. વાત ને સ્વીકારી શકે.

## વક્ર જીવ બધી રીતે હેરાન થવા તૈયાર છે!

વક્ર જીવ એની આ ભુમિકા છે, મેં પકડ્યું એ સાચું! મેં પકડ્યું એ હું છોડું નહિ, પછી ગમે તેટલું - નુકશાન થાય એ સહન કરવા હું તૈયાર છું, દુર્ગતિ - જવા તૈયાર છું, નરક - નિગોદમાં જવા તૈયાર છું. મેં પકડેલું હું છોડી શકું, એ શક્ય નથી. મોટાભાઈ - જ્યારે પ્રશ્ન કરે છે ને પેલા અર્જુનને, એના મુળમાં તત્વ જિજ્ઞાસા નથી હોતી, મોટા ભાઈ નો ભાવ પ્રશ્ન કરવા દ્વારા મને સત્ય મળે એ નથી હોતો, મોટાભાઈ - નો ભાવ એ છે, કે મને અપેક્ષિત જવાબ મળી જાય - ને મારો રસ્તો સાચો ઠેરવાઈ જાય. મોટાભાઈ ને

સત્ય મળવું નથી, પણ પોતાનું પકડેલું, માનેલું સત્ય, જેને પ્રમાણિત કરવું છે. જ્યારે અપેક્ષિત-જવાબ ના મળ્યો ત્યારે પ્રશ્નો વધતા ગયા. છતા પણ પોતાનું સાચું ન ઠેરવી શકાયું ત્યારે ત્રણ ગાયના ઢેરને ખોટું પ્રમાણપત્ર આપી દેવાયું, અને ત્રણ ગાયનો ઢેર તો ઢેર છે જ, ધારોકે ખોટો હોય, તો એ ઢેર તો છે જ, એનું શું ? આ ગર્ભિત પ્રશ્ન ને ભીનો સંકેલી લેવાયો. અને જેકુન જે વચ્ચે બોલ્યા, વાર્તાલાપ થયો, જે પણ થયું, મેં જે રસ્તો પકડ્યો એ જ સાચો છે, એવા મિથ્યા સંતોષ સાથે, મોટાભાઈએ આગળ ચાલવાનું નક્કી કર્યું.

વક્ર જડ વ્યાખ્યાનમાં આવે છે, જિનવાણી સાંભળે પણ છે, ક્યાંક પ્રશ્ન પુછે પણ છે. પણ એનો ભાવ જે પ્રશ્ન છે એના દ્વારા-સત્ય પામવું એ નથી હોતો, પણ મેં જે પકડ્યું છે, એ જ સત્ય છે. એવું સાબિત કરવાનો પ્રયાસ-હોય છે. પ્રશ્ન કરી કરીને વક્ર છેલ્લે પોતાના-સંસારને ખોટા પ્રમાણપત્રો આપી દેવા માટે મથે છે. સંસારના અઢાર પાપસ્થાનકો નું શું ? સંસારની ભયંકર હિંસા નું શું, ડગલે ને પગલે તમે માયા-પ્રપંચ કર્યા વગર, જીવોના કચ્ચરઘાણ વાળ્યા-વગર, સંસારમાં એક પણ દિવસ કાઢી શકો, એવી શક્યતા જ નથી, એ પ્રશ્નનું શું, એ પ્રશ્નને ભીનો સંકેલી લેવામાં આવે છે. અને-આપણે પણ મોક્ષ માર્ગે જ ચાલી રહ્યા છીએ, આપણને પણ મોક્ષ મળવાનો જ છે, આપણો, સંસાર સાચો જ છે, દુકાન સાચી, ધંધો સાચો, પરિવાર સાચો, આ વિષયો સાચા, આ બધા-

પાપી સાચા, આવા મિથ્યા સંતોષ સાથે આપણે - આપણા રસ્તે ચાલી રહ્યા છીએ.

નાના ભાઈએ, મોટાભાઈને કહ્યું, ચાલ-ને ભાઈ આરતું ચોક્ખું કહે છે, મગ ગાવનો ફેર છે. ચાલને પાછા જઈને આપણે એ રસ્તે ચડી-જઈએ, મોટાભાઈએ સ્પષ્ટ કહી દીધું, તારે જવું હોય તો જા, મારે જાવવું નથી. હું આ જ રસ્તે-જવાનો છું. એક કહેવત છે,

મિયાં પડ્યા તો એ ટંગડી ઊંચી!

એક આગ્રહ છે, એક જીદ છે, સરળ તરત વળી-જાય છે. વળવું એ વક્રના ગમ બહારની વાત હોય છે, હું તમને કહું છું, તમારી મનને પુછો, ગુરુ પણ તમને જ્યારે ગમ્યા હોય છે, ત્યારે તમારી ભુલ-બતાડી માટે ગમ્યા હોય છે. કે તમને ચાબડ્યા, ને તમારો રસ્તો સાચો છે આવી STAMP તમને મારી આપ્યો, ના.. ના.. તમે આરતી તો ધર્મ કરો છો ને, કોઈ વાંધો નહિ. દીવા નહિ લો તો ચાલશે, કેવું-સારુ લાગે આપણને. માટે આપણને ગમ્યા.

મોટાભાઈનો પ્રશ્ન સત્ય માટે હતો જ નહિ, મોટાભાઈનો રસ્તો સાચા રસ્તા માટે ન હતો, મોટાભાઈનો પ્રશ્ન પોતાના રસ્તા માટે પણ ન હતો. મોટાભાઈનો પ્રશ્ન પોતાના માટે હતો. મોટાભાઈ ને બીજું સુઝ્યું હોત, વક્રને બીજું સુઝ્યું હોત તો એ એની સત્ય હોત. વક્રને ત્રીજું સમજ્યું હોત તો એ એનું સત્ય હોત. વક્રને ચોથું સુઝ્યું હોત તો એ એનું સત્ય હોત. અને BY CHANCE વક્રને સાચું જ મળી

ગયું હોય, તો એ એ હકીકતમાં સાચું નથી હોતું, કારણકે એણે સાચા તરીકે નથી અપનાવ્યું હોતું, એણે મારા તરીકે અપનાવ્યું હોય છે.

દાર્શનિક પરિભાષામાં કહીએ, ત્યારે એક-કહે જ્યારે વકને સત્ય મળી પણ ગયું હોય, ત્યારે એને સત્ય નથી મળ્યું હોતું, દાર્શનિક-પરિભાષા કહે છે,

મદીયત્વેન ગૃહીતં સત્યમપિ
ન સત્યમ્।

એને સાચા તરીકે નથી લીધું. એને મારા તરીકે લીધું છે, તો મારા તરીકે લીધેલું, સાચું છે-પણ એના માટે તો સાચું હોતું જ નથી. એક એવી દશા છે જેમાં વકતા છે અને સાચુ પકડાઈ ગયું છે, BY CHANCE. એક એવી દશા છે, જેની અંદર સરળતા છે, સત્યની રૂચિ છે, પણ હજુ સત્ય પકડાયું નથી, તો આવા સાચા વક્-કરતા, આવા અજ્ઞાની સરળ જે લાભ દરજ્જે-સારા હોય છે. જ્યાં સત્યની રૂચિ પણ છે, ત્યાં ખોટી રીતે પકડાઈ ગયેલા સત્ય કરતા, ઉંચી દશા છે. કારણકે શાસ્ત્રકાર ભગવંતો એ સત્યની રૂચિ છે એને પણ સત્યનો દરજ્જો-આપ્યો છે, એને જ્ઞાનનો દરજ્જો આપ્યો છે. નવતત્વ પ્રકરણના શબ્દો છે,

ભાવેણ સદ્દહંતો અયાણમાણો વિ સમ્મત્તં ।

જ્યાં જીવાદિ તત્વોની ભાવથી શ્રધ્ધા છે. ત્યાં કદાચ નવ તત્વના પર્યાયો, પ્રકારો, DEFINITIONS વિવેચન આ બધાનું જ્ઞાન ન હોય, તો પણ જે ભાવથી શ્રધ્ધાના કારણે, એ જીવમાં-સમ્યક્ત્વ છે, એ જીવ જ્ઞાની છે.

मिच्छद्दिट्ठिस्स अन्नाणं ।

મિથ્યાત્વી નવ તત્વના નામ ગોખી જાય, નવતત્વ પ્રકરણ ગોખી જાય, નવ તત્વની ટીકા ગોખી જાય, નવ તત્ત્વ ઉપર કદાચ એક લાખ શ્લોક પ્રમાણ - વિવેચન તૈયાર કર્યું હોય, અને એ ય આખું ગોખી જાય. તો પણ મિથ્યાત્વી અજ્ઞાનમાં છે, કારણકે,

## એને સત્યની રુચિ જ પ્રગટી નથી !

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, અધ્યાત્મ વિશ્વના અદ્ભુત - રહસ્યો ને બહુ જ સહજતાથી, સરળતાથી, આપણી સમક્ષ પીરસી રહ્યા છે. હું કહું છું હવે મોટાભાઈ - નથી બનવું, હવે નાનાભાઈ બનવું છે. આપણે મોટાભાઈ બન્યા, માટે જ અનંતકાળ ભટકતા રહ્યા, જે પણ મોક્ષે ગયા એ એટલા માટે જ મોક્ષે ગયા છે, કેમ કે તેઓ નાનાભાઈ બન્યા. જરુરી જ છે ! આપણે વિચારીએ માસક્ષમણો કરી દઈએ, બહુ આંબ - કરી દઈએ, તેમ કરી દઈએ, ફલાણું, ઢીંકણું, બહુ - ઉગ્ર ઉગ્ર ધર્મ કરી લઈએ કશો વાંધો નથી, સારું છે પણ, BASE સમજો, એ બધા વગર પણ મોક્ષ થઈ જશે. ને તમે મોક્ષે ન ગયા ત્યાં સુધી માસક્ષમણ - એ ના કર્યું તો તમારો મોક્ષ અટકી જાય એવું જરા - પણ નથી, પણ તમારામાં સરળતા નથી, આટલી સજ્જતા નથી, કે આ ખોટો રસ્તો છે, ભલે જે પણ કર્યું આજ સુધી, આજે જિનવાણી મળી, આજે પ્રકાશ મળ્યો, આજે ઓલા એ કહી દીધુ કે આ દેવપુરાનો રસ્તો છે, રામપુરાનો રસ્તો નથી. બરાબર એ જ રીતે આ સંસાર નો રસ્તો, આ દુર્ગતિનો રસ્તો, આ મોક્ષ નો રસ્તો નથી, આ તમારા - આત્મકલ્યાણનો રસ્તો નથી. આ જેને ખબર પડી

ગઈ અને હવે એ જ રસ્તો પકડી રાખીએ, તો
આપણો કયા ભવમાં મોક્ષ થશે ?

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, અંતરની લાગણી સાથે, અપરંપાર કરુણા સાથે આપણે સૌ ને કહે છે. વક્રતા છોડો, સરળ બનો. એના - વગર આત્માનું કલ્યાણ નથી. પ્રત્યેક વક્રતા પોતાના મત સાથેની વક્રતા છે. પ્રત્યેક છેતરપીંડી પોતાને જ છેતરવાની ચેષ્ટા છે. પ્રત્યેક માયા-પ્રપંચ આખા - વિશ્વમાં એ આત્મહત્યાથી વધુ કશું જ નથી. વક્રતા છોડો. સરળ બનો. હવે સરળતા વિશે સિધ્ધર્ષિ ગણિ મહારાજ અજબ ગજબની વાત કરવા જઈ રહ્યા છે. આજે સમય થયો છે, આજે - આટલું રાખીએ.

× × × × ×

## ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

# વ્યાખ્યાન નંબર - ૧૨૫

DATE 11 02 2021

તમારો પ્રશ્ન છે! સાહેબ અમે આપની વાત તો સમજ્યા, તમારો રસ્તો સાચો છે, અમારો રસ્તો ખોટો છે. તમારું કહેવાનું તાત્પર્ય એ છે કે રસ્તો ખોટો છે એ ખબર પડી ગઈ છે તો પાછા ફરી જાવ. અને હવે અમારી વાત આટલી જ છે કે હવે એ શક્ય નથી. અમે પાછા ફરી શકીએ એમ નથી. કારણકે અમારું બધું PLANNING થઈ ગયું છે. અમે પાછા ફરી-શકીએ એમ નથી, કારણકે અમે આગળ-આગળનું ઘણું-ઘણું ગોઠવી દીધું છે. અમે પાછા ફરી શકીએ એમ નથી, કારણકે અમે વર્ષોથી તો આટલું જમાવ્યું. દુકાન કઈ રીતે જામી એ અમારું મન જાણે છે. અમે શરૂઆતમાં કેટલી મહેનત કરી, અમને ખબર છે. હવે આજે જામેલી દુકાન, આજે અમને મળેલું નોટો છાપવાનું MACHINE (યંત્ર). એ અમે કઈ રીતે - છોડીએ ?

નવા નવા અમે અહિંયા રહેવા આવ્યા-હતા, અમે FLAT લીધા, અમે FURNITURE કરાવ્યા, અમે INTERIOR DECORATION કરાવ્યું, ધીમે-ધીમે અમારા આસપાસના પરિચયો કેળવાયા, આડોશ-પડોશ, મિત્રો, સંઘ, સમાજ વગેરેમાં અમારું નામ, હવે POSSIBLE નથી! કારણકે અમે આટલી બધી મહેનત કરી, કારણકે અમે, આટલું બધું ગોઠવ્યું, કારણકે અમે આટલું PLANNING કર્યું, અમારી પાસે PAST પણ છે ને અમારી પાસે FUTURE-પણ છે, અમે PAST ને જોઈએ તો પણ અમે પાછા ફરી શકીએ એમ નથી, અમે FUTURE ને જોઈએ, તો પણ અમે પાછા ફરી શકીએ એમ નથી, રસ્તો ખોટો છે, સો ટકાની વાત સાચી, પણ અમે પાછા ફરી શકીએ એમ નથી. તો અમારે શું કરવું ?

પ્રશ્ન ની સામે પ્રતિપ્રશ્ન કહું કે તમે HILL-STATION જવાનો PROGRAM બનાવી દીધો, બરાબર આજે સાંજે આઠ વાગ્યાની તમારી ટ્રેન છે, ને કાલે સવારે બરાબર છ વાગે તમે HILL STATION ઉપર પહોંચો છો, બધાની ઘણા મહિનાઓથી DEMAND હતી, તમારું પણ ઘણું મન હતું, તમારી પણ ઘણી ઈચ્છા હતી.

આખું ઘર મળે આમ નાચી રહ્યું છે, સામાન વગેરે બંધાય ગયો છે, નીકળવાની તમારી તૈયારી છે, ત્યાં કઈ હોટલ માં ઉતરવાનું છે, બધું જ નક્કી થઈ ગયું છે, ADVANCE પણ કદાચ ભરાઈ ગયા છે - RESERVATION, BOOKING બધું જ થઈ ગયું છે. ચાર દિવસ મળે ત્યાં સ્વર્ગમાં રહેવાનું છે. આવો તમને આનંદ છે. આવો ઉમળકો છે. - નીકળવાના પાંચ મિનિટ પહેલા તમને સમાચાર મળ્યા છે કે, અમદાવાદની અંદર આતંકવાદીઓ આવ્યા છે ને, ટ્રેનની અંદર બધાજ ડબ્બાની અંદર એમણે TIME-BOMB FIX કર્યા છે ને એ એજ ટ્રેન છે જેની અંદર તમારે જવાનું છે STATION માં પણ BOMB ગોઠવાઈ ગયા છે. એક સાથે BLAST થવાની છે. એટલું જ નહિ જે HILL STATION ઉપર જવાનું છે, ત્યા પણ આતંકવાદી ઓના હુમલા ચાલુ છે, ને એમનું આડેધડ FIRING ચાલુ છે, હવે તમને હું પુછું કે તમે શું કરો ? છોકરો કદાચ ભેંકડો તાણે ને કહે આ બધો સામાન કેમ મુકી દો છો, આપણી ટ્રેન હતીને HILL STATION મારે જવું જ છે, મેં

DATE

આટલી બધી DEMAND કરી હતી, પણ્ણ ગમે તે હોય આપણે જવું જ જોઈએ. તમે ટ્રેન કેન્સલ કરો તો પણ વાંધો નથી, આપણે કાર લઈને નીકળી પડીએ, બસમાં નીકળી પડીએ, HILL STATION તો જવું જ છે, જો તમાશા આપણે છોકરાને લગાડી દઈશું. એ જો બહુ જીદ પકડી રાખશે તો પણ આપણે હરગીઝ STATION પર તો પગ મુકવાની વાત દૂર છે, સ્ટેશન-ની દીશામાં પણ આપણે જવાનું પસંદ નહિ કરીએ અને, ઘરની અંદર પણ આપણે થરથરતા હશું કે અહીંયા સુધી કોઈ આવી ના જાય. PLANNING છે, શોકપણી છે, ઈચ્છા છે, ઉમળકો છે, આનંદ છે, આનંદની આશા છે, બધુ જ છે છતા પણ તમે બધા જ PROGRAM CANCLE કરી દેશો. કારણકે BLAST છે, FIRING છે, મોત છે, કુતરાના મોતે, કુતરા કરતા બદતર રીતે મરવાનું છે. અને જ્યારે નજરની સામે આ દેખાય છે ત્યારે બધા જ PLANNINGS પુરા થઈ જાય છે. પેલા BOOKING-નું શું, પેલા RESERVATION નું શું, અને પેલા ADVANCE નું શું, કોઈ જ પ્રશ્ન ઉઠતા નથી, વાત બધી જ પૂરી, અરે ભાઈ ADVANCE ગમે તેટલા અપાઈ ગયા હોય, આપણે મરવા જવું નથી, આ બધા મરવાના ધંધા છે, આપણે મરવું નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને એટલો જ પ્રશ્ન પુછવા માંગે છે, એક મોતનો ય તમને આટલો ડર છે, દ્રશ્યમાન વિશ્વની યાતનાઓનો ય આટલો ડર છે, અને અનંત મૃત્યુઓ, પરમ વેદના, નરક-તિર્યંચની અનંતાનંત ગતી છે, આનો ડર-ય તમારા મનની અંદર હોય તો પાછા ફરવું બહુ જ સહેલું છે.

DATE

પણ સાહેબ દીકરો છે, પણ સાહેબ દીકરી છે, એનું શું ? હું કહું છું એમનું શું એ પણ પ્રશ્ન છે, વિચારવા જેવો છે, SOULTION - લાવવા જેવો છે. પણ એના કરતા અનેક ગણો સળગતો પ્રશ્ન એ છે મારું શું ? એનું શું એ પણ શાસ્ત્રમાં બતાડ્યું છે, એના બધા જ જવાબ છે, એના બરોબર જવાબની તમને જરૂર - નથી. બરોબર તમને એ સવાલની જરૂર છે કે મારું શું ? મારું શું ? આ સવાલ જ તમને મળી ગયો, ને આનો જવાબ જો તમને મળી ગયો તો એનું શું એનો જવાબ શાસ્ત્રકાર ભગવંતો એ સાથે સાથે આપેલો જ છે.

આપણને દીકરાની ચિંતા છે, દીકરી - ની ચિંતા છે, પતિ ની ચિંતા છે, પત્ની ની ચિંતા છે. ધંધાની, ઓફિસ ની પૈસાની, ભવિષ્યની, બધી જ ચિંતા છે. મર્યા પછી પરિવારનું શું - આની આપણને ચિંતા છે. પણ મર્યા પછી મારું શું, આની આપણને કોઈ જ ચિંતા નથી.
મહાનિશીથ સુત્ર ની અંદર બહુ સ્પષ્ટ કહ્યું કે, શ્રાવક રોજ સવારે ઉઠીને, એક પ્રશ્ન પોતાની મન ની પુછે.

हो मओ कत्थ गच्छिस्सं

હું મરીશ પછી હું જઈશ ક્યાં ? હું તમને પુછુ છું.

તમને પરલોકની ચિંતા છે ?

મરી ને ક્યાં જશું, કઈ ગતિ મળશે, આ ભવ તો બહુ નાની છે, ચપટીમાં પુરી થઈ જવાની, ૨૫-૫૦-૧૦૦ વર્ષ ની આ કહાની છે. પુરી થઈ જવાની.

સેકસડાર વર્ષો ના વર્ષો ક્યાં વિતી જશે એ ખબર નહિ પડે. ખરી વિચારવાની વસ્તુ ભવિષ્ય કાળ છે, અનંત ભવિષ્યકાળ આપણી સામે છે, અનંત ભવ-ભ્રમણની સંભાવના આપણી સામે છે, અનંત-નરક ગતિની સંભાવના આપણી સામે છે. એને-એને NEGLECT કરીને, આ જિંદગીની પળોજણ ક્યાં કરવી.

હું તમને પુછું છું આમાં કેટલી સમજદારી છે?

તમને કદાચ સમાચાર નહતા મળ્યા, તમે સ્ટેશનના અડધે રસ્તે પહોંચી ગયા, પછી તમને કોઈ મિત્ર-નો ફોન આવ્યો, ત્યાર આજે HILL STATION-નહિ જતો આવું બધું છે. બધું જ PACK કરીને, બધું જ ગોઠવી ને, પડોસી ને ઘરની ચાવી આપી-ને તમે નીકળી ગયા હતા, બધુ જ CANCEL કરી-ને, તમે ફેટ દઈને એ જ SPOT થી પાછા આવી જશો, એનાથી એક ફૂટ તમે આગળ નહિ વધો. હું કહું છું કે એના કરતા અનંતગણો ભયજનો, અનંત ગણા દુઃખો નજર સામે છે, ભગવાન કહે છે, શાસ્ત્રની આંખે આપણે જોઈ શકીએ છીએ, ને છતા આપણે પાછા નહિ ફરીએ તો આપણું થશે શું? બધા શાસ્ત્રોનો સાર આટલો જ છે.

ખોટા રસ્તેથી પાછા ફરો, સાચો રસ્તો પકડી લો.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણ ને બહુ પ્રેમથી, એટલું જ કહેવા માંગે છે. ખરો સવાલ સાચો રસ્તો પરખાય જાય, ખોટો રસ્તો-ઓળખાય જાય એની પણ નથી. ખરો સવાલ-

સરળ બનવાનો છે. વક્રતા ને છોડવાની છે.

**સાચુ સ્વીકારવાની સજ્જતાનો છે !**

યોગ્યતા નો અને પાત્રતા નો છે. સરળ એ જેને કીધું તો કામ થઈ ગયું. સરળ એ જ્યાં જ્ઞાપન જ પુરતુ થઈ ગયું. જણાવવું એટલે કે જ્ઞાપન એ જ પુરતુ થઈ ગયું. સરળ એ જ્યાં સત્યને-સ્વીકારવાની ભુમિકા પહેલાથી જ હતી, સરળ એ જ્યાં તેલ અને વાટ તૈયાર જ હતા. જ્યાં જ્યોતિ-પ્રગટી જવી તદ્દન સહજ હતી.

વક્ર એ જેને કહેવું માત્ર પુરતુ નથી હોતું. વક્રએ જ્યાં જ્ઞાપન એ ~~એ~~ આપણી-પોતાનું ભુલનું વિજ્ઞાપન બની જાય. આપણને-ખ્યાલ આવે કે આને કહ્યું તો એ આપણી ભુલ હતી. વક્ર એ જ્યાં સત્ય ને સ્વીકારવાની ભુમિકા-જ નથી. વક્ર એ જ્યાં તેલ અને વાટનું નામો-નિશાન નથી. વક્ર એ જ્યાં જ્યોતિ પ્રગટાવવા જતા-મથામણ કર્યા કરવી પડે. વક્ર એ જ્યાં જ્યોતિ-પ્રગટાવવા જતા દિવાસળી ની આખી ~~ક~~ કાંડી જ બળી જાય. વક્ર એ જેની જ્યોતિતો ન પ્રગટે, પણ આપણો હાથ દાઝ જાય.

**અહમ અને મમ એ સત્યનું મુલ્ય હોય છે!**

તમે અહમ અને મમને આપી શકો, અહમ ને મમ છોડી શકો. અહમ ને મમ આને કુર્બાન કરી શકો, તો તમને સત્ય મળી શકે. સત્ય ને પામવાની ગમે તેટલી સંભાવનાઓ

DATE

તમારી બાજુબાજુ હોય, તમારે તમારો અહંકાર-
નથી છોડવો, તમારે તમારો મમકાર નથી છોડવો,
તમારે હું નથી છોડવું, તમારે મારું નથી છોડવું,
તો તમને ~~સ~~ સત્ય મળે એવી કોઈ સંભાવના
જ નથી.

"તમારા માટે સત્ય કરતા અહમ મમની VALUE -
વધારે છે તો, તો તમને અહમ મમ મળશે."

તમને હું નું CONCIOUS વધશે,
મારું નું CONCIOUS વધશે, તમે આખુંજીવન -
સત્યથી વંચિત રહેશો, સત્યથી વેગળા રહેશો.
જ્યાં સુધી અહમ અને મમ છુટ્યા નથી, ત્યાં સુધી
સત્યનો સ્વીકાર તો શક્ય નથી, સત્યની ખરા અર્થ-
માં સમજણ પણ શક્ય નથી.

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ બહુ સ્પષ્ટ
કહે છે, યોગશતક ટીકાની અંદર, હરીભદ્રસૂરી -
મહારાજના શબ્દો છે,
अभिनिवेशस्य तत्त्वप्रतिपत्तिं प्रति शत्रुभूतत्वात्
જો તમારામાં અભિનિવેષ છે, એટલે કે કદાગ્રહ છે,
તો સમજુ લો તમને કદી પણ સત્ય મળવાનું નથી,
કારણકે સત્ય એ એક છેડો છે, કદાગ્રહ બીજો છેડો
છે.

કદાગ્રહ એ સત્યનો શત્રુ છે !

અને જ્યાં કદાગ્રહ છે ત્યાં સત્ય કદી પણ સમજાય
શકતું નથી. જિનશાસનની અંદર એવા એવા -
આત્માઓની વાત છે, ઈતિહાસની અંદર, નવ
નિન્હવોની કથા મળે છે, TREE STORY, કદાચ

તપ એમની પાસે ઉગ્ર હતો, કદાચ જ્ઞાન એમની પાસે અજબ-ગજબનું હતું, અનેક આગમ સૂત્રોનું જ્ઞાન, કદાચ પૂર્વોનું પણ જ્ઞાન એમની પાસે-હતું. સંયમ ચર્યા એકદમ વિશુદ્ધ, મુદ્રા શુદ્ધિ, ક્રિયા શુદ્ધિ, સ્થાન શુદ્ધિ, ઉપયોગ શુદ્ધિ, એકાગ્રતા શુદ્ધિ, પ્રણિધાન શુદ્ધિ, અર્થ શુદ્ધિ, તન્મય શુદ્ધિ, સૂત્ર શુદ્ધિ, અનેકાનેક શુદ્ધિઓ એમની પાસે, ગોચરી નીકળે, ૪૨ દોષમાંથી - એકાદ દોષ BY CHANCE લાગી જતો હોય, તો હરગીઝ વહોરે નહિ, એમને એમ ખાલી પાત્રે આવી ને ઉપવાસનું પચ્ચક્ખાણ લઈ લે, પણ એક દાણો અન્ન નો કે એક ટીપું દોષિત ન લે, એવા મહાત્મા! બાર મહિના પહેલા કાપ ફરીથી કાઢે નહિ, તદ્દન મેલા કપડા. એવા મહાત્મા! મીઠાઈ ને અડવાનું સુધ્ધા નહિ, પરાકાષ્ઠા નો ત્યાગ. એવા મહાત્મા! આયંબિલ.. ઉપવાસ.. આયંબિલ ઉપવાસ ચાલ્યા જ કરે, હજારો આયંબિલો, હજારો ઉપવાસો થઈ ગયા હોય, એવા મહાત્મા!

પ્રશ્ન પુછવામાં આવ્યો કે એ મહાત્માને આનું ફળ શું મળ્યું? તો એનો ત્યાં-જવાબ આવ્યો કે એમને કોઈજ ફળ મળ્યું નહિ. સવાલ પુછવામાં આવ્યો કે આટલું નિર્મળ-સંયમ, આવો તપ, આવો ત્યાગ, આવી સંયમ ચર્યા, આવો વૈરાગ્ય! આવી શુદ્ધિ! વિચાર ના કરી શકાય, આપણું તો મન ભટક્યા-કરે, એક એક ક્રિયામાં. એનો છતાં કોઈ જ ફળ નહિ. એનો જવાબ આવ્યો કોઈજ ફળ નહિ.

DATE

અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

વ્રતાનિ ચીર્ણાનિ તપોઽપિ તપ્તં, કૃતા પ્રયત્નેન ચ પિણ્ડશુદ્ધિઃ।

જે મહાત્માઓએ વ્રતોનું પાલન કર્યું, નિયમોનું પાલન કર્યું, પ્રતિજ્ઞાઓ, અભિગ્રહો, મહાવ્રતો, મુળ ગુણો, ઉત્તર ગુણો, અષ્ટપ્રવચન માતા, પંચાચાર બધાનું પાલન કર્યું. તપ પણ ઉગ્ર તપ્યો, પિંડશુદ્ધિ એટલે ગોચરીમાં એકે દોષ ન લાગી જાય, એવી કાળજી ખુબ જ યત્નપૂર્વક રાખી.

અભૂત્ફલં યત્તુ ન નિહ્નવાનાં,

પણ છતા પણ તે નિહ્નવોને કાંઈ જ ફળ ન મળ્યું. જેમની સાધના કદાચ એવી હતી કે એક જ ભવે-મોક્ષમાં પહોંચી શકે, સાધના એવી હતી કદાચ-બીજા ભવે, ત્રીજા ભવે મોક્ષ થઈ જાય પણ એવું ફળ એમને ન મળ્યું. પ્રશ્ન પુછવો અમે એ જ પુછીએ છીએ કે શા માટે આટલું બધું કર્યા પછી ફળ ના મળ્યું ? એને મહોપાધ્યાયજી જવાબ આપે-છે,

અસદ્ગ્રહસ્યૈવ હિ સોઽપરાધઃ॥

એ બધો જ અપરાધ, એ બધો જ દોષ, શાનો ? તો કદાગ્રહનો, ક્યાંક ને ક્યાંક આગ્રહ પકડાયો, કદાગ્રહ પકડાયો, મારું સાચુ આ પકડાયું. શાસ્ત્રનું અને ભગવાનનું આ ખોટું મને અહિંયા ખબર પડે-છે. ગુરુ મહારાજને ખબર નથી પડતી, ગુરુ ભાઈઓ-ને ખબર નથી પડતી, મને ખબર પડે છે ને મને જે પકડાઈ ગયું છે, એ જ સાચુ છે, શાસ્ત્રીય પદાર્થમાં પણ પોતાને જે સાચું લાગ્યું, એટલા ગમે તેટલું સાચુ સમજાવે, સમજવાની ભૂમિકા નહિ, સ્વીકારવાની ભૂમિકા નહિ, અંદર-સાબે હેજાય આ સાચુ છે, છતા કબુલાત નહિ.

~~નિહ્નવ~~ નિહ્નવનો અર્થ છે છુપાડવું. તમે છુપાડો નહિ

તો તમે કદિ પણ કદાગ્રહી બની જ ન શકો, આગ્રહ રાખી જ ના શકો, પકડ઼ રાખી જ ના શકો, સત્યની આગળ આંખ આડા કાન જો તમે કરી શકો ને તો જ તમે કદાગ્રહી બની શકો. અને સાચુ છુપાડી ને - ખોટાનો આગ્રહ રાખી શકો.

જીવ ગધ્ધામજુરી કરવા તૈયાર છે, ઘસાવા - તૈયાર છે, શરીરમાં હાડકા ખખડે ને તદ્દન હાડપિંજર - દેખાય, ત્યાં સુધી તપ કરવા તૈયાર છે. પણ પોતાનો

કદાગ્રહ છોડવા તૈયાર નથી !

સભાનો પ્રશ્ન :- નિન્હવોનો શેનો કદાગ્રહ હોય છે સાહેબ !

પૂજ્યશ્રીના ઉત્તર :- જુદા જુદા નિન્હવો, પહેલા - નિન્હવ ભગવાનની હાજરીમાં થયા, નામ જમાલી. ભગવાને કહ્યું,

કડેમાણે કડે ।

જે થઈ રહ્યું હોય, એ અપેક્ષા એ થઈ ગયું કહેવાય, તમે મુંબઈ જવા નીકળ્યા, અને ઘરે કોઈનો ફોન - આવે તો એ કહે કે એ તો મુંબઈ ગયા, ભલે તમે અહીં સ્ટેશને પહોંચ્યા છો. પણ કહેવાય કે મુંબઈ ગયા. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ આગમ સુત્રનો આ પાઠ

કડેમાણે કડે ।

આ પાઠ સામે જમાલી એ ઝઘડો કર્યો, આ પાઠ - ખોટો, ભગવાન ખોટા, ભગવાન છદ્મસ્થ ભગવાન - ના શિષ્યો છદ્મસ્થ, હું સર્વજ્ઞ, હું મણંકાર, હું જ્ઞાની, હું જ સાચો, વડિલ ગુરુ ભગવંતો એ - ઘણા સમજાવ્યા, છતા ય જમાલી સમજ્યા નહિ,

અને ઉચ્ચ પોતાની સાધના હતી એ સાધનાનું ફળ ગુમાવી તો, જમાલીએ પોતાના સંસારને વધારી દીધો.

**સભાનો પ્રશ્ન :-** કે સાચા ના પણ આગ્રહમાં વાંધો શું છે ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** યોગશતક ટીકાની અંદર, હરીભદ્રસૂરી મહારાજ એ સવાલ નો- જવાબ આપ્યો છે.

तत्त्वाभिनिवेशस्यापि तत्त्वतोऽतत्त्वत्वात्।

તમને સાચા નો પણ એવો આગ્રહ છે, જેનાથી તમને કષાયો જાગે છે, રાગ-દ્વેષ જાગે છે, ત્યારે સાચાનો આગ્રહ પણ ખોટા નો આગ્રહ બની જાય છે. કારણકે સાચું એ તો એ જ સાચુ છે જેમાં તમારું હિત હોય, જેનાથી તમારું અહિત થાય એ સાચું પણ સાચું નથી. ઘરની અંદર ઝઘડો ચાલે છે કે ભાઈ આ વિદેશનો GLASS જે આપણે લાવ્યા હતા, એક પ્યાલો છે, બહુ DECORATIVE છે, નાજુક છે, કાચનો છે, કોણે ફોડિયો ? આણે ફોડિયો તો, તેને ફોડિયો, ચાલે- છે તો એ સમયે તમે કહી દો, કે ભાઈ મેં ફોડિયો- મારી ભુલ થઈ ગઈ, અને બધી જ વાત ત્યાં પૂરી થઈ ગઈ. આનું નામ સત્ય ! હવે તમે હજી કોણે ફોડિયો એની પળોજણમાં છો, અને શાસ્ત્રકાર ભગવંતોની એક જ દ્રષ્ટિ છે, રાગદ્વેષ કઈ રીતે ઘટે છે, કષાયો કઈ રીતે સમાપ્ત થાય છે. અને જેનાથી એ થાય એનું નામ સત્ય !

## વ્યાખ્યાન નંબર - ૧૨૭

DATE 30 07 2021

ગામડે થી પહેલવહેલી વાર એક માણસ મુંબઈ આવ્યો છે. ત્યાં ઉતર્યો છે, મિત્ર પાસે માર્ગદર્શન માંગ્યું છે, મારે કાપડ ખરીદવું છે. મિત્ર એ કહ્યું કે અહીં થી સામે જશો. ગીતા નામનો STORE હશે - ત્યાં તમને સારું કાપડ મળી જશે. એ ભાઈ કે બોલે, સાથે છે ને મારે અમુક READY MADE પણ લેવાનું હતું, તો બંને મળી જાય એવું કાંઈક - તો એવું કરજો, ત્યાં સુધી નહિ પહોંચતા, એની પહેલા ડાબા હાથે એક STORE આવશે ઉપહાર, ત્યાં થી લઈ લેજો ત્યાં કાપડ અને READY MADE બંને રાખે છે. એ ભાઈએ વિચારી ને કીધું સાથે મારે મુન્નાના અમુક રમકડા લેવાના છે, ફોન નવો લેવાનો છે, થોડી STATIONERY નવી લેવાની છે, દવા પણ લેવાની છે, આ બધુ મળી જાય, તો - એમના મિત્ર એ કહ્યું તમે એમ કરજો, ત્યાંથી આગળ જઈ ગીતા સ્ટોરથી જમણે વળજો, ત્યાં મોટો MALL છે, ત્યાં તમને બધુ મળી જશે.

સદ્ગુરુની પાસે એક જિજ્ઞાસુ આવે છે, ઉપાશ્રયમાં ENTER થાય છે, સામે સદ્ગુરુ પાટ ઉપર બેઠા છે, જોઈને મન ઠરી જાય છે. જિજ્ઞાસુ સદ્ગુરુ ની પાસે જાય છે, વંદન કરે છે, સદ્ગુરુના સાનિધ્યમાં બેસે છે. હજુ નથી કાંઈ સદ્ગુરુ બોલતા, નથી કાંઈ જિજ્ઞાસુ બોલતા, પણ આખું દ્રશ્ય કાંઈક બોલી રહ્યું છે. વિશ્વનું સર્વોત્કૃષ્ટ કાંઈ દ્રશ્ય હોય તો એ,

**સદ્ગુરુના ચરણોમાં બેસેલા જિજ્ઞાસુ હોય છે!**

**આત્માર્થી હોય છે!**

**શિષ્ય હોય છે!**

classmate

DATE

# સદ્ગુરુ "મા" અને શિષ્ય બાળક !

ફરી વાત કરીને, સદ્ગુરુના બાળક થવાની વાત, - વિશ્વની સર્વોત્કૃષ્ટ પદવી આ જ છે. ઇન્દ્ર હોય, ચક્રવર્તી હોય, આ બધી પદવીઓ કરતા, રાજા, મહારાજા, સમ્રાટ વગેરે પદવીઓ કરતા પણ, કોઈ મહાન પદવી હોય તો એનું નામ છે "સદ્ગુરુનું શિષ્યત્વ" !

આપણે ફક્ત સદ્ગુરુના બાળક થવાનું હતું. એને છોડી-ને આપણે બીજી પદવીઓની, POST ની, STATUS ની, પૈસાની, ભોંજગડમાં પડીએ છીએ ને છેવટે આપણે મૂર્ખા બનીએ છીએ. એ POST મળતી નથી, મળે છે તો ટકતી નથી, ટકે છે તો રામાયણનો, TENSION નો પાર નથી. અને વહેલી મોડી પણ એ પદવીઓ છોડવી જ પડે છે. આટલી પદવી મળી જાય સદ્ગુરુના શિશુત્વની, સદ્ગુરુના શિષ્યત્વની, તો આત્માનું કામ થઈ જાય.

જિજ્ઞાસુ હાથ જોડીને સદ્ગુરુના ચરણોમાં બેઠા છે, સદ્ગુરુની અમિદ્રષ્ટિ એમના ઉપર વરસી રહી છે, વરસી રહી છે. કેમ એવું આપણને કદી એ-ના થાય કે, બસ આ સદ્ગુરુની કૃપા ને આપણે - જીલ્યા જ કરીએ.

## રોમે રોમેથી સદ્ગુરુ ને સાંભળ્યા જ કરીએ !

## સદ્ગુરુ મૌન હોય અને આપણને સંભળાયા કરતા હોય !

હાય ~~અઅ~~ અનાદિકાળથી આપણી દશા એવી રહી, સદ્ગુરુ બોલી રહ્યા હતા અને આપણને સંભળાતા ન હતા, સમજાતા ન હતા. માટે આપણું - - કલ્યાણ થયું નહિ !

classmate

થોડી આગી એમ જ વિતી છે ને જિજ્ઞાસુ સદ્ગુરુને કહે છે, કે આપનું માર્ગદર્શન લેવા આવ્યો છું, મને વૈરાગ્ય ની જરૂર છે મને કોઈ એવો ગ્રંથ આપ-સુચવો, એવો કોઈ ગ્રંથ મને આપો જેમાંથી મને-વૈરાગ્ય મળે, સદ્ગુરુ ની પાસે અમુક પુસ્તકો હતા, ને એમાંથી સદ્ગુરુ એ એક પુસ્તક કાઢીને આપ્યું, જિજ્ઞાસુ એ નામ વાંચ્યું, ગ્રંથનું નામ હતું,

## વૈરાગ્ય શતક !

જિજ્ઞાસુ ને ખુબ જ આનંદ થયો, વળી એને મનમાં કોઈક ખળભળાટ થયો, એણે સદ્ગુરુને કહ્યું કે વધારે હું સમય કાઢી શકું એમ નથી, એક ગ્રંથ લાગવો છે, પણ એમાં મને વૈરાગ્યની સાથે સંવેગ-નિર્વેગ ના-ભાવો ઉછળે, એવો કોઈ ગ્રંથ હોય. જિજ્ઞાસુના મનમાં થોડો ખટકો છે કે, સદ્ગુરુને મેં પહેલા થી બધું બરાબર કહ્યું નહિ ને સદ્ગુરુ એ મને એક ગ્રંથ-આપ્યો ને હવે હું એના બદલે બીજો ગ્રંથ માંગી-રહ્યો છું !

કોઈ કવિ એ બહુ મઝાની વાત કરી છે,

"મા" ના પ્રેમની નદીને કિનારા હોતા નથી !

વિશ્વની સર્વોત્કૃષ્ટ "મા" એ સદ્ગુરુ સ્વરૂપ "મા" છે. આપણે ગમે તેટલી નાદાની કરીએ, ભુલો કરીએ, અપરાધો કરીએ, ગોથા ખાઈએ, ન માનીએ, એ તો આપણા ઉપર કૃપા વરસાવતી જ રહે છે.

સદ્ગુરુ મીઠી નજર નાખે છે, એક

સ્મિત કરે છે. પુસ્તકોમાંથી એક બીજું પુસ્તક કાઢીને જિજ્ઞાસુને આપે છે. જિજ્ઞાસુ નામ વાંચે છે.

"ઇન્દ્રિય પરાજય શતક"

જિજ્ઞાસુ ખુશ થઈ જાય છે. સદ્ગુરુએ મારી DEMAND-મુજબ મને ગ્રંથ પણ આપી દીધો. વળી ~~એના~~ એના-મનમાં કાંઈક વિચાર આવે છે. સદ્ગુરુને કહે છે. ગુરુદેવ મિચ્છામિ દુક્કડં. મને એવો ગ્રંથ જોઈએ છે-જેની અંદર વૈરાગ્યપણ હોય, સંવેગ-નિર્વેગના ભાવો પણ હોય, અને સાથે સમતા પણ હોય, મને સમતાની પણ ભૂખ જરૂર છે. સદ્ગુરુ ત્રીજો ગ્રંથ કાઢીને આપે છે. પેલા ભાઈ નામ વાંચે છે.

"અધ્યાત્મ કલ્પદ્રુમ"

નામ તો જવા જેવા હોય છે, વળી મનમાં ઝબકારો થાય છે, અને કહે છે ગુરુદેવ મિચ્છામિ દુક્કડં, વૈરાગ્ય-પણ હોય, સંવેગ-નિર્વેગના ભાવો પણ હોય, એની-સાથે સમતા પણ હોય, એની અંદર અધ્યાત્મ પણ-હોય, મને અધ્યાત્મની ભૂખ જરૂર છે. સદ્ગુરુએ સ્મિત કર્યું, એક પુસ્તક કાઢીને આપ્યું, જિજ્ઞાસુના હાથમાં પુસ્તક આવ્યું, જિજ્ઞાસુ રોમાંચિત થઈ ગયો, એના ઉપર લખ્યું હતું.

અધ્યાત્મ સાર!

જિજ્ઞાસુએ કહ્યું ગુરુદેવ,

જેમ લાભ થાય એમ લોભ વધે!

ભાગ લીધો પકડ઼ કઈ !

ગુરુદેવ ભાવના એવી થાય, વૈરાગ્ય પણ હોય, સંવેગ-નિર્વેગ પણ હોય, સમતા હોય, અધ્યાત્મ હોય ને સાથે, એવો સત્ય નો ઉઘાડ થાય, મને આરાધનાનું એમ મળે, આગ મને તુટી પડવાનું મન થાય મોક્ષ-માટે, એવો કોઈ ગ્રંથ હોય, સદ્‌ગુરુએ એ જ-મધુર સ્મિત કરીને, એક ગ્રંથ કાઢીને હાથમાં આપ્યો જિજ્ઞાસુએ વાંચ્યું,

## ઉપદેશ માલા !

જિજ્ઞાસુ એ કહ્યું ગુરુદેવ કેવી વાત કરું, વૈરાગ્ય હોય, સંવેગ-નિર્વેદ હોય, સમતા હોય, અધ્યાત્મ હોય, સત્ય અને સાધનાનો ભારોભાર ઉલ્લાસ પ્રગટે એવું પણ હોય ને, એમી સાથે સાથે, મારા કષાયો શમી-જાય, મારી વિષય તૃષ્ણા નાશ પામી જાય, મને-જિનશાસનનું હાર્દ મળે, મને પિસ્તાલીસ આગમોના-રહસ્ય મળે, મને દ્વાદશાંગીનો સાર મળે, બસ હું બધું જ ભુલી ને મોક્ષની પાછળ લાગી જઉં, સંસારમાંથી વહેલામાં વહેલી તકે હું કુદકો મારીને-નીકળી જઉં, મારા આત્માના પ્રદેશે પ્રદેશે સાધના-નો તલસાટ પ્રગટે, તરવરાટ પ્રગટે, તરફડાટ પ્રગટે, આખો સંસાર મને અસાર ભાસે, પળે પળે મને-મોક્ષ.. મોક્ષ.. મોક્ષ.. મોક્ષ થયા કરે. અને સંસારના એકે નિમિત્ત ની તાકાત ના હોય કે, મારો પગ પકડી ને મને નીચે પછાડે, હવે પછી-મારું કદી પણ પતન ન થાય, હવે પછી મારા-દુર્ગતિ ના દરવાજા બંધ થઈ જાય, અને સદ્‌ગતિની પરંપરા સાથે મારો મોક્ષ નિશ્ચિત થઈ જાય, હવે મારા આત્માનું કલ્યાણ નિશ્ચિત થઈ જાય,

એક જ ગ્રંથ અને પછી આખી જિંદગીમાં હું બીજું કશું ના કરું તો મારા આત્માને કોઈ જ વાંધો ન આવે, ગુરુદેવ એવો કોઈ ગ્રંથ હશે, સદ્ગુરુ રહસ્યમય સ્મિત કરીને, જિજ્ઞાસુને એ જ મોટી નજરથી જોઈ રહ્યા છે, ને જિજ્ઞાસુને મનમાં જરા ખટકો થાય છે, જિજ્ઞાસુને એવી લાગણી થાય છે કે કોઈ આંગળી આપતું હોયને હાથ પકડી લીધો, હથેળી પકડી લીધી, બાવડું પકડી લીધું, બોચી પકડી લીધી, એના જેવું હું કદાચ કરી રહ્યો છું, આટલી બધી DEMAND !

સદ્ગુરુ એક પછી એક ગ્રંથો મારી માંગ મુજબ આપતા ગયા, એનો મતલબ છે કે હું એમને આવી રીતે વળગી જ પડું, ને મને આવું આવું આપી દો, આવું કોઈ હોતું હશે ખરું ? આવો કોઈ ગ્રંથ જ ના હોય તો સદ્ગુરુ પાસે આવી માંગણી કરીને, કેવી બાલીસતા ને મેં ક્યાં આવું માંગી લીધું, સદ્ગુરુ મને માફ કરજો, મારી ભુલ થઈ ગઈ. આવું મેં નાદાનપણું કર્યું. પણ સદ્ગુરુની આંખોમાં કોઈક બીજું જ રહસ્ય દેખાઈ રહ્યું છે.

જિજ્ઞાસુ સ્તબ્ધ થઈ ને જોઈ રહ્યો છે, સદ્ગુરુના હોઠો ઉપર એ જ મધુર સ્મિત છે, જિજ્ઞાસુ સ્તબ્ધ થઈ ને જોઈ રહ્યો છે. સદ્ગુરુ એમના પુસ્તકો ઉપર નજર કરે છે, હાથ લંબાવે છે, એક ગ્રંથ હાથમાં લે છે, અને પેલા જિજ્ઞાસુના હાથમાં આપે છે, અને જિજ્ઞાસુ એના ઉપર નામ વાંચે છે,

## શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા !

માથે મુકીને પેલા ને નાચવાનું મન થાય, આંખમાં આનંદના

આંસુ આવી જાય, આ જિનશાસન, આ સદ્ગુરુ, આવો
પણ કોઈ ગ્રંથ છે, તાજુબ થઈ જાય. કઈ એ પાવન-
પણ હશે, કઈ એ ધન્ય પણ હશે,

પૂજ્યપાદ સિદ્ધર્ષિગણિ મહારાજ, જેમની આ અદ્ભુત રચના! આખી દુનિયાની સંપત્તિ ત્રાજવાના એક પલ્લામાં રાખવામાં આવે, અને બીજુ બાજુ, એ ઉપમિતિ ભવ પ્રપંચ કથા, જે આખો ગ્રંથ છે, જેના આઠ પ્રસ્તાવ છે, જેનું એક CHAPTER નહિ, જેનું અડધું CHAPTER નહિ, જેનું પા CHAPTER નહિ, જેનું એક પાનું નહિ, ને જેનો એક શ્લોક-રાખવામાં આવે,

એ શ્લોકનું પલ્લુ નમી જાય!

જેવો આ અદ્ભુત ગ્રંથ!

ઉપમિતિ છે, એ એક પ્રકારનો શત્રુંજય છે!

શત્રુંજય ના કાંકરે, કાંકરેથી અનંતા-આત્માઓ મોક્ષે ગયા છે. ઉપમિતિ ના એક એક-અર્થ પદથી આજ સુધીમાં ક્ષપક શ્રેણિ માંડીને અનંતા આત્માઓ મોક્ષે ગયા છે. પર્યાય રૂપે ઉપમિતિ ગ્રંથ અશાશ્વત છે, દ્રવ્ય રૂપે શાશ્વત છે. પર્યાય રૂપે ઉપમિતિ નું સર્જન આજથી એક હજારને સાઠ વર્ષ પહેલા થયું છે. દ્રવ્ય રૂપે ઉપમિતિ ગ્રંથનું કદી પણ નિર્માણ પણ નથી થયું, અને કદી એનો અંત પણ આવવાનો નથી. દ્રવ્યાસ્તિક નયના ~~દ્રષ્ટિકોણ~~ દ્રષ્ટિકોણથી આ ઉપમિતિ ગ્રંથએ શાશ્વત છે, જેના પ્રત્યેક અર્થ પદનું આલંબન લઈને, આજ-

સુધીમાં અનંતા આત્માઓ મોક્ષે ગયા છે.

★ શત્રુંજયની ઉપર જિનાલયોની શ્રેણી છે!
★ ઉપમિતિ ગ્રંથની અંદર જિનવાણી ની શ્રેણી છે!

શત્રુંજયની ચોવિહાર છઠ કરીને સાત-જાત્રા કરે એનો ત્રીજા ભવે મોક્ષ થઈ જાય, તમે ઉપમિતિ ની સાત જાત્રા કરો, તમે સતત વાંચવા બેસો, સાત દિવસની અંદર સંપૂર્ણ ઉપમિતિ નું વાંચન થઈ શકે એમ છે. આ ઉપમિતિ ની એક જાત્રા, આવી તમે સાત જાત્રા કરો, તમારો ત્રીજા ભવે મોક્ષ નિશ્ચિત છે.

રીત એટલી જ મન વાંચો જ નહિ-વાગોળો, માત્ર વાગોળો જ નહિ, સાથે એને આત્મસાત્ કરો, એની અંદર ઓળઘોળ થાઓ. ઉપમિતિ ની સાત જાત્રા, અને તમારો મોક્ષ નક્કી!

શત્રુંજયની ૯૯-નો ઘણો મહિમા છે, હું તમને કહું છું, તમારાથી બીજું કશું જ ના થાય-આ જિંદગી ની અંદર, એટલો સંકલ્પ તમે કરો, મારે ઉપમિતિ ની ૯૯ કરવી છે, સતત વાંચો સાત-દિવસમાં પુરુ થાય, જે પર્વની સતત ઉપમિતિ વાંચો તો ૯૯ પુરી થઈ શકે એમ છે. કદાચ વચ્ચે રજા પાડવી પડે તો ત્રણ વરસ, હજુ કદાચ અનુકૂળ ના આવે-ચાર વરસ, હજુ કદાચ અનુકૂળ ના આવે પાંચ વરસ, ઉપમિતિ ની ૯૯ તમે પુરી કરો, પાંચ વરસ પછી તમને લાગશે, કે આ ૯૯ કરવા માટે તમે ઘણા મોડા-હતા, પાંચ વર્ષ પછી તમને લાગશે, કે આ પાંચ વરસ ઘણા વહેલા આવી જતા હતા, પાંચ વરસ પછી તમને લાગશે, કે અનંત કાળ પહેલા જો આ પાંચ વરસ

આવી ગયા હોત તો, આટલું અનંત ભવભ્રમણ - તમારું ના થયું હોત. પાંચ વર્ષ પછી તમને લાગશે કે તમારું સંપૂર્ણ પણે પરિવર્તન થઈ ચુક્યું છે. પાંચ વર્ષ પછી તમારી આજુબાજુના લોકોને લાગશે કે તમારું આખું વ્યક્તિત્વ બદલાઈ ગયું છે, અને અત્યંત દિવ્ય થઈ ગયું છે.

શત્રુંજયની યાત્રા કરતા, પગલે પગલે કરોડો ભવોના પાપો ખપતા હોય છે.

પદે પદે વિલીયન્તે ભવકોટિભવાન્યપિ

ગ્રુપમાં કહે ભવ ક્રોડના કર્મ ખપાવે તેહ, ઉપમિતિની યાત્રા કરો, એના પ્રત્યેક પદે, પદે-પદે, કરોડો-ભવોના કર્મ ખપી જાય છે. શત્રુંજય મહાત્મ્ય ગ્રંથ કહે છે કે, શત્રુંજય ગિરિરાજ એ જીવંત તીર્થંકર છે. ઉપમિતિ પણ એક અપેક્ષાએ જીવંત તીર્થંકર છે. જે જીવંત તીર્થંકર પાસેથી મળી શકે છે, એ ઉપમિતિ પાસેથી મળી શકે છે. શત્રુંજય ની એકદ પણ શિલાનું જે વિલોપન કરે એ ઘોર આશાતના - કરે. એ ક્લિષ્ટ કર્મ બાંધે. એ ખુબ સંસારમાં રખડે. ઉપમિતિ ના એક પણ અર્થ પદ ની, એક પણ જિનાજ્ઞાનું જે વિલોપન કરે. એ ક્લિષ્ટ કર્મ બાંધીને, અનંતકાળ સુધી સંસારમાં ભમે છે.

## ઉપમિતિ એ ગિરનાર મહાતીર્થ છે!

ગિરનારથી આવતી ચોવીસી ના ચોવીસે તીર્થંકરો મોક્ષે જવાના છે. ઉપમિતિ એના અર્થ પદો ના અવલંબન દ્વારા, આજ સુધી માં અનંત તીર્થંકરો નો મોક્ષ થયો છે, અને અનંત તીર્થંકરો નો - મોક્ષ થવાનો છે. ગિરનારમાં કહેવાય છે કે,

ગુપ્ત-ગુપ્ત જગ્યાઓ પર એવી રસ કુંપિકાઓ છે. જેનું ટીપું પણ લોઢાને અડે અને લોઢું, સોનું થઈ જાય. જેને સિધ્ધ રસ કહેવાય, જેને સુવર્ણ સિધ્ધિનો રસ-કહેવાય, જે લોઢાને સોનું કરી દે. ઉપમિતિમાં એવી રસ કુંપિકાઓ છે, જેનું ટીપું પણ,

## આત્માને પરમાત્મા બનાવી દે છે!

ગિરનાર ઉપર અનમતની ઓૌષધિઓનો ભંડાર છે. એ જંગલ, એ વગડો, એ વનસ્પતિઓ, એની અંદર એવી એવી ઔષધિ જે અટપટા રોગો ને પણ મટાડી દે. ઉપમિતિ ની અંદર એવી એવી ઔષધિઓ છે, જે-અનાદિના આત્મિક રોગો, આત્મામાં ઘર કરી ગયા, વધી ગયા, ~~[illegible]~~ વકરી ગયા, એમને સંપૂર્ણ પણે નાબુદ-કરી દે છે.

## ગિરનારનું ATMOSPHERE (વાતાવરણ)

એકદમ પ્રસન્નતા થી તરબતર કરી દે એવું છે. ઉપમિતિ ની અંદર, આપણા સંપૂર્ણ ~~[illegible]~~ ભવિષ્યમાં, પ્રસન્ન ATMOSPHERE ને સંચય કરવાનું સામર્થ્ય છે.
ગિરનાર ઉપર મુમુક્ષુઓ જાય એમને ઘરેથી રજા ન મળતી હોય, કોઈને ધંધા નો PROBLEM હોય, કોઈને બીજો-ત્રીજો PROBLEM હોય, કોઈને ભાવનો PROBLEM હોય, જેની દીક્ષામાં જે વિઘ્ન હોય, એના વિઘ્નો ટળી જાય, એના સંયમ સ્વીકારના જલ્દી જલ્દી મુહૂર્તો નીકળી જાય, કામ થઈ જાય. ઉપમિતિ ની અંદર જે તાકાત છે, સંયમ ના ભીતરી વિઘ્નો છે, ચારિત્ર-મોહનીય સ્વરૂપ વિઘ્ન, વીર્યાંતરાય કર્મ સ્વરૂપ વિઘ્ન વગેરે વગેરે અંદરનાને બહારના બધા જ વિઘ્નોને દુર કરવાનું ~~[illegible]~~ ~~[illegible]~~ સામર્થ્ય ઉપમિતિની-અંદર રહેલું છે.

ગિરનાર નો અભિષેક બહુ જ વખણાય છે. ઉપમિતિ આત્મા ઉપર એવો અભિષેક કરે છે, જે અનાદિના કર્મ મળને, દોષોના મળને, દૂર કરી દે છે. - ગિરનાર ની યાત્રા કરીએ, તો આપણા વિકારો શમી-જાય, આપણા આત્માને પવિત્રતા નો સ્પર્શ થાય. ઉપમિતિ ની યાત્રા કરીએ, અને આત્માના બધાં જ વિકારો નાબુદ થઈ જાય, અને

પવિત્રતાનું એક છત્રી સામ્રાજ્ય છવાઈ જાય!

ઉપમિતિ એ એક અપેક્ષાએ પુરાવલાપુ તીર્થ છે!

પુરાવલા તીર્થ, જગ જયવંત કહેવાય છે. ઉપમિતિ પણ જગ જયવંત છે. યા તમે આની આજ્ઞા માનો, યા ન માનવાની સજા ભોગવો, આવું આખા વિશ્વમાં ઉપમિતિ નું એક છત્રી સામ્રાજ્ય-છવાયેલું છે. પુરાવલા ની અંદર પાર્શ્વનાથ ભગવાન મુનિ સ્વામી રૂપે બિરાજમાન છે. ઉપમિતિ પણ મુનિ સ્વામી સ્વરૂપ છે. પુરાવલા ની અંદર તીર્થ નો મહિમા છે. પુરાવલાપુ એ ચમત્કારોની હારમાળા સર્જી છે. ઉપમિતિ પણ આપણા ગળાની અંદર, ચમત્કારો ની માળા પહેરાવવા માટે સજ્જ છે.

ઉપમિતિ એ શંખેશ્વર તીર્થ છે!

શંખેશ્વર દાદા એ શ્રી કૃષ્ણની ગાઢ ઉંઘમાં સુતેલી સેનાને ઉઠાડી દીધી હતી. ઉપમિતિ અનાદિ કાળથી ઘસ ઘસાટ સુતેલા,

આપણા આત્માને ઢંઢોળીને જગાડી દે છે. શંખેશ્વરની ભંડાર વધતો જ જાય છે. ઉપમિતિ જીવનમાં આવે, તો આત્માનો ગુણ ભંડાર વધતો જ જાય. શંખેશ્વર તીર્થ ભારત ભરના કેટકેટલા તીર્થો ના પુણોધ્ધાર કરાવતું જ રહે છે. ઉપમિતિ પણ સમગ્ર વિશ્વના [illegible] અગણિત-જીવોનો આત્મોધ્ધાર કરી રહી છે. શંખેશ્વરની સ્પર્શના-થાય, અને જીવન ધન્ય થઈ જાય. ઉપમિતિ આપણા હૃદયને સ્પર્શે, અને આપણું જીવન ધન્ય થઈ જાય. શંખેશ્વરજી જડિયાર દેશની ખારી ભૂમિમાં ઉગેલું એક કલ્પવૃક્ષ છે. ઉપમિતિ એ આ ખારા સંસારની અંદર, આપણને મળેલું એ સાક્ષાત કલ્પવૃક્ષ છે.

## ઉપમિતિ એ રાણકપુર તીર્થ છે !

રાણકપુર તીર્થ ની બાંધણી વખણાય કે શરીરની અંદર ઉપમિતિ ગુંથેલી છે, ઉપમિતિની બાંધણી, રાણકપુર જેવી જ બેનમુન છે. રાણકપુર તીર્થ છે ને એના નિર્માતા, ધરણાશા. શિલ્પીઓને કહી દીધું હતું મારી એક પણ મુર્તિ અહીંયા ના મૂકજે. શિલ્પીઓની ભાવના ૯૯ કરોડ ખર્ચી રહ્યા છો, ફક્ત એક પ્રતિમા બનાવવા દો તો લોકો યાદ [illegible] કરશે. આ-મારા માટે નથી આ દાદા માટે છે. ભગવાને આપેલી સંપત્તિ હું ભગવાનના ચરણોમાં ધરતો હોઉં ને, એમાં હું મારી મુર્તિ મુકાવુ ને, તો હું ભગવાનનો સાચો ભક્ત-નહિ ને ધરણાશાની આંખમાં આંસુ ધસી આવ્યા હોય, ને શિલ્પીઓ સ્તબ્ધ થઈ ગયા હોય. એક અક્ષર-પણ બોલવાની જગ્યા ન બચી હોય. દિવસો ના દિવસો પસાર થતા હોય, દહેરાસર બની રહ્યું છે.. બની રહ્યું.. છે.. બની રહ્યું છે... બેનમુન, અદ્ભુત, લાજવાબ-જેનું વર્ણન ના થઈ શકે એવું, જિનાલય !

DATE

ધરણાશા આવ્યા છે, કારીગરો કાર્ય કરી-રહ્યા છે, મુખ્ય સોમપુરા હાજર થયા છે. શેઠ કાંઈ-પણ સુચન હોય તો જણાવશો. અને ધરણાશા કહે છે કે મારી એક મૂર્તિ બનાવવી છે. ઓલા શિલ્પીને થાય કે શેઠ નું મગજ ફરી ગયું છે કે શું, લાલચ લાગી કે શું, આટલું બધું બંધાયું, હવે અહીંયા કોઈક મૂર્તિ બનાવવી હોવી, આ વાત શું છે? કાંઈ-બોલાય તો નહિ, શિલ્પી કહે છે પ્રભુ શેઠ! ક્યાં-કેવી રીતે મુકવી છે, કહી દો, અને ધરણાશા એ કહ્યું કે મૂર્તિ કઈ SIZE ની બનાવવી કઈ-જગ્યાએ મુકવી, કે મને કોઈ ના જોઈ શકે, અને હું દાદાને જોયા કરું. લોકો ને મારું દર્શન કરાવવા-માટે આ મૂર્તિ નથી મુકવાની, પણ હું દાદાના દર્શન કરતો રહું, આજે પણ રાણકપુર તીર્થની-અંદર તમે જાઓ, રંગમંડપ ની અંદર એક થાંભલો ન મળે તો પૂજારી બતાડશે. આટલી નાની એવી ધરણાશા ની મૂર્તિ દેખાશે, આમ તમે શોધી શોધી ને થાકી જાવ, મળે નહિ. એટલી નાની. દ્રષ્ટિ-ભગવાન તરફ છે, હાથ જોડેલા છે, અને આજે સૈંકડો વર્ષો થી એ ધરણાશા, એ મૂર્તિ સ્વરૂપે-દાદા ના દર્શન કરી રહ્યા છે.

રાણકપુરની આ વિશેષતા છે, એના નિર્માતા એ, પોતાની જાતને ભગવાનની આગળ-નાચીઝ તરીકે, તુચ્છ તરીકે, બાળક તરીકે, એક અજ્ઞાની તરીકે પ્રસ્તુત કરી.

## હું એટલે કશું જ નહિ!

ઉપમિતિ ગ્રંથની વિશેષતા છે, એ ગ્રંથના રચયિતા

DATE

પોતાની જાત ની, હું મોટો વિદ્વાન, હું મોટો પ્રભાવ-
સર્જક, હું ગણિ મહારાજ, હું ફલાણો, હું ઢીંકણો આ
તરીકે ઓળખાવતા નથી, ઉપમિતિના પહેલા જ-
પ્રસ્તાવની અંદર, પહેલા CHAPTER ની અંદર -
સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પોતાની ઓળખ આપે છે.

હું એટલે દ્રમક !

હું એટલે એક ભિખારી !

હું એટલે ભવની ગલીનો ભુંડો ભિખારી !

હું નાથીઓ, હું નીચ, હું અધમ !

એમ કહી ને સિદ્ધર્ષિ ગણિ મહારાજ પોતાને ઓળખાવે છે.

રાણકપુર તીર્થ એટલે ભુવનમાં મંગલ !

જો કુંભલગઢના ઝાડાજીક જંગલો, એની વચ્ચે રાણકપુર
તીર્થ ઊભુ છે. રાણકપુર તીર્થ એટલે જંગલમાં મંગલ.
અને ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથ, એટલે ભવઅટવીની
અંદર, આ સંસાર જંગલની અંદર, પરમ મંગલ.

ઉપમિતિ ગ્રંથ એક અપેક્ષા એ આબુ દેલવાડા તીર્થ છે !

દેલવાડાનું શિલા શિલ્પ વખણાય. જેનો
દુનિયામાં જોટો નહિ. ઉપમિતિ નું શબ્દ શિલ્પ વખણાય-
જેનો દુનિયામાં ક્યાંય જોટો નહિ. દેલવાડ તીર્થ ની
અંદર, વિદેશીઓના ધાડે ધાડા આવે ને મોઢામાં આંગળા-
નાખી જાય, આફરીન થઈ જાય. ઉપમિતિ ગ્રંથનો વિદેશી-

ભાષાઓની અંદર પણ અનુવાદ થયો છે. સંસ્કૃત ભણેલા ENGLISH વિદ્વાનોએ પણ આ ગ્રંથ વાંચ્યો છે, અને વાંચીને આફરીન આફરીન પોકારી ગયા છે. દેલવાડા તીર્થ એના મૂળમાં કોઈ હોય તો એ પરાકાષ્ઠાની પ્રભુ ભક્તિ છે. ઉપમિતિ ગ્રંથનું સર્જન થયું, એના-મૂળમાં કોઈ હોય, તો પરાકાષ્ઠાની શાસન ભક્તિ છે. દેલવાડાનું તીર્થ એટલે WORLD RECORD તીર્થ. એક WORLD WONDER તીર્થ. ઉપમિતિ ગ્રંથ-એટલે પણ એક WORLD RECORD. હું તમને-CHALLANGE આપીને કહું છું, તમે સંસ્કૃત-ભાષા ભણો, તમે પ્રાચીન અર્વાચીન અનેક સંસ્કૃત ગ્રંથોનું અવલંબન કરો, અને તમે ઉપમિતિ વાંચો, તમે કહેશો કે સંપૂર્ણ સંસ્કૃત સાહિત્યમાં, ઉપમિતિ ભવ પ્રપંચ કથા જેવો, બીજો કોઈ ગ્રંથ નથી.

**ઉપમિતિ એ ક્ષત્રિયકુંડ તીર્થ છે !**

અંતરમાં ઉપમિતિ સાકાર થાય તો ભગવાન મહાવીર-જરૂર જન્મ લેશે.

**ઉપમિતિ એ શીતખંડ ઉદ્યાન છે !**

જો એ મળી જાય, તો આખા સંસારને ધુળની જેમ ખંખેરીને, સંયમના માર્ગે સંચરવું બહુ-જ સહેલું થઈ જશે.

**ઉપમિતિ એ ઋજુવાલિકા છે !**

તમે એના કાંઠે આવી જાવ. ટૂંક સમયમાં તમને કેવળજ્ઞાન થઈ જવાનું !

DATE

**ઉપમિતિ એ પાવાપુરી છે.**

ઉપમિતિ એ આપણી છેલ્લી દેશના બની શકે એમ છે. ભગવાને છેલ્લી દેશના આપી પછી તરત જ એમનો મોક્ષ થઈ ગયો હતો. આપણે છેલ્લી દેશના સાંભળીએ અને તરત જ મોક્ષ થઈ જાય એ શક્ય છે.

છગન રામકથામાં જતો હતો. અને રોજ બરાબર સમયસર પહોંચી જાય, બરાબર વ્યવસ્થિત બેસે, ભાવ સાથે સાંભળે, કથાકાર ને પણ આનંદ થાય કે આ એક શ્રોતા બરાબર અને સમજુ લાગે છે. બાકી બધા ગામડિયા શું સમજતા હશે, શું અર્થ લેતા હશે, કોઈ એમના ઠેકાણા નથી, આ વ્યક્તિ છે જે બહુ બરાબર છે. દિવસો ના દિવસો જઈ રહ્યા છે, જઈ રહ્યા છે, જઈ-રહ્યા છે, અને રામકથા પુરી થઈ. જેવી કથા પુરી થઈ, છગને ઉભા થઈ ને કથાકારને કહ્યું કે, મારે એક પ્રશ્ન પુછવો છે, ને કથાકારને આનંદ થયો કે પ્રબુદ્ધ-શ્રોતા હોય એને જ પ્રશ્ન થાય. એના પ્રશ્ન પરથી-જ ખબર પડશે કે મારી કથાનું મુલ્યાંકન થશે, મને સંતોષ મળશે. પ્રશ્ન પણ એવો હશે, સભાને પણ બોધ મળશે. અને કથાકારે કહ્યું કે પુછો પુછો, તમે બિનધાસ્ત પુછો, સંકોચ ના રાખો. અને છગને પણ સંકોચ વગર પુછી લીધું. કે આ કથામાં સીતાનું હરણ થયું એ આવ્યું, પછી પાછું હરણમાંથી સીતા થઈ કે નહિ એ આવ્યું જ નહિ.

**કથાકારની બધી જ ઉમેદો પૂરી ગઈ!**

આપણને લાગે છે કે છગન અક્કલ વગરનો છે. છગન મંદ બુદ્ધિ છે, છગનમાં બુદ્ધિ નથી. હરણ-થયું, એનો અર્થ એને ખબર નથી. આપણે બહુ સમજદાર, આપણને લાગે છે. આપણે હોંશિયાર,

આપણે બધા સાચા અર્થ સમજનારા, વર્ષોથી વ્યાખ્યાનો
સાંભળનારા, તત્ત્વ જ્ઞાન મેળવનારા, ગાથા ગોખનારા,
આટલું.. આટલું.. આટલું.. આટલું આપણને આવડે
એનું LIST આપણને મોઢે હોય.

હું કહું છું કે આપણે ઉપમિતિ પણ
સાંભળી લઈએ, કદાચ વારંવાર વાંચી લઈએ, યાદ-
રાખી લઈએ, કદાચ ગોખી લઈએ, કદાચ બીજાને-
મોઢે મોઢે સંભળાવી શકીએ, પણ આપણા જીવનમાં
એનું આચરણ ન આવે, તો હકીકતમાં છગનમાં
અને આપણામાં કોઈ જ ફરક નથી. આપણને-
લાગે છે કે આપણે ભણી લીધું, કદાચ માની લઈએ
ભણી પણ લીધું, ભણવા માત્રથી આપણું કલ્યાણ-
થવાનું નથી. મેળવા માત્રથી આપણું કલ્યાણ-
થવાનું નથી. ભણવું જરૂરી છે NUMBER ONE.
એની આગળના પણ બે તબક્કા હોય છે.
જેની વાત બૃહત્કલ્પ નામના છેદ આગમ સુત્રની-
અંદર કરી છે. ત્રણ પ્રકારના ભણકારની વાત કરી.
ત્રણ પ્રકારના હોંશિયાર, ત્રણ પ્રકારના બુદ્ધિશાળી,
આગમિક ભાષામાં, ત્રણ પ્રકારના મેધાવીની વાત-
કરી.

પહેલા નંબરની અંદર ગ્રહણ મેધાવી,
જે CATCH-UP કરી શકે, જે ગ્રહણ કરી શકે,
જેનો GRASPING POWER બરાબર હોય. FOR-
EXAMPLE તમે જમવા બેઠા, થાળીમાં ભોજન હતું,
બે મહિનાનું બાળક હશે એને નહિ આવડે,
તમને આવડે છે, આ રીતે કોળિયો લેવાનો, મોઢા-
માં મુકવાનો, ચાવવાનો, ઉતારી જવાનો. વ્યાખ્યાન
તમે સાંભળ્યું, તમે એના શબ્દાર્થો બરાબર કરી
લીધા, તમે સાંભળ્યું, તમે સમજ્યા, તમે CATCH

UP કર્યું. તો તમે ગ્રહણ મેધાવી છો.

બૃહત્કલ્પ આગમ બીજા નંબરની વાત કરે છે, બીજા નંબરના મેધાવી છે, ધારણ મેધાવી. CATCH UP કર્યું, પણ એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખ્યું, આજે સાંભળ્યું, કાલે ભુલી ગયા, તમે જમ્યા, પણ ઝાડા થઈ ગયા, ઉલટી થઈ ગઈ. તો એ જમવાનો પણ મતલબ નથી.

ત્રીજા નંબરના મેધાવી ની વાત કરે છે, બૃહત્કલ્પ આગમ, જેનું નામ છે, મર્યાદા મેધાવી. જે CATCH UP કરે, જેની MEMORY POWERFUL હોય, જે યાદ રાખે ને જે ત્યાં જ ન અટકે, જે ઉપચિતિગ્રંથની અંદર જગાવ્યું, જે એના જીવનમાં આવે એ પાલન કરે, એનું નામ મર્યાદા મેધાવી. તમે જમ્યા ખરા, તમે પચાવ્યું ખરું, પણ એનું પરિણમન એવી રીતે થયું કે તમારા શરીરની અંદર ધાતુ ઓનું IMBALANCE થઈ ગયું, એના કારણે રોગો તમારામાં પ્રગટ્યા, તો એ જમવાનો મતલબ નથી. બૃહત્કલ્પ આગમ કહે છે, ત્રણ મહાત્મા છે, ત્રણ શિષ્ય છે, ત્રણ શ્રોતા છે, ત્રણ વિદ્યાર્થી છે, એક ગ્રહણ મેધાવી છે, એક ધારણા મેધાવી છે, એક મર્યાદા મેધાવી છે. પહેલા બે ને શ્રુત ન આપવું, ત્રીજાને શ્રુત આપવું.

આપણે બહુ બહુ ભણવા સુધી પહોંચ્યા છીએ, આપણે બહુ બહુ ધરવવા, એટલે કે પચાવવા સુધી પહોંચ્યા છીએ, આપણે ખુલવા સુધી પહોંચી શક્યા નથી ને ગ્રંથને જ્યાં સુધી ખુલીશું નહિ, ત્યાં સુધી આપણું કલ્યાણ શક્ય નથી. આટલું નક્કી કરવું છે કે જિંદગીની અંદર એક ગ્રંથની મારી મારી પંથ બનાવવી છે. જીવનમાં કોઈ પણ વળાંક પર, કોઈ પણ પરિસ્થિતિમાં કોઈ પણ ઘટનામાં, કોઈ પણ વાણી કે વિચારમાં પણ, હું એટલી

DATE

પ્રશ્ન કરીશ કે ઉપમિતિ શું કહે છે ?, અને એ જ મુજબ હું ચાલીશ, આટલું આપણે નક્કી કરવું છે ?, આપણી SYSTEM એવી છે, મને ઠીક લાગશે - એટલું હું કરીશ, અને આપણને ઠીક શું લાગે એ - પણ આપણને ખબર નથી, અનાદિકાળની મોહરાજાએ જે આપણને પટ્ટી પઢાવી, એના આધારે આપણે - જીવન જીવતા હોઈએ છીએ. આપણને જે ઠીક - લાગતું હોય છે, જે મોહરાજા ને ઠીક લાગતું હોય છે. મોહરાજા ને જે ઠીક લાગતું હોય છે - જેનાથી આપણો આત્મા રાગ-દ્વેષ કરે, જેનાથી એ ઘોર કર્મો બાંધે, જેનાથી એ દુર્ગતિમાં જાય, જેનાથી એ અનંત ભવ ભ્રમણ કરે, એ મોહરાજાને ઠીક - લાગતું હોય છે. આપણને આ બધું ફાવે છે, આપણને આપણી પઢાવેલી, સમજેલી, અનાદિકાળની ઘુંટેલી પટ્ટી છોડીને, ભગવાનના ગ્રંથને આપણો પંથ બનાવવા ફાવતું નથી.

કેટલાક ઓછા એવા જીવો હોય છે, જે ભણવા સુધી પહોંચી શકે છે, વિશ્વના મોટા - ભાગના જીવો ભણવા સુધી પહોંચી શકતા નથી. જે ભણે છે એમાંથી બહુ ઓછા જીવો એવા હોય છે, જે પરખી શકે છે, પરખી શકે છે એમાંનાં ઘણા ઓછા જીવો હોય છે જે જીવી શકે છે, પંથ એમનામાં જીવંત બની જાય. અને હજુ આગળ વધીને નહીં સુધ, ભણવા, પરખવાને જીવવા - કરતા આગળ વધીને બનવાની વાત કરે છે,

સે દૂર્ર આયા।

તમે ગ્રંથ એવી રીતે ભણવો, પરખવો, જીવો, કે તમે પોતે ગ્રંથ બની જાવ. તમારું આત્મ સ્વરૂપ એ ગ્રંથ બની જાય. બીજા શબ્દો માં કહું,

ગ્રંથ એવી રીતે વાંચો કે જે ગ્રંથને તમારામાં વાંચી શકાય.

જ્યાં સુધી એ ગ્રંથને તમારી અંદર-વાંચી શકાતો નથી, તમે જાગો છો, ચાલો છો, ઉઠો છો, બેસો છો, તમે કંઈ પણ કરો છો, અને તમારી અંદર ઉપમિતિ વાંચો શકાય! તો તમે ખરા અર્થમાં ઉપમિતિ ગ્રંથને વાંચ્યો છે.

"જે ગ્રંથને તમારામાં વાંચી શકતો નથી, એ ગ્રંથને હકીકતમાં તમે વાંચ્યો જ નથી."

પરમ કારૂણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ-મહારાજ, ભિલ્લમાલ નગરની અંદર બિરાજમાન છે. કોઈ ધન્ય પળે એક ભાવના જાગી કે મને જે મળ્યું છે. એ હું દુનિયાને પણ આપું. એ પવિત્ર ભાવના થી આ અદ્ભુત ગ્રંથની સિદ્ધર્ષિ ગણિ મહારાજે રચના કરી. આપણું પરમ સૌભાગ્ય, કે આ અમૃત, આ મોક્ષ ની પંથ, આ-અદ્ભુત પદાર્થો, એ આપણને પ્રાપ્ત થયા. બસ એ ભાવથી, એ લક્ષ્ય સાથે, એ યોજનાને, PLANNING સાથે, આ ઉપમિતિ ગ્રંથ, એનું પારાયણ, એનું શ્રવણ, એનું મનન, ચિંતન, ભણવું, ચરવું, થવું અને બનવું, ત્યાં સુધી પહોંચવું છે. એના માટે ખાસ પ્રયાસ-કરશે. ચાલો સમય થયો છે, આજે આટલું રાખીએ!

x x x x x

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો.

દશા પોરવાડ સંઘ- પાલડી

# વ્યાખ્યાન નંબર- ૧૨૮

DATE 05 08 2021

તમારો પ્રશ્ન છે કે સાહેબ તમારી સરળતાની વાત બધી સાચી, પણ એ અમે સરળ બનીએ તો બધું જ ગુમાવવાનો વારો આવે, એવો આ જમાનો છે તો અમારે શું કરવું ? સિધ્ધર્ષિ ગણિ- મહારાજ આપણને કહેવા માંગે છે કે આ બધી આપણી વ્યાખ્યા છે. એક બાજુ તમને દુનિયાની- વસ્તુઓ મળતી હોય, પૈસા વગેરે મળતું હોય, - માન-પાન મળતા હોય, મિલકત મળતી હોય, અને બીજુ બાજુ તમને ભગવાન મળતા હોય, તો બે બે માંથી તમે કોને પસંદ કરશો ?

બહુ સરસ મઝાની વાત સંત કબીરે કરી છે,

મન ઐસો નિર્મલ ભયો જૈસો ગંગા નીર,

ચિત્તની નિર્મળતાની સાધનામાં હું આગળ વધ્યો ને મન મારું નિર્મળ બન્યું, જેટલું ગંગાનું પાણી નિર્મળ છે.

પીછે પીછે હરિ ફિરે કહત કબીર કબીર.

હવે મારે ભગવાનને ગોતવાની જરૂર નથી, બોલાવ- વાની જરૂર નથી, ભગવાન માટે ઝુરવાની - જરૂર નથી, ભગવાન મારી પાછળ- પાછળ ફરે છે. કબીર-- કબીર--- ઓ કબીર-- જરા ઉભો રહેને કબીર !

પીછે પીછે હરિ ફિરે કહત કબીર કબીર

બહુ સરસ મઝાની વાત એક કવિએ કરી છે,

હરિને હાંડલા વાગે હાથ

હરી દુર નથી, હરી નજીક જ છે, દુર નથી, એટલા નજીક છે કે હું ચાલુ ને મારો હાથ હરીને વાગી જાય છે. એક બાજુ ભગવાન મળતા હોય ને બીજુ બાજુ તમારું માનેલું બધું જ મળતું હોય,

DATE

તો તમને કયો વિકલ્પ પસંદ છે ? આ પ્રશ્ન પણ હવે જોરો છે. દુન્યવી બધી જ વસ્તુઓ મળશે - યા ભગવાન મળશે, આ પ્રશ્ન પણ જોરો છે.

સરળ બનશો તો ભગવાન મળશે !

ભગવાન મળશે તો બધું જ મળશે !

હું તમને સાબિત કરીને આપું કે સંસારના કોઈ પણ સુખની તમે વાત કરો, આજે ધર્મી બનીને કરેલા ધર્મના પ્રભાવથી તમને સુખ મળે. જિનશાસનના પ્રભાવ થી સુખ મળ્યું. આ અધુરી વાત છે. અનાદિ ભવચક્રમાં, અનંત પુદ્ગલ પરાવર્ત માં, - અનંતાનંત ભવોમાં, જ્યારે પણ, જ્યાં પણ, જે પણ, જેટલું પણ, આપણને સુખ મળ્યું છે. એમાં માત્ર - ને માત્ર જિનશાસન કારણ છે. હું તમને સાબિત - કરી આપું.

સુખો બધા આગગાડીના ડબ્બા છે !

ભગવાન એ આગગાડીનું ENGINE છે !

ભગવાન મળશે તો બધું જ મળશે !

ભગવાનની વગર બધાની પાછળ દોડ્યા, તો ભગવાન- તો નથી જ મળવાના. બીજા બધામાંથી પણ કશુ હાથે લાગવાનું નથી. પરમ પાવન ઉપમિતિ ભવ- પ્રપંચ કથા ગ્રંથની અંદર, પરમ કારુણિક મહર્ષિ શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ઋજુતા, સરળતા, આર્જવ, આના પ્રભાવનું વર્ણન કરે છે !

classmate

DATE

आर्जवेन ततो धन्याः ते शुद्धीभूतमानसाः।
જે ધન્ય પુરુષો હોય છે, જેમના મનમાં સરળતાની-
પરિણતિ, જેસલો કરી છે.

સરળતા આવે છે ને એમનું મન ઉજ્જવળ થાય છે.

निर्मलाचारविस्तारा:।
મન ઉજ્જવળ થાય છે ને એમના, આચારો નિર્મળ-
થાય છે.

पारं गच्छन्ति संसृतेः॥
અને એ પુરુષો સંસારનો પાર પામે છે.

સભાનો પ્રશ્ન :- જીવ સરળ હોય, બીજા ધર્મમાં હોય,
સારું કહેલો હોય, એમના ગ્રંથોમાં
સારું લખ્યું હોય એ વિષે શું સમજવું?

પૂજ્યશ્રીનો ઉત્તર :- કાવ્યાનુશાસન ગ્રંથની અંદર,
કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે,
આ સવાલનો જવાબ આપ્યો છે

न हि सूक्तं किञ्चिदर्हतामुपदेशमन्तरेण जगत्यस्ति।
આખા વિશ્વના કોઈ પણ સુભાષિત હોય, કોઈ પણ-
સારું વચન હોય, કોઈ પણ આત્માનું હિતકાર-
ર્યું હોય, તો એ અરિહંતના ઉપદેશ સિવાય
બીજું કશું જ નથી, કારણકે દુનિયામાં જેટલું
પણ સત્ય છે, સારું છે એ અરિહંતનો-
ઉપદેશ જ છે.

સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ-
દ્વાત્રિંશિકા ગ્રંથની અંદર, આ સવાલનો જવાબ
આ શબ્દોમાં આપે છે,

तवैव ताः पूर्वमहार्णवोत्थिताः
जगत्प्रमाणं जिनवाक्यविप्रुषः।

ભગવાન, આખી દુનિયાના બધા જ દર્શનો, બધી જ PHILOSOPHY, અને બધા જ શાસ્ત્રોનો અમે અભ્યાસ કરીએ, એની અંદર કંઈક સુભાષિત, કંઈક સાચું, કંઈક સારું, કદાચ મળી પણ જાય. ભગવાન એ બીજું કશું જ નથી, એ આપના ચૌદ-પૂર્વ રૂપી મહાસાગરના પાણી માંથી નીકળેલા ટીપા-છે, છાંટા છે, એથી વધુ એ કશુ નથી.

ઉપદેશ પદની અંદર, હરીભદ્રસૂરી-મહારાજ, આ સવાલનો જવાબ, આ શબ્દોમાં-આપે છે,

सव्वपवायमूलं दुवालसंगं जओ जिणक्खायं ।
रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तम्मि ॥

વિશ્વના બધા જ પ્રવાહ, દ્રષ્ટિઓ, દ્રષ્ટિકોણ, શાસ્ત્રો એ બધાનું મુળ કોઈ હોય, તો એ જિનેશ્વર પરમાત્મા કથિત એવું દ્વાદશાંગી નું શ્રુત છે. અને એ જે મળી જાય, દુનિયાના કોઈપણ ધર્મનું કોઈ પણ વાક્ય, તમને મળી, જચે, ગમે, સમજુ-તો આનું મુળ દ્વાદશાંગી સિવાય બીજું કશું જ નથી.

હરીભદ્રસૂરી મહારાજ ને પ્રશ્ન કર્યો કે, ચાલો બધી વાત સાચી, એ ના હોય. બધા ધર્મની-બધી વાત, બધા શાસ્ત્રોની બધી વાત, બધા દર્શનો-ની બધી વાત, જે સાચી પણ ના હોય, જે હિતકારક પણ ના હોય, એના માટે તમે શું કહો છો ? અને હરીભદ્ર સૂરી મહારાજ કહે છે કે, એનું પણ મુળ દ્વાદશાંગી છે, કારણકે પૂર્વ પક્ષ રૂપે, ઉપન્યાસ રૂપે, એક દ્રષ્ટિકોણ બતાવવા માટે અંદર એનો સમાવેશ કર્યો હોય. એ અપેક્ષાએ દુનિયાનું જે કોઈ પણ શ્રુત છે, એ દ્વાદશાંગીની

અંતર્ગત છે, માટે જ ગણધર ભગવંતો નું આગમ ની અંદર, એક વિશેષણ બતાડ્યું,

सव्वक्खरसंनिवाई ।

વિશ્વભરની અંદર અક્ષરો ના જેટલા સંયોગો છે, કોઈ પણ ભાષાનું, કોઈ પણ આજની તારીખનું LITRATURE છે, એનો જે પણ પદાર્થ છે, એ ગણધર ભગવંતો એ આપેલો છે.

લલિત વિસ્તરાની અંદર હરીભદ્રસૂરી-મહારાજ, આ સવાલનો આ રીતે જવાબ આપે છે,

एकोऽपि शुभभावः भगवत्प्रसादाद् लभ्यः ।

કદાચ દુનિયાની કોઈ વ્યક્તિ દલીલ કરે, અમે કોઈ-ભાઈ તમારું દ્વાદશાંગી, તમારા ચૌદ પૂર્વો, -તમારો સ્યાદ્વાદ, તમારા પિસ્તાલીસ આગમો, કશું એવા અમે જોયા નથી, એમાંથી અમે કોઈ પણ COPY કર્યું નથી, VIA VIA પણ એ-અમારી પાસે આવ્યું નથી, અમે અમે અમારા-ચિંતનથી કર્યું એમનો જવાબ આપવામાં આવે છે કે ભાઈ તમે ગમે તેટલું ચિંતન કરો, -અહીંયા બધુ કરીને જોયા, તમે જે કરશો એની અંતર્ગત હશે.

કે વ્યક્તિ બીજુ દલીલ કરે, ચાલો શાસ્ત્રો છોડો, વચન છોડો, ચિંતન છોડો, મને સુઝ મળ્યું મારા શુભ ભાવથી, એમાં જિનશાસન કારણ કઈ રીતે ? એને હરીભદ્રસૂરી-મહારાજ, લલિત વિસ્તરા માં જવાબ આપે છે. વિશ્વનો એકાદ પણ કોઈ શુભ ભાવ હોય ને, એ પરમાત્મા ની કૃપા વગર મળતો નથી, શુભ-ભાવ વગર પુણ્ય મળતું નથી, પુણ્ય વગર-

સુજ મળતું નથી. માટે દુનિયામાં કોઈ પણ પ્રકારનું સુજ હોય, એનું મુળ જિનશાસન સિવાય બીજું કશું જ નથી.

સભાનો પ્રશ્ન :- વૈદિક દર્શનના પદાર્થો યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં છે, એનું શું?

પૂજ્યશ્રીનો ઉત્તર :- આપણા જૈનાચાર્યો એ, અજૈન ગ્રંથો ઉપર પણ પુરેપુરી ટીકા રચવાનું કાર્ય કર્યું છે. પ્રશ્નનો ભાવ એ છે કે શ્રી યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથ, વૈદિક દર્શનના, પદાર્થોના આધારે, આપણા હરીભદ્રસૂરીજી મહારાજ એ બનાવ્યો, તો આપણું જ ત્યાં ગયું એમ-કેમ કહેવાય, એમનું આપણામાં આવ્યું એમ કેમ ના કહેવાય. પ્રશ્નને જરાક સુધારી દઉં, વૈદિક દર્શન નહિ પણ પાતાંજલ યોગ દર્શન, જેનો - પાતાંજલ યોગદર્શનની જે અષ્ટાંગ યોગની જે - પરિકલ્પના, એની સંગતિ કરવા, હરીભદ્ર સૂરી - મહારાજજી, યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની રચના કરી એવું કહેવાય. કહેવાય છે, એટલા માટે કહું છું, હજુ આપણી પાસે કોઈ નક્કર પુરાવા નથી.

## WHO WAS FIRST ?

ત્યાંથી શું આવ્યું, નો છતા, બહુધા સંભાવના પણ છે કે એમની પદાર્થ વ્યવસ્થાના આધારે એક ગ્રંથની - રચના કરી, આતો તમારો પ્રશ્ન બહુ ઓછો છે, હું તો એનાથી આગળની વાત કરું છું. કાવ્ય પ્રકાશ નામનો વૈદિક, શિરમોર કક્ષાનો વૈદિક પરંપરાનો ગ્રંથ કહી શકાય એના ઉપર મહોપાધ્યાય યશોવિજયજી

DATE

મહારાજશ્રીએ વૃત્તિ ની રચના કરી છે. હજુ આગળ -
વધીને, પતંજલિ જે મહર્ષિ, જેમનું જે મોટે સર્જન
કહેવાય, યોગ સુત્ર જે યોગસુત્ર ઉપર મહોપાધ્યાય
યશોવિજયજી મહારાજશ્રીએ ગ્રંથની રચના કરી છે. એવા
ઈતરના વ્યાકરણો ઉપર જૈનાચાર્યો એ ટીકાની રચના
કરી છે. ટીકા નો અર્થ આપણો જે ટીકા કહીએ એ
નહિ, સંસ્કૃતમાં COMMENTARY એને ટીકા કહેવાય
એવા અનેકાનેક ગ્રંથો, જે બીજાના હતા, સ્યાદવાદની
પરિણતિ પામેલા, જૈનાચાર્યો એમણે એમના ગ્રંથોની
પણ વ્યાખ્યા લખી.

ૐ જિનશાસનની ઉદારતા છે, મનની
મોકળાશ છે, જે છે એમ કહે છે, અમે આ લઈ-
આવ્યા, એવું જૈનાચાર્યો કહેતા નથી. જે રીતે શાસનને
લાભ થાય, જે રીતે બીજા જીવોને લાભ થાય, જે
રીતે જૈવો જીવ આવ્યો, યોગદ્રષ્ટિ સમુચ્ચયમાં જ હરી-
ભદ્રસૂરી મહારાજ ના શબ્દો છે,

यस्य येन प्रकारेण बीजाधानादिसम्भवः।

જે રીતે, જે જીવને સારી રીતે શાસ્ત્ર બોધ થાય,

सानुबन्धो भवत्येते तथा तस्य जगुस्ततः॥१३४॥

એ રીતે મહાપુરુષોએ એને એવું કહેવું. અને આ -
પરંપરા હરીભદ્રસૂરી મહારાજ એ શરૂ નથી કરી. અગિયાર
ગણધરો, ભગવાન પાસે દીક્ષા પૂર્વે પહોંચ્યા છે. મનની
શંકા ભગવાને કહી બતાડી છે. અને ભગવાને શંકાનું
સમાધાન આપતા એમ નથી બોલતા કે તમારા વેદો
ખોટા, ભગવાનના શબ્દો વિશેષ આવશ્યક ભાષ્ય,
આવશ્યક નિર્યુક્તિ ગ્રંથ, એની અંદર લખેલા છે,

वेयपयाण य अत्थं न सुट्ठु जाणसि तं सुणसु।

તમે વેદ પદોના અર્થોને બરાબર સમજ્યા નથી, વેદો-
ના સાચા અર્થ આ છે. આ અર્થ પકડોતો શંકાને -

કોઈ જ અવકાશ નથી. તમે અર્થ બરાબર નથી પકડ્યા, માટે તમને શંકા છે. યુગલિક કાળની અંદર કોઈ પણ પ્રકારનો ધર્મ ન હતો, ત્રીજા આરાના અંતે, યુગાદિદેવ-આદિનાથ ભગવાને, દીક્ષા લઈને, કેવળજ્ઞાન પામીને, પહેલવેલી ધર્મની પ્રરૂપણા કરી, ધર્મ તીર્થની સ્થાપના-કરી. કચ્છ, મહાકચ્છ વગેરે જે ભગવાનની સાથે નીકળ્યા પણ દીક્ષા કેવી રીતે પાળવી એની ખબર નહિ, ગોચરી ચર્યા વગેરે ખબર નહિ, ભગવાન કાંઈ બોલે નહિ.

ભગવાન કેટલો વખત નહિ, તેઓ-તાપસ થઈ ગયા. જંગલની અંદર શેવાળ, કંદમૂળ વગેરે વાપરવા લાગ્યા. જટાધારી થયા. તાપસ નું દર્શન ત્યાંથી ચાલુ થયું. આદિનાથ ભગવાનના પૌત્ર મરીચિ, કપિલ-નામનો શિષ્ય મળ્યો, કાપિલ દર્શન એટલે કે સાંખ્ય-દર્શન ચાલુ થયું. અલગ અલગ દર્શનની ઉત્પત્તિ નો ઈતિહાસ છે, જિનશાસન એક જ શાશ્વત દર્શન છે!

ઉપમિતિ ગ્રંથ નો ત્રીજો પ્રસ્તાવ ચાલી રહ્યો છે. આઠમા પ્રસ્તાવની અંદર પતાકાપટાનું વર્ણન આવશે, અને એની અંદર આ બધું જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. કે આ ધર્મ ક્યાંથી ચાલ્યો, કેવી રીતે થયું, બીજા ધર્મો કેવી રીતે પેદા થયા. વિશ્વના આજના પણ કોઈ ધર્મ હોય, કોઈ ક્રાંતિકારી હોય, કોઈ SPEAKER-હોય, કોઈ ધર્મ ગુરુ હોય, બહુ એમનું ચાલતું હોય, એ પણ ક્યાં, કેટલામાં એનું બધું વિશ્લેષણ ઉપમિતિની અંદર કરવામાં આવ્યું છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, બહુ મરમ-મરમની વાત, સરળતાની કહેવા માંગે છે.

તે શુભ્રીભૂતમાનસા: ।

કદાચ છગને જે નોટ લંબાવી હતી, એમાં રૂપિયા બેચાર
પણ ગયા હોત, છગનને રૂપિયા મળી પણ ગયા હોત,
તો પણ છગનને પાપથી વધુ કશું મળવાનું ન હતું.

શ્રીમંતો હોય, એમની પાસે મૂડી છે,
પૈસો પૈસાને ખેંચે, હજારના લાખ કરે, લાખના કરોડ-
કરે, કરોડના સો કરોડ પણ કરે, એ શ્રીમંતોને
પણ પાપથી વધુ કશું જ લાગતું નથી.

પૈસો વધે છે એટલે પાપ સિવાય બીજું કશું જ વધતું નથી!

કારણ કે,

પૈસો એ જ પાપ છે!

તત્ત્વાર્થાધિગમ સૂત્રની અંદર પૂજ્ય ઉમાસ્વાતિ-
મહારાજ કહે છે,

बह्वारम्भपरिग्रहो नारकस्य ।

તમારી પાસે ઘણો આરંભ છે, આરંભનો અર્થ સામાન્ય-
લોકમાં હિંસા કહેવાય, ઘણી હિંસા! તમારી પાસે-
પૈસા ઘણા છે, ઘણો પરિગ્રહ! તો તમે નરકનું-
આયુષ્ય બાંધવાના! તત્ત્વાર્થાધિગમ સૂત્ર સ્પષ્ટ કહે છે,
બીજો ગમે તેટલો ધર્મ કદાચ તમારા જીવનની અંદર-
હશે, પૈસા તમારી પાસે અઢળક છે, પુષ્કળ છે.
બહુ પરિગ્રહ તમારી પાસે છે, તમારું ઉકાળેલું-
પાણી, તમારા કાયમી બેસણા, તમારું પ્રતિક્રમણ,
તમારું જિનવાણી શ્રવણ, તમે આપેલું કંઈક-
ઓછું વત્તુ દાન, આ તમને દુર્ગતિથી બચાવી-
નહિ શકે. જો તમારે

ઘણો પરિગ્રહ છોડવો નથી!

મમ્મણ પાસે બીજું કોઈ વિશિષ્ટ પાપ ન હતું, સિવાય - વધુ પૈસો, મમ્મણ સાતમી નરકમાં ગયો, માત્ર ને માત્ર વધુ પૈસાના કારણે, મમ્મણ સાતમી નરકમાં ગયો છે, આજે તમારા બીજા પાપો પણ બાજુ મુકો, અને પરિગ્રહ પણ તમારો છુટે નહિ, તો

**નરક સિવાય ભવિષ્યમાં બીજો કોઈ જ વિકલ્પ નથી !**

**સભ્યોનો પ્રશ્ન :-** સાહેબજી પૈસો હોય પણ એની ઉપર રાગ ન રાખીએ, મમત્વ ન રાખીએ તો !

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** અધ્યાત્મ સારની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જી, આ - પ્રશ્નનો જવાબ આ શબ્દોમાં આપ્યો છે,

અકૃત્વા વિષયત્યાગં યો વૈરાગ્યં દિધિર્ષતિ ।

તમારે વસ્તુ છોડવી નથી ને વૈરાગ્ય ધારણ કરવો છે, અમે પૈસા રાખશું, અમે રાગ નહિ રાખીએ,

જ્વલતિ જ્વલને વલ્લિં સ રોપયિતુમિચ્છતિ ।।

જે ભડભડના અગ્નિની જ્વાળાની અંદર, વેલડીનું આરોપણ કરવા માટે, જી વાવવા માટે ઇચ્છે છે. જેમાં બી - માત્ર ભસ્મીભુત થઈ શકે, એમાં વેલડી વાવી શકે નહિ.

**તમારે પૈસા નથી છોડવા ને આ જ રાગ છે !**

તમે કહો કે અમે પૈસા છોડીએ નહિ, પણ રાગ ન રાખીએ. આ તમારો આગ્રહ છે. આ તમારી ગાઢ આસક્તિ છે. કે તમારે હજુ છોડવી નથી. અને દસવૈકાલિક આગમની અંદર શ્રુતકેવલી, શય્યંભવ સ્વામી ભગવાન, આજ વાત કરી છે,

મુચ્છા પરિગ્ગહો વુત્તો ।

આ જે તમારી મુર્છા, આ જે તમારી આસક્તિ, આ જે તમારો રાગ, એ જ

## તો ભાવ પરિગ્રહ છે !

શિષ્યોનો પ્રશ્ન :- પણ સાહેબ, જેટલા જરૂરી હોય એટલા તો રાખવા પડે ને ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- બહુ સરસ મજાનો પ્રશ્ન છે, હું તમને ત્રણ વ્યક્તિના દ્રષ્ટાંતથી આનો જવાબ આપુ, જ્યારે ધુપ જેવી દશામાં છે, કે મોહથી જે આંધળો છે, ત્યા પૈસા જરૂરી લાગે છે. જ્યારે દશા નંબર બે આવી, જિનવચનની થોડી થોડી પરિણતિ મળી, થોડી થોડી બોધિ મળ્યો, આછું-આછું જ્ઞાન મળ્યું, અનાદિનો અંધાપો પુરો ગયો નથી, ઝાંખું ઝાંખું દેખાવા લાગ્યું છે. ત્યારે પૈસા બિનજરૂરી લાગે છે. જિનવચનની સ્પષ્ટતા મળી, દ્રષ્ટિનો ઉઘાડ મળી, અંધાપો સંપૂર્ણ ગય. ત્યારે પૈસા જરૂરી લાગે છે, આમાં પૈસા અને જરૂરી વચ્ચે,

## "છોડવા" શબ્દ આવી ગય છે.

જ્યારે સ્પષ્ટતા મળી ગઈ, દ્રષ્ટિનો ઉઘાડ મળી ગયો, ત્યારે પૈસા છોડવા જરૂરી લાગે છે.

હિંસા થઈ ગઈ, ગરોળી મરી ગઈ, કોઈક BIKE ની નીચે ખિસકોલી, ઉંદરડી - નાનું બિલાડનું બચ્ચું આવી ગયુ, લોહીનું ત્યાં નાનું ખાબોચિયું થઈ ગયુ. ધ્રુસકે ને ધ્રુસકે કદાચ આપણો રડી પડીએ. દોડી જઈએ, પ્રાયશ્ચિત લઈએ, ગુરુ-

ભગવંત પ્રાયશ્ચિત આપે, એવુ સંતોષ ના થાય, આવા મુખ્યા વાળા ધ્યાનમાં છે, મારા પાંચ હજાર લઈ લોને. આજે જા વિરાધના થઈ ગઈ, જા હિંસા થઈ ગઈ, હું તમને પુછુ છું કે જિંદગીમાં એક દિવસ એવો આવ્યો કે તમારી આંખમાં આંસુ આવી ગયા, આજે ઉકાળ-કરતા અનેક ગળા રૂપિયા ફગાઈ ગયો. બહુ ખોટું થયું, જિંદગીમાં એક દિવસ તમને લાગ્યું ખરું!

**સભાનો પ્રતિભાવ :-** એમને તો એમ લાગે કે ભગવાનની કૃપા દ્રષ્ટિ અમારા ઉપર પડી!

**પૂજ્યશ્રીનો પ્રતિભાવ :-** હું કહું છું, તો પણ વાંધો નથી, હવે તમારી ઉપાદેય દ્રષ્ટિ, કૃપા પ્રત્યે વધારે છે, કે પૈસા પ્રત્યે વધારે છે એનું વિશ્લેષણ કરો. કૃપા એક માત્ર સાધન બને છે, ને પૈસા સાધ્ય બની જાય છે. એ સમયે તમે કૃપા ને પૈસાની COMPARISON માં DEVALUATE કરો છો. કૃપા નીચી, કૃપા દ્વારા પૈસા મળ્યા, કૃપા શા માટે મળવાની, વાસક્ષેપ શા માટે નખાવાનો, પૂજા શા માટે કરવાની, ધર્મ શા માટે કરવાનો, ધર્મથી સુખ મળે, પૈસા મળે, મિલકત મળે, સમૃદ્ધિ મળે, શ્રીમંતાઈ મળે, માટે ત્યાં ધર્મ એ મળ ને માત્ર એક સાધન મળે છે, ધર્મ એક માધ્યમ મળે છે. એના દ્વારા જે જે મળે છે એ મહાન બને છે, ધર્મ હલકો બને છે.

**આ પણ ધર્મની એક પ્રકારની આશાતના છે!**

**સભાનો પ્રશ્ન :-** પૂર્વકાળમાં તો શ્રાવકો, વસ્તુપાલ અને તેજપાલ જેવા મહાપુરુષો પાસે તો અઢળક સંપત્તિ હતી.

પૂજ્યશ્રીનો ઉત્તર :- વસ્તુપાળ અને પેથડશા જેવા-
શ્રાવકોના ચરિત્રો તમે વાંચો,
એમના વિચારો વાંચો, એમની પાસે મંત્રીશ્વરનું પદ
હતું, એમને કિલો ના કિલો સોનું એમને પગાર-
તરીકે મળે, તમારી ભાષામાં આજના માપમાં કહું,
કે પણ ઘડી સોનું બોલીને તીર્થની માળ લઈ શકે,
એવા શ્રાવકો, પણ અંદરથી કેવા રડતા હતા, ઝુરતા
હતા, સંયમ માટે તડપતા હતા, અને વસ્તુપાળ-
મહામંત્રી ના શબ્દો છે,

संसारव्यवहारतोऽस्तमतिर्व्यावर्तकर्तव्यता,

શું પરાકાષ્ઠાના વસ્તુપાળના ભાવો હશે ને, ચરિત્રના-
શબ્દો છે, સંસારના બધા જ વ્યવહારો મારા ક્યારે-
બંધ થઈ જાય, ક્યારે આ બધું જ છુટે,

वार्तामप्यपहाय चिन्मयतया त्रैलोक्यमालोकयन्।

આખા વિશ્વની અંદર, મને કેવળજ્ઞાનથી હેજાના, જ્ઞેય
ભાવનો પ્રતિભાસ થાય. ત્રણે લોકનો પ્રતિભાસ-
હું માત્ર જ્ઞાતા-દ્રષ્ટા ભાવે કરતો હોઉં,

श्रीशत्रुञ्जयशैलगह्वरगुहा-मध्ये निबद्धस्थितिः,

શત્રુંજય પર્વતની કોઈ ગુફા હોય, પલાઠી વાળીને ત્યાં હું
બેસી ગયો હોઉં, જિનશાસનનો મારો વેષ હોય,
શાસનના અણગાર નો વેષ હોય, હું ધ્યાનની અંદર
બેઠો હોઉં. મારી આંખ માંથી આનંદ ના અશ્રુઓ-
વહી રહ્યા હોય.

श्रीनाभेय! कदा लभेय गलितज्ञेयाभिमानं मनः॥

હે આદિનાથ ભગવાન એવું પરમ નિર્મળ, પરમ વિશુધ્ધ,
જ્યાં માત્ર મણવાનું છે ને, મણવા સુધ્ધા નું અભિમાન
નથી રહ્યું, એવું મન મને ક્યારે મળે. આ-
વસ્તુપાલ છે! હું તમને કહુ પણ વસ્તુપાલને
પેથડશા થી પણ આગળની વાત કરું કે ભગવાન-
ના મહાન દસ શ્રાવકો એમની પાસે અઢળક અઢળક

DATE

સંપત્તિ હતી. દશ્મશ ગાયોના ગોકુલો, કરોડો સોના-મહોરો, કેટલા કરોડો ધીરાણમાં, કેટલા કરોડો વ્યાજમાં, કેટલા કરોડો BUSINESS માં, બધા આંકડાઓ આપણા ઉપાસક-દશા નામના આગમની અંદર આપેલા છે. અને એ શ્રાવકો પણ, દીક્ષા ન હતા લઈ શકતા માટે ઝુરતા હતા. અને દીક્ષા ન લઈ શક્યા તો છેક સુધી પરિગ્રહને લઈને નહતા બેઠા, ભગવાનના દસે દસ શ્રાવકો, એમનો વીસ વર્ષ શ્રાવક પર્યાય, એમાં પંદર વર્ષ ઘરે રહ્યા છે. છેલ્લા પાંચે-પાંચ વર્ષ, દસે દસ શ્રાવકો, પૌષધશાળાની અંદર રહ્યા છે.

એક PROGRAM કર્યો છે, બધાને બોલાવ્યા છે. સગા-વ્હાલા, સ્વજન, સંબંધી, મિત્રો, બધાને જમાડીને કહી દીધું છે. હવે મને કશું પુછતા-નહિ, હવે મને કશું લાગે વળગે નહિ, આ મારો મોટો દીકરો છે. હવે બધી જવાબદારી એને આપુ છું, હવે,

મારે મારા આત્માનું કલ્યાણ કરવાનું છે!

હું તમને કહું છું, દર વર્ષે તમે કદાચ કરોડો રૂપિયા ધર્મની અંદર વાપરતા હો, કેટલા ટકા-વાપરો ? તમારી પાસે હોય એના કેટલા ટકા વાપરો ?

આપો વધારે કે રાખો વધારે!

જ્યાં સુધી તમને પૈસો જ પાપ લાગ્યો નથી ને પૈસાથી-ધર્મ થાય, આવી વ્યાખ્યા તમારા મનમાં છે, ત્યાં સુધી,

તમે ધર્મને બરાબર સમજ્યા જ નથી!

છેક સુધી પકડી રાખ્યું છે, છોડ્યું નથી, તો મરી ગયા-સમજો. તમે જેટલા આપ્યા એનો સંતોષ તમને વધારે કે જે નથી આપ્યા, એનો સંતાપ તમને વધારે.

"તમે આપ્યા એનો સંતોષ વધારે કે,
રાખ્યા એનો આનંદ વધારે!"

"તમે રાખ્યા એનો તમને સંતાપ છે કે આનંદ છે?"

યા તમે પૈસા રાખો જ નહિ તો તમે ધર્મી.
યા તમે રાખ્યા હોય એનો સંતાપ હોય, બળાપો હોય તો તમે ધર્મી. તમે રાખ્યા ને એનો તમને આનંદ હોય, તો શાસ્ત્રકાર ભગવંતો તમને ધર્મી તરીકે કહેવા માટે તૈયાર નથી.

પૈસા રાખવા આનું જ નામ પાપ! અને,

પાપ એ કદી ધર્મ બની શકે જ નહિ!

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે કે, ખરી શ્રીમંતાઈ મનની નિર્મળતા જ છે. તમારા મનમાં જે વિષય તૃષ્ણા કુદા-કુદ કરે છે ને, તો

તમારો બંગલો ઉકરડામાં ભાંગેલા ઝુંપડાથી પણ ખરાબ છે.

તમારા મનની અંદર ગુસ્સો ફાટ-ફાટ થાય છે,

"તમારી MERCEDES ગાડી એ ભોગીની સાયકલથી એ ઉતરતી કક્ષાની છે."

તમારા મનની અંદર એ બીમની નિંદા જ રમ્યા કરે છે ના તમારી FIVE STAR OFFICE ભલે હોય, હકીકતમાં તમે ઘરે ઘરે ઉઘરાણા કરવાનું કામ કરો છો. કારણકે

## ખરી શ્રીમંતાઈ તો મનની નિર્મળતા જ છે !

મનની ગરીબાઈ, મનની કલુષિતતા, એ જ ખરા અર્થમાં ગરીબાઈ છે. બહુ સરસ મજાની વાત અષ્ટક પ્રકરણમાં હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

चित्तरत्नमसंक्लिष्टमान्तरं धनमुच्यते ।

અસંકલિષ્ટ મન, નિર્મળ મન, વિશુધ્ધ મન, એ જ તમારી મિલકત છે. એ જ બંગલો છે. એ જ ગાડી છે, એ જ OFFICE છે. એ જ ધીકતો ધંધો છે. એ જ તમારી ખરી BANK BALANCE છે. એ જ તમારા ઘરેણા છે. એ જ તમારી જમીન છે. એ જ તમારું સર્વસ્વ છે. અને એ જો લુંટાઈ ગયું તો,

## તમારા જેવા કંગાળ બીજા કોઈ જ નથી !

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે. જેટલી તમારી બુધ્ધિ તાણ, જેટલી દોટ, જેટલા પ્રયત્નો, પૈસા કમાવવા માટે છે એના, હજાર માં ભાગના - પ્રયત્નો તમારા મનની નિર્મળતા વધારવા માટેના ખરા ? અને પછી તમે જ ફરીયાદ કરો, સાહેબ બધું જ છે, બધું જ બરાબર છે, પણ મનને શાંતિ નથી, ક્યાંથી શાંતિ હોય ! શાંતિ મનની નિર્મળતા ને બંધાયેલી છે, મનની નિર્મળતા સરળતા ને બંધાયેલી છે. ને સરળતા ને આપણે પૈસા કમાવવા માટે, કાવા-દાવા- કાળા-ધોળા, માયા- પ્રપંચ, કરીને ફાંસીના ફંદે લટકાવી દેતા હોઈએ. પછી ક્યાંથી આપણને શાંતિ મળે.

ततो धन्यास्ते शुभ्रीभूतमानसा: ।

હું તમને પુછવા માંગુ છું કે તમે દાન આપો છો એ શા-
માટે આપો છો. તમે જ્યાં પણ દાન આપતા હો,
ધન્યવાદ છે, અનુમોદના છે, દાન આપવાનું અટકાવવાનું
નથી, વધારવાનું છે. હું તમને OPTIONS પુછુ છું
તમારા દાનની BASE શું છે ?, ક્યાંક પૈસાની જરૂર-
હતી માટે તમે દાન આપો છો, NUMBER 1 !
NUMBER- 2- તમારું નામ થાય, વાહ વાહ થાય એના-
માટે આપો છો, નંબર THREE- લોકમાં તમારી
પ્રસિધ્ધિ થાય, માટે તમે દાન આપો છો. નંબર-
ચાર- સમાજ સંઘમાં તમારે ઉભા રહેવું પડે છે, માટે-
તમે દાન આપો છો. નંબર પાંચ- કે પૈસા છોડવાની
તમને બહુ જ જરૂર હતી, માટે તમે દાન આપો છો.

સભાનો પ્રતિભાવ:- પૈસા છોડવાની વૃત્તિ નથી હોતી
પણ ધર્મનું એમ ગમતું હોય એટલે
એની અનુમોદના કરવા માટે, બધા આપે છે, માટે આપણ
આપીએ, એવા ભાવથી અપાતું હોય તો !

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- બહુ સરસ તમારો જવાબ,
એ જવાબની સામે હું તમને
સવાલ પુછુ છું, તમે જેમને પણ ગુરુ માનતા હો,
યા કોઈ સંસ્થા સાથે તમે જોડાયેલા હો, યા કોઈ-
સંસ્થા માટે તમને લાગણી હોય, તમે ગુરુ ભગવંતની
પાસે જાવ ને તમે ગુરુ ભગવંત ને વિનંતી કરો કે,
તમારા શબ્દો શું હોય ?

સાહેબ કંઈ પણ જરૂર હોય તો લાભ આપજો !

બરાબર છે. આનો અર્થ ?, સાહેબ અમને કશી જરૂર-

નથી, આપને કશી જરૂર હોય તો બોલજો, અને આપને જરૂર ન હોય તો એકે રૂપિયો અમારે છોડવો નથી, અમારે છે એ બધું જ બરાબર છે.

સભાનો પ્રતિભાવ :- વ્યવહારમાં તો એમ જ બોલાય ને, લાભ આપજો.

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- હું શું કહું છું, વ્યવહાર ની- પાછળ તમારો નિશ્ચય ભેડાયેલો છે, તમારી માન્યતા, તમારું જે અંતર્ગત સ્વરૂપ છે, જે એમાં પ્રતિબિંબિત થાય છે. બહાર તમારો કહો એવો ભાવ મગ્યો, કે સાહેબ કાંઈ ના હોય તો કાઢો, સાહેબ અમારે પૈસા છોડવા છે, અમે પૈસા છોડીશું કઈ રીતે, અમને માર્ગદર્શન કોણ આપશે, સાહેબ છોડ- વાના જ છે સાહેબ, આપ બોલો ક્યાં આપવાના છે, ડર છે, નહિ છોડીએ તો મરી જઈશું. સાહેબ મારે- આપવાના છે, ક્યાં આપું બોલો. આ વાત આખી જુદી છે, એનો વ્યવહાર જુદો છે, એનો નિશ્ચય જુદો છે. અને તમારો વ્યવહાર, સાહેબ જરૂર હોય, કંઈપણ કામ હોય તો કહેજો, સાહેબ ચિંતા નહિ કરતા થઈ જશે, હું કહું છું, જ્યાં આરંભ ય નથી કહેતા એના કરતા- તમે ઘણા આગળ છો, પણ હવે આગળ લઈ જવાની જવાબદારી અમારી છે. ફરક સમજાય તમને ?

હવે તમને પૈસા સારા લાગે છે, ત્રિલક્ન- લાગે છે, આ તો મહાત્મા માટે લાગણી છે, ધર્મ માટે- લાગણી છે, સંસ્થા માટે લાગણી છે, જે પાંજરાપોળના જીવો છે એમના માટે તમને લાગણી છે, આવું જે પણ FIELD હોય એના માટે તમને લાગણી છે, માટે તમે, તમારી પૈસા માટેની લાગણી માંથી થોડું જતુ કરો છો,

ગાડી નો પૈસા સારા, જેટલા આવે એટલા ઓછા, ભેગા-કરીએ એટલા ઓછા, હજુ મળી તો આવવા દો. આ આપણી વૃત્તિ છે.

★ તો આપણે ધર્મી કે પાપી ?

★ પૈસો એ તમારા મનનો કચરો છે!

★ પૈસો એ તમારા મનનું પ્રદુષણ છે!

★ પૈસો એ તમારા આત્માનો VIRUS છે!

★ પૈસો એ તમારા મોક્ષ માર્ગમાં આડું પડેલું ઢેફું છે!

★ પૈસો એ તમારો રોગ છે!

★ પૈસો જેમ જેમ વધે એમ તમારા રોગ વધારે વધી રહ્યો છે!

★ પૈસો એ તમારું APPENDIX છે!

★ પૈસો એ તમારું કેન્સર છે, જે આત્માને ખોખલું કરી રહ્યું છે!

★ "પૈસો એ તમારું PARALYSIS છે, જે તમને સંસારના ખાટલામાંથી ઉભા થઈને સાધના માર્ગે જવા દેતું નથી."

★ "પૈસો એ તમારો T.B. છે, જે તમને સંયમમાર્ગે ચાલવા માટે સાવ માયકાંગલા બનાવી દે છે."

★ "પૈસો એ તમારા માથાનો દુખાવો છે, જે તમારા માથાને ખરાબ કરી દે છે!"

DATE

★ "પૈસો છે જો તમારું NUMONIA છે, જે તમારા સદ્ગુણોના ફેફસાને ખોખલા કરી દે છે."

★ "પૈસો તમારો મોતિયો છે, જે તમને સંસારનું સાચું સ્વરૂપ સાચા અર્થમાં જોવા દેતો નથી"

★ "પૈસો એ તમારો દમ રોગ છે, જે તમને ભાગમભાગ-કરાવી કરાવી ને હાંફ લાવી દે છે."

★ "પૈસો છે જો તમારું HEMORRHAGE છે, જે તમારી આત્મ શક્તિના ભાગાકાર કરી દે છે."

★ "પૈસો તમારો HEART ATTACK છે, જે તમારા આત્માને અસહ્ય વેદના આપે છે. તમારા આત્માના ટુકડા ઓગાળી દે છે."

★ "પૈસો છે જો તમારો પોલિયો છે, જે તમને મોક્ષમાર્ગે ડગથી ચાલવા દેતો નથી."

★ "પૈસો તમારો મલેરિયા છે, જે તમને અહંકાર નું TEMPRATURE, કષાયો નું TEMPRATURE, ક્રોધનું TEMPRATURE, વધાર્યા જ કરે છે."

★ "પૈસો તમારો TYPHOID છે, જે તમારા આત્મા નું-તેજ હરી લે છે."

★ "પૈસો તમારો કમળો છે, જે સંસારનો તમને બીજો રંગ-દેખાડે છે."

★ "પૈસો છે જો તમારો SWINE-FLU છે, જે આત્મ ચેતનાને વિચિત્ર રીતે કનડે છે."

★ "પૈસો એ તમારો DENGUE છે, જે જિનવચનની કોઈ દવાને ગાંઠતો નથી."

★ "પૈસો છે એ તમારો CORONA છે, જે જિનશાસનથી તમને હંમેશા DISTANCE માં રાખે છે."

સભાનો પ્રતિભાવ :- સાહેબ પુણ્યાનુબંધી પુણ્યનો પૈસો હોય તો શું વાંધો છે!

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- આપણી પાસે થોડા ગોખેલા-વાક્યો છે, આપણને અવાર-નવાર કામમાં આવતા રહે છે. પણ ક્યાંક કહેવા-માટે આપણા આત્માને કામ લાગતા નથી. વાત હું કહું છું બહુ સાચી છે, પુણ્યાનુબંધી પુણ્ય હશે, તમને નહિ વાંધો આવે, પણ એ અનુબંધ - સિધ્ધર્ષિ ગણિ મહારાજ, બહુ સ્પષ્ટ કહે છે.
હૃદયની સરળતા છે ને મનની છે ઉજ્જવળતા છે. તો આ બધું જ મળશે. હૃદયની સરળતા નથી તો કશું પણ મળવાનું નથી.

ખરી શ્રીમંતાઈ કોઈ હોય તો અંતરની નિર્મળતા છે.

ચિત્ત ની વિશુધ્ધિ છે, કારણકે, ભગવાન ની આજ્ઞા-આ છે ને ભગવાનની આજ્ઞા નું પાલન કરવા મળે, એનાથી મોટી સમૃધ્ધિ દુનિયામાં બીજુ કોઈ જ નથી. યોગ સારમાં પ્રાચીન પરમર્ષિ કહે છે,

आज्ञा तु निर्मलं चित्तं कर्तव्यं स्फटिकोपमम् ।

ભગવાનની એક જ આજ્ઞા છે, તમારું મન તમે સ્ફટીક જેવું નિર્મળ કરો.

येन केन प्रकारेण देवताराधनादिना ।

DATE

જે પ્રકારથી તમારું મન નિર્મળ થાય,

चित्तं चन्द्रोज्ज्वलं कार्यं किमन्यैर्ग्रहकुग्रहैः ।।

તમારા મનને તમે ચંદ્ર જેવું નિર્મળ કરો. બીજી બધી વાતોથી, આમ તેમ કરવાથી, આકાશ-પાતાળ એક કરવાથી કોઈ જ ફાયદો નથી. યોગસારમાં પ્રાચીન પરમર્ષિ હજુ આગળની વાત કરે છે.

किं बुद्धेन? किमीशेन? किं धात्रा किमु विष्णुना।

किं जिनेन्द्रेण रागाद्यैः यदि स्वं कलुषं मनः ।।

તમને બુધ્ધ મળી ગયા, તમને મહાદેવ મળી ગયા, તમને જિનેશ્વર પણ મળી ગયા, તમને કદાચ બ્રહ્મા પણ મળી ગયા, કદાચ વિષ્ણુ પણ મળી ગયા, પણ જો તમારું મન રાગાદિથી વાસિત છે, તો તમને એકેથી કોઈ જ ફાયદો થવાનો નથી. યોગસારમાં પ્રાચીન-પરમર્ષિ હજુ આગળની વાત કરે છે.

नाञ्चलो मुखवस्त्रं वा न राका न चतुर्दशी

તત્વ શું છે કે બારમી સદીની અંદર, જિનશાસનની અંદર અનેકાનેક પંથો અને ફાંટાઓ નીકળ્યા હતા, એક પંથ નીકળ્યો એ કહે કે તમે આમ આંચળથી કરો એજ સાચુ. બીજો પંથ હતો એ કહે કે ના મુહપત્તિ જ સાચી. બંને પાસે પોતપોતાની દલીલો હતી. મુહપત્તિની મુખ્ય ધારા, આંચળની પાછળની ધારા, પણ હજુ આગળની વાત યોગસાર કરવા માંગે છે. એ બંનેનો ન્યાય કરવા નથી બેઠા યોગસારના પ્રાચીન પરમર્ષિ, એ હજુ આગળની વાત કરવા માંગે છે, તમે આંચળ અને મુહપત્તિના નામે ઝગડ્યા કરો છો, તો એ પણ તત્વ નથી.

न राका न चतुर्दशी ।

એ સમયે એક પંથ નીકળ્યો કે પક્ખી હોય ને એનો પુનમે જ હોય. એ દિવસે જ તમારે પક્ખી પ્રતિક્રમણ કરવાનું હોય. અને મુળધારા હતી કે ભાઈ ચૌદસે જ હોય.

DATE

યોગસાર કહે છે કે ચૌદસ કે પુનમ એ પણ તત્વ નથી.
न श्राद्धादिप्रतिष्ठा वा
એ સમયે એવો મત નીકળ્યો, પ્રતિષ્ઠા તો સાધુએ-
કરાય જ નહિ, આચાર્યે કરાય જ નહિ. એક આચાર્ય
ભગવંતને ક્યાંક પ્રતિષ્ઠા કરવી હતી ને કરવા મળી નહિ,
અને એમણે એ મતની પ્રરૂપણા કરી કે પ્રતિષ્ઠા એ-
શ્રાવકોનો જ અધિકાર છે. સાધુઓએ કરવાની જ નહિ.
યોગસાર કહે છે કે શ્રાવક પ્રતિષ્ઠા કરે કે સાધુ -
પ્રતિષ્ઠા કરે, એ પણ તત્વ નથી.
तत्त्वं किन्त्वमलं मनः ॥
જે મનની નિર્મળતા એ જ તત્વ છે !

મન કલુષિત થાય, સંક્લેશો થાય, સંઘર્ષો
થાય, રાગ-દ્વેષ થાય. એ રીતે એકાદ સામાચારીને
પકડી રાખવામાં જે પોતાનો સિદ્ધાંત સમજે છે, અને
સિદ્ધાંત રક્ષા સમજે છે, તેઓ ખરા અર્થમાં -
સિદ્ધાંત ને સમજ્યા નથી હોતા, યોગસારની આ ધારા-
એ આપણને કહે છે, તમારું મન જ કલુષિત છે તો
તમે ચૌદસે કરો પ્રતિક્રમણ - પકડી, કે પુનમે -
પકડી પ્રતિક્રમણ કરો, તમારા એ પ્રતિક્રમણ નો કોઈ
અર્થ નથી.

યોગસારની અંદર પ્રાચીન પરમર્ષિ કહે
છે, જિનશાસનની બધી જ ક્રિયા, બધા જ અનુષ્ઠાન,
બધી જ આરાધના, મનની નિર્મળતા માટે છે, અને
એના જ નામે તમે મનને કલુષિત કરતા હો,

એ સાધના તમારા આત્માને કામ નહિ લાગે !

જ્યાં સાધના જ સાધ્ય બની જાય છે,
ત્યાં ખરું સાધ્ય, કહેવાતો ઉદ્દેશ્ય બની જાય છે.

ત્યાં સાધના, સાધના મટીને એક નાટક બની જાય છે. ત્યાં સાધક, સાધક મટીને એક મૂર્ખ બની જાય છે. ત્યાં સાધના, સાધના મટીને પોતાનો એકડો ઘૂંટવાનું- એક બહાનું બની જાય છે. ત્યાં સંન્યાસ- સંન્યાસ મટીને, એક બીજો સંસાર બની જાય છે. ત્યાં ધર્મ- કહેવાતો ધર્મ બની જાય છે, જેના પ્રવર્તક હકીકતમાં- મોહરાજ હોય છે.

જ્યાં કદાગ્રહ છે, જ્યાં સંઘર્ષ છે, જ્યાં રાગદ્વેષ છે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, ત્યાં એક પ્રકારનો સંસાર છે, મનની નિર્મળતા, ચિત્ત વિશુદ્ધિ, ઉજ્જવળ મન, ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે, સરળતા ના સંદર્ભમાં, સરળતા ના લાભોમાં, અદ્ભુત વાતો સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહેવા જઈ રહ્યા છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

---x---x---x---x---x---

# વ્યાખ્યાન નંબર - ૧૨૯

DATE 06 08 2021

પૈસા કમાવા માટે જેટલી જરૂરી છે ને જરૂર પુરતા ન કમાઈએ તો કશું જ થાય એમ નથી. માની લઈએ તમારી અપેક્ષાએ વાત સાચી છે. છાતી પર હાથ મુકી ને આત્મસાક્ષીએ આત્મ નિરિક્ષણ કરો કે, તમારી દોડ જરૂર પુરતી જ છે કે પૈસાનો મોહ પણ સતાવે છે ?. તમે આત્મ નિરિક્ષણ કરો, કે

તમારી દોડમાં જરૂર વધારે છે કે મોહ વધારે છે ?.

તમે આત્મનિરિક્ષણ કરો, કે જરૂર પુરી થાય એના પછી તમે એનું નામ લેવા પણ તૈયાર નથી કે જરૂર પુરી થયા પછી પણ દિવસ-રાત તમારું મન એમાં - પરોવાયેલું રહે છે ?. સવાલ પૈસા રાખવાનો, છોડવાનો નથી, મુળ સવાલ મનની નિર્મળતા નો છે, જે આ મોહ ની સાથે શક્ય જ નથી. યોગસારમાં પ્રાચીન પરમર્ષિ કહે છે,

किं नाग्न्येन सितै: रक्तै: किं पटै किं जटाभरै।

કોઈ દર્શન વિશેષ હોય, જેની અંદર કપડા પહેરવાના જ નથી. આખી જિંદગી એમને એમ કપડા વગર- રહેવાનું, ઠંડી, ગરમી બધું જ સહન કરવાનું, એટલું જ નહિ, મચ્છરો ના ત્રાસ સહન કરવાના, એટલું જ નહિ લોકોની ઉપહાસ સહન કરવી, નિંદા સહન- કરવી, એવા કોઈ ઉપદ્રવો સહન કરવા. બધું જ સહન કરે, પણ મન નિર્મળ નથી તો એ ફોગટ છે. સુત્ર કૃતાંગ આગમની અંદર સુધર્મા સ્વામી ભગવાન સ્પષ્ટ કહે છે,

जइ वि य णिगिणे किसे चरे जइ वि य भुंजिय मासमंतसो।

કોઈ વ્યક્તિ છે, આખી જિંદગી કપડા વગર, કોઈ દર્શન વિશેષની એ આરાધના કરે છે. કોઈ ધર્મને FOLLOW કરે છે. મહિને મહિને પારણું કરે છે,

એટલે કે માસક્ષમણ ને પારણે માસક્ષમણ છે. શરીર એકદમ રેઝા થઈ ગયું છે. એક એક નસ દેખાય, - એક એક હાડકું દેખાય.

जे इह मायाइ मिज्जती आगंता गब्भायणंतसो ॥१/२/१/८॥

આટઆટલી સાધના કરવા છતા, આટઆટલી તપસ્યા-કરવા છતા, શરીરને આટલું બધું, કષ્ટ આપવા છતા, જે માયા છોડતા નથી એ અનંતવાર ગર્ભાવાસમાં આવે છે. આચારાંગ સુત્ર ની અંદર સુધર્મા સ્વામી ભગવાન. સ્પષ્ટ કહે છે.

माइ पमाइ पुण एइ गब्भं ।

જે માયાવી છે ને જે પ્રમાદી છે એ ફરી ફરી ગર્ભાવાસમાં આવે છે. યોગસારમાં પ્રાચીન પરમર્ષિ કહે છે, ભલે નિર્વસ્ત્ર રહે, ભલે શ્વેત વસ્ત્રો પહેરે, ભલે-લાલ- વસ્ત્રો પહેરે, ભલે જટાનો મોટો ભાર રાખે,

किं मुण्डमुण्डनेनापि,

ભલે લોચના કષ્ટો પણ સહન કરે,

तत्त्वं नोन्मिलितं यदि ॥

જે એને તત્ત્વ જ નથી મળ્યું, તો આ બધું જ ફોગટ છે. તમારે સાધના કરવી છે. તમારે સાધક બનવું છે. તમારે મોક્ષે જવું છે. તમારે કંઈ પણ નોંધપાત્ર-કરવું છે. તો પહેલું કામ એ કરો, સરળ બનો. તમારા મનને ઉજ્જવળ બનાવો. એના વિના આગળનું કશું જ શક્ય નથી.

શ્રોતાનો પ્રશ્ન :- આપણું મન નિર્મળ છે એ આપણે જ નક્કી કરવાનું ને સાહેબ ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- ઉપદેશ માલામાં ધર્મદાસ ગણિ મહારાજ, આ સવાલનો જવાબ આ શબ્દોમાં આપે છે,

DATE

अप्पा जाणइ अप्पा ।

આત્મા, આત્મા ને જાણે છે. સવાલ ફરી REPEAT-કરું, આપણું મન નિર્મળ છે એ આપણે જ નક્કી-કરવાનું ને ?, ધર્મદાસ ગણિ મહારાજ કહે છે, -એકદમ વાત સાચી, એમના જવાબને હું વધારે-સ્પષ્ટ કરું. એ આપણે છીએ ને એ આપણે પણ HONEST હોવા જોઈએ. ધર્મદાસ ગણિ મહારાજ કહે છે,

जह्ठिओ अप्पसक्खिउओ धम्मो ।

આત્મસાક્ષી એ ધર્મ છે. તમારી સાક્ષી એ તમારો-ધર્મ ફરો, બાકી બધા તમને ક્યાં સુધી પકડવાના છે. તમારા બગાસણા દેખાશે, તમારા વાંદણા દેખાશે, તમારી મુદ્રા દેખાશે, સુત્રોચ્ચાર સમયે તમારા મનમાં શું ચાલી રહ્યું છે. એ કોણ જોવા આવશે ?, એક બાબત એ આપણું મન નિર્મળ છે કે નહિ એ-આપણે જ નક્કી કરવાનું છે. બની બીજી અપેક્ષાએ કહી શકાય, કે આપણે આપણને CERTIFICATE-આપી દઈએ અને અંદર દંભ અને માયા રમતા હોય, તો એ CERTIFICATE પણ સાચુ નથી !

હજી બધી આંટીઘુંટી આપણા લક્ષ્ય-સુધી પહોંચવા પહેલા છે, એક કવિએ બહુ મઝાની વાત કરી છે,

ભીતર સુધી પહોંચવાનો માર્ગ છે કઠણ,
અને પગની દિવાલો ત્યાં અસંખ્ય હોય છે!

કોઈ કવિએ બહુ મઝાની વાત કરી છે,

પલાંઠી વાળુ તો મળે પદ પરમ,
પણ શું કરું, આ અંદરની આવ-જાનું

DATE

આપણી પલાઠીમાં પણ આવ-જા ચાલુ હોય છે. આપણા પ્રતિક્રમણ ની ક્રિયામાં પણ અતિક્રમણ ચાલુ હોય છે.

આપણા દાનની અંદર પણ ધંધો ચાલતો હોય છે!

આપણા ઉપવાસની અંદર પણ ખાવાનું ચાલતું હોય છે!

લોકો તપસ્વી નો ખિતાબ આપે છે, આપણે ખુશ થઈએ છીએ, મજા આવે છે, ગલગલિયા થાય છે. એમ થાય કે દર વરસે એકાદ તપ તો કરવો જ. એ ભોજનનો - પૌદગલિક આનંદ હતો. એક પ્રશંસાનો પૌદગલિક આનંદ હતો.

હવે ફક્ત ખોરાક બદલાયો છે, આપણે તપસ્વી થયા જ નથી.

अच्छा जानाइ अच्छा,

તમારું તમારે જ નક્કી કરવાનું છે. યા જ્ઞાની નક્કી કરી શકે યા તમે નક્કી કરી શકો, બીજા કોને તમારી ખબર જ - નથી, એ તમારું નક્કી શું કરે!

સભાનો પ્રશ્ન :- તપ કોઈ પ્રશંસા માટે ન કરતું હોય, પણ કોઈ પ્રશંસા કરે ને એ ગમી જતું - હોય તો ત્યાં માયા કરી એમ તો ન કહેવાય ને!

પૂજ્યશ્રી નો ઉત્તર :- ગમી જતું હોય ત્યાં સુધી માયા - નથી, પણ પછી મને તો પ્રશંસા ગમતી જ નથી, એવા દાવા કરવામાં આવે ને, હું તો આમ છું ને હું તો તેમ છું, કદાચ એવો દાવો ય નથી પણ, જણાયો એ નથી. તપ શું છે એની હજુ સ્પષ્ટતા નથી. સ્પષ્ટતા છે તો એ રીતે કર્યું નથી. હજુ અંદર - - સંસાર રમે છે.

classmate

DATE

આપણે છે ને માયાની બુજ જ સ્થુળ વ્યાખ્યા કરીએ છીએ, માયા બહુ જ સુક્ષ્મ છે. મેં આજે ઉપવાસ કર્યો છે, તમે મારી શાતા પુછવા આવ્યા, તમે મને પુછો કે સાહેબ ઉપવાસ કર્યો છે ને હું મલકાતો - મલકતો હા પાડું, હા ઉપવાસ છે, હું કેવો મહાન - તપસ્વી આવું બધું અંદર રમી રહ્યું છે. વાત ખોટી નથી મેં ઉપવાસ કર્યો જ છે. અને તમે કહ્યું ને મને મલકાટ આવી ગયો છે, આ પણ સુક્ષ્મ માયા છે કારણકે મારા જીવનમાં તો ઉપવાસ વધારે નથી, આહાર સંજ્ઞા વધારે છે. વ્યવહાર થી RATIO કાઢો તો - ઉપવાસ ના ટકા કાઢી શકાય એવુ નથી, એટલા - મારા ખાવાના દિવસો છે. નિશ્ચય થી પણ કોઈ - RATIO નીકળે એમ નથી, કારણકે અણાહારી પદની પરિણતિ અને આહાર સંજ્ઞા આ બેની તુલના મારા જીવનમાં કરો, એની RATIO પણ કંઈ બેસે એમ - નથી. તો પછી હું ઉપવાસી, હું તપસ્વી, આ રીતે હું મલકુ, એ માયા ખરી કે નહિ!

સભાનો પ્રશ્ન :- ઉપબૃહણા નો આચાર પાળવા જતા તો સામે વાળાનું અહિત થઈ જશે!

પૂજ્યશ્રીનો ઉત્તર :- આપણે દશા છે ને આવી છે, કે જ્યારે આપણું જોવાનું છે - ત્યારે બીજાનું જોઈએ ને બીજાનું જોવાનું છે ત્યારે આપણું જોઈએ. ભગવાન એમના સાડા બાર વર્ષના સાધના કાળ દરમ્યાન વિચારી શકતા હતા કે હું અનાર્ય દેશમાં જઈશ તો એ લોકો બિચાર પાપો બાંધશે, શુલપાણી યક્ષ ના મંદિરમાં જઈશ તો મને ઉપસર્ગ - થશે. ચંડકૌશિક ની પાસે જઈશ, મને ડંખ મારશે. ગોશાળા ને સાથે રાખીશ ઉંધુ - ચત્તુ કરશે, મારી

DATE

સામે પડશે ને જે કર્મ બાંધશે, ભગવાને માત્ર ને માત્ર
પોતાના આત્માનો વિચાર કર્યો છે. જ્યારે કરૂણા ની -
ભૂમિકા છે. અને કરૂણાની ભૂમિકાની અંદર, ભગવાને
બીજાનો વિચાર કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી ને જ્યારે
સાધના ની ભૂમિકા છે, જ્યારે કર્મ નિર્જરાની ભૂમિકા -
છે. હવે કર્મોના ભુક્કા બોલાવવા છે, હવે સેકંડે - સેકંડે
અનંતગુણ નિર્જરા મને થવી જોઈએ, આ ભગવાનની
ભાવના છે, ત્યારે ભગવાને માત્ર ને માત્ર પોતાના
આત્મા નો વિચાર કર્યો છે.

બીજાને શાબાશી આપીશ તો એને
ગલગલિયા થઈ જશે, માટે બીજા ને શાબાશી આપતા -
વિચાર કરવો, બીજાની અનુમોદના કરતા વિચાર કરવો,
એના માટેની આ વાત છે જ નહિ. આ બધી જ -
વાત માત્ર ને માત્ર આપણા માટેની છે. અને બીજાનો
વિચાર કરવાનો હોય, બીજાની અનુમોદના કરવાની હોય,
એ સમયે અનુમોદનામાં કશું બાકી ન રાખવું. આ
વિવેક આપણી પાસે હોય તો આ વચનોની સમ્યક્ -
પરિણતિ આપણને મળી છે એમ કહેવાય!

સિદ્ધર્ષિ ગણિ મહારાજ ઉપમિતિ ભવ
પ્રપંચ કથાના ત્રીજા પ્રસ્તાવની અંદર, સરળતા નો મહિમા
વર્ણવે છે,

आर्जवेन ततो धन्या!

જે ધન્ય પુરુષો હોય છે તે આર્જવથી, સરળતાથી, ઋજુતાથી
ધન્ય બને છે. પોતાનું જીવન, પોતાની આરાધના,
પોતાની તપસ્યા, પોતાની સાધના, એ બધાને ધન્ય કરી
દે છે, પોતાના અસ્તિત્વ ને ધન્ય કરી દે છે.

ते शुभ्रीभूतमानसा:।

જેમનું મન ઉજ્જવળ બની જાય છે. જ્યાં સુધી કષાયો છે,

DATE

ત્યાં સુધી મનની કલુષિતતા છે. કષાય ક્ષય પછી જ
મન નિર્મળ બને છે. જેનું મન મલિન છે, એ
મલિન મનથી એ જેને પૂજશે ને એ પોતે પણ -
મલિન બની જશે. એણે આરાધનાનું આલંબન -
પકડ્યું, એણે ઉપવાસ પકડ્યા, આયંબિલ પકડ્યા,
સામાયિક પકડી, પૌષધ પકડ્યા, દીક્ષા પકડી,
લોચ પકડ્યો, સ્વાધ્યાય પકડ્યો, વૈયાવચ્ચ પકડી,
દાન પકડ્યું, પૂજા પકડી, એણે જે પણ પકડ્યું,
મલિન મનથી જે પકડ્યું ને મલિન બની જશે.
એ વસ્તુ સ્વરૂપથી શુદ્ધિકરણ કરનાર છે. મલિન-
કરણ કરનાર નથી, છતાં પણ એ વ્યક્તિનું મન-
મલિન છે, માટે એ વસ્તુઓ મલિન થઈ જશે.

સભાનો પ્રશ્ન :-

પૂજ્યશ્રીનો ઉત્તર :- પ્રશ્નનો જવાબ, પ્રશમરતિ ગ્રંથની
અંદર, ઉમાસ્વાતિ મહારાજે આ
શબ્દોમાં આપ્યો છે,

अविसंवादनयोगो कायमनोवागजिह्मता चैव

સત્યની વ્યાખ્યા ઉમાસ્વાતિ મહારાજ કરી રહ્યા છે.
સત્ય કોને કહેવાય ? પહેલા નંબરમાં કહ્યું,

अविसंवादनयोगः,

તમે જેવું બોલ્યા એવું કરો, આનું નામ સત્ય !
વિસંવાદ એટલે બોલ્યા જુદુ ને કરવું જુદુ, વિસંવાદ
કરવો, CONTRAST કરવો, જુદુ બોલવું, જુદુ કરવું,
બોલ્યા કરતા જુદુ કરવું આનું નામ વિસંવાદ.
અવિસંવાદન યોગ - NUMBER 1
NUMBER - 2 - શરીરની અવક્રતા !
NUMBER 3 - વચનની અવક્રતા !

DATE

NUMBER- ૫ - મનની અપેક્ષા !

सत्यं तच्चतुर्विधं जिनवरमतेऽस्ति नान्यत्र ।।

સત્ય ચાર પ્રકારનું છે અને તે માત્ર ને માત્ર જિનશાસન-ની અંદર છે. જિનશાસનની બહાર સત્ય છે જ નહિ. પ્રશ્નની વધારે નજીક જાવું કે મલ્લિનાથ ભગવાને માત્ર, તપ વધારે કર્યો અને પ્રશસ્ત માયા કહેવામાં-વાંધો શું છે ?

શાસ્ત્રીય દ્રષ્ટિએ આ પ્રશસ્ત માયાની વ્યાખ્યામાં આવતું નથી, તમારે ધર્મની અંદર રૂપિયા-ખરચવા હતા. તમારો ભાવ છે, તમારી પાસે અનુકૂળતા-છે, તમારી પાસે સગવડ છે ને તમે ઘરે રજા માંગી હો ને મળતી નથી. પૂર્વકાળમાં આવી રજાઓ માંગ-વાની ન હતી, આજે તમે શાસન માટે કહો કે અહિંયા નાયક નથી, એક હતુ, એક છત્રી સામ્રાજ્ય નથી, તમારા ઘરમાં પણ આ દશા છે કદાચ છે તો બીજુ રીતનું સામ્રાજ્ય છે, પણ પૂર્વકાળની અંદર, જે ઘરના વડિલ હોય એણે બીજાને આ રીતે પુછવાનું ના હોય, જેમણે જેમણે દીક્ષા લીધી, પત્નીઓ મનાવે, ના પાડે, રોકે, રડે. એ વસ્તુ જુદી છે, પણ પત્ની પાસે પુછવું-પડે એ રીતની વ્યવસ્થા ન હતી.

રામચંદ્રપ્રભુ વનવાસ માટે ગયા, ત્રિશષ્ટિ-શલાકા પુરૂષ ચરિત્રની અંદર વર્ણન કર્યું છે. સામાજીક-સાંસ્કૃતિક જે પરિસ્થિતિ હતી, પુછવા નથી રહ્યા. એતો નીકળી પડ્યા છે. "મા" ના આર્શિવાદ લઈને અને ~~સીતાજી~~ સીતાજી ને ખબર પડી ને એમને સાથે રહેવું હતું, તો એ પાછળ દોડી ગયા, એ વસ્તુ જુદી છે. તમારી આજની પરિસ્થિતિ ની અંદર તમારે રૂપિયા વાપરવા છે, ઘરેથી તમને વાપરવા દેવાની રજા મળતી નથી. મુશ્કેલી થી મળે છે

ઉકળાટ થાતે છે. અને તમે વચલો રસ્તો કાઢો છો કે ભાઈ હવે આપણી રીતે આપણે વાપરવા મંડો. આનું નામ પ્રશસ્ત માયા !

એક દીકરાથી છે, એને દીક્ષા લેવી છે, દીક્ષા ની રજા નથી મળતી અને, બધા જ પ્રયાસ-કર્યા, મા-બાપ ને કોઈ તકલીફ પડે એવું પણ નથી, પણ મોહવશ મા-બાપ રજા આપતા નથી, ને એ-સમયે દીકરાથી કહે કે ગઈ કાલે સપનું આવ્યું હતું, પાટા ઉપર બેઠી હતી હજીરણ દીક્ષા ની અંદર ભ્રી-શ્યો હતો, આનો અર્થ હું પુછવા ગયો, એક બહુ મોટા જ્યોતિષી એમણે આનો અર્થ કહ્યો છે કે હવે SHORT TIME માં તમારે ઉપર પહોંચી જવાનું છે, જે કરવી હોય એ તૈયારી તમે કરી લો. અને આ-રીતે પણ મા-બાપ ને મનાવી ને પોતે દીક્ષાની - અનુમતિ લઈ લે, આનું નામ પ્રશસ્ત માયા !

મલ્લિનાથ ભગવાને પોતાના મિત્રો સાથે નક્કી કર્યું હતું, દીક્ષા વખતે, કે એક સરખું જ તપ કરે જે બધાએ કરવો. એમણે વિચાર્યું કે હું - આમનો નાયક છું ને, એમના કરતો જ હું તપ કરું, તો,

કો નાયકાનુનાયકાનાં વિશેષઃ ?

તો નાયક અને અનુનાયક માં ફરક જ શું રહે ? બધા ઉપવાસ કરે તો પોતે છઠ કરે, બધા છઠ કરતા પોતે અઠ્ઠમ કરે, બધા અઠ્ઠમ કરતો પોતે ચાર-ઉપવાસ કરે,

તો જવાબ દઈ ઢાંકી દેવડ,

જો બોલ્યા હતા એ ન કર્યું, તો આને ધર્મ માટે પ્રશસ્ત માયા કરી એવું ના કહેવાય. આને અપ્રશસ્ત માયા

classmate

કહેવાય. અને એના કારણે જ એમને તથાવિધ ફળ મળ્યું.
બાળપણની અંદર છે ને અમુક GAME તમે રમ્યા હશો,
BUSINESS (વ્યાપાર) એ ગેમનું નામ હોય, એની
અંદર ધંધો કરવાનો હોય, વેપાર કરવાનો હોય, અને એ
ગેમની અંદર ચલણી નોટો હોય. પાંચની નોટ, દસની
નોટ, વીસની નોટ, સો ની નોટ, પાંચસોની, હજારની,
બે હજારની, એ જ રૂપ હોય, એ જ રંગ હોય, એ જ
જાડાઈ હોય, એવી જ નોટ દેખાય. પણ એનું મુલ્ય
ZERO હોય.

મલિન મનથી તમે જ આરાધના કરો છો,
આરાધના એ જ છે, આરાધના સારી છે, આરાધના
સાચી છે, પણ તમારું મન મલિન છે, માટે એ
નકલી ચલણી નોટો જેવી થઈ જાય છે, આરાધના!
જેનો તમારા આત્માને લાભ થતો નથી. બાળકને મજા
આવશે. મને આટલા રૂપિયા મળ્યા એનો આનંદ થશે,
સંતોષ થશે, એને જ મજા આવી એનું ફળ ગણી શકાય
છે. ધર્મથી તમને પુણ્ય મળશે, સદ્ગતિ મળશે,
સંપત્તિ મળશે, પણ જે સદ્ગતિની પરંપરા સાથે જ
મોક્ષ મેળવે છે, જે સાનુબંધ હિત મેળવે છે, કોઈ
પણ ભવની અંદર તમારે દુર્ગતિમાં જવું જ ના પડે, કોઈ
ભવની અંદર ફરી તમારું પતન ન થાય, કોઈ ભવની
અંદર તમારો આત્મા દુઃખી ન થાય, એની જે ધર્મ
ખાત્રી આપી શકે, SHORT TIME ની અંદર તમને
શાશ્વત સુખના સ્વામી બનાવી શકે, એનાથી તમે
વંચિત થઈ ગયા, તો હકિકતમાં તમને ધર્મનું સાચું
ફળ મળ્યું જ નથી.

બહુ સરસ મજાની વાત ધર્મબિંદુની
વૃત્તિ ની અંદર મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે,

फलं प्रधानमेवाहुः नानुषंगिकमित्यपि ।

તમે કહો કે ભાઈ ધર્મથી પૈસા મળ્યા તો એનું ફળ ના કહેવાય, સ્વર્ગ મળ્યું તો એનું ફળના કહેવાય, - મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે, તમારે કહેવું હોય તો - કહો, અમે એને ફળ નથી કહેતા અમે એને ફલ - કહીએ છીએ, જે પ્રધાન હોય, જેની MAIN - PRIORITY હોય, મુળ ઉદ્દેશ્ય હોય, જેના માટે તમે ગયા હો, તમે દિલ્હી ગયા હતા, મોદીને મળવાની - બધી વાત થઈ હતી, APPOINTMENT લીધી હતી, એની અપેક્ષા પણ હતી, SAME DAY મોદીને એટલું - બધું કામ આવી ગયું, તમે ના મળી શક્યા. તમે દિલ્હી જઈ આવ્યા, હા જઈ આવ્યો, TRIP સફળ તો રહીને, હા એકદમ સફળ રહી, કેવી રીતે ?, ને તમે કહો કે હું લાલ કિલ્લો જોઈ આવ્યો ને, - PARLIAMENT બહારથી જોઈ આવ્યો ને, રસ્તા - બધા જોયા ને એક MUSEUM હતું, એ પણ હું - જોઈ આવ્યો ને દિલ્હીનું વખણાતું ખાવાનું ખાઈ - આવ્યો. ભાઈ, MAIN તમારો PURPOSE હતો એ મોદી ને મળવાનો હતો, દિલ્હી માં ફરવાનો ન હતો, મોદી ને મળ્યા વગર તમે દિલ્હીમાં ફરીને પણ - આવ્યા તો, અપેક્ષા એ એમ કહેવાય કે તમે - દિલ્હીનો ધક્કો ખાઈને આવ્યા. કારણકે તમે જેના માટે ગયા હતા એ કામ નથી થયું, આટલી વાત સમજાય ?

ધર્મની આરાધના મોક્ષ માટે છે, તમને ધર્મથી મોક્ષ ના મળી, કારણકે તમારો ધર્મ નિર્મળ ન હતો, કારણકે તમારું મન નિર્મળ ન હતું, તમારી આરાધના શુદ્ધ ન હતી, માટે તમને - એ ધર્મથી મોક્ષ ના મળ્યો, તો

## તમને ધર્મનું ફળ મળ્યું કહેવાય કે ન મળ્યું કહેવાય !

ધર્મબિંદુ વૃત્તિ કહે છે,

पलालादिवरित्याद् कृषौ धान्यादिवद् बुधाः ।

ઘાસ વગેરે ખેતી કરતા ઉગી જાય, ઘાસ કાંઈક કામ પણ લાગે, ખેડૂત એના બળદને ખવડાવી પણ દે, છતા ઘાસ માટે ખેતી નથી, ઘાસ એ BY PRODUCT છે. ઘાસ એ SIDE FRUIT છે. એના માટે આ બધું જ વાવવું, ને ખેડવું, ને સિંચવુ, આ બધું એના માટે ન હતું, એ ઉગી જાય છે, ઉગે એ એનો સ્વભાવ છે, ખેતી કરો એટલે ઘાસ ઉગી જ જવાનું છે, ધર્મ કરો એટલે સંપત્તિ મળવાની જ છે. ધર્મ કરો એટલે આરોગ્ય, સદ્ગતિ, બધું જ મળવાનું છે, પણ ધર્મનું ULTIMATE ફળ, એ આ બધું નથી પણ મોક્ષ છે.

પંચસુત્રની અંદર બહુ સ્પષ્ટ કહ્યું છે, ધર્મથી મોક્ષ થતો નથી.

एयस्स णं वुच्छित्ति सुद्धधम्माओ ।

મોક્ષની પ્રાપ્તિ શુધ્ધ ધર્મથી થાય છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

## પહેલા નંબરમાં તમારા મનને નિર્મળ કરો !

ते शुभ्रीभूतमानसाः ।

મન નિર્મળ થાય છે એટલે મન ઉજ્જવળ થાય છે. મન ઉજ્જવળ થાય છે, નિર્મળ થાય છે, એટલે મન સમભાવમાં આવે છે. નૈશ્ચયિક મોક્ષ માર્ગ આ જ છે. સમભાવ ! તમારામાં સમભાવ છે તો, બાહ્ય કોઈ વિશિષ્ટ તીવ્ર તપસ્યા, આરાધના, નથી તો પણ તમને મોક્ષ મળશે. તમારામાં સમભાવ નથી તો વિશિષ્ટ ઘણી બધી આરાધના

તમારામાં હશે, તો પણ તમને મોક્ષ નહિ મળે.

હરિભદ્રસૂરી મહારાજ સંબોધ પ્રકરણની અંદર, બહુ સ્પષ્ટ કહે છે,

सेयंबरो य आसंबररो य बुद्धो य अहव अन्नो वा।

શ્વેતાંબર હોય, ચાહે દિગંબર હોય, ચાહે બુદ્ધ હોય કે ચાહે બીજું કોઈ હોય,

समभावभावियप्पा लहइ मोक्खं ण संदेहो ॥३॥

જેનો આત્મા સમભાવથી ભાવિત છે, એનો મોક્ષ અવશ્ય થવાનો, એમાં કોઈ જ શંકા નથી. શાસ્ત્રકાર-ભગવંતો કહે છે.

नाशाम्बरत्वे न सितम्बरत्वे न तर्कवादे न च तत्त्ववादे।

મોક્ષ ક્યાં છે ? તમે કહો દિગંબર મતમાં મોક્ષ છે. અમે કહીએ છીએ કે દિગંબર મતમાં મોક્ષ નથી, હા-બરાબર.. બરાબર.. શ્વેતાંબર મતમાં મોક્ષ છે, અને શાસ્ત્રકાર ભગવંતો કહે છે, શ્વેતાંબર મતમાં પણ-મોક્ષ નથી. આપણે સ્તબ્ધ થઈ જઈએ છીએ, તો શું તર્કવાદમાં મોક્ષ છે, ના તર્કવાદમાં પણ મોક્ષ નથી, આપણે ચોથો પ્રશ્ન કરીએ છીએ તો શું તત્વવાદમાં મોક્ષ છે, અને શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે તત્વ-વાદમાં પણ મોક્ષ નથી. હવે આપણે મુંઝાઈને-એમને છેલ્લો પ્રશ્ન કરીએ છીએ, તો પછી એમને કહી દો કે ક્યા પક્ષમાં મોક્ષ છે ? અને શાસ્ત્રકાર ભગવંતો જવાબ આપે છે,

न पक्षवादाश्रयणेन मुक्तिः।

તમે કોઈ પણ પક્ષનો વાદ લઈને બેઠા હો, તો સમજી લો તમારો મોક્ષ નથી. કઈ રીતે મોક્ષ છે, આપ હવે-એમને કહી દો, આપણો પ્રશ્ન કરીએ ને શાસ્ત્રકારો જવાબ આપે છે,

कषायमुक्तिः किल मुक्तिरेव ॥

DATE

મોક્ષની વ્યાખ્યા તો આટલી જ છે કે તમે કષાયોથી-
મુક્ત થઈ ગયા, તો તમારો મોક્ષ થઈ જશે. એક મુખ્ય
ધર્મની અંતર્ગત ઝઘડાઓ હોય છે, હું સાચો.. હું સાચો..
હું સાચો... ચાલ્યા કરે છે અનાદિકાળથી, એકાદ ધર્મ
એની અંદર ફાંટા ના ઝઘડા હોય છે. શ્વેતાંબર -
દિગંબરનું ચાલે, શ્વેતાંબરમાં મૂર્તિપૂજક- સ્થાનકવાસીનું
ચાલે, એની અંદર વિવિધ ગચ્છોનું, એની અંદર વિવિધ
સમુદાયોનું, સમુદાયોની અંદર વિવિધ GROUP, -
GROUP ની અંદર વિવિધ વ્યક્તિ, છેવટે મારું સમ્યક્ત્વ
મને મારામાં જ દેખાય, ત્યાં વાત પુરી થાય છે.
બહુ સરસ મજાની વાત યોગસારમાં પ્રાચીન પરમર્ષિ કહે છે,

यत्र साम्यं स तत्रैव किमात्मपरचिन्तया।

હું સાચો ને પેલો સાચો, આ બધી તમારી રામાયણ -
અનાદિકાળથી ચાલી રહી છે. એને મુકો.

यत्र साम्यं स तत्रैव

શુદ્ધ ધર્મ ક્યાં છે ? જ્યાં સમતા છે ત્યાં શુદ્ધ ધર્મ-
છે.

जानीत तद्विना हंभो नात्मनो न परस्य च।।

સમતા નથી તો મારો ધર્મ પણ સાચો નથી. અને -
તમારો ધર્મ પણ સાચો નથી.

कषायमुक्तिः किल मुक्तिरेव।

કષાયોની વિદાય થાય છે ત્યારે આચાર આચાર બને છે.

મન નિર્મળ થાય, ત્યારે સાધના - સાધના બને છે.

અંત:કરણ ઉજ્જ્વળ થાય ત્યારે સાધક ખરા અર્થમાં સાધક બને છે.

એક ત્રિકોણ આપણી આગળ સિદ્ધર્ષિ ગણિ
મહારાજ મુકી રહ્યા છે, પહેલા નંબરની વાત છે, આત્માની
સરળતા, એનું ફળ શું મળશે ? મનની ઉજ્જ્વળતા !

classmate

એનું ફળ શું મળશે ?, આત્માની નિર્મળતા,

निर्मलाचार विस्तारक:,

ચૌદસનો દિવસ છે, તમે પ્રતિક્રમણ કરવા ગયા છો, સામાયિક લીધી છે, પ્રતિક્રમણ ચાલુ થયું છે. પહેલા- સ્નાતસ્યા પુરા થયા છે. દેવસિઅ પડિક્કમણે ઠાઉં - કહીને કરેમિ ભંતે આવી ગયું, વંદિત્તુ, ખમાસમણ, મુહપત્તિ, વાંદણા, આદેશ, અતિચાર ચાલુ થયા ને કોઈ ભાગ્યશાળી ને છીંક આવી, તમારું મન એકદમ સંકલિષ્ટ થઈ જાય છે. આ મુર્ખાને હમણાં જ છીંક આવી હતી, એમને પુછવામાં આવે છે, એક CHANCE લેવામાં આવે છે. સાથે કાઢ્યું હતું - ગુરુ કાઢ્યું હતું, અને એ ભાગ્યશાળી બહુ પ્રામાણિક પણે કહે છે, સાથે કાઢ્યું હતું ! આને હમણાં જ છીંક આવી હતી, કંઈ ભાન-બાન છે કે નહિ, - ચૌદસ છે એ ય ખબર પડતી નથી. તમારું મન સંકલિષ્ટ બન્યું, તમારો આચાર મલિન થઈ ગયો, વ્યવહાર નય કહે છે કે તમારી પાસે આચાર છે. પણ તમારો આચાર મલિન છે. નિશ્ચય નય કહે- છે કે જ્યાં મલિનતા હોય છે, ત્યાં આચાર હોતો જ નથી, ત્યાં અનાચાર હોય છે. કોઈ એ છીંક આપી એનાથી તમારું પ્રતિક્રમણ બિલકુલ ન હતું બગડ્યું, તમે મનમાં મલિનતા લાવી, એટલે તમારું પ્રતિક્રમણ બગડ્યું, કોઈ તમારું કાંઈ બગાડે એ શક્ય જ નથી, તમારું તમે જ બગાડી શકો, જ્યાં સુધી તમારું મન નિર્મળ છે, આખા પ્રતિક્રમણમાં છીંકો છીંક- ચાલ્યા જ કરે, હકીકતમાં તમારું કશું જ બગડ્યું - નથી.

निर्मलाचारविस्तारा:,

તમે પૂજા કરવા ગયા છો, મોટી લાઇન છે, લાગ- ભીડની તમે ક્યાંય વચ્ચેથી ENTER થઈ ગયા,

ધુમાધુમ એકબીજાથી થવા લાગી, તમારો આચાર મલિન થઈ ગયો, તમે દહેરાસર ગયા છો, તમે પ્રામાણિક-પણે લાઈનમાં ઊભા છો, તમે ઘુસણખોરી કરી નથી. કોઈ આવી ને ઘુસણખોરી કરી રહ્યું છે, તમારા ધ્યાનમાં આવી ગયું છે, તમે બુલંદ અવાજે એને ઉચિત માર્ગ-દર્શન આપી રહ્યા છો. ચાર જણ તમને સમજાવવા આવે છે, ચાર જણ જે વચ્ચે ઘુસનાર ને સમજાવવા આવે છે, કે ભાઈ હવે તો પાછળ આવી જાવ, ચૈત્યવંદન કરનારાઓ આ પુરુ નાટક જોવામાં પરોવાઈ ગયા છે, સ્તવન બોલવા-વાળા, જેમની કઈ કડી આવી હતી એ બિચારા ભૂલી ગયા-છે. દહેરાસર કોઈક બીજું થઈ ગયું છે. આપણે કોઈક-બીજા થઈ ગયા છીએ, આપણી પાસે બહુ બહુનો આચાર છે, આપણી પાસે,

## નિર્મળ આચાર ક્યાં છે ?

હું તમને પૂછું કે પૂજાની લાઈન કોને કહેવાય ? પૂજાની લાઈન ?

★ જ્યાં પળે પળે પ્રભુને મળવાની પ્યાસ છે એનું નામ પૂજાની લાઈન

★ જ્યાં હૈયું ભગવાનના રંગે રંગાઈ ગયું, એનું નામ પૂજાની લાઈન

★ જ્યાં ભગવાનને ભેટવાની પ્રક્રિયા આધ્યાત્મિક રીતે ચાલુ જ છે, એનું નામ પૂજાની લાઈન !

★ જ્યાં તમારા અસ્તિત્વ ઉપર પ્રભુ છવાઈ ગયા હોય, એનું નામ પૂજાની લાઈન !

તમે પૂજા કરવા ગયા, પૂજાની લાઈનમાં-

કદાચ તમારી દ્રષ્ટિએ તમે પ્રામાણિક પણે ઉભા પણ રહ્યા. તમારી દ્રષ્ટિએ, લોક દ્રષ્ટિએ તમે બિલકુલ ઘુસ્યા નથી, પણ તમારા મનની અંદર ઘર અને ધંધો ચાલી રહ્યો છે, પૂજા પછીની દિનચર્યા ચાલી રહી છે, અહીંયા કોઈ ઘુસતું તો નથી ને એની તકેદારી ચાલી રહી છે, તમે ઉભા ઉભા નિરિક્ષણ કરી રહ્યા છો, ચૈત્યવંદન કરનારાઓ, એમના ચહેરા જોઈ રહ્યા છો, એમાં પરિચિત- અપરિચિત ના વિભાગી કરણ કરી રહ્યા છો, દીપ વગેરે કરી રહ્યા છે એમનું પરિક્ષણ કરી રહ્યા છો, SUPERVISION કરી રહ્યા છો. તો હકીકતમાં તમે પ્રામાણિક પણે પૂજાની લાઈનમાં ઉભા છો કે તમે ઘુસણખોરી કરી રહ્યા છો.

ઘુસણખોરી ની સીધી વ્યાખ્યા એ છે કે કોઈ અનાધિકૃત વ્યક્તિ પ્રવેશ કરે એને ઘુસણખોરી કહેવાય. તમે ખરેખર પૂજાની લાઈનમાં જ નથી, તમે અધિકૃત નથી તો તમે નિશ્ચય દ્રષ્ટિએ, ભીતરી દ્રષ્ટિએ, સુક્ષ્મ દ્રષ્ટિએ ઘુસણખોરી જ કરી છે, અને આપણે બીજાની ઘુસણખોરી ની વાત કરીએ છીએ. અધિકૃત વ્યક્તિ હોય એને બીજું કોઈ અંદર ઘુસ્યું, એ ખબર પડવી શક્ય જ નથી. અધિકૃત વ્યક્તિ હોય એના માટે કોઈ લાઈનમાં ઘુસી જાય, એ ઘટના જ નથી. પણ પ્રભુ સિવાય પોતાના મનમાં કોઈ ઘુસી જાય, એ એના માટે બહુ મોટી દુર્ઘટના છે. કોઈ લાઈનમાં ઘુસી જાય, એનાથી આપણે પૂજાની લાઈનમાંથી રિજેક્ટ થતા નથી, પણ

આપણા મનમાં પ્રભુ સિવાય કોઈ પણ ઘુસી જાય,

તો પૂજાની લાઈનમાંથી આપણે રિજેક્ટ થઈ જઈએ-

છીએ, તો હકીકતમાં આપણું ધ્યાન ક્યાં હોવું જોઈએ ? બહારની ઘુસણખોરી ઉપર ધ્યાન આપશું તો અંદરની-ઘુસણખોરી ઉપરથી ધ્યાન હટી જ જવાનું છે. આપણે કઈ ઘુસણખોરી પર ધ્યાન આપવું જોઈએ, એ આપણે નક્કી કરવાનું છે.

"જો આપણો આચાર નિર્મળ છે તો પ્રભુની આપણી વચ્ચે કોઈ જ નથી !"

એક અપેક્ષા એ કહી શકાય કે આપણે ગમે ત્યાં ઉભા હોઈએ લાઈનમાં, આપણી નજર પૂજાની લાઈનમાં પહેલી જ છે, તો પછી કોઈના વચ્ચે ઘુસવાનો સવાલ જ ક્યાં આવે છે ! તમે જ્યારે એ વાત કોઈક દહેરાસરમાં પૂજા કરવા ગયા છો, દહેરાસર આખું ખાલી છે ભગવાન અને તમારી સિવાય દહેરાસરમાં કોઈ જ નથી, અને છતા ઘુસણખોરી થાય, એ હવુ શક્ય છે. હું કહું છું શક્ય છે. અને તમે PRIME TIME માં ગયા છો, બહુ મોટી લાઈન છે, કદાચ કોઈ-મોટા તીર્થની લાઈન છે, તમે રાહ જોઈ જોઈને થાકી ગયા છો, લોકો પૂજા કરી કરીને નીકળી રહ્યા છે, લાઈન બિલકુલ આગળ જ નથી વધતી, અને છતા ઘુસણખોરી ન હોય એ શક્ય છે.

પૂજાની લાઈનનો અર્થ, પૂજાની લાઈનમાં-ઉભા રહેવાનો અર્થ એટલો જ છે.

હું મારે પ્રભુને ભેટવું છે !

અને આ ભાવના, તમન્ના મનમાં હોય તો, પ્રત્યેક પળે ભગવાનને ભેટવાની પ્રક્રિયા ચાલુ જ છે. ને છેલ્લા નંબરે-

DATE

ઉભા રહીને પણ પ્રભુને ભેટી શકાય છે. આપણે કહીએ છીએ કે તમે અંદર ઘુસીને અન્યાય કર્યો. ત્યાં આપણો કહેવાનો ભાવ એ છે કે તમે અંદર ઘુસ્યા એટલે તમે અમને ભગવાનને ભેટવામાં વિક્ષેપ કરાવ્યો, માટે તમે અમને અન્યાય કર્યો, આપણા સત્યાગ્રહનું હાર્દ આ હોય છે. હકીકતમાં અન્યાય આપણે જ આપણને કરી શકીએ છીએ. આપણે જ આપણી અને ભગવાનની વચ્ચે ઘુસી શકીએ છીએ, તો હકીકતમાં અન્યાય કરનારા બીજા ક્યાં! પ્રભુ સિવાય ભગવાન સિવાય, બીજા કોઈને પણ આપણા મનમાં ઘુસવા દેવા, આનું નામ અન્યાય!

ઉપયોગમાં, વિચારમાં, અધ્યવસાયમાં, મનમાં ભગવાન સિવાય કોઈને લાવવા, આનું નામ અન્યાય! આવા સત્યાગ્રહો દ્વારા, આપણે જ લાઈન આંધી રફેદફે થઈ જવું, આનું નામ અન્યાય! શાસ્ત્રકાર ભગવંતો એ જિનાલયે જવાની અંદર, જિનાલયમાં જઈએ ને, ઘરેથી તમે નીકળ્યા છો, ઈચ્છા કરી, પગ ઉપાડ્યો, એક એક ક્રિયાનું વિશિષ્ટ તપશ્ચર્યામાં ફળ બતાવ્યું છે.

ઈચ્છા કરો એક ઉપવાસ,
પગ ઉપાડો બે ઉપવાસ,

આનો અર્થ એ છે, તમે ભગવાનને મળવા માટે જ્યાં હો ત્યારથી આધ્યાત્મિક રીતે, ભગવાનને ભેટવાની તમારી પ્રક્રિયા ચાલુ થઈ જાય છે. તત્ત્વ આપણે સમજી શકતા નથી, હાર્દ આપણે સમજી શકતા નથી, છોકરા રમત, બાલીશતા, એક SAMPLE છે પૂજાની લાઈનની ઘુસણખોરી, બધે આપણી આ જ દશા છે.

आर्जवेन ततो धन्यास्ते शुचीभूतमानसाः ।

DATE

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે. પૂજા કરવા માટે નો-
વિચાર તમારા મનમાં આવ્યો, ત્યારથી તમારી પૂજા ચાલુ
થઈ ગઈ છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, તમે-
પૂજાની શરૂઆત કરો, ઘરેથી તૈયારી કરો, ત્યારથી તમે
પ્રભુ સિવાયના વિચારનો ત્યાગ કરો, આનું નામ-
નિર્મળ આચાર ! તમે દહેરાસરમાં પ્રવેશ્યા તમે બીજા,
ત્રીજા બધા જ વિચારો છોડી દીધા, આનું નામ નિર્મળ-
આચાર !

નિર્મળ આચાર એ ભગવાનની પૂજા છે !

નિર્મળ આચાર એ ખરા અર્થમાં આચાર છે !

નિશ્ચય નય કહે છે નિર્મળતા એજ આચાર છે !

મલિનતા એ અનાચાર છે !

તમારા જીવનમાં આચાર કેટલો છે, આનો જવાબ તમને એના
પરથી મળી શકે કે તમારા મનની નિર્મળતા કેટલી !
સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે. નિર્મળ આચાર એ-
નિરુપાધિક પણું છે. સવાસો ગાથાના સ્તવનની અંદર-
મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

જે જે અંશે નિરુપાધિક પણું,
તે તે જાણો ધર્મ
સમ્યગ્દષ્ટિ ગુણઠાણા થકી જાવ લહે શિવશર્મ

ધર્મ શું છે, તમે સામાયિક કરો, પૌષધ કરો, ઉપવાસ
કરો અઠ્ઠાઈ કરો, માસક્ષમણ કરો, દીક્ષા લો, ભણો-
ગણો, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,
તમારા ધર્મમાં ધર્મ સિવાય નું કંઈ ન હોય, આનું-
-નામ ધર્મ!

DATE

આચાર માં આચાર સીવાય નું કાંઈ ના હોય,
સામાયિકમાં સામાયિક સીવાય નું કાંઈ ના હોય,
ઉપવાસમાં ઉપવાસ સીવાય નું કાંઈ ન હોય,
કાંઈક ADD થાય છે, એનું નામ જ ઉપાધિ,
ADDITION જતું રહે એનું નામ નિરઉપાધિ, -
પાણી શુધ્ધ હોય જ્યારે પાણી માં પાણી સિવાયનું કશું -
જ ના હોય, પાણીમાં પાણી સિવાય ની વસ્તુ છે -
એટલે પાણી ગંદુ છે. સોનામાં સોના સિવાયની -
વસ્તુ છે એટલે સોનું ભેળસેળીયું છે, ઘી માં ઘી -
સિવાય ની વસ્તુ છે એટલે ઘી નકલી છે આચારમાં
આચાર સિવાય ની વસ્તુ આવી અતિચારો આવ્યા,
માલિન્ય આવ્યું, કલુષિતતા આવી, માયા પ્રપંચ મન-
ના આવ્યા, એનો અર્થ એ છે કે આચાર તમારો
કલુષિત છે.

આચારમાં જ્યારે અનાચાર ભળે છે ત્યારે
આચાર + અનાચાર નથી થતા, એ અનાચાર જ -
થઈ જાય છે. ગંગા જળ છે ને ગટર જળ છે, -
ગંગા જળ ને ગટર જળ એ ભેગા કરવામાં આવે -
શું થાય ? ગંગા જળ કેટલું પવિત્ર છે, ત્યાં એ -
દલીલ કામ લાગતી નથી. ગંગાજળ, ગટર જળમાં ભળ્યું -
એટલે એ ગટર જળ જ થઈ ગયું, આચાર માં અનાચાર
ભળ્યો એટલે એ અનાચાર જ થઈ ગયો.

વાત માત્રને માત્ર વૃત્તિની લાઇનની -
નથી.

ભેળાનો પ્રશ્ન :- સાહેબજી, આત્મા અને મન બંને
જુદા છે. માની લો કે મનમાં તો
આવા બધા વિચારો આવ્યા કરે, આત્મા ઉપર એની

કોઈ અસર ન થાય. અને મન છે તો આવા બધા વિચારો તો આવ્યા જ કરવાના!

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** શાસ્ત્રકાર ભગવંતોએ, આ સવાલનો જવાબ આ શબ્દોમાં આપ્યો છે,

આત્મા યુનક્તિ મનસા મન ઇન્દ્રિયેણ।

આત્મા ને મન જુદા કે ભેગા, અહીં સ્યાદ્વાદમાં જવાબ આપ્યો છે, અપેક્ષા એ જુદા છે. અને અપેક્ષા એ ભેગા છે. મન શું છે, આત્મા શું છે, ઇન્દ્રિય શું છે? બહુ સરસ મર્મની વાત શાસ્ત્રકાર ભગવંતો એ જણાવી, આત્મા મન સાથે જોડાય છે, મન ઇન્દ્રિય સાથે જોડાય છે, ઇન્દ્રિયો વિષય સાથે જોડાય છે.

જો એક કેમ છે ને, મન આત્મા સાથે જોડાયાનો અર્થ શું? હું તમને પ્રશ્ન કરું, હું જોઉં છું, હું ચશ્માથી જોઉં છું, હું કેવી રીતે જોઉં છું? મારે ચશ્માના નંબર છે, ચશ્મા ઉતારી દેવામાં આવે, હું જે રીતે ચશ્મા સાથે જોઈ શકું છું, એ રીતે ચશ્મા-વગર નથી જોઈ શકતો. હું ચશ્માથી જોઉં છું એમ કહેવાય, આનો અર્થ શું? ચશ્માને આમ મુકી દેવામાં આવ્યા-હવે મને પાછળની દિવાલ દેખાશે? હકીકતમાં હું આંખ-થી જોતો હતો ને ચશ્મા મને જોવા માટે ઉપકરણ રૂપ-બનતા હતા, સાધન રૂપ બનતા હતા, માટે અપેક્ષા એ-કહેવાય કે હું ચશ્માથી જોઉં છું. હવે એનાથી એક વાત આગળ જઈએ કે હું આંખથી પણ જોતો નથી. પુદ્ગલ અંદરથી જતો રહ્યો, આંખો એમને એમ ખુલ્લી છે, એમ દેખાય કે આંખ જોઈ રહી છે, પણ જોનાર હકીકત-માં બીજો હતો, જે જતો રહ્યો. આંખ એ બારી હતી જેના દ્વારા મારો આત્મા અંદર રહીને, બહારનું દ્રશ્ય-જોતો હતો. અંદર જોનાર જતો રહ્યો હવે બારી ખુલ્લી

હોય એનાથી કોઈ જ ફરક પડતો નથી. જેમ ચશ્માને કદી ખબર પડતી નથી, એમ આંખને પણ કશી ખબર પડતી નથી. જેમ ચશ્મા એક સાધન છે એમ આંખ-પણ એક સાધન છે,

## મનનારો કોઈ જુદો જ છે!

એટલું સમજાય છે તો આગળ વધુ. બરાબર એ જ રીતે, જેમ દ્રષ્ટિની ક્રિયા એમાં ચશ્મા INSTRUMENT છે, આંખ INSTRUMENT છે. એમ વિચારની ક્રિયા-એમાં મન INSTRUMENT છે, એક મનની ક્રિયા, વિચારની ક્રિયા, ચિંતનની ક્રિયા, એની અંદર મન-એક INSTRUMENT બને છે, મનોવર્ગણાના-પુદ્ગલો ને ગ્રહણ કર્યા, મન રૂપે પરિણમાવ્યા, આત્મા-એમાં ભળ્યો, આત્મા એ મન રૂપી સાધન દ્વારા, વિચાર કર્યો. વિચારનાર હકીકતમાં મન નથી, વિચારનાર-હકીકતમાં આત્મા છે.

મન જે વિચાર કરે છે, એ હકીકતમાં મન દ્વારા આત્મા કરે છે. બે પ્રકારના મન શાસ્ત્રોમાં બતાવ્યા, એક દ્રવ્ય મન અને બીજું ભાવ-મન! દ્રવ્ય મન પુદ્ગલ સ્વરૂપ છે.

ભાવ મન આત્માના પરિણામ સ્વરૂપ છે.

પુદ્ગલો બધે વિખેરાયેલા છે, પણ એ પુદ્ગલો કશું વિચારી શકતા નથી. મનોવર્ગણાના પુદ્ગલો બધે ફેલા-યેલા છે, કશું ના વિચારી શકે. કારણકે એ-INSTRUMENT માત્ર છે, એ INSTRUMENT નો ઉપયોગ કરનાર ન હોય તો એ જેમની એમ પડયા રહેશે. INSTRUMENT કશું કામ નહીં કરી શકે. એટલે મનએ વિચાર્યું આત્માને કંઈ લાગતું વળગતું

નથી, એમ હાથે કોઈ ને માર્યું, હિંસા કરી, આત્માનો કોઈને મારતો નથી. બરાબર છે! આત્માને પેટ નથી - હોજરી નથી, આંતરડા નથી, આત્મા જાતો નથી, પીતો નથી, બધી વાતમાં આ દલીલ થશે, પણ એનો જવાબ એ છે, કે બધે જ આત્મા રહેલો છે, બધે જ આત્માની પ્રવૃત્તિ વ્યવહાર દ્રષ્ટિએ છે જ. અને માટે તો તે મન-વચન-કાયાની પ્રવૃત્તિ, એના દ્વારા આત્માને કર્મબંધ-થવાનો જ છે. કર્મ બંધ થવાના જે ચાર કારણો - બતાડ્યા, એમાંથી એક કારણ છે યોગ, એ યોગનો - અર્થ છે,

## મન, વચન, કાયાની પ્રવૃત્તિ !

પૂનમની લાઇનિ એ માત્ર ને માત્ર ઉપલક્ષણ છે. જિનશાસન-નો પ્રત્યેક આચાર અને પ્રત્યેક યોગ, એક પ્રકારની પૂનમની લાઇનમાં ઉભા રહેવાની જ ક્રિયા છે. જેમાં - ભગવાનના રંગે રંગાવાનું છે. શાસનથી રંગાવાનું છે. ભગવાનને મળવાની જેમાં પ્યાસ છે. ભગવાન ને - ભેટવાની તમન્ના છે. એ બધી જ ક્રિયા પૂનમની લાઇનમાં જ ઉભો રહેવા જેવું છે.

★ દાન પણ પૂનમની લાઇન છે,
★ તપ પણ પૂનમની લાઇન છે,
★ સામાયિક પણ પૂનમની લાઇન છે,
★ પ્રતિક્રમણ પણ પૂનમની લાઇન છે,
★ આયંબિલ એ પણ પૂનમની લાઇન છે,
★ ઉપવાસ એ પણ પૂનમની લાઇન છે,
★ દીક્ષા એ પણ પૂનમની લાઇન છે,
★ સ્વાધ્યાય, પડિલેહણ, વૈયાવચ્ચ, વિહાર, ભક્તિ, બધું જ
★ પૂનમની લાઇન છે.


classmate

★ દીપકજ્યોતિ પણ પ્રથમની લાઈન છે!
★ શૈલેષીકરણ એ પણ પ્રથમની લાઈન છે!

શરત એટલી જ કે એની અંદર અનધિકૃત ઘુસણખોરી ન હોવી જોઈએ.

એની અંદર અધિકૃત પ્રવેશ હોવો જોઈએ!

आर्जवेन ततो धन्यास्ते ऋजुभूतमानसाः।

સિદ્ધર્ષિગણિ મહારાજ, આપણને કહે છે, બહુ હોશિયારી કરી, હોશિયારી કરીને મુર્ખા બન્યા. તમારા આત્માનું કલ્યાણ જો તમારે કરવું હોય, તો તમે મનને નિર્મળ બનાવો, મનને શુદ્ધ બનાવો, મન મેલું છે, ત્યાં સુધી લાખના બાર હજાર થશે. મન મેલું છે, ત્યાં સુધી

પરિણામ જે મળવું જોઈએ છે તે નહિ મળે!

શા માટે કરીને પણ મુર્ખા બનો છો! શા માટે કરીને પણ ગુમાવો છો. પહેલું કામ આ કરો, સરળ બનો, મનને ચોખ્ખું બનાવો, જેના દ્વારા તમારું કલ્યાણ થશે. જાગે સમય થયો છે. જાગે આયખું રાખજો!

x x x x x

# વ્યાખ્યાન- નંબર- 130

DATE 07 08 2021

તમારો પ્રશ્ન છે, પૂજાની લાઈનની સાથે ઘણી બધી વાત કરી, તો પૂજા કરવામાં શું ધ્યાન રાખવું જોઈએ ? હકીકતમાં વાત માત્ર પૂજાની લાઈન ની નથી, વાત આપણા અંતર્ગત વિચારો, અંતર્ગત વલણ, અંતર્ગત સ્વરૂપનું છે કે ધર્મ ક્ષેત્રમાં આવી ને પણ, આપણું જે સ્વરૂપ છે, એનાથી વિપરીત આપણે કેટલું બધું અજુગતું, આપણે કરતાં- હોઈએ છીએ.

ફક્ત પૂજાની લાઈનની વાત નથી, દરેકે- દરેક ધર્મની અંદર, ધર્મની દરેક ક્રિયાની અંદર, ધર્મના દરેક યોગની અંદર, કેવા આપણે હોવું જોઈએ ને- કેવા આપણે હોઈએ છીએ, એનું એક SAMPLE છે, પૂજાની લાઈન. અને છતા પૂજાના સંદર્ભ કહું, દર્શન- ના સંદર્ભમાં કહું, હકીકતમાં ઘણું બધું જ્ઞાન આપણે મેળવવાનું હોય છે, આપણે મેળવતા નથી. દર્શન/પૂજા ચાલુ છે, જ્ઞાન મેળવવાની પ્રવૃત્તિ વર્ષો જતા રહેવા છતા- પણ ચાલુ થતી નથી, બધા પોતપોતાને જેમ સુઝ- પડે એમ વર્તે. ક્યાંક અમે ચૈત્યવંદન કરતા હોઈએ ને ગભારાની અંદર, ઝઘડા નું વાતાવરણ દેખાય ત્યારે ખરેખર ખુબ જ આઘાત લાગે.

આપણે હકીકતમાં દહેરાસરમાં જઈને- ભગવાન ને કહી આવતા હોઈએ છીએ, કે તમે ભગવાન- નથી. આપણે જો એમને ભગવાન માનતા હોઈએ તો આપણી આમાન્યા એવી હોય કે, આવી કોઈ વસ્તુ સંભવિત જ ના બની શકે, ગમે તે થઈ શકે, તમે પુજારી સાથે, કોઈ ની સાથે ઝલક-મલક ની વાતો કરી શકો, એક બીજાની સાથે કોઈ વાત કરી શકો, આમ- તેમ જોઈ શકો, ગમે તેમ વર્તી શકો, તમારા મગજમાં કોઈનું વર્તન ના બેઠું, તમે ઝઘડો કરી શકો !

DATE

આગમની અંદર ભગવાનના ચરિત્રની એક ઘટના આવે છે. દુર્દુરાંક નામનો દેવ ભગવાનની ભક્તિ કરવા આવ્યો છે. શ્રેણિક મહારાજના સમ્યકત્વની પરીક્ષા કરવી છે. ને પરીક્ષા કરવા માટે, ભગવાન પર ચંદનનું વિલેપન કરે છે, પણ શ્રેણિક રાજને એવું દ્રશ્ય દેખાડે છે કે - એણે ભગવાન ઉપર રસી અને પરુ લગાડ્યા છે. શ્રેણિક રાજા નજરની સામે સ્પષ્ટ જુએ છે કે એણે ભગવાનને રસી અને પરુ લગાડ્યા છે. આણે ભક્તિ - નથી કરી, આણે ભગવાનની આશાતના કરી છે, શ્રેણિક રાજા જોઈ રહ્યા છે.

શ્રેણિક રાજા ત્યાં ગુસ્સો નથી કરતા, પેલા સાથે ગુસ્સો નથી કરતા, એની બોચી નથી - પકડતા, તલવાર નથી કાઢતા, શ્રેણિક મહારાજા પોતાના માણસને ઈશારો કરી ને કહે છે કે, આ માણસ - બહાર જાય ને એટલે તમે એને પકડી લેજો. શ્રેણિક રાજા સમજે છે કે ભગવાનની આગળ મોટે અવાજે - બોલવું, ઘાંટા પાડવા, ભગવાનની આગળ સંઘર્ષ કરવો, અજુગતું વર્તન કરવું, ભલે ભગવાનની ભક્તિ રૂપે, ભલે કોઈએ આશાતના કરી એના નિવારણ રૂપે, અહીંયા મોટે અવાજે બોલાય જ નહિ, અહીંયા કંઈ - ના બોલાય. છતા આ માણસે આવું કામ કર્યું એને - સજા તો કરવી જોઈએ, પોતાના સેવકો ને કહી દીધું કે બહાર જાય એટલે પકડી લેજો.

ભગવાન આપણને ભગવાન લાગતા - હોય, C.M. તમને C.M. લાગે છે,
P.M. તમને P.M. લાગે છે,
ત્યાં બધી તમારી આમાન્યા, COLLECTOR ની ઓફિસે જવું હોય, એક નાના સરકારી અધિકારી -

classmate

આગળ પણ, તમારી સહજ, તમારી શિસ્ત, તમારી આમાન્યા આ બધું જ વ્યવસ્થિત હોય છે. દહેરાસરની અંદર તમે અસ્તવ્યસ્ત હો એનું કારણ, આટલું જ છે. ભગવાન તમને ભગવાન લાગતા નથી!

જે પહેલા દિવસે આપણી આમાન્ય હોવી જોઈએ, એ છેલ્લા દિવસે પણ હોતી નથી, અને આખી જિંદગી આપણી એમને એમ ચાલે છે. એવું હોવું જોઈએ કે નવી વ્યક્તિ પહેલા જ દિવસે જિનાલયે જાય, અને એ જ દિવસે, એને BASIC બધું જ KNOWLEDGE મળી જાય, કે જિનાલયમાં કઈ રીતે વર્તવું, શું વિચારવું, શું કરવું, કે શું ન કરવું! એક BOOK SUGGEST કરું છું નામ છે જિનાલય! એટલે એમાં GUIDE BOARDS MATTER છે, એટલે કે જિનાલયમાં આપવાનું માર્ગદર્શન, જિનાલયમાં માણસ પગ મુકે ને SHORT -- SHROT બધુ સમજુતી મળવી જોઈએ. એ ENTER થઈ રહ્યો છે, ત્યાં દરવાજા પાસે કાંઈક લખાણ હોય, તે એને બહુ જ ઉપયોગી થાય. એણે ચપ્પલ ઉતારવાના છે, ત્યાં કાંઈક લખાણ હોય તે એને બહુ ઉપયોગી થાય. એણે તિલક કરવાનો હોય ત્યાં કાંઈક લખાણ હોય, એ દાદરા ચડે છે, ત્યાં કાંઈક હોય. એ MAIN ENTERENCE પાસે આવ્યો, ત્યાં કાંઈક હોય, એ પ્રદક્ષિણા ફરી રહ્યો છે એને પ્રદક્ષિણામાં કાંઈક GUIDENCE મળે, અને એને અંદર રંગમંડપ પાસે, ગભારા પાસે કંઈક GUIDENCE મળે, આની SHORT --- SHORT MATTER એ આ BOOK ની અંદર સંગ્રહિત છે. નામ છે "જિનાલય". તમારું ઘર દહેરાસર હોય, તમે જે પણ સંઘમાં હો, જ્યાં પણ તમને જગ્યા મળી શકે એમ હોય. ત્યાં તમે આવા BOARDS કોઈ પણ સ્વરૂપે, કોઈ કપડામાં લખીને, કોઈ CARDમાં લખીને,

કોઈ પણ સ્થળે, તમે એને ત્યાં રાખી શકો છો.
જેનાથી પહેલા જ દિવસે આવનાર વ્યક્તિ, એને એ
માર્ગદર્શન મળશે. કોઈ કહે છે પછી EGO HURT-
થાય છે. પછી માણસ સ્વભાવ પર આવે છે. પછી
સંઘર્ષ થાય છે. એને પહેલાથી માર્ગદર્શન મળ્યું હશે,
તો એ એવું કરશે.

ઉદાહરણમાં છે ને તમારી બધી પરિસ્થિતિ-
એવી છે, FOR EXAMPLE, એક માણસ CIVIL-
ENGINEER નું કામ કરવા SITE ઉપર પહોંચે છે.
એ કોલેજમાં નથી ગયો, એણે કદી એ લાઈનનો
અભ્યાસ નથી કર્યો, એને ત્યાં જ શિખવાડવાનું છે ને-
એને ત્યાં જ ENGINEER બનાવવાનો છે. બધું
SITE ઉપર, બધા પહોંચી ગયા, બધા પોતાની મુજ-
બ એમ કરે ને બધા એક બીજાની ભૂલો કાઢે.

પહેલા નંબરમાં પહેલાથી જ્ઞાન મેળવવું જોઈએ!

આપણી ચિંતા એવી છે, આપણો છોકરો
ચૈત્યવંદન કરતો હોવો જોઈએ, તુ ચૈત્યવંદન કર..
કર.. કર.. કર.. કર.. તું ચૈત્યવંદન કર, તું-
એમને એમ ટોકી કરીને આવે એ ના ચાલે, તું
સૂત્ર શીખ, તું જોઈને કરજે... તું આમ કરજે..તું
તેમ કરજે.. તારે ચૈત્યવંદન કરવું જ પડશે,
હરીભદ્રસૂરી મહારાજ આખી જુદી વાત કરે છે,

ચૈત્યવંદન કરવાનો અધિકાર કોને છે ?, એની-
યોગ્યતા નું LIST હરીભદ્રસૂરી મહારાજ એ આપ્યું
છે. આપણે તો એમ સમજીએ છીએ કે ધર્મનો
નંબરો જ છે, ધર્મ આપણી રાહ જુએ છે,

# ધર્મ આપણા વગર અધુરો છે !

આપણે જઈએ એટલે ધર્મ પુરો થાય ને ધર્મનું સૌભાગ્ય કે આપણે એને મળ્યા, આપણે ધર્મ કરીને,

## ધર્મ ઉપર ઉપકાર કર્યો !

હકીકત સાવ જુદી છે. હકીકતમાં ધર્મ નવરો નથી.

→ ધર્મ સસ્તો નથી.
→ ધર્મ ખુબ જ મોંઘો છે. અને
→ ધર્મ કદી અભાગ્યા ને મળતો નથી.
→ ધર્મ કદી અનઅધિકારીને મળતો નથી.

અનઅધિકારી કરી પણ લે, તો પણ હકીકતમાં ધર્મ કરવાનું - LICENSE હોય છે. એક ચૈત્યવંદન જેવી નાની ક્રિયા - નાનો ધર્મ, એને પણ કરવાના અધિકારી કોણ ? એનું વર્ણન લલિત વિસ્તરા ગ્રંથમાં હરિભદ્રસૂરી મહારાજ એ કર્યુ - છે. સવાલ માત્ર તમે કે તમારો દીકરો ચૈત્યવંદન કરી લે એનો નથી, એનાથી મોટો સવાલ એ છે કે તમારી યોગ્યતા કેવી ? દીકરાને ન કેવી એવી વાત નથી, ચૈત્યવંદન બંધ કરવું એવી પણ વાત નથી. હજુ આપણી દ્રષ્ટિ જ નથી પહોંચી, ધર્મ શું છે, એ જ ખબર નથી. એનો સવાલ છે ! સવાલની વધારે નજીક આવુ. ત્યારે ત્યાં કહેવાય કે ન કહેવાય, ન જ કહેવાય એવો - પણ એકાંત નથી ને આપણી બધી શક્તિ લગાડીને કહી દેવું એવો પણ એકાંત નથી. એ વખતે ગમ્ર જાય અવ, તમારી ભુલ ON THE SPOT કોઈ બતાવે છે એ કેવી છે ? હું તમને પુછુ છું ? આનંદ થાય, આણે મારી ભુલ બતાડી, બહુ ઉપકાર કર્યો. કે મનમાં ખટકે કે આણે મને ક્યાં આટલા બધાની વચ્ચે કહ્યું, મારી ભુલતો હતી જ નહિ. આપણો અનુભવ ?

આપણને શું ફાવે છે ?, ON THE SPOT ગમ ખાય-
જવ, અને એના પછી, જ્યારે એ વ્યક્તિ બહાર-
નીકળે, એમની અનુમોદના કરો, એમને ધન્યવાદ-
આપો, એમને કહો કે આ દેવાધિદેવ ની પૂજા-
કરવા આવ્યા, ભક્તિ કરવા આવ્યા. આપ ધન્ય છો.
આપ ભાગ્યશાળી છો. અને આમાં વિધિ આ પ્રકારની
હોય છે એવું મેં ગુરુ ભગવંત પાસેથી જાણ્યું છે.
અને જો આપણે કરીએ તો અનેક ગણું ફળ મળે.
તમે ધન્યવાદ ને પાત્ર છો, તમારો કોઈ દોષ નથી,
તમારી ભુલ નથી, તમને એ ખબર હોત તો તમે કાંઈ
હાથે કરીને એવું કરો એવા નથી. કંઈ પણ જાણવાનું
કામ હાથે મળવું હોય, તમે મને ~~વિના સંકોચે~~ નિઃસંકોચ
કહેજો, તમને હું શીખવાડીશ.

ટોક અને ફક કરીને આપણી દુકાનમાંથી-
એક પણ ઘરાક ને ગમે તેટલી વિચિત્ર હોય છતા,
ધકેલી દેતા નથી. મગજ શાંત રાખીને એની લાગણી
ન દુભાય, એનો આદર ના ઘવાય, એ રીતે બહુ પ્રેમથી
એની સાથે વર્તો ને અહિંયા તડને ફડ કરીને કાઢી-
મુકો બીજા ને, દરેક ધર્મી ની ભાવના એવી જોઈએ,
કે જિનાલયની આવનારાઓના ગુણાકાર થાય. તમારી
દુકાનમાં એટલા જ આવશે તો ચાલશે, ઓછા થશે
તો ચાલશે, પણ અહિંયા તો વધવા જ જોઈએ,
પાઠશાળામાં વધવા જ જોઈએ, પ્રવચનમાં વધવા જ
જોઈએ. હું તમને પુછુ છું છેલ્લા ૨૫-૫૦ વર્ષથી-
તમે આ બધી જ ધર્મ ક્રિયા કરો છો. તમે બીજાને-
જોડયા કેટલા ને તમારા વર્તનથી અહીંયા આવતા-
અટકયા કેટલા ?, પ્રશ્ન સમજાય છે મારો ?,
આપણને મુસ્લિમ સાથે, CHRISTIAN સાથે-
દુનિયાના બીજા ત્રીજા ધર્મો સાથે જેટલો વાંધો નથીને

એટલો આપણને આપણા ધર્મ સાથે વાંધો છે. એની બિચારી મણે અહિંયા આવ્યો એટલે એણે ગુનો કરી-દીધો. મણે આપણે લાગ ગોતતા હતા એના ઉપર તૂટી પડવાનો. એક નવી વ્યક્તિ કોઈ જહાંયા આવે, કોઈ સેવાના ક્ષેત્રમાં આવે, કોઈ સંઘમાં આવે, સંસ્થા-માં આવે, ત્યારે તમારે તમારું વડિલપણું પુરવાર-કરવાનું હોય કે એના ઉપર વાત્સલ્ય વરસાવવાનું-હોય.

"જ્યાં વાત્સલ્ય છે ત્યાં જ વડિલપણું છે."

તોડી પાડતા તો બધાને આવડે. અહિંયા આવ્યો હોય-એને એમ થાય, કોઈ PROGRAMમાં આવ્યો, કોઈ-સ્વામી વાત્સલ્યમાં પીરસવા આવ્યો, વ્યાખ્યાન સાંભળવા-આવ્યો, પૂજા કરવા આવ્યો, એ કોઈ જીવદયા- અનુકંપાનું કામ કરવાનું હતું એમાં આવ્યો, તમે દસ-વીસ વર્ષથી-હતા, એ આજે આવ્યો. તો તમારે એને એવી રીતે સૂચનાઓ આપી એનો ઉલ્લાસ તોડી નાખવાનો હોય, કે એને લાગણીથી નવડાવી દેવાનો હોય!

હજુ આપણને ધર્મ આપણો લાગતો નથી!

તું જા, તું ભાગી જા, તું કદી આવતો નહિ, તો એમને વાંધો નથી. તું આવ્યો જ કેમ, તું આવ્યો એ જ તારો ગુનો, તું સારી રીતે કામ કરતો હોઈશ તો તો મારી આંખમાં વધારે ખૂંચીશ. મને ડર લાગશે કે તું મારી SEAT ઉથલાવી ને મારી ખુરશી પર બેસી જઈશ. તું આગળ જ ના આવ, તું આગળ આવે એમાં મને રસ જ નથી. હું તમને પૂછું, આવી ભૂમિકા ચાલે ખરી? આપણે શાસનના સેવક, આપણે શાસનના ભક્ત,

આપણે શાસનના અનુયાયી, કે આપણે શાસનના - દુશ્મન છે હું કહું છું મરી જવાના. તમારી સંસારની આંટીઘૂંટી, માયા પ્રપંચ, તમારા ખેલ, અહીંયા લઈને તમે આવ્યા. અને અહીંયા તમે ખેલ ખેલવાના- ચાલુ કર્યા, તમે મરી જવાના, તમે સંસારમાં જેટલું પાપ કર્યું હશે, એના કરતા અનંત ગણું પાપ અહીંયા તમે ધર્મની અંદર બાંધીને અનંત સંસારનો પાટ થઈ જશો. એમા તમે હો તો તમે પણ આવી- ગયા ને હું હોઉં તો હું એ આવી ગયો.

## ઉંચા બેસવા માત્રથી મોક્ષ થતો નથી!

પણ, ઉંચી ગુણ ભૂમિકા હોય, ઉંચું વાત્સલ્ય હોય, ઉંચો શાસન પ્રેમ હોય, એનાથી મોક્ષ થાય છે. આપણી છે ને, ભાવના એવી છે, એક દહેરાસર- બનાવવું છે, એક સંઘ કાઢવો છે, ઉપધાન કરાવવા છે, નવ્વાણું કરાવવી છે, અથવા તો આપણી એવી શક્તિ નથી, તો એક વાર આપણે નવ્વાણું યાત્રા કરવી છે, મહિના દોઢ મહિનાની અંદર રોજની ૨-૩-૪- યાત્રા કરીને, ગરમી વેઠીને, તકલીફ વેઠીને, ભૂખ વેઠીને, થાક વેઠીને, એ નવ્વાણું યાત્રા કરવાના- ભાવ આપણને થાય છે. સારું છે, અનુમોદનીય છે, આપણને એટલો ભાવ થાય છે કે, મારે શાસન પ્રત્યે- ની લાગણી અને આત્મીયતા ની પરાકાષ્ઠા એ આસ- માનને આંબે ત્યાં સુધી લઈ જવી છે. આવી ભાવ- પણ આપણને થયી જશે છે હું કહું છું એક ભવ- માં તમારો મોક્ષ થઈ જવાનો છે. અને ભવ--ભવ કરો, તમારી સ્થિતિ અંદરની કંગાળ છે, શાસન માટે લાગણી નથી, આત્મીયતા નથી, અનંતભવો સુધી ભવ કરશો તો એ તમારો મોક્ષ થવાનો નથી!

પહેલું કામ આ કરો. શાસન માટેની લાગણી ઉભી કરો. ધર્મ માટેની આત્મીયતા ઉભી કરો, ચતુર્વિધ સંઘમાં વહાલસોયા-સંતાનના દર્શન થાય, આ બધા મારા છે.

કોઈ ચતુર્વિધ સંઘના સભ્ય છે, એમના-વર્તનથી તમારી લાગણી દુભાઈ, તમે અહીંયા આવવાનું બંધ કરી, તમે સેવા આપવાનું બંધ કરી, તમે એક ભોગ આપતા હતા એ બંધ કરો. તમે એક શબ્દ-સારો બોલતા હતા એ બંધ કરીને નિંદા કરવાનું ચાલુ કરો. હું તમને પુછુ તમારા દીકરા-દીકરીના કોઈ-દોષો નથી હોતા? જેમના માટે તમે માથુ કુટો, જેમના માટે તમે રડો છો, જેમના દોષો તમે ભગ-વાની શરૂઆત કરી ચુક્યા છો, ને જેમના દોષો ઘણા ગંભીર છે ને જે દોષના કારણે પૂર્વકાળના મા-બાપો દીકરા-દીકરીઓને ઘરમાંથી કાઢી મુકતા હતા, એ દોષના કારણે. સીતાજી ને જંગલમાં મુકી દેવામાં આવ્યા જે દોષના કારણે, જે દોષના કારણે અંજના સુંદરી,-ગર્ભવતી છે, અને એમને કાઢી મુકવામાં આવ્યા છે. નથી સાસરિયું સંઘરતુ નથી પિયરિયું સંઘરતું, એવા દોષો ને જાણ્યા પછી પણ, તમારા સંતાન પ્રત્યે-તમારું વાત્સલ્ય છે. અને ચતુર્વિધ સંઘના કોઈ-સભ્યના કોઈક નાના, BY CHANCE થયેલા દોષોના કારણે, તેઓ તમારા અંતરમાંથી ઉતરી જાય છે. તમને એમના પર ગુસ્સો છે, ખાર છે. કષાય છે. અસદ્ભાવ છે, એનો અર્થ એ નથી કે એ દોષિત છે, એનો અર્થ એટલો જ છે કે,

## શાસન આપણને આપણું લાગતું નથી!

મારી વાત સમજાય! જ્યાં સુધી શાસન ઘર લાગે નહિં,

જ્યાં સુધી શાસનના સમ્યે વ્હાલા સ્વજન લાગે નહિ, જ્યાં સુધી એમના ગમે તેટલા મોટા દોષોની સામે પણ એ શાસનના સમ્યે છે એ ગુણ વધારે શક્તિશાળી, વધારે ચડિયાતો, લાગે નહિ, ત્યાં સુધી આપણામાં સમ્યક્દર્શન નથી, અને ત્યાં સુધી આપણી બધી જ આરાધના,

એકડા વગરના મીંડા જેવી છે !

મારી વાત સમજાય છે ?

આપણે હજુ મીંડા વધારવાની પેરવી માં છીએ !

આપણને હજુ એકડાની કશી પડી નથી !

હું કહું કે એકડા વગર કેટલા મીંડા વધારશો, તો તમારો મોક્ષ થશે ? શાસ્ત્રકાર ભગવંતો કહે છે, ફક્ત એકડાથી મોક્ષ થઈ શકે છે.

दंसणभट्ठो भट्ठो दंसणभट्ठस्स नत्थि निव्वाणं।

એક વ્યક્તિ છે એની પાસે વ્રત નથી નિયમ નથી, તપ નથી, જ્ઞાન નથી, સમ્યક્દર્શન એનું ઝળહળી રહ્યું છે, એનો મોક્ષ નક્કી છે. વ્રત, તપ, નિયમ, જ્ઞાભ્યાસ વગેરે ગમે તેટલું હોય કે સમ્યક્દર્શનથી ભ્રષ્ટ થઈ ગયો, એનો મોક્ષ નથી.

सिज्झंति चरणरहिया दंसणरहिया न सिज्झंति।

આગમ કહે છે, જેનામાં ચારિત્ર પણ નથી, એનો મોક્ષ હજુ શક્ય છે. આજે નહિ કાલે આવશે. પણ જેનામાં સમ્યક્દર્શન નથી, એનો મોક્ષ નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, બહુ પાયા ની વાત

DATE

કરી રહ્યા છે. દર્શનના પાગ પાયાની, શાસન-
લાગણીના પાગ પાયાની વાત,

आर्जवेन ततो धन्यास्ते ऋजुभूतमानसा: ।

જેમના આત્મામાં સરળતાનું પરિગમન થયું, એમનું
મન ઉજ્જવળ બને છે.

निर्मलाचारविस्तारा: ,

એમના આચારો નિર્મળ બને છે અને તેઓ સંસારનો
પાર પામે છે. નિર્મળ આચાર એ બહુ અઘરી વસ્તુ છે.
પાગ એ સરળતા આવી જાય તો એ બહુ સહેલી વસ્તુ-
થઈ જાય છે. નિર્મળ આચાર !

તમે આયંબિલનું પચ્ચક્ખાણ લીધું,
તમે આયંબિલ ખાતે ગયા, ક્યાં ટેકો મળે, ક્યાં-
પંખો મળે, ક્યાં ગરમાગરમ આવે, વસ્તુ કઈ વધારે
માં વધારે સારી મળે, વધારે સ્વાદિષ્ટ મળે, વધારે-
ભાવતી મળે, વધારે અનુકૂળ મળે. તમે સરળ છો,
તો તમે આવું કશું નહિ વિચારી શકો. સરળ હશે-
એ સમજશે કે આયંબિલ એટલે આયંબિલ, આયંબિલ
એટલે વૃત્તિઓનો નિરોધ, આયંબિલ એટલે મનનો-
નિરોધ, આયંબિલ એટલે અંતર્મુખતા, આયંબિલ-
એટલે વૈરાગ્ય, આયંબિલ એટલે નિઃસ્પૃહતા, એમાં
આ બધું તો કરવાનો સવાલ જ ક્યાં આવે છે !

निर्मलाचारविस्तारा: ,

નવપદની ઓળી ચાલુ છે, એમાં ચૌદસનો દિવસ છે,
આજે તમે આયંબિલ કર્યું છે, આયંબિલ ખાતે આયંબિલ
કરવા ગયા છો, ઘરેથી તમે નીકળ્યા છો તો રોમે--
રોમે-- વૈરાગ્ય-- વૈરાગ્ય-- વૈરાગ્ય-- વૈરાગ્ય.. અંદર
અંદર ઝરણા ફૂટી ને નીકળી રહ્યા છે, ત્યાં તમે
પગથિયા ચડી રહ્યા છો, કોઈ આવ્યું, ગયું, કોણ છે,
શું છે, અને તમને લાગે કે આપણે એકે આયંબિલ-

ના પરચક્ખાણ નો અતિચાર છે. આ પણ એક -
જાતિભાવ છે, બરાબર ENTERENCE માં BOARD
મુકેલું છે, જેમાં ૪૦-૫૦ વાનગીઓ ના નામ લખ્યા-
છે, જેના ઉપર નજર કર્યા વગર, તમે સીધી નજરે
પહોંચી જાવ છો. ક્યાં પંજાબી છે, ક્યાં ટેસ્ટી છે, ક્યાં
જલ્દી આવે, ક્યાં ગરમાગરમ આવે, કશા પણ -
વિચાર વગર, અંદર જઈને તમે બેસી જાવ છો.
અને પીરસવા બધા નીકળે છે, ઓલું આવે ને,
પેલું આવે ને, આ આવ્યું નહિ, ઓનું લઈ આવજો,
પેલું મોકલો છે, કશી જ વાત નહિ. જે સીધી -
પહેલા બે-ચાર દ્રવ્ય આવ્યા, એ સરળ ભાવે તમે
લઈ લીધા. નીચું મોઢું કરીને વાપરીને પંદર મિનિટમાં -
તમે ઉભા થઈ ગયા, આનું નામ નિર્મળતા! હું
તમને પુછુ છું અઘરું પડે?, કરવું છે આવું -
આયંબિલ?, કોના માટે અઘરું છે?, જે ઉપવાસ -
કરે છે, અઠ્ઠમ કરે છે, અઠ્ઠાઈ કરે છે, માસક્ષમણ કરે-
છે, શ્રેણિ તપ કરે છે, સિદ્ધિ તપ કરે છે, એના માટે
પણ આ આયંબિલ અઘરું છે!

હું તમને કહું કે એ બધી વાત જવા દો,
આયંબિલ કર્યું છે કે નહિ મને એ સવાલ નો જવાબ
આપો. આયંબિલ કર્યું છે ત્યારે સાહેબ આવી-
બધી અઘરી- અઘરી વાત ના કરો, જોઈ પણ ના-
એવું ને, આમ નીચું મોઢું વાપરી લેવું ને, ઉભા
થઈ જવું. અમને તો કલાક ઓછો પડે ને પેલાએ
કહેવું પડે કે ઉભા થાવ તો બીજી પંગત બેસે
વિધિ છે, ચોક્કસ છે ને તમે આ રીતે કરશો,
બહુ સાહેબ, વૈરાગ્ય ની, નિઃસ્પૃહતાની, અંતર્મુખતાની
આવી બધી વાત અમારી આગળ ના કરો,
અમે આયંબિલ કરીએ એ ઘણું છે, અમારે,

classmate

DATE

આયંબિલ કરવું છે. હું કહું છું કે આયંબિલ કરવું હોય તો આયંબિલ આવું જ હોય, આને જ આયંબિલ કહેવાય. જ્યાં ઈન્દ્રિયથી અને મનની વૃત્તિ નો નિરોધ હોય એને આયંબિલ કહેવાય. આનું જ નામ આયંબિલ. જ્યાં આ નથી ત્યાં આયંબિલનો આત્મા જ નથી, આયંબિલ નું સ્વરૂપ જ નથી, આયંબિલ નું સર્વસ્વ નથી, ત્યાં નિશ્ચય-નયની દ્રષ્ટિએ આયંબિલનું પચ્ચક્ખાણ તુટ્યું હોય છે. વ્યવહાર નય તમને કહેશે કે તમે આયંબિલ ના તપસ્વી છો. નિશ્ચય નય આપણને એટલું જ કહે છે, કે આયંબિલ નું હાર્દ તમે સમજો, અને હાર્દ સમજ્યા પછી તમે એ રીતે વર્તો.

તમે કહો માણસ છે, એને આંખ છે, કાન છે, નાક છે, મુખ છે, બધું જ છે. ફક્ત હૃદય કાઢી લીધું છે, માણસ જ છે. પેલા કહેશે એના કરતા માણસ નથી એમ બોલો. હૃદય કાઢી લીધું પતી ગયું, આયંબિલનું હૃદય આ છે. ખરો સવાલ એ નથી કે આપણામાં આવી પરાકાષ્ટાની અંતર્મુખતા, વૈરાગ્ય, આવી નિઃસ્પૃહતા છે કે નહિ, ખરો સવાલ એટલો જ છે કે, આપણે સરળ છીએ કે નહિ ! આપણે સરળ હોઈએ તો આ જ સત્ય છે. અને આપણે સરળ ના હોઈએ, તો આપણે આ હાર્દ નહિ સમજી શકીએ. સરળ સમજે જ છે કે પચ્ચક્ખાણની અંદર જ, અમે આયંબિલનું પચ્ચક્ખાણ લીધું. આયંબિલ નિવિગ્ગઈઓ, વિગઈ પચ્ચક્ખાઈ, એની અંદર જ, વૈરાગ્ય નું પચ્ચક્ખાણ પણ આવી ગયું છે. અંતર્મુખતા નું પણ આવી ગયું છે, નિઃસ્પૃહતા નું પણ આવી ગયું છે, સંવેગ નું પણ આવી ગયું છે. કશું જ જોઈએ નહિ, માત્ર પેટને ભાડુ આપવાનું છે. વાનગીઓ નથી જોવાની, QUALITY નથી જોવાની, સ્વાદ નથી જોવાનો, ઉષ્ણતા, શીતતા, તાપમાન કેટલું છે એ નથી જોવાનું,

classmate

જલ્દી આવી ગયું કે નહિ, એ નથી જોવાનું. અહિંયા હું બીજો સંસાર ઉભો કરું, હા અહિંયા આવા બેઠા છે, પેલા બેઠા છે, હા- આવું થયું ને પેલું થયું. અને બહાર નીકળીને હું કાંઈક પંચાત લઈને બેસું. તો મેં નિશ્ચયથી આયંબિલનું પચ્ચક્ખાણ તોડી નાખ્યું !

અંદર
કલ્પસુત્રની એક પદાર્થ આવે છે, દર-વર્ષે આપણે સાંભળીએ, નર અને નારી ની વાત છે, નર ને જોવાની ના પાડી, નારીને જોવા ઉભા રહ્યા, જડ-અને વક્રતાના સંદર્ભમાં આ દ્રષ્ટાંત, આપણને બધાને આવડે. શાંત ચિત્તે વિચાર કરીએ, આપણું આયંબિલ-પણ એવું તો નથી ને !, ગુરુએ કહેવું પડ્યું કે ભાઈ, નટને જોવા ઉભા ન રહેવું, આટલું જ વિધાન એનું હતું, એનું તાત્પર્ય એ હતું, કે બાહ્ય ભાવોમાં ન જવું. એનું તાત્પર્ય તો એ હતું કે આપણે તો અંતર્મુખ બનવાનું છે, આપણે કાંઈ બહાર જોવાનું જ નથી, એનું-તાત્પર્ય એ છે કે જેને જોઈએ તો રાગ થાય, જેનાથી રાગ થાય, એનો ત્યાગ કરવો જોઈએ, માટે એમને ન જોવા જોઈએ. વાત સમજાય છે ! તો નટને ન જોવો જોઈએ, એનું તાત્પર્ય એ છે કે રાગના હેતુ ને ન-જોવું જોઈએ, તો રાગના હેતુ ને ન જોવું જોઈએ, આવું જ્યારે મેં કહી દીધું, ત્યારે મેં એની અંદર નટીને જોવાની ના પાડી જ દીધી હતી, કારણકે નટને જોવા કરતા, નટીને જોવામાં વધારે રાગ થાય, અને તમે કહો કે એવું હતું તો અમને નટીનું પણ કહેવું હતું ને, એક તો તમે કહેતા નથી, પછી અમને પકડો છો, ભાઈ નટને જોવાની ના પાડી તો નટી ને જોવા કેમ ઉભા રહ્યા, તો નટને જોવા તો નહતા જ ઉભા રહ્યા અમે, નટીને જોવા ઉભા હતા, તો અમારો શો ગુનો થઈ ગયો, આપણી આ ભૂમિકા છે.

આમને આયંબિલમાં ખબર છે દૂધ, દહીં, ઘી, લિલોતરી આવું બધું ના ખવાય એવું બધું એમે નથી ખાધું. તમારે કહેવું જોઈએ ને આવો વૈરાગ્ય રાખવો જોઈએ ને, ગરમાગરમ જ ખાવું જોઈએ એવો વિચાર ન કરવો જોઈએ-ને, ઈડલી-ઢોસા જ જોઈએ ને, ટેકો ને, પંખો ને, આને, તેને, એ તો આમને ગમે કોઈ જ નથી. શાસ્ત્રકાર-ભગવંતોની સામે આ પણ આપણી જડ-વક્રતા છે.

જે સમજે છે, જે સરળ જીવ છે, જે યોગ્ય જીવ છે, એને ગરમાગરમ ઢોસાની અંદર પણ-દૂધ દેખાય છે. જે સમજે છે એને બરાબર ઈડલી-ને-ચટની ખાવ્યા હોય એને એની અંદર ઘી દેખાય છે. જે સમજે છે એને અમુક વાનગી બહુ જ ભાવે છે, એને એ વસ્તુ ખાવે એમાં એને તળેલી વસ્તુ દેખાય છે. તો કઈ રીતે ખવાય ? મારે તો આયંબિલ છે ! બોલો કહે આયંબિલમાં ચાલે, ભોઈ ચાલે એની ના નથી, વ્યવહાર-નય છે. અને વ્યવહાર, વ્યવહારથી જ ચાલે. હવે આ બધી વાત કોઈ ને એ રીતે નહિ કહો ને આપતા કેનાથી સંઘર્ષ થાય ! પણ આનું હાર્દ સમજવાનું, તમારા આત્મા-માટેની વાત છે. તમારે પોતે સમજવા માટેની વાત છે. અને દરેક વાત અપેક્ષાએ સમજવાની હોય છે.

પછી તમે આયંબિલનો લાભ લો ને, કહો કોઈ કે મહારાજ સાહેબે કહ્યું હતું, આ ચોમાસામાં-આ સાહેબે, આ સંઘની અંદર, આમને વ્યાખ્યાનમાં કહ્યું હતું. આયંબિલમાં આ બધું ના ખપે, એટલે આવું બધું, ક્યાંય પણ બનશે નહિ. આવા સંઘર્ષ ઉભા કરવા-માટેની આ વાત નથી, વ્યક્તિગત વાત છે. વ્યવહાર-અને નિશ્ચયના સમન્વયની વાત છે. વ્યવહારથી જેમાં વિગઈઓ નથી, લિલોતરી નથી, FRUIT નથી, જે પરંપરાથી

માન્ય છે. ઘણા તમે આગળ વધી ગયા છો, ઘણુંબધું - FAST FOOD નું તમારે ત્યાં આયંબિલની ઓળીઓમાં મળવા લાગ્યું છે. વ્યવહાર નયથી ચાલે. કારણકે એમાં વિગઈઓ નથી. લીલોતરી, FRUITS, શાક-ભાજી નથી, વ્યવહાર થી ચાલશે. આયંબિલના હાર્દને સમજવાની,

**આપણા આત્માને શુદ્ધ આયંબિલ આપવાની વાત છે.**

કે ભાઈ, જ્યાં સ્વાદનું પોષણ થાય છે. એના માટે આયંબિલ હોય ? કદાચ અત્યારે હું ઘરે જમવા બેઠો હોત તો ચાર વસ્તુ હોત, રોટલી, દાળ, ભાત, શાક-ભાજીનો હું ઉભો થયો હોત. કદાચ અડધો કલાક-પછી કોઈએ પુછ્યું હોત તો મને યાદ ન હોત, કે હું શું જમ્યો! અને અહિંયા હું આટલી બધી વાનગી-ઓની રામાયણમાં હું પડું તો

**આયંબિલ કરીને હું ચડ્યો કે પડ્યો ?**

વ્યવહારથી તમે ચડ્યા છો, પચ્ચક્ખાણ-તમારું ઉંચું છે, તમે વિગઈઓનો ત્યાગ કર્યો છે, તમને એનું પુણ્ય પણ મળ્યું છે. આવું આયંબિલ-કરાય જ નહિ, આવું બોલવામાં પણ પાપ લાગશે. એ પણ ધર્મ છે, એ પણ તપ છે, એ પણ પુણ્ય છે. પણ, હું હજુ વધારે આગળ જવાની વાત તમને-કહું છું.

**આયંબિલનું તાત્પર્ય છે, સ્વાદને છોડવો !**

અને એ જ સ્વાદ જો આપણે વધારતા હોઈએ, તો આપણા આયંબિલનું તાત્પર્ય સચવાયું કે નહિ ?

અમારો એક આચાર છે, કે અમારે પગરખા ના પહેરવા. ઉત્સર્ગથી આચાર આ છે. ક્યાંક એવો વિહાર હોય કે, જેમાં નીચે બધા કાચ, કાંકરા, કાંટા હોય, ઉપર અમે HIGHWAY ના ROAD ઉપર ચાલવા જઈએ, નીચે-ચાલી શકાય એમ જ નથી. બે-ત્રણ કિલોમીટર ચાલશું-પછી પગ ખરાબ થઈ જશે અથવા, બે-ત્રણ દિવસના વિહાર પછી, અમે ચાલવા જ પોતે શક્તિમાન નહીં હોઈએ, એવું બને. ઉપર ચાલીએ કદાચ કોઈ ટ્રક કે ગાડી-અમને ઉડાવી દે, આત્મ વિરાધના મોટું પાપ બતાડ્યું, ત્યાં ગીતાર્થ ગુરુ ભગવંતો કહે છે. પગમાં પગ પહેરીને તમે નીચે ચાલો. તમે ચાલતા પગ રહો, તમારો અકસ્માત પણ ના થાય.

કોઈ ને એવી તકલીફ છે. એમના-માટે, શરીર ની એવી કોઈ તકલીફ છે, પગની તકલીફ-છે. એમને ગીતાર્થ ગુરુ ભગવંતો છૂટ આપે, કે તમે-મોજા જેવું કે જે રીતે તમારું કામ થાય, પહેરી લો. ઉત્સર્ગ માર્ગે અમારે પગરખા પહેરવાના નથી. એના-ઘણા બધા કારણો આગમની અંદર બતાડ્યા, એક કારણ બતાડ્યું કે પગ છે ને એ હજુ કોમળ હોય, તમારો પગ પડ્યો BY CHANCE કોઈ જીવ પર એ બચી જાય એ શક્ય છે, પણ પગરખા હોય એનું વજન હોય, અને એ પડે ને પહેલો જીવ કચડાઈ જાય, બચતો હોય તો એ ના બચે.

પાઓ હવે મડઓ

પગ કોમળ હોય અને પગરખા કઠણ હોય. બીજું કારણ બતાડ્યું, કે કદાચ કોઈ માણસ જેવા ઢીલા હોય, પ્રમાદી હોય, અને બરાબર જોઈને ન ચાલતા હોય. પગ પહેર્યું ના હોય ને, તો મને કોઈ કાંકરો પત્થર વાગી ન-જાય એના માટે પણ જોઈને ચાલે. અને એ રીતે જીવા

જતા પણ સાથે સાથે ધુપની રજા થાય. ત્રીજા નંબરનું કારણ જતાવ્યું.

आसगया हत्थिगओ !

એક માણસ ઘોડા ઉપર બેઠો છે ને એક માણસ- હાથી ઉપર બેઠો છે, જે હાથી પર બેઠેલો વધારે- ઊંચો હોય ને, અને ઘોડા ઉપર બેઠેલો એની એના- કરતા નીચો દેખાય, એના કારણે એને અભિમાન થાય- કે હું મોટો, હું ઊંચો, બરાબર એ જ રીતે, એ રીતે માણસ પગરખા પહેરે એટલે થોડો ઊંચો થાય, અને બીજા કે નીચે હોય, એના કરતા એને ઊંચા હોવાનું અભિમાન થાય, માટે પગ પગરખા પહેરવા ન જોઈએ. આ કારણની અપેક્ષા જોઈએ કે મારે પગરખા એટલા- માટે નથી પહેરવાના, કારણકે મને અભિમાન ન થાય. એટલે પગરખા નિષેધમાં અભિમાન હેતુનો નિષેધ છે. પગરખા ના નિષેધમાં અભિમાનનો નિષેધ છે. અને હું પગરખા ના પહેરું, અને બીજુ બાજુ હું વિચારું છું, બહુ ભણેલો, હું બહુ સારો, હું બહુ નેવો, ને- આ રીતે હું અભિમાન કરું, તો હું પણ જડ અને વક્ર છું, કારણકે આગમનું તાત્પર્ય હું સમજ્યો નથી.

હજુ આગળ વધીને, હું એ જ મુદ્દે અભિમાન કરું છું, કે હમણાં તો અમુક જણા પહેરતા થયા છે, હું પગરખા પહેરતો જ નથી, તો આગમ મને એક CERTIFICATE આપે છે કે, સૌથી મોટા પગરખા તમે જ પહેર્યા છે. આપણે છીએ હજુ

એટલી બધી છેકર રમતમાં બેઠા છીએ !

કોઈ સમજતા નથી. આ જ વાત છે. શાસ્ત્ર એ પગરખા ની એટલા માટે ના પાડી કે જાણતા ઊંચા-

હોવાનું પણ અભિમાન ન થાય, ને મને થાય કે હું સાત તાડ જેટલો ઊંચો છું. તો આમા મારા પગરખા-ન પહેરવાના, આચારનું હાર્દ ક્યાં રહ્યું. અને મારા-આત્માને લાભ શું થયો?

આપણે ઉપર છલ્લી સપાટીએ રમ્યા કરીએ છીએ!

આપણે કદિ ઊંડે જતા નથી, કિનારે આમ છબછબીયા-કરીએ, પાણીને જોઈ આવ્યા ને કહીએ કે આપણો ધર્મ થઈ ગયો. તમારો શ્રાવક ધર્મ, મારો સાધુ ધર્મ, - સરસ આરાધના આપણી થઈ ગઈ, આપણે આપણને શાબાશી આપી દઈએ, આપણે આપણને MEDAL પહેરાવી દઈએ, આપણે આપણા માટે તાળીઓ વગાડી દઈએ, કદાચ આગમ આપણને કહે કે,

કયું તો તમે ધર્મનો સ્પર્શ પણ નથી કર્યો!

બહુ સરસ મજાની વાત એક કવિએ કરી છે,

"છીછરા નીરમાં હોય શું નહાવું,
તરવા તો મધદરિયે જ."

બહુ સરસ મજાની વાત એક કવિએ કરી છે,

"મન વચાળે એક મોતી, કોણ મરજીવા બને,
આપણું સ્થાન તો કેવળ એક ઝંખવાનું હોય છે.

આપણને પાણી જોઈતું જ નથી, આપણું ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ, AMBITION, લક્ષ્ય, સ્થાન, માત્ર ને માત્ર ઝંખવાનું છે ને ઝંખવા મળે, અને આપણે

DATE

મન મુકીને નાચીએ છીએ, અઠ્ઠાઈ કરી, માસક્ષમણ-કર્યું, અહીંયા આટલો લાભ લીધો, અહીંયા તકતી-આવી ગઈ, આ બધાને બરાબર આપણે ચોસઠ પ્રહરી પૌષધ થઈ ગયા, થઈ ગયા કે શરૂ થવાના બાકી છે, એની વ્યાખ્યા ખબર નથી.

તમારો કદાચ એવો સવાલ આવે કે - સાહેબ અમે ઉપવાસ કરી લઈએ, પણ આવું આયંબિલ અમને ફાવે એવું નથી. ઉપવાસ ફાવી જાય પણ આ ન ફાવે, હું તમને પુછુ છું કે,

## આપણને ઉપવાસ પણ ક્યાં ફાવે છે ?

ઉપવાસનું હાર્દ આપણને બરાબર સમજાયું છે. આપણે એને ફોલો કરીએ છીએ. આપણે વ્યવસ્થિત ઉપવાસ કરીએ, એવું બને ? બનો સવાલ, પરાકાષ્ઠાની અંતર્મુખતા, ઉત્કૃષ્ટ વૈરાગ્ય, પરમ નિરપેક્ષતા, આના નથી. સાધનામાં પ્રચંડ પરાક્રમ બતાડી લઈએ. ફુદી-પડીએ, ભુલી જઈએ કાયાની માયા, સંસારની માયા, કસ કાઢી નાખીએ શરીરનો, બસ કશું જ નહિ - ફક્ત કરિયાતુ ને શેરડી, બીજું કશું જ નહિ, આ LEVEL એ આવી જઈએ. સવાલ આનો પણ નથી.

## સવાલ તો માત્ર ને માત્ર સરળ બનવાની છે !

જેને જે તમે સરળ બની ગયા, તો આ ભુમિકાનો આવી જ જવાની છે. આપણી પાસે એક દલીલ એ છે, કે સાહેબ અમારી પાસે છે ને જ્ઞાન નથી. સાહેબ આવું બધું પહેલી વાર-સાંભળ્યું, સાહેબ આયંબિલનું આમ, તો પગારખા

નું આમ, સાહેબ અમને તો ખબર જ નહતી. જરો સવાલ આ પણ નથી. જ્ઞાનના તો હજારો પ્રવચન-કણશોના આપણા ઉપર અભિષેક થઈ ચુક્યા છે. આપણે જ્ઞાનના અભાવ થી પિડિત નથી, આપણે સરળતાના અભાવથી પીડિત છીએ. શાસ્ત્રકાર-ભગવંતો આપણને એટલું જ કહેવા માંગે છે. કે એ સરળતા મળી ગય તો જ્ઞાનની પરિણતિ પણ મળશે, મનની ઉજ્જવળતા પણ મળશે, નિર્મળ આચાર પણ મળશે, બધું જ મળશે.

એને એ આપણે સરળ નથી તો આપણે ઓળનું ચોળ કરવાના છીએ, ઉલ નું ચુલ કરવાના છીએ, કાંઈક ઊંધુ ચત્તુ કરવાના છીએ, કાંઈક મળ્યું, કાંઈક કર્યું એવી આપણી દશા હશે.

છગનની મમ્મી ને FRACTURE થયું, ડૉક્ટર ને બતાડી ને પાટો વગેરે બંધાવ્યો. ડૉક્ટરે સ્પષ્ટ કહી દીધું કે તમારે દાદરા ચડ ઉતર નહિ કરાય, સ્પષ્ટ ના છે. છગન અને એની મમ્મી એ કર્યું ભલે, દોઢ મહિના સુધી પાટો રહ્યો, ડૉક્ટર પાસે ચેક કરાવ્યું, ડૉક્ટરે પાટો ખોલી ને બધું CHECK કર્યું, હવે બરાબર છે રજા આપી. હવે તમે જે કરતા હો એ કરી શકશો, દાદરા તમે ચડ ઉતર કરી શકશો. છગનની મમ્મી-ખુશ થઈ ગઈ તારું ભલું થાય બેટા, આ ગટરના પાઈપથી ચડ ઉતર કરીને હું તો કંટાળી ગઈ હતી. દાદરા ચડ ઉતર કરવાની ના પાડી છે, પાઈપ થી ચડ-ઉતર કરવાની ક્યાં ના પાડી છે. આપણને લાગે છે કે આપણે બધા બહુ SHARP (તીક્ષ્ણ) છીએ. આપણા મનમાં એક પ્રકારની રાઈ ભરેલી છે કે આપણે બહુ યોગ્ય છીએ, પાત્ર છીએ, વ્યવસ્થિત છીએ,

સાચું ને સારું જ કરીએ છીએ, સાચા અને સારાની વ્યાખ્યા સમજવી હોય તો આપણું જીવન જોઈ લેવાનું, એનાથી વધુ તો શું હોય !

જરી સવાલ વાત કેટલી સરળ છે, એનો નથી !

વ્યાખ્યાન બહુ ઊંચું હતું, આજે તો BUMPER ગયું ને, બધું તો સમજાયું જ નહિ, આ-જે તો સાહેબ બહુ એવી ધારામાં ચડી ગયા હતા. આપણે રાહ જોતા હતા આપણી ધારા પાછી આવે. જરી સવાલ વાત કેટલી સરળ છે એનો નથી, જરી સવાલ

તમે કેટલા સરળ છો એનો છે !

★ વક્ર જીવ હોય છે સરળ વાતને પણ અઘરી બનાવી દે છે.

સરળ જીવ હોય છે અઘરી વાતને પણ શક્ય અને સરળ બનાવી દે છે. જરી સવાલ સરળતા નો છે ! સરળ જીવ ઋજુ અને પ્રાજ્ઞ હોવાના કારણે, વાતના હાર્દને સમજે છે. પ્રાજ્ઞ હોવાથી સમજુ થાય છે. ઋજુ હોવાથી સ્વીકારી લે છે. જીવનમાં અમલ કરે છે. અને એના દ્વારા શું એને ફળ મળે છે. સિદ્ધર્ષિ-ગણિ મહારાજ ત્રણ જ શબ્દનો એક એનું ફળ કહે છે.

पारं गच्छन्ति संसृतेः ।

એ જીવ સંસારનો પાર પામી જાય છે !

સંસાર એ સાગર છે, સરળતા એ સેતુ છે !

સંસાર એ દાવાનળ છે, સરળતા એ પુષ્કરાવર્ત મેઘ છે.

સંસાર એ કાળોતરો નાગ છે, સરળતા ગારુડી મંત્ર છે!

સંસાર એ સમસ્યા છે, સરળતા એનું સમાધાન છે!

મોહવિલય ઉદ્યાનની અંદર વિરાટ સભા-
બેઠી છે. પ્રતિબોધક આચાર્ય ખળખળ ખળખળ જિનવાણી વહાવી
વહાવી રહ્યા છે!

રાજા છે, રાણી છે, રાજકુમાર, રાજકુમારી
વ્યંતર દેવ દેવી, વિરાટ સભા, હજારો નગરજનો બેઠા છે.
પ્રતિબોધક આચાર્ય અજ્ઞાનની વાત કરે છે, પાપની વાત-
કરે છે, છેલ્લે સરળતાની વાત કરે છે. અને હવે એ
વાતનો ઉપસંહાર કરતા, એ વ્યંતર/વ્યંતરી, રાજકુમાર-
રાજકુમારી, એમને ઉદ્દેશીને કહે છે,

तदेवंविधभावानां भवतां बुध्यतेऽधुना।

હું જોઈ રહ્યો છું કે તમારી સરળતા છે, તમારી ભૂમિકા-
તમારી પાત્રતા કે તમે આ સભા સમક્ષ તમારા પાપનો
એકરાર કર્યો, તમે તો ધ્રુસકે ને ધ્રુસકે રડ્યા, તમારું
અંતર તો પશ્ચાત્તાપ થી સળગી રહ્યું છે.

अज्ञानपापे निर्धूय सम्यग्धर्मनिषेवणम्॥

તો તમારા અજ્ઞાન અને પાપને ખંખેરી નો, શુદ્ધ અને
સાચો ધર્મ, સમ્યક્ ધર્મ, એનું સેવન તમે કરી રહ્યા હો,
એને હું નજરની સામે જોઉં છું. પ્રતિબોધક આચાર્ય
આગળ વધે છે,

उपादेयो हि संसारे धर्म एव बुधैः सदा।

આ સંસારની અંદર કોઈ ઉપાદેય હોય તો એ માત્ર ને
માત્ર ધર્મ જ છે.

विशुद्धो मुक्तये सर्वं यतोऽन्यद् दुःखकारणम्॥

એ ધર્મ ને તમે પકડો, માત્ર પકડો એટલું જ નહિ, શુધ્ધ સ્વરૂપે પકડો, અને વિશુધ્ધ ધર્મ તમને મળી ને- તમારો મોક્ષ નક્કી.

તમે કહો કે, અમારે તો બીજું ઘણું છે, એની અમને વધારે ચિંતા છે, પછી એ ધર્મ મળે- મોક્ષ મળે, બાકી બધાનું શું ? પ્રતિબોધક આચાર્ય જવાબ આપે છે.

બાકી બધું માત્ર ને માત્ર દુઃખનું કારણ છે !

પ્રતિબોધક આચાર્ય એ વિરાટ સભાને અને સભાના- માધ્યમે, આપણને કહેવા માંગે છે. માત્ર ધર્મથી મોક્ષ નહિ થાય,

શુધ્ધ ધર્મ થી મોક્ષ થશે !

માટે તમે શુધ્ધ ધર્મ માટે યત્ન કરો. અધ્યાત્મ- કલ્પદ્રુમમાં મુનિસુંદરસૂરી મહારાજ કહે છે.

भवेद् भवापायविनाशनाय यस्तमज्ञो धर्मं कलुषीकरोषि किम्।

જેના તારા સમગ્ર ભવચક્રના અપાયો નો નાશ થઈ જાય. એ ધર્મને તું કલુષિત શા માટે કરે છે. ધર્મને મેલો શા માટે કરે છે. તારામાં પ્રમાદ આવે છે, અભિમાન આવે છે, અતિચાર આવે છે, ઊંધુ ચત્તુ નું કરે છે, ગરબડ ગોટાળા કરે છે,

प्रमादमानोपधिमत्सराद्यैर्न मिश्रितं ह्यौषधमामयापहम् ॥

ઔષધ થી રોગ મટે સો ટકા સાચી વાત, ભેળસેળીયા ઔષધ હોય, એનાથી કોઈ રોગ મટી શકતો નથી. ભાઈ હતા, ધંધામાં મોટી નુકશાની ગઈ. નક્કી કર્યું બાબા પરિવારે કે આપણે ઝેર ઘોળી ને મરો.

જવું. બજારમાંથી ઝેર લઈ આવ્યા, ઝેર બધા પી ગયા, પાંચ મિનિટ, દસ મિનિટ, પા કલાક, અડધો કલાક, કલાક, દોઢ કલાક, બે કલાક, કોઈ અસર નહતી; ઝેરમાં બહુ જ ભેળસેળ હતી. બધા બચી ગયા ને-પછી વિચાર પલટાયો, કે નવું જીવન મળ્યું છે, મરવું તો નથી ને ઉજવણી કરીએ, અને કોઈ FESTIVAL આપણે મનાવીએ, બજારમાં જઈને મીઠાઈ લઈ આવ્યા, બધા એ પેટ ભરીને મીઠાઈ ખાધી, બધા હોસ્પિટલ-ભેગા થયા, મિઠાઈને કારણે FOOD POISON થઈ ગયું. ભેળસેળ વાળી મિઠાઈ હતી.

પ્રતિબોધક આચાર્ય, ધર્મના સંદર્ભમાં-ભેળસેળ અને શુદ્ધતા, આની બાબતમાં, અદ્ભુત-રહસ્યો ખોલી રહ્યા છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.